સિંહાસન બત્રીસી

પ્રાક્કથન

મહારાજા સર પ્રતાપસિંહ ગાયકવાડે ૧૯૪૮ મા ભારતીય વિદ્યા ભવનને રૂ. ૩૦,૦૦૦ નુ અનુદાન કર્યું હતુ. અનુદાનનો ઉપયોગ પ્રાચીન ગુજરાતી સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓના શાસ્ત્રીય સંપાદનને અર્થે કરવાનો હતો. એ શરત અનુસાર શામળ ભટ્ટની જે કૃતિઓ પ્રામાણિક રૂપમા પ્રગટ ન થઈ હોય તેમનુ સંપાદન કરાવવાનો નિર્ણય કરવામા આવ્યો. એ નિર્ણય પ્રમાણે ભારતીય વિદ્યા ભવનની નર્મદ ગુજરાતી શિક્ષાપીઠ તરફથી જે કૃતિઓનુ સંપાદન કરાવવામા આવ્યુ, તેમાથી આ શામળ ભટની 'સિંહાસનબત્રીશી' માથી પાચ વાર્તાઓનુ સંપાદન પ્રગટ કરવામા આવ્યુ છે. પ્રસ્તુત આવૃત્તિ તૈયાર કરવાનો યશ ભવનની નર્મદ શિક્ષાપીઠના પ્રાધ્યાપક શ્રી ભાયાણીને છે

આ પ્રસંગે ભવન તરફથી મહારાજા શ્રી પ્રતાપસિંહ ગાયકવાડનો હુ આભાર માનુ છુ

કનૈયાલાલ મુનશી

For Reference See Pages: 41, 42.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

સિંહાસન બત્રીસી

પ્રાક્કથન

મહારાજા સર પ્રતાપસિંહ ગાયકવાડે ૧૯૪૮ મા ભારતીય વિદ્યા ભવનને રૂા. ૩૦,૦૦૦ નુ અનુદાન કર્યું હતુ. અનુદાનનો ઉપયોગ પ્રાચીન ગુજરાતી સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓના શાસ્ત્રીય સંપાદનને અર્થે કરવાનો હતો. એ શરત અનુસાર શામળ ભટ્ટની જે કૃતિઓ પ્રામાણિક રૂપમા પ્રગટ ન થઈ હોય તેમનુ સંપાદન કરાવવાનો નિર્ણય કરવામા આવ્યો. એ નિર્ણય પ્રમાણે ભારતીય વિદ્યા ભવનની નર્મદ ગુજરાતી શિક્ષાપીઠ તરફથી જે કૃતિઓનુ સંપાદન કરાવવામા આવ્યુ, તેમાથી આ શામળ ભટ્ટની 'સિંહાસનબત્રીશી' માથી પાચ વાર્તાઓનુ સંપાદન પ્રગટ કરવામા આવ્યુ છે. પ્રસ્તુત આવૃત્તિ તૈયાર કરવાનો યશ ભવનની નર્મદ શિક્ષાપીઠના પ્રાધ્યાપક શ્રી ભાયાણીને છે

આ પ્રસંગે ભવન તરફથી મહારાજા શ્રી પ્રતાપસિંહ ગાયકવાડનો હુ આભાર માનુ છુ

કનૈયાલાલ મુનશી

પ્રાસ્તાવિક

સદ્‌ગત રામનારાયણ પાઠકના પ્રધાન સંપાદકત્વ નીચે ભારતીય વિદ્યા ભવને શામળ ગ્રંથાવલીનું સંપાદનકાર્ય ૧૯૪૮ થી હાથ ધરેલું. એ યોજના નીચે તૈયાર થયેલી કૃતિઓમાંથી પ્રસ્તુત 'સિંહાસનબત્રીશી'ની પાંચ વાર્તાઓ પહેલા ગ્રંથ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવી છે. ૧૯૨૬માં સદ્‌ગત અંબાલાલ જાની દ્વારા પ્રામાણિક રૂપમાં સંપાદિત સિંહાસનબત્રીશીની પહેલી સત્તર વાર્તાઓ પ્રકાશિત થયેલી. બાકીની વાર્તાઓનો વિશ્વસ્ત મૂળપાઠ મળતો ન હતો. એ ખોટ પૂરી પાડવાની દૃષ્ટિએ એ દિશામાં આ પ્રયાસ કરવામા આવ્યો છે.

શામળની આ રચનાઓનો અત્યારે તો મુખ્યત્વે લોકકથા, ભાષા કે સાહિત્યઈતિહાસની દૃષ્ટિએ જ રસ છે. અત્યારની સાહિત્યિક રુચિ ધરાવતો વર્ગ સાચા અર્થમાં તેમને કલાકૃતિ કેટલે અંશે કહે એ વિચારવું રહ્યું. અંગત રીતે મને એમા ઝાઝી આશા નથી લાગતી. આ વાતનો વિચાર કરનારે શામળના શ્રોતાવર્ગની સામાજિક કક્ષા અને એમનો 'સાહિત્ય'નો ખ્યાલ નજર સામે રાખવો અનિવાર્ય છે. એ પણ ભૂલવાનું નથી કે વાર્તાઓ વાંચતા અને સાભળતા પડતી છાપ જુદી જુદી હોય છે.

પ્રસ્તુત સંપાદન માટે હસ્તપ્રતો સુલભ કરી આપી તેમનો ઉપયોગ કરવા દેવા માટે હુ ફાર્બસ ગુજરાતી સભા (મુંબઈ), ગુજરાત વિદ્યા સભા (અમદાવાદ), પ્રાચ્ય વિદ્યા મંદિર (વડોદરા), એમ. ટી. બી. કૉલેજ (સૂરત) અને ડાહીલક્ષ્મી લાયબ્રેરી (નડિયાદ) એ સંસ્થાઓનો ઋણી છુ. ભૂમિકામા 'શામળનુ વાર્તા સાહિત્ય' (નવલરામ જ. ત્રિવેદી), 'કવિ શામળ'માનો લેખ 'ભાભારામની વાર્તા' (મંજુલાલ ર. મજમુદાર), 'સિંહાસનદ્વાત્રિંશિકા' (એજર્ટન), 'મલયચંદ્રકૃત સિંહાસનબત્રીશી' (રણજીત પટેલ) અને 'લોકવાર્તાવિષયક પ્રાચીન ગુજરાતી સાહિત્ય' (ભોગીલાલ સાંડેસરા) એ

કૃતિઓમાંથી કેટલીક સામગ્રી ઉપયોગમાં લીધી છે અને તે માટે તેમના કર્તાઓનો હું ઋણસ્વીકાર કરું છું. ડૉ. રણજીત પટેલે તેમનો અપ્રકાશિત મહાનિબંધ સદ્‌ભાવપૂર્વક સુલભ કરી ન આપ્યો હોત તો ભૂમિકા થોડીક વધુ દૂબળી-પાતળી થાત. મરહૂમ રામનારાયણભાઈએ ખૂબ જ સદ્‌ભાવથી મને આ કામ સોંપેલું તે બદલ તેમના પ્રત્યે, અને ભારતીય વિદ્યા ભવને કરી આપેલી અભ્યાસ અને પ્રકાશનની અનુકૂળતા બદલ તેના કુલપતિ શ્રી. મુનશીજી પ્રત્યે અહીં મારી આભારની લાગણી વ્યક્ત કરું છું.

નાળિયેરી પૂનમ, ૨૦૧૬
ભારતીય વિદ્યા ભવન,
મુંબઈ.

હરિવલ્લભ ભાયાણી

અનુક્રમ

★

ભૂમિકા

૧. ગ્રંથપાઠના આધારભૂત સાધનસામગ્રી

સંપાદિત વાર્તાઓના પાઠનિર્ણય માટે ઉપયોગમાં લીધેલી હાથપ્રતોની ભાળ કે. કા. શાસ્ત્રીની ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી (૧૯૩૯, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ) ને આધારે મેળવેલી છે. તે અનુસાર કયા સંગ્રહની પ્રત છે તે નીચેના સંકેતો દ્વારા સૂચવેલું છે :

- द = ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યા સભા)નો કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહ.
- फा = ફાર્બસ ગુજરાતી સભા (મુંબઈ)નો હસ્તલિખિત પુસ્તકસંગ્રહ.
- डा = શ્રી ડાહીલક્ષ્મી લાયબ્રેરી (નડિયાદ)નો હાથપ્રતસંગ્રહ.
- व′ = વડોદરા પ્રાચ્યવિદ્યામંદિરનો સંગ્રહ.
- डे′ = ડેક્કન કૉલેજ લાયબ્રેરી (પૂના)નો સંગ્રહ.
- इ′ = સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈનો ગુજરાતી પ્રેસ (મુંબઈ) નો હાથપ્રતોનો સંગ્રહ.
- अ = શ્રી અંબાલાલ બુ. જાનીનો ખાનગી સંગ્રહ.
- पु′ = શ્રી પુરુષોત્તમ વિશ્રામ માવજીનો ખાનગી સંગ્રહ.
- सू = એમ. ટી બી. કૉલેજ (સુરત)નો સંગ્રહ

દરેક વાર્તા વાર ઉપયોગમાં લીધેલી પ્રતોનું વર્ણન વગેરે નીચે આપવામાં આવ્યું છે. તેમાં પ્રતોનું પ્રાપ્તિસ્થાન, તેમની પત્રસંખ્યા, તેમાં મળતી ઇતર કૃતિઓ, ઉતાર્યાસાલ, તેમની પુષ્પિકાઓમાંથી મળતી ઉપયોગી માહિતી, તેમની લેખન તેમજ જોડણીવિષયક વિશિષ્ટતાઓ વગેરે વિશે વીગતો આપેલી છે. દરેક વાર્તા માટે ઉપયુક્ત પ્રતોનું વર્ણન સામાન્યતઃ એ પ્રતોની પાઠપરંપરાની વિશ્વસનીયતાના ઊતરતા ક્રમે કરવામાં આવ્યું છે. ક. પ્રતનો પાઠ સામાન્ય નિયમ તરીકે ખ. ગ. વગેરેના પાઠ કરતાં વધારે વિશ્વસનીય છે. ખ.નો પાઠ ગ.ઘ. વગેરે કરતાં પ્રાચીન છે માત્ર એક ૨૧મી વાર્તામાં ખ. કરતાં ગ. પરંપરાની દૃષ્ટિએ પ્રાચીન જણાય છે સંકલિત યાદીમાં નોંધાયેલી બધી પ્રતો પ્રસ્તુત સંપાદન માટે ઉપયોગમાં નથી લઈ શકાઈ, કારણ કે પ્રયત્ન કર્યાં છતાં એક કે બીજા કારણે તે પ્રતો મળી નથી.

૧૮ મી વાર્તા. સંકલિત યાદીમા ૧૮ મી વાર્તા (વહાણુની વાર્તા)ની द ૮૨, फा ૧૧૯ ख, द ૧૦૩૯ च, भ ૫૦ (નકલ), અને घ ૪૫૯૮ એમ પાચ પ્રતો નોંધાયેલી છે. આમાથી પ્રસ્તુત સપાદન માટે મને માત્ર પહેલી બે, એટલે કે फा ૧૧૯ ख અને द ૮૨ મળી શકી છે. એટલે ૧૮ મી વાર્તાનો મૂળપાઠ એ બે પ્રતોને આધારે તૈયાર કરાયો છે.

(૧) फा ૧૧૯ ख પ્રસ્તુત સંપાદનમા તેને માટે ક. સંકેત યોજ્યો છે. આ પ્રતમા ૮૨૯ પૃષ્ઠ છે. પૃષ્ઠસંખ્યા કોઈએ પાછળથી મૂકેલી છે. મૂળમા અનુકૂળતા પ્રમાણે બે ત્રણ કે વધારે વાર્તાઓને માટે એક સળગ ક્રમાક આપેલા છે, અને જમણા પૃષ્ઠ પર નવી કૃતિ શરૂ થતા નવેસરથી નબર અપાયો છે. આરંભના ૨૫ પૃષ્ઠ શામળની નંદબત્રીશીએ રોક્યા છે. પછીથી સિંહાસનબત્રીશી શરૂ થાય છે. તેમા ૧૪ મી વાર્તાના પત્ર કોરા છે. આખી પ્રત સળગ એક જ હાથે લખાયેલી છે અને લેખનને લગતી છૂટકત્રૂટક વીગતો નંદબત્રીશીને અતે તથા સિંહાસનબત્રીશીની સાતમી, દસમી, બારમી, પંદરમી, સોળમી, વીશમી, એકવીશમી, ત્રેવીસમી, ઓગણત્રીશમી ને બત્રીશમીને અતે આપેલી છે. તે ઉપરથી આપણે જાણીએ છીએ કે પ્રત સવત ૧૮૩૬ થી ૧૮૪૬ ના ગાળામા કપડવણજમા ગોરજી શ્રી ૫ મીઠાજીના શિષ્ય જીવણજીએ પરોપકારાર્થ લખી છે લેખન ઘણું શુદ્ધ અને મૂળની ભાષાને ચીવટથી સાચવવાના વલણ વાળુ છે.

ઇકારની માત્રા બાબત કેટલીક શિથિલતા છે ચોકિ, મુકિ, આવિયો—લાવીયો, ભરી—હરિ, કાપીઈ—આપિઈ, હકાર તથા યકાર વાળા રૂપો મળે છે. ભૂતકાળમા જાણ્યો, વાધ્યુ, ચલવલ્યુ કર્યો એ નિયમ છે. તેડો, ટાલુ જેવા અપવાદે, ક્વચિત સકાર—સુભ, સુક. ખાસ વિશિષ્ટતા તે અર્વાચીન ગુજરાતીમા જ્યા વિવૃત્ત એકાર મળે છે, તેવા એકાર સાનુનાસિક 'એં' (=એ) તરીકે લખવાનુ પ્રબળ વલણ પ્રતે' કહે, છે', રહે, મેર, ઉતે થી, જોણે', મુઝને', વગેરે. ભાડારકર પ્રાચ્ય વિદ્યામંદિરમાની મદાપચીશીની (નં. ૧૯૯, ૧૮૭૨–૭૩) પ્રતમા પણ આ વલણ. તેમા બેઠા, કહેસ્યુ, વેપાર, ઝવેર બેહ ભેંર, વેર, કરે, છે, સવા બે', બેસારિ, સો વરા, પેસો, ઘેલા, ઘેર પેર, નોધારા વગેરે છે ક. પ્રત અનેક દૃષ્ટિએ શુદ્ધ અને પ્રાચીનતર છે.

(૨) द ८२. એને માટે ખ. સંકેત યોજ્યો છે. પૃ. ૧–૭૦. ઉતાર્યાસાલ નથી. ક. ની તુલનાએ ખ. ની ભાષા અર્વાચીન છે. વિશિષ્ટતાઓ : (૧) 'એ' સર્વત્ર 'ઐ' જેવો. (૨) 'ડ' 'ઙ' 'દ' વચ્ચે સંભ્રમ. (૩) 'ત' ને 'જ' વચ્ચે પણ ક્વચિત. (૪) 'દ' ને 'ડ' વચ્ચે સંભ્રમ (૪) 'ઞ' ને બદલે ઘણુંખરું 'જ'. (૫) તૃતીયા-સપ્તમીના 'ઇ' ને બદલે 'યે'. (૬) સર્વત્ર 'ઉ' (દીર્ઘ). (૭) 'વ્યા'ને બદલે 'યા'. (૮) 'તમો', 'તમારી' 'નવ'ને બદલે 'ત્મો' 'ત્મારી' 'ન્વ'.

મુખ્ય પ્રત તરીકે फा ११८ ख. ને ગણી છે.

૧૯ મી વાર્તા. સંકલિત યાદીમાં આ વાર્તા(ભાભારામની વાર્તા)ની फा. ११९ ख., द. ८८, व ९८६c., सू. ४, द. १००३, द ७३७, ज. ५१, पु. २८. એમ આઠ પ્રતો નોંધી છે. તેમાંથી પ્રસ્તુત સંપાદન માટે પહેલી પાચ પ્રતોનો ઉપયોગ કરી શકાયો છે. તેમનું વર્ણન આ પ્રમાણે છે :

(૧) फा. ११९ ख. આનો ક. સંકેત રાખ્યો છે. આનું વર્ણન આગળ આવી ગયું છે.

(૨) द. ८८. આનો ખ. સંકેત રાખ્યો છે. પૃ. ૧–૨૮. ઉતાર્યાસાલ નથી.

(૩) व. ९८६. આનો ગ. સંકેત રાખ્યો છે. આ પ્રતમાં પ્રેમાનંદનું ઓખાહરણ (પા. ૧૮–૮૦), શામળની સિંહાસનબત્રીશીમાંની કસ્તુરચંદની વાર્તા (૨૩ મી વાર્તા) (૮૦–૧૩૪), ભાભારામની વાર્તા (૧૩૪–૧૫૮) અને સિંહાસનબત્રીશીમાંની ભરથરીની વાર્તા (૩૦ મી વાર્તા) (૧૫૯–૧૬૩, અધૂરી) એટલી કૃતિઓ છે. ભાભારામની વાર્તાની ઉતાર્યા સાલ સં. ૧૯૦૯ છે. આ પ્રતની બીજા કૃતિઓની પુષ્પિકામાંથી ઉપયોગી માહિતી આ સાથે આપી છે :

ઓખાહરણની પુષ્પિકામાથી : સ્વંત્ ૧૯૦૬ ના પૌષ વદિ ૮ વાર ચંદ્રે બોટાદમધ્યે લખ્યું છે. લખિતંગ દવે ગમચંદ્ર મોરારજી વાસ્તવ્ય લીબડીમધ્યે અનદિચ જ્ઞાતિ.

કસ્તુરચંદની વાર્તાની પુષ્પિકામાથી: સંવત્ ૧૯૦૮ શાકે ૧૭૭૩ ના પ્રવંતમાંન્યે કારતગ વદી ૭ ને શનો સંપૂર્ણ:। લખિતંગ દવે રામચંદ્ર મોરારજી ઇદં પુસ્તકં.

આની ભાષા બીજી પ્રતોની તુલનાએ અર્વાચીન છે.

(૪) सू. ४ : આનો ઘ. સંકેત રાખ્યો છે. પૃ. ૧–૪૪. ઉતાર્યાસાલ સં. ૧૯૩૦

(૫) द. १००३. આનો ચ. સંકેત રાખ્યો છે. પહેલું અને છેલ્લું પૃષ્ઠ નથી. પૃ. ૨–૨૮.

ક. ને મુખ્ય પ્રત ગણી છે. એક પક્ષે ક. અને બીજે પક્ષે ખ. ગ. ઘ. ચ. વચ્ચે ગ્રંથપાઠમાં ઘણો મોટો ફરક છે. ક. માં તે ૮૫૨ કડી જેટલો છે, જ્યારે ગ. માં ૪૪૬ કડી જેટલો. આમ ૪૦૦ કડી જેટલો મોટો તફાવત મૂળ ગ્રંથપાઠની પરંપરામાં મોટી ગરબડ થઈ હોવાનો સૂચક છે. પ્રસ્તુત સંપાદનમાં એક નિયમ તરીકે फा. ११९ ख. ને મુખ્ય પ્રત ગણેલી છે, એટલે તેને આધારે જ ગ્રંથપાઠ તૈયાર કરવામાં આવ્યો છે.

અન્ય પ્રતોનાં પાઠાંતરોને લક્ષમાં લેતા ખ. ગ. ઘ. ચ. ઘણુંખરું ક. ના વિરોધમાં હોય છે. ચ. ઊતરતા ક્રમે ગ. ઘ. ખ. ને મળતી આવે છે. ઘ. કેટલીકવાર ગ. ચ. થી જુદી પડે છે, તો ગ. ઘ. ચ. ક્યાંક ખ. થી જુદી પડે છે.

ચ. માં તત્સમોની જોડણી શુદ્ધ કરવા તરફ અને તદ્‌ભવ શબ્દોમાં સર્વત્ર હ્રસ્વ ઇ વાપરવા તરફ વલણ છે.

૨૦ મી વાર્તા. સંકલિત યાદીમાં આ વાર્તા(વેતાલ ભાટની વાર્તા)ની फा. ११९ ख, द. ८१, द. ४४८, इ १७३, अ. ५२ એમ પાંચ પ્રતો નોંધાઈ છે. તેમાંથી પ્રસ્તુત સંપાદન માટે પહેલી ત્રણ ઉપયોગમાં લઈ શકાઈ છે. તેમનું વર્ણન આ પ્રમાણે છે:

(૧) फा. ११९ ख. આનો સંકેત ક. રાખ્યો છે. વર્ણન આગળ આવી ગયું છે.

(૨) द ८१. આનો સંકેત ખ. રાખ્યો છે. પૃ. ૧–૩૫. ઉતાર્યાસાલ નથી.

(૩) द. ४४८. આનો સંકેત ગ. રાખ્યો છે. શરૂઆતના ત્રણ પૃષ્ઠ નથી. આમાં વઈતાલની વાર્તા (પા. ૪–૪૬), સિંહાસનબત્રીશીમાંની સહસ્ત્ર-બુદ્ધિ–લક્ષબુદ્ધિની વાર્તા (વાર્તા ૨૭ મી) (૧–૫૧), પાનની વાર્તા (વાર્તા ૨૧ મી) (૫૨–૧૦૬), મૈનાપોપટની વાર્તા (વાર્તા ૧૫ મી) (૧૦૭–૧૩૮), ગુટકાની વાર્તા (વાર્તા ૨૪ મી) (૧૩૯–૧૭૬) એટલી

કૃતિઓ છે. લિપિ કોઈ અક્ષર બાદ કરતાં ગુજરાતી. ઉતાર્યાસાલ નથી. ભાષા મુકાબલે અર્વાચીન છે. પહેલી પ્રતને મુખ્ય ગણી છે.

૨૧ મી વાર્તા. સંકલિત યાદીમાં આ વાર્તા(પાનની વાર્તા)ની फा. ११९ ख, द. ९४, द. ४३१, फा_ ९८ ग., द. ४४८, डा. ३–१ અને લાં. ૫૩. એમ સાત પ્રતો નોંધાઈ છે. પ્રસ્તુત સંપાદન માટે તેમાંથી પહેલી ૭ પ્રતોનો ઉપયોગ કર્યો છે. તેમનું વર્ણન આ પ્રમાણે છે.

(૧) फा. ११९ ख. આનો સંકેત ક. રાખ્યો છે. વર્ણન આગળ આવી ગયુ છે.

(૨) द. ९४. આનો સંકત ખ. રાખ્યો છે. પૃષ્ઠ ૧–૨૯. ઉતાર્યાસાલ નથી.

(૩) द. ४३१. આનો સંકેત ગ. રાખ્યો છે. આમાં ૧–૨૬ પૃષ્ઠ પાનની વાર્તાએ રોકયા છે. ઉતાર્યાસાલ સં. ૧૮૩૪.

(૪) फा. ९८ ग. આનો સંકેત ઘ. રાખ્યો છે. આ પ્રતમાં સિંહાસન-બત્રીશીની પહેલી વાર્તા (પા. ૧–૫૦), સ્ત્રીચરિત્રની વાર્તા (૨૯ મી વાર્તા) (૧–૩૫), પાનની વાર્તા (૧–૨૮) એટલી કૃતિઓ છે. ઉતાર્યા-સાલ સં. ૧૮૩૯. બીજી કૃતિઓની પુષ્પિકાઓમાથી અગત્યનો ભાગ નીચે ઉતાર્યો છે:

પહેલી વાર્તાની પુષ્પિકામાંથી: સં. ૧૮૩૮ના વરખે આશાડ શુદ ૫, વ. શોમે લખી છે.

સ્ત્રીચરિત્રની વાર્તાની પુષ્પિકામાથી: સંવત ૧૮૩૯ના વરખે માશોતંમ માશે ફાલગુણ માશે શુકલપક્ષે અસ્ટમી ને રવીવાર (સુધારીને, રવીવાશરે), રાત્ર પોહોર એ શમે શંપુરણ કરૂ છે. શાંમી પરત માફક ઉતારી છે. અક્ષર અદકો ઓછો શંભાલી વાંચજો. લખનારને દોશ દેવો નહી. એ ચોપડી શેની શીવદાશ દઆલદાશની છે. પોતાને હસ્તે ઉતારી છે. એ ચોપડી જે કોઈ વાંચવા લઈ જાએ ને રાખે, અથવા ચોરી લઈ જઈને રાખે, અથવા કોઈ પાશે મગાવીને રાખે, અથવા ભુલેચુકે રાખે તેને માતા હરશીધ પુછશે તે જાંણજો. કયા વાંચીને ધરંમ ઉપર મંનશા રાખજો. ધરમે કરીને જેએ થાશે. શહી. શંપુરણ.

(૫) द ४४८. આનો સંકેત ચ. રાખ્યો છે. આ પ્રતનું વર્ણન ૨૦ મી વાર્તાની પ્રતોના વર્ણનમાં આપેલુ છે. આમાં પૃ. ૫૨–૧૦૬ પાનની વાર્તાએ રોકયા છે. ઉતાર્યાસાલ નથી.

(૬) हा. ૩–૧. આનો સંકેત છ. રાખ્યો છે. શરૂઆતનાં બે ત્રણ પાન નથી. પાનને સંખ્યાંક નથી આપવામાં આવ્યા. આ પ્રતમાં સિંહાસનબત્રીશીમાંની અબોલાગણીની વાર્તા (૬ ઠ્ઠી વાર્તા) અપૂર્ણ ઉતારેલી છે. છેવટના પાના તૂટે છે. ઉતાર્યાસાલ સં. ૧૯૦૦. લિપિ ગુજરાતી.

આ ૭ પ્રતો ઉપરાંત બૃહત્કાવ્યદોહન, ભાગ ૩, પા. ૩૨૬–૩૭૮ પર છપાયેલી 'પાનની વાર્તા'નો પણ તુલના માટે ઉપયોગ કર્યો છે. તેનો સંકેત જ. છે. તેના જોડણીભેદોને લક્ષમાં લીધા નથી. માત્ર મહત્ત્વનો શાબ્દિક ફરક નોંધ્યો છે.

આમાં ક. ને મુખ્ય પ્રત ગણી છે. ખ. અને જ. એક જ પરંપરાની છે. તેવી જ રીતે ઘ. ચ. વચ્ચે પણ પાઠપરંપરાની બાબતમાં સારી સમાનતા છે. ગ. કેટલીક વાર ઘ. ચ. સાથે મળે છે, પણ વધારે તો સ્વતંત્ર ખ. ની જેમ સ્વતંત્ર પરંપરા રજૂ કરે છે. છ. કેટલીક વાર ચ. સાથે મળે છે, તો કેટલીક વાર જુદો પાઠ રજૂ કરે છે. ખ. માં 'ળ' છે, પણ પાઠાંતરોમાં તે નોંધવામાં નથી આવ્યો. ચ. છ. ને જ. ની અને કાંઈક અંશે ખ. ની ભાષા અર્વાચીનતાની છાંટવાળી છે ઘ. કરતાં ગ. પ્રાચીન ભાષા જાળવી રાખે છે. એટલે બંનેમાં એક જ પાઠ હોય ત્યારે ગ. ની જોડણીવાળો પાઠ જ ગ. ઘ. નાં નામે નોંધ્યો છે. ઘ. માં 'ક', 'ખ', 'ગ', 'ટ', 'જ', 'તુ' ને 'એ' નો વળાંક ધ્યાન ખેંચે તેવો છે.' 'શ' ને 'સ'ને બદલે ઘણું ખરું 'શ' જ મળે છે. સંખ્યાબંધ સ્થળે ત–ટ, થ–ઠ, દ–ડ વચ્ચે ગોટાળો કરેલો છે. (પ્રચંદ=પ્રચંડ, પટની=પતની, મહોતો–મહોરો, °ઠી=°થી વગેરે). છ.માં અનુનાસિક નથી. ચ. મા બધે 'શ' જ છે, છ.માં 'સ' જ.

૨૨ મી વાર્તા. સંકલિત યાદીમાં આ વાર્તા(કામધેનુની વાર્તા)ની फा ૧૧૯ख, हा ૮–૧૨, द ૯૨, व ૭૫૦૮ અને व ૫૪. એમ પાચ પ્રતો નોંધાઈ છે તેમાથી અહીં પહેલી બે પ્રતો જ ઉપયોગમાં લઈ શકાઈ છે. તેમનું વર્ણન આ પ્રમાણે છે

(૧) फा ૧૧૯ ख આનો સંકેત ક. રાખ્યો છે. વર્ણન આગળ આવી ગયુ છે.

(૨) हा. ૮–૧૨ આનો સંકેત ખ. રાખેલો છે લિપિ ગુજરાતી. આ પ્રતમાં આટલી કૃતિઓ છે. સિંહાસનબત્રીશીમાની વિક્રમચરિત્રની વાર્તા

(૨૯મી વાર્તા) (પા. ૧–૩૮), અબોલારાણીની વાર્તા (૬ઠ્ઠી વાર્તા) (૧–૧૨), કામદુરગાની વાર્તા (૧–૨૭); સ્વર્ગારોહણી (૧–૨૧). પ્રતનો વચ્ચેનો ભાગ ઉધઈથી ખવાઈ ગયેલો છે. ઉતાર્યાસાલ સં. ૧૮૮૭. બીજી કૃતિઓની પુષ્પિકામાંથી :

વિક્રમચરિત્રની વાર્તાની પુષ્પિકામાંથીઃ સંવત ૧૮૮૪ના આષાડાદિત્ય શા. ૧૭૫૦ પ્રવર્તમાને પ્રથમ અસાડ શુદી ૧૩ વાર બુધે સંપૂરણ સમાપ્તં. શ્રીરસ્તુ. કલ્યાણમસ્તુ. લી. પંડા. કાસીદાસ વિ. દઆરાંમનુ પૂસ્તક છે. પરત પરમાણે ઉતારુ છે. ભૂધ ચોટ માપ કરવી. જે વાંચે તેને અંમારો નમસકાર કેહજો. ગાંમ ડભાંણ મધે વડે ફલીયે રેહે છે. શ્રી રણછોડજી સત્ય છે.

સ્વર્ગારોહણીઃ સંવત ૧૮૮૭ના શા. ૧૭૫૨ પ્રવરતમાને પોસ વીદી ૧૦ વાર શનીવારે સંપૂરણં. લા. પંડા. કાસીદાસ દઆરાંમની ચોપડી છે. પોતે લખુ છે.

ખ.માં 'ડ' 'દ'નો વળાંક 'ઠ' જેવો જ છે. 'જ'નો વળાંક 'જા' કે 'જી'ને મળતો છે. 'ક્ષ' નથી. કને મુખ્ય પ્રત ગણી છે.

૨. સંપાદનપદ્ધતિ

ઉપલબ્ધ પ્રતોમાંથી સમયની કે જોડણી ને ભાષાની પ્રાચીનતાના ધોરણે પ્રાચીનતમ ઠરાવી શકાય તેવી પ્રતને મુખ્ય પ્રત ગણી છે, અને સંપાદિત ગ્રંથપાઠ તેને આધારે તૈયાર કરવામાં આવ્યો છે. બીજી પ્રતોનાં પાઠાંતરો સંપાદિત ગ્રંથપાઠની કડી અને પંક્તિના ક્રમે નોંધવામાં આવ્યાં છે. સંદર્ભ માટે આવશ્યક હોય તેવા અપવાદો બાદ કરતા બીજી પ્રતોમાં મળતા વધારેના પાઠને સંપાદિત ગ્રંથપાઠમા સ્થાન આપવામા નથી આવ્યુ. તે જ પ્રમાણે, મુખ્ય પ્રતની એક કે વધારે કડીઓ બીજી એકે પ્રતમાં ન મળતી હોય તેવી બાબતોમાં તે કડીને સંપાદિત ગ્રંથપાઠમાંથી કાઢી નથી નાખવામાં આવી. પણ સંદર્ભ, જોડણી કે ભાષાની પ્રાચીનતા, અર્થનું ઔચિત્ય વગેરે દૃષ્ટિએ મુખ્ય પ્રતનો પાઠ સ્પષ્ટ રીતે નિકૃષ્ટ લાગ્યો ત્યાં અન્ય પ્રતનો ઉત્કૃષ્ટ લાગ્યો તે પાઠ સ્વીકાર્યો છે, અને મુખ્ય પ્રતના પાઠને નોંધમાં મૂક્યો છે ટૂંકમાં એક નિયમ તરીકે પ્રમાણ, ક્રમ, ભાષા ને જોડણી એમ દરેક વિષયમાં મુખ્ય પ્રતને આધારભૂત ગણવામાં આવી છે.

પ્રાચીન ગુજરાતી કૃતિઓના સંપાદનમાં પાઠાંતરોની નોંધ એ એક ખૂબ ગૂંચવે તેવો પ્રશ્ન છે. અનેક કારણે પ્રતોમાં જોડણી બાબત સંપૂર્ણ અરાજકતા પ્રવર્તતી જોવામાં આવે છે. એકની એક પ્રત એકના એક શબ્દની જોડણીની બાબતમાં તદ્દન વિસંગત માલુમ પડે છે. આ પ્રકારની અવ્યવસ્થા (૧) હ્રસ્વ ને દીર્ઘ 'ઇ' તથા 'ઉ', (૨) 'ઓ' અને 'ઉ', (૩) અનુસ્વાર તેમ જ અનુનાસિક, (૪) તૃતીયા-સપ્તમીનો 'ઇ', 'યે', 'એ', (૫) 'ય' કાર, (૬) 'ક્ષ', (૭) 'સ' અને 'શ', (૮) 'હ'કાર અને તેના અનુગામી સ્વરની પૂર્વશ્રુતિ પર અસર ('કહે', 'કેહે' વગેરે), (૯) 'જ' ને 'ઝ', (૧૦) 'ટ' ને 'ઠ', તથા 'ડ' અને 'ઢ' (૧૧) 'ષ' અને 'ખ', (૧૨) 'લ' અને 'ળ' એ વિષયમાં હોય છે. એક જ શબ્દની જોડણીમાં એક જ પ્રતમાં 'ઇ' ને 'ઉ' એક સ્થળે હ્રસ્વ મળે ને બીજે સ્થળે દીર્ઘ પણ મળે; શબ્દારંભે ક્યાંક 'ઉ' મળે તો ક્યાંક 'ઓ'. તૃતીયા-સપ્તમીનો પ્રત્યય સાનુનાસિક તેમ જ નિરનુનાસિક બન્ને રૂપે મળે. તેવું જ વર્તમાન ત્રીજા પુરુષના 'ઇ' પ્રત્યયનું ને નાસિક્ય ધ્વનિઓ (nasals) પૂર્વેના સ્વરનું ('રામ', 'રાંમ'). 'ય'કાર ભૂતકાળમાં (તથા અન્યત્ર) બાબતમાં પણ જે પ્રત 'ય' આપતી હોય તેમાં પણ કોઈવાર 'ય' વગરનો શબ્દ હોય છે. તત્સમ શબ્દો પણ મૂળ રૂપે લખવાનું વલણ કોઈક જ પ્રતમાં હોય છે, અને ત્યાં પણ સંપૂર્ણ સુસંગતતાની આશા રાખવી નકામી છે.

આ તો થઈ માત્ર જોડણીભેદોની વાત. જોડણીભેદો સિવાયના પાઠભેદો પણ કમ નથી. બહુવચન અને એકવચનની અદલબદલ કે એક કાળના રૂપને બદલે બીજા કાળનું રૂપ, અથવા તો 'ને', 'જ', 'જે', 'તે', 'તો', 'આ', 'કે' વગેરે જેવા પાદપૂરકો : એ સૌને લઈને ઉદ્ભવતા પાઠાંતરો પણ પાર વગરનાં છે. વળી અમુક એક પ્રતના પાઠને બદલે દરેક પ્રતાંતરમાં જુદાજુદા પર્યાયો ને સમાનાર્થ કે લગભગ સમાનાર્થ ઉક્તિઓ પણ અનેકાનેક સ્થળે મળે છે: અને અર્થફેર હોય તો પણ મૂળ વાત માટે કશી જીવ જેવી અગત્ય ન ધરાવતાં હોય એવા પાઠાંતરની સંખ્યા પણ અલ્પ નથી. આ કારણે એક જ કડીના ત્રણ ચાર પ્રતોની તુલનાને આધારે જોવામાં આવતા પાઠાંતરોની સંખ્યા એવડી હોય છે કે તેની નોંધનું કામ એ બધી પ્રતોનો સળંગ પાઠ ઉતારવાના કામ કરતાં પણ વધારે જટિલ બનતું જાય છે.

પ્રાચીન ગુજરાતી કૃતિઓ ઘણુંખરું પદ્યમાં હોવાથી, અને તેમને માટે વધતે-ઓછે અંશે ગેય હોય તેવા, મુક્તકે મુક્તક માપના દેશી છંદો પ્રયોજાયા હોવાથી, પાઠનિર્ણયમાં અન્યત્ર જે છંદનું સાધન ખૂબ મહત્ત્વવાન બની રહે છે, તે અહીં જરાયે કાર્યસાધક ઠરતું નથી.

આવા સંજોગોમાં બધાયે પાઠાંતરો નોંધવાં કે અમુક જ? બધાંયે નોંધવાં જતાં જે સમય, શ્રમ વગેરેનો વ્યય થાય તેના પ્રમાણમાં તેમનું મૂલ્ય ખરું? અમુક જ નોંધવાં, તો પસંદગીનુ ધોરણ શું રાખવું? વગેરે પ્રશ્નો પ્રાચીન ગુજરાતી કૃતિના સંપાદકની સામે આવીને ઊભા રહે છે. અને પાઠાંતરના જંગલને લક્ષમાં લેતાં તેમાંથી એક છાપ આપણા ઉપર એવી પડે છે કે અમુક અંશે અંધપાઠ પ્રવાહી કે અનિશ્ચિત સ્વરૂપનો જ હતો—એટલે કે સંસ્કૃતપ્રાકૃતાદિ કૃતિઓના મૂળ પાઠના સ્વરૂપ અંગે જે નિશ્ચિતતા હતી, તેવી મધ્યયુગીન ગુજરાતી કૃતિઓ માટે ન હતી. ઉપર ઉલ્લેખ્યું તેવા જોડણીના વૈવિધ્યથી કે અહીંતહીં દેખાતા શાબ્દિક પરિવર્તનથી પણ મૂળ ગ્રંથકારને પોતાની કૃતિમા કોઈ ખાસ ફેરફાર થયો હોવાનુ—કે તેમા કશું વાંધાભર્યું હોય તેવુ નહીં લાગતુ હોય. મુખ્ય કથયિતવ્યમાં કે હકીકતો ને વીગતોમાં પરિવર્તન થયેલું ન લાગે ત્યાં સુધી પાઠમાં થતો શાબ્દિક ફેરફાર લક્ષમાં લેવાની કોઈને જરૂર જ ન લાગતી

હસ્તપ્રતોમાં જોડણીને લગતી વ્યવસ્થા કે સુસંગતતા નથી જોવા મળતી એ ખરું, પણ ચીવટ અને ચોક્કસાઈથી તપાસવાને બદલે સ્થૂળમાને જોતાં દરેક હસ્તપ્રતમાંથી અમુક જોડણીવલણો સ્પષ્ટ રીતે તારવી શકશે અને તે તે પ્રતોની જોડણી કાંઈક અંશે એ તારવેલા વલણોને અનુરૂપ જોવામાં આવશે. જે પ્રત 'સ' ને 'શ' ને બદલે માત્ર 'સ' જ લખતી હોય, તેમા ઘણુંખરું સર્વત્ર 'સ' મળશે, બીજી કોઈમા ઘણુખરું 'શ' મળશે. કોઈમા 'ય' શ્રુતિ કે 'હ' શ્રુતિ નોંધવાનુ વલણ સ્પષ્ટરૂપે જોઈ શકાશે, તો કોઈમાં તેનો અભાવ જણાશે. જો કે 'ઇ'કાર કે અનુનાસિકની બાબતમા આવુ ચોક્કસ વલણ ઓછું જોવા મળે છે. એટલે એક વાર એક પ્રતના જોડણીવલણો નજરમાં આવી જાય એટલે પછી તેની લેખનવિષયક વિશિષ્ટતાઓ વિશે નવુ જાણવાનુ બહુ ઓછું રહે છે. બધાયે પાઠાંતરો નોંધવામાં આવે તો તેમાં, જોડણીને લગતાં પાઠાંતરો એકના એક આવ્યા કરશે અને તેથી તે તે પ્રતના ભાષાવલણ કે જોડણીગત વિશિષ્ટતાઓ વિશે કશો વધારાનો પ્રકાશ નહીં પડે.

આ હકીકતને લક્ષમા રાખીને પ્રસ્તુત સંપાદનમા પાઠનોંધની એક વિશિષ્ટ પદ્ધતિ ગ્રહણ કરવામા આવી છે મુખ્ય પ્રતની પહેલી સો પંક્તિ સુધી તુલનાપ્રાપ્ત પ્રતોના બધાયે પાઠાંતરોની નોંધ લેવામા આવી છે પછીની સો પંક્તિ સુધી શાબ્દિક ભેદો નોંધ્યા છે તે પછીથી ખાલી જોડણીવિષયક, પર્યાયાત્મક કે પાદપૂરને લગતા પાઠાંતરોની નોંધ નથી લીધી—સિવાય કે આ રચનાની, વિશિષ્ટ જોડણીની કે એવી કોઈ દૃષ્ટિએ તેમની અગત્ય હોય પણ પાઠ વધતો ઓછો હોય તેવા સર્વ સ્થળોની નોંધ લીધી છે બે પ્રતોમા જોડણીભેદે એક જ પાઠ હોય, ત્યા પ્રાચીન પાઠ બને પ્રતોના સંકેત નીચે આપ્યો છે આ રીતે દરેક પ્રતની લેખનવિષયક વિશિષ્ટતાઓનો અને તેના વિશિષ્ટ જોડણીવલણોનો જરૂર-પૂરતો ખ્યાલ આપણને મળી રહે છે, અને સાથે નિરર્થક પાઠાંતરોથી સંપાદનને ફુલાવવાના શ્રમમાથી બચી જવાય છે પણ ભાષાની, અર્થની યા બીજી કોઈ દૃષ્ટિએ મૂલ્યવાન જણાતા પાઠાંતરોની નોંધ અચૂક લેવામા આવી છે અને સંપાદિત ગ્રંથપાઠમા, મૂળની કોઈ પ્રતમા ન હોય તેવા એકે કલ્પિત પાઠને સ્થાન આપવામા નથી આવ્યુ એકે પ્રતમા ન હોય તેવી જોડણીવાળો પાઠ વિશિષ્ટ કારણે ક્યાક મૂક્યો ઉચિત ધાર્યો છે, ત્યા પાઠને આડકતરી રીતે પ્રતોનો આધાર છે

ચરણ ના ચાલ્યા, ચરણ ન ચાલે
મેહલી, મેહેલી, મેહલીને
આણે, એણે
તુજને તારા માર્યો જાણુ તુઝને માર્યો અમે જાણસ્યુ
રુડીયારે રુપ, રડિયાળા રૂપ, રડીઆલુ રુપ
ઘણો, ઘણુ ઘણા
મનમા અણી પ્રીત મન આણીને પ્રીત
કેહેજ્યે મુને, કહેજી મુને, કહો જો મુને
પ્રધાનને સુપ્યુ પાગ, પરધાનને તો શોપ્યો પાગ

આ જાતના પાઠભેદોની પ્રસ્તુત સંપાદનમા નોંધ લેવામા નથી આવી, સિવાય કે બીજી કોઈ દૃષ્ટિએ તેમની અગત્ય હોય

સંપાદિત ગ્રંથપાઠની જોડણી મુખ્ય પ્રત પ્રમાણે નિયમ તરીકે રાખી છે તેમા વિસંગતતા હોય તો પણ ઘણુખરુ જેમની તેમ રહેવા દીધી છે માત્ર જ્યારે [illegible] મુખ્ય પ્રતને આધારે નિયમ તરીકે સ્વીકારેલી જોડણીથી

જુદી જોડણીવાળો પાઠ મુખ્ય પ્રતમાં હોય, અને અન્ય પ્રતોમાંથી કોઈનો પાઠ, સ્વીકૃત જોડણીને અનુરૂપ હોય ત્યારે મુખ્ય પ્રતના પાઠને જતો કરી, તે બીજી પ્રતોના પાઠને લેવામાં આવ્યો છે. કેટલીક વાર મુખ્ય પ્રતથી મુકાબલે અર્વાચીન ભાષાભૂમિકા રજૂ કરતી પ્રતનો પાઠ અન્ય કારણે ઉત્કૃષ્ટ લાગતાં સંપાદિત ગ્રંથપાઠમાં સ્વીકારવામાં આવ્યો છે, ત્યાં ગ્રંથપાઠની સામાન્ય જોડણીથી તે પાઠની જોડણી જુદી પડતી હોવા છતાં અને એ રીતે સંપાદિત ગ્રંથપાઠમાં એ પ્રકારની જોડણીનું કોઈક કોઈક સ્થળે મિશ્રણ થતું હોવા છતાં, તેને એમને એમ રાખી છે; એટલે કે ક્વચિત જોડણીની એકરૂપતાને ભોગે પણ પ્રતોના મૂળ પાઠ સાથે કશી છૂટ લેવામાં નથી આવી. તત્સમ શબ્દોની બાબતમાં પણ પાઠને શુદ્ધ કરવાનો કે અન્ય પ્રતોમાં શુદ્ધ જોડણીવાળો પાઠ મળતો હોય તો તેને સ્વીકારવાનો આગ્રહ નથી રાખવામાં આવ્યો.

સંસ્કૃતપ્રાકૃત ગ્રંથોના સંપાદનમાં સ્વીકારાતી પાઠનોંધની પદ્ધતિથી જુદી પડતી પદ્ધતિ પ્રાચીન ગુજરાતી કૃતિઓના સંપાદન માટે અહીં સ્વીકારવાનું મુખ્ય કારણ શરૂઆતમાં સૂચવ્યું તેમ એક જ છે. આપણી મધ્યકાલીન જોડણી એટલી અનિશ્ચિત સ્વરૂપની હતી, અને મૂળ કૃતિનાં ભાષા, જોડણી કે ગ્રંથપાઠ જાળવી રાખવા માટે એટલી ઓછી ચીવટ રખાતી કે ઉપલબ્ધ હસ્તપ્રતોને આધારે પાઠ, ભાષા ને જોડણી નિશ્ચિત કરવાનું કામ અશક્યવત હોય છે. તેમાં ભાષાસ્વરૂપમાં ચાલુપણે થયેલાં ઝડપી પરિવર્તનોનો ફાળો પણ ઘણો છે. આથી સંસ્કૃતપ્રાકૃત કૃતિઓના માટે, પ્રતોની તુલનાદ્વારા કૃતિના મૌલિક સ્વરૂપની નજીક પહોંચવાની જે શક્યતા છે, તે પ્રાચીન ગુજરાતી કૃતિઓ માટે નથી. આમ હોવાથી સંસ્કૃતપ્રાકૃત કૃતિઓના સંપાદનમાં પ્રયુક્ત પાઠનોધની પદ્ધતિ પ્રાચીન ગુજરાતી કૃતિઓના સંપાદનમાં કાર્યસાધક નથી બનતી. એટલે પ્રસ્તુત સંપાદનમા એ સામાન્ય પદ્ધતિ આવશ્યક ફેરફાર કરીને સ્વીકારી છે.

૩. સિંહાસનબત્રીશીની પરંપરા

શામળની પુરોગામી રચનાઓ

સિંહાસનબત્રીશીનુ નામ લેતા જ પરદુઃખભંજન રાજા વીર વિક્રમની પ્રભાવશાળી મૂર્તિ આપણા માનસપટ પર ઝળકી ઊઠે છે. અંધારપછેડો ઓઢી

રાતે નગરચર્ચા જોવા ઘૂમતા, અગિયાવેતાળ અને હરિસિદ્ધ માતાની સહાયતાથી અનેક સાહસ ખેડના, અસાધારણ પરાક્રમો કરી દુખિયાંનાં દુઃખ ભાગતા, ઉદારતાની અવધિ સમા એ નરવીર વિક્રમથી કોણ અજાણ્યુ હશે? શામળ-ભટ્ટની બત્રીશ પૂતળીની વાર્તાએ રચેલી અદ્ભુત–કૌતુકથી ભભકતી સૃષ્ટિમાં આપણી ઉત્તેજિત બાળકલ્પના મુક્તવિહાર કરતી હતી, તે વેળા અનુભવેલા રોમાંચ આપણી સ્મૃતિ પર કેટલા ચિરંજીવ સંસ્કાર મૂકતા ગયા છે!

શામળની આ સિંહાસનબત્રીશી તેના વસ્તુની દૃષ્ટિએ કોઈ મૌલિક રચના નથી. કોઈ નહીં તો પાચ સો વર્ષની અતૂટ રચનાપરંપરાના અંત ભાગમાં એ આવે છે. ને શામળ પોતે જ કહે છે ને કે 'સંસ્કૃતમાથી સોધિયુ'— આ કૃતિ મેં સંસ્કૃતને આધારે રચી છે. એ તો વળી રાજા ભોજના આશ્રિત કવિ કાલિદાસની કૃતિ ઉપરથી પોતે સિંહાસનબત્રીશી બનાવ્યાની વાત કરે છે. પણ આપણે એવા કોઈ કવિ કે કૃતિને જાણતા નથી. આપણી તપાસમાં તો શામળ પૂર્વે જુદેજુદે સમયે ને જુદેજુદે હાથે રચાયેલી હોય તેવી એકબે નહીં પણ ચારેક સંસ્કૃત સિંહાસનબત્રીશીઓ અને તે ઉપરાંત અગિયારેક પ્રાચીન ગુજરાતી સિંહાસનબત્રીશીઓ મળે છે. અને વિક્રમવિષયક બીજા કથાગુચ્છોને લગતી તથા વિક્રમચરિત્રને લગતી તો અનેકાનેક કૃતિઓ શામળ પહેલાની શતાબ્દીઓ પર વેરાયેલી પડી છે.

સંસ્કૃત સિંહાસનબત્રીશીઓમા જે સૌથી પ્રાચીન હતી, તે ઈ. સ. ૧૩૦૦ લગભગની ગદ્યરચના હતી. તેના કર્તાના નામથી આપણે અજાણ છીએ એટલુ જ નહીં, તેના મૂળ રૂપમાં પણ તે આપણને અત્યારે મળતી નથી. મળે છે માત્ર તેના પાછળથી થયેલા ને 'સિંહાસનદ્વાત્રિંશિકા,' 'વિક્રમાર્કચરિત' વગેરે નામે જાણીતા પાચ ભિન્ન ભિન્ન રૂપાંતરો કે વાચનાઓ (recensions). એમનું સંપાદન ને સૂક્ષ્મદર્શી તુલનાત્મક અધ્યયન કરનાર સંસ્કૃત–વિદ્વાન એજર્ટને એ પાંચ વાચનાઓને દક્ષિણી, લઘુ પદ્યમય, જૈન ને વારરુચ એવાં નામે ઓળખાવી છે. તેમને મતે દક્ષિણી વાચના મૂળ કૃતિની નિકટતમ છે. 'સિંહાસનદ્વાત્રિંશિકા'ની એ દક્ષિણી વાચનાની યોજના ને કથાસૂત્ર આપણે સંક્ષેપમા જોઈ લઈએ, જેથી સમયે સમયે થયેલી વધઘટ ને રૂપાંતરને પરિણામે મૂળ કૃતિની છેવટે શામળ સુધીમા કેવી કાયાપલટ થઈ ગઈ તે તપાસનુ અનુકૂળ પડે.

સિંહાસનદ્વાત્રિંશિકાનું કથાસૂત્ર

કથાપીઠ

(૧) **ઉપક્રમ :** એક વાર કૈલાસમાં પાર્વતીને વિનોદ ને મનોરંજનની કોઈ સરસ કથા સાંભળવાનું મન થયું. તેમનું કુતૂહળ સંતોષવા શંકરે રાજા ભોજને પ્રાપ્ત થયેલા અદ્ભુત સિંહાસનની અને એ સિંહાસન પરની બત્રીશ પૂતળીઓએ કહેલી બત્રીશ વિક્રમકથાઓની વાત માંડી:

(૨) **અમરફળ :** ઉજ્જયિનીના કોઈ દરિદ્ર બ્રાહ્મણને ભુવનેશ્વરીની ઉપાસનાથી અજરતા ને અમરતા અર્પે એવું એક અદ્ભુત ફળ મળ્યું. દરિદ્ર અમર થઈને શું કરે, એ વિચારે બ્રાહ્મણે એ અમરફળ રાજા ભર્તૃહરિને ભેટ આપ્યું. તેણે તે પોતાની પ્રાણપ્રિય રાણી અનંગસેનાને આપ્યું. અનંગસેનાએ એ ફળ પોતાના પ્રેમી અશ્વપાલને, અશ્વપાલે દાસીને, દાસીએ ગોવાળને ને ગોવાળે છાણા થાપતી છોકરીને એ ફળ પ્રેમની ભેટ તરીકે દીધું. છોકરીને માથેના ટોપલા ઉપર મૂકેલું અમરફળ જોઈ ભર્તૃહરિએ તપાસ કરી ને બધી વાત જાણી. સંસાર પર વૈરાગ્ય આવ્યો. પોતાને સ્થાને નાના ભાઈ વિક્રમાર્કનો અભિષેક કરીને ભર્તૃહરિએ વનવાસ લીધો.

(૩) **વેતાલસિદ્ધિ :** ન્યાય ને ઉદારતાથી પ્રજાપાલન કરતો વિક્રમ એક વાર કોઈ સિદ્ધની મંત્રસાધનમાં ઉત્તરસાધક તરીકે સ્મશાને ગયો. કપટથી સિદ્ધ વિક્રમનો બલિ દેવા માગતો હતો, પણ વિક્રમે સિદ્ધને જ હોમી દીધો. એ પ્રસંગથી એક વેતાળ તેના પર પ્રસન્ન થયો ને તેને અષ્ટ મહાસિદ્ધિ આપી.

(૪) **સિંહાસનપ્રાપ્તિ :** એક વાર વિશ્વામિત્રનો તપોભંગ કરાવવા રંભા ને ઉર્વશીમાંથી જે વધુ કુશળ નર્તકી હોય તેને મોકલવાનું ઇંદ્રે વિચાર્યું. નૃત્યપ્રયોગ પરથી કુશળતાનો નિર્ણય ન થઈ શક્યો, એટલે નારદની સૂચનાથી ઇંદ્રે નૃત્યકોવિદ વિક્રમને બોલાવ્યો. વિક્રમે ઉર્વશીને વધુ કુશળ ગણી ને પોતાના નિર્ણય માટે શાસ્ત્રપ્રમાણ આપ્યાં. પ્રસન્ન થયેલા ઇંદ્રે વિક્રમનું સન્માન કરી તેને એક રત્નજડિત બત્રીશપૂતળીવાળું અદ્ભુત સિંહાસન ભેટ આપ્યું.

(૫) **વિક્રમનું મૃત્યુ :** કેટલાયે વરસ વિક્રમે રાજ કર્યા પછી ઉજ્જયિનીમાં દૈવી ઉત્પાત થવા લાગ્યા. દૈવજ્ઞોએ તેમને રાજા માટે અનિષ્ટસૂચક ગણ્યા.

વિક્રમને શંકરનું વરદાન હતું કે અઢી વરસની સ્ત્રીથી જન્મેલા પુત્રને હાથે જ તેનું મૃત્યુ થાય. તપાસ માટે મોકલેલો વેતાળ ખાત્રી કરી લાવ્યો કે પ્રતિષ્ઠાનમાં અઢી વરસની બ્રાહ્મણપુત્રીને શેષનાગથી પુત્ર જન્મેલો છે. નામ શાલિવાહન. વિક્રમ ખડ્ગ લઈને પ્રતિષ્ઠાન પહોંચ્યો, શાલિવાહનને મારવા ગયો ત્યાં તેના દંડપ્રહારથી પોતે ઊડીને ઉજ્જયિનીમાં પડયો, ને ઘાની વેદના અસહ્ય બનતાં મરણ પામ્યો. ભટ્ટિ-મંત્રીએ તપાસ કરાવી તો અપુત્ર વિક્રમની એક રાણીને સાત માસનો ગર્ભ હતો. તેનો અભિષેક કર્યો. મંત્રીઓ રાજ્યપાલન કરવા લાગ્યા. ઇંદ્રે આપેલુ સિંહાસન ખાલી પડેલુ, તેને આકાશવાણીના આદેશથી પવિત્ર ક્ષેત્રમાં ભંડારી દેવામાં આવ્યુ.

(૬) ભોજની સિંહાસનપ્રાપ્તિ (ચમત્કારી ટીંબો) : અનેક વર્ષો પછી રાજા ભોજ રાજ્ય કરતો હતો, ત્યારે જ્યાં સિંહાસન દાટેલું હતું તે અતિ ફળદ્રુપ ખેતરનો માલિક કોઈ બ્રાહ્મણ હતો. સિંહાસનવાળી જગાએ બનેલા ટીંબા ઉપરના માચડેથી તે ટોયો કરતો. એક વાર સેના સાથે ભોજ ત્યાંથી નીકળ્યો એટલે માચડા પર રહેલા બ્રાહ્મણે રાજાને ધાન્યનો યથેચ્છ ઉપયોગ કરવા નોતર્યો. પણ માચડા ઉપરથી ઊતર્યો તેવો જ તેણે અંદર આવેલા રાજાને જાકારો દીધો. આવું બે વાર બન્યુ, તેથી સ્થળનો ચમત્કાર સમજી, ભોજે પોતે ટીંબા પર ચડીને અસાધારણ ઉદારતાનો ઉદય અનુભવ્યો. બ્રાહ્મણ પાસેથી ખેતર ખરીદી લઈ, ટીંબો ખોદાવતાં નીચેથી અદ્ભુત સિંહાસન નીકળ્યુ. ખસેડવા માંડયુ, પણ ખૂબજ ભારે થઈ ગયુ. મંત્રીની સલાહથી બલિ, પૂજા વગેરે વિધિ કર્યો ને સિંહાસન હળવુ બની પોતાની મેળે જ ખસ્યુ. ભોજે મંત્રીની બુદ્ધિ વખાણી. મંત્રીબુદ્ધિની કાર્યસાધકતા પર મંત્રીએ એક દૃષ્ટાંત કહ્યું.

(૭) શંકિત રાજા તથા કૃતઘ્ન રાજકુમાર ('સસેમિરા'): વિશાલા-નગરીના રાજા નંદને રાણી ભાનુમતી વિના ઘડી પણ ન ચાલે. રાજસભામાં સિંહાસન પર પણ સાથે બેસાડે. આવા મર્યાદાભંગમાંથી બચવા, મંત્રી બહુશ્રુતની સલાહ માની, આંખ સામે રાખવા તેણે રાણીનું ચિત્ર દોરાવ્યુ. રાણી પદ્મિની. ચિત્રકારે લક્ષણ વરતીને દોરેલા ચિત્રમાં રાજગુરુ શારદાનંદને એક ખામી બતાવી: એક ગુપ્ત સ્થાન પર મત્સ્યાકાર

તલ દર્શાવવો રહી ગયો છે. રાજાએ આ સાંભળ્યું. તપાસતા સાચું નીકળ્યું. રાજગુરુને રાણી સાથે સંબંધ હોવાનું માની, મંત્રીને વાત કરી ને રાજગુરુને મારી નાખવા આદેશ દીધો. ડાહ્યા મંત્રીએ રાજગુરુને મારવાને બદલે ગુપ્તપણે પોતાને ત્યાં રાખ્યો.

શિકારે નીકળેલા રાજકુમારને અપશુકન થતા જોઈ, પ્રધાનપુત્રે વાર્યો, પણ તેણે ન માન્યું કાળિયારની પાછળ પડતા, સૌથી વિખૂટો પડી એક અઘોર વનમા અશ્વ પરથી ઊતરી તે વિસામો લેતો હતો, ત્યા વાઘ આવ્યો. ઘોડો નગર તરફ ભાગી છૂટ્યો. ધ્રૂજતો રાજકુમાર ઝાડ પર ચડી ગયો. ત્યા પહેલેથી જ એક રીંછ ચડીને બેઠું હતું. તેણે રાજકુમારને અભયવચન આપ્યું, રાતે પોતાના ખોળામા સુવાડ્યો, ને વાઘના લોભાવવા છતા શરણે આવેલાનો વિશ્વાસઘાત ન કર્યો પણ પછી રાજકુમારે સૂતેલા રીંછને વાઘના કહેવથી નીચે ધકેલ્યો. વચ્ચેની ડાળી પકડી બચી ગયેલા રીંછે રાજકુમારને શાપ દીધો 'સસેમિરા' બોલતો તું પિશાચ થઈને ભમ્યા કર. સવારે વાઘ ને રીંછ ચાલ્યા ગયા. ખાલી ઘોડાને જોઈ રાજા વનમા જઈ શાપિત રાજકુમારને શોધી લાવ્યો. અનેક ઉપાય કર્યા છતા તે સાજો ન થયો રાજાને રાજગુરુની ખોટ સાલી ને મંત્રી પાસે તેને માર્યાનો પસ્તાવો વ્યક્ત કર્યો. રાજકુમારને સાજો કરે તેને અરધું રાજ્ય આપવાની વેઘણા કરાવી. મંત્રીએ રાજગુરુને બધી વાત કરી તેની સૂચના પ્રમાણે રાજાને કહ્યું કે મારી નાની છોકરી પાસે રાજકુમારને લઈને આવો. તે ઉપાય કરશે. સૌ મંત્રીને ત્યા આવ્યા. 'સસેમિરા' જપતા રાજકુમારને પરદા આગળ બેસાડ્યો. પરદા પાછળથી શારદાનંદને 'સ' 'સે' 'મિ' ને 'રા' અક્ષરથી શરૂ થતા, ને રાજકુમારે કરેલા વિશ્વાસઘાત ને મિત્રદ્રોહને વગતા ચાર શ્લોક કહ્યા શ્લોકે શ્લોકે રાજકુમારનો એક એક અક્ષર છૂટતો ગયો. તેણે બનેની વાત પિતાને કરી. 'અહીં બેઠા વનનો વૃત્તાત ને પ્રાણિભાષા તે ક્યાથી જાણી?' એવા રાજાના પ્રશ્નના ઉત્તરમા રાજગુરુ શારદાનંદને કહ્યું કે દેવકૃપાએ મારી જીભે શારદા વસે છે, ને તેથી જેમ રાણીના તલની વાત જાણી, તેમ આ પણ જાણ્યું પડદો હટાવી રાજાએ બોલનારનું સાચું સ્વરૂપ જાણ્યું ને અગમચેતી વાપરવા માટે મંત્રીની પ્રશંસા ને સન્માન કર્યા.

(૮) બોલતી પૂતળી : આ પછી ભોજ સિંહાસનને નગરીમાં લાવ્યો. હજાર સ્તંભના મંડપમાં મૂક્યું. પૂજા, દાન વગેરે કરી શુભમુહૂર્તે પૂતળીના મસ્તકે પગ મૂકી સિંહાસન પર ચડવા જાય છે ત્યાં મનુષ્યની વાણીમાં પહેલી પૂતળી બોલી : હે રાજા, તારામાં તેના જેવાં શૌર્ય, ઔદાર્ય, સાહસ, સત્ત્વ વગેરે હોય તો જ આ સિંહાસન ઉપર બેસજે. ભોજના દાનેશ્વરી હોવાના દાવાને પૂતળીએ આત્મપ્રશંસા કહી. ભોજના પૂછવાથી સિંહાસનના મૂળ માલિકની ઉદારતાની વાત કરી. અને એમ એક પૂતળીની વાત પૂરી થાય એટલે ફરી ભોજ સિંહાસન પર બેસવા જાય. એટલે બીજી પૂતળી વિક્રમના ઔદાર્યની નવી વાત કહે. એમ એકત્રીશ વાર બન્યું.

વાર્તા પહેલી—વિક્રમનો દાનનિયમ.

પહેલી પૂતળી બોલી : આ સિંહાસન વિક્રમાર્કનું છે. એની ઉદારતા એટલી હતી કે યાચકને જોતાં હજાર સોનામહોર, તેની સાથે વાત કરતાં દસ હજાર, તેની સાથે હસતાં લાખ અને સંતુષ્ટ થાય તો કરોડ આપવાનો તેનો નિયમ હતો. તુ એટલો ઉદાર હો, તો આ સિંહાસન પર બેસ.

વાર્તા બીજી—મસ્તકનું બલિદાન.

બીજી પૂતળી બોલી : એક વાર ગુપ્તચરે આવીને વિક્રમને જણાવ્યુ ચિત્રકૂટ પાસેના તપોવનમા એક દેવાલય છે, ને તેની પાસે પર્વત પરથી જળધારા પડે છે. ત્યા મહાપાપી નહાય, તો તેના શરીર પરથી કાળું પાણી નીસરે ને પાપ જાય. ત્યા એક બ્રાહ્મણ કેટલાંય વરસોથી હોમ કરે છે, ને કોઈની સાથે બોલતો નથી. આ સાભળી વિક્રમ એ સ્થળે ગયો. સો વરસથી હોમ કરતા બ્રાહ્મણની સહાયતા કરવા પોતે આહુતિ નાખી. જગદંબા પ્રસન્ન ન થયાં એટલે મસ્તક હોમવાનુ કરતો હતો, ત્યા દેવતા પ્રસન્ન થયા. બ્રાહ્મણ એકભાવે ક્રિયા ન કરતો હોવાથી તેને દેવતા નહોતાં ફળતા. વિક્રમની વિનંતિથી દેવતાએ બ્રાહ્મણનો મનોરથ પૂર્યો.

વાર્તા ત્રીજી—ચાર અદ્ભુત રત્ન.

ત્રીજી પૂતળી બોલી : દાનમાં જ ધનની સફળતા માનતા વિક્રમે જેમાં સર્વસ્વ દક્ષિણામાં આપવાનુ હોય તેવો યજ્ઞ માંડ્યો. દેવ, ઋષિ, ગંધર્વ, રાજાઓ, બ્રાહ્મણો વગેરે આવ્યા. એક બ્રાહ્મણને સમુદ્ર નોતરવા મોકલ્યો. સમુદ્રે

પ્રત્યક્ષ થઈ વિક્રમને માટે ચાર અદ્‌ભુત રત્ન ભેટ મોકલ્યાં : એક રત્ન ચિંતિત વસ્તુ આપે, બીજું અમૃત ભોજન, ત્રીજું ચતુરંગ સેના, ચોથું દિવ્ય વસ્ત્રાભરણ. બ્રાહ્મણ ભેટ લઈને આવ્યો ત્યાં સુધીમાં તો યજ્ઞ સમાપ્ત થઈ ગયેલો. રાજાએ સર્વ સંપત્તિ દક્ષિણામાં આપી દીધી હતી, એટલે બ્રાહ્મણને સમુદ્રે દીધેલાં રત્નમાંથી દક્ષિણામાં કોઈ પણ એક રત્ન લઈ લેવા કહ્યું. બ્રાહ્મણ, તેની પત્ની, પુત્ર ને પુત્રવધૂ જુદું જુદું રત્ન લેવાના મતનાં હોવાનું જાણી વિક્રમે તેને ચારેય રત્ન આપી દીધાં.

વાર્તા ચોથી—કૃતજ્ઞતાની કસોટી.

ચોથી પૂતળી બોલી : ઉજ્જયિનીના એક અપુત્ર બ્રાહ્મણને ઈશ્વરની આરાધનાથી પુત્ર થયો. દેવદત્ત નામ. મોટો થતાં પરણાવ્યો; સદુપદેશ આપીને બ્રાહ્મણ જાત્રાએ ગયો. એક વાર સમિધ લેવા દેવદત્ત વનમાં ગયો, ત્યારે મૃગયા રમતાં ભૂલા પડેલા વિક્રમને તેણે નગરનો માર્ગ બતાવ્યો. ઉપકારવશ વિક્રમે તેને યોગ્ય કામ સોંપીને આશ્રય આપ્યો. વારંવાર કૃતજ્ઞતા વ્યક્ત કરતા વિક્રમની કસોટી કરવા દેવદત્તે રાજકુમારને પોતાને ઘરે સંતાડી, નોકરને રાજકુમારના ઘરેણાં વેચવા મોકલ્યો. ગુમ થયેલા કુમારની તપાસ ચાલી. નોકર પકડાયો. દેવદત્તને બોલાવવામાં આવ્યો. ધનલોભે મેં કુમારને મારી નાખ્યો છે, એમ દેવદત્તે કહ્યું. મંત્રીઓએ તેને કઠોર પ્રાણદંડ દેવા કહ્યું, પણ આશ્રિત ને ઉપકારી દેવદત્તને વિક્રમે અભયદાન દઈ, ભેટ આપી વિસર્જિત કર્યો. દેવદત્તે પુત્રને લાવીને વિક્રમના હાથમાં સોંપ્યો.

વાર્તા પાંચમી—રત્નો મોંઘા કે રાજાજ્ઞા?

પાંચમી પૂતળી બોલી : રત્નપરીક્ષકોએ અમૂલ્ય ઠરાવતાં વિક્રમે એક ઝવેરી પાસેથી છ છ કરોડની કિંમતે અગિયાર રત્ન ખરીદ્યાં. ઝવેરી સાથે તો એકજ રત્ન લઈ આવેલો. બીજાં દસ તેને ઘેર હતા. તે લઈ આવવા વિક્રમે એક વિશ્વાસુ સેવકને આઠ દિવસમાં પાછા આવી પહોંચવાનો આદેશ દઈ ઝવેરી સાથે મોકલ્યો. રત્નો લઈને તે પાછો ફરતો હતો, ત્યાં રસ્તામાં વરસાદ વરસ્યાથી નદીમા પૂર આવેલું. પાર ઉતારવા નાવિકે દસમાંથી પાચ રત્ન ભાડા પેટે માગ્યાં. મુદ્દત સર પહોચવા, સેવકે આપ્યાં. પાંચ રાજાના હાથમાં મૂક્યાં. રાજાજ્ઞાનો ભંગ ન થાય તે માટે નાવિકને પાંચ આપ્યાંની વાત કરી. પ્રસન્ન થયેલા વિક્રમે, પોતાના હાથમાં હતાં તે પાંચે રત્ન સેવકને ભેટ આપી દીધાં.

વાર્તા છઠ્ઠી—કપટી તાપસ.

છઠ્ઠી પૂતળી બોલી : વસંતોત્સવમાં ઉપવનમાં રાણીઓ સાથે ક્રીડા કરતા વિક્રમને જોઈને, પાસેના ચંડિકામંદિરમાં વર્ષોથી તપ કરતા એક બ્રહ્મચારીને તપ નિષ્ફળ લાગ્યું, ને વિષયસુખ માણવા તેનું મન લોભાયું. વિક્રમ પાસે જઈને તેણે કહ્યું કે પચાસ વરસ જગદંબાની ઉપાસના કર્યા પછી માતાએ સ્વપ્નમાં આવીને મને ગૃહસ્થાશ્રમ માંડવાનો આદેશ દીધો, ને કહ્યું કે તારા મનોરથ પૂરા કરવા મેં વિક્રમને સ્વપ્નમાં આજ્ઞા કરી છે. સ્વપ્નની વાતને બનાવટી જાણવા છતાં વિક્રમે તે સ્થળે ચંડિકાપુર નામે નગર વસાવી તાપસને રાજા બનાવ્યો, ચતુરંગ સેના આપીને નો સુંદરી પરણાવી.

વાર્તા સાતમી—ધડ સજીવન કર્યાં.

સાતમી પૂતળી બોલી : ઉજ્જયિનીના અત્યંત ધનવાન વણિક ધનદ સાંસારિક સુખની નશ્વરતા જાણી પુણ્ય દાનધર્માદિ કર્યાં, ને મોટા સંઘ સાથે કૃષ્ણદર્શન કરવા દ્વારકા ઊપડ્યો.

સમુદ્ર વચ્ચે એક ઊંચા ખડક ઉપર ભુવનેશ્વરીનું મંદિર. ધનદે પૂજા કરી. તેણે મૂર્તિની ડાબી બાજુએ સ્ત્રીપુરુષનાં બે ધડ પડેલાં ભાળ્યાં, ને આગળની ભીંતે લખેલા અક્ષર વાંચ્યા કે જે પરોપકારી પોતાના કંઠરુધિરથી ભુવનેશ્વરીને પૂજવાની સાહસિકતા બતાવશે, તે આ યુગલને સજીવન કરી શકશે. યાત્રા કરીને પાછા ફરેલા ધનદે આ વાત વિક્રમને કરી. વિક્રમે એ સમુદ્રબેટના ભુવનેશ્વરીના મંદિરમાં જઈ પોતાના ગળા ઉપર ખડગ ઉગામ્યું, ત્યાં જ પેલાં દંપતી સજીવન થયાં, ને પ્રસન્ન થયેલાં ભુવનેશ્વરીએ તેમને રાજ્ય આપ્યું.

વાર્તા આઠમી—તળાવ ભરવા માટે બત્રીશલક્ષણાનો ભોગ.

આઠમી પૂતળી બોલી : કાશ્મીરના એક ધનવાન વણિકે પાંચ કોશનું તળાવ ખોદાવ્યું, વચ્ચે જળશાયી નારાયણનું મંદિર બંધાવ્યું, પણ તળાવમાં પાણી ન નીકળ્યું. વરુણયજ્ઞ કરાવ્યા છતાં ટીપું ન વળ્યું. પાળે બેસી નિઃશ્વાસ નાખતા વણિકને આકાશવાણીએ કહ્યું કે બત્રીશલક્ષણાનું કંઠરુધિર છાંટશો તો જ તળાવ ભરાશે. વણિકે આ સદાવ્રત બાંધ્યું. ધાડી બાટી તળાવમાં પાણી લાવી આપે તેને સો ભાર સોનું આપવાની ઘોષણા કરી, પણ કોઈ તૈયાર થતું ન હતું. ગુપ્તચરને મોઢેથી આ કૌતુકકથા સાંભળી, વિક્રમ એ સ્થળે

પહોંચ્યો ને પોતાના ગળા ઉપર ખડ્ગ ઉગામ્યુ, ત્યાં જળદેવતા પ્રસન્ન થઇ. તળાવમાથી વિક્રમ બહાર આવ્યો તેવુ જ તે નિર્મળ જળે ભરાઇ ગયું.

વાર્તા નવમી—રાક્ષસ-અધિષ્ઠિત સુંદરી.

નવમી પૂતળી બોલી : પિતાના ઠપકાથી માઠું લગાડી વિક્રમનો પુરોહિત-પુત્ર સર્વજ્ઞ બનવાની પ્રતિજ્ઞા કરીને વિદ્યા ભણવા ગયો. અનેક વરસ ગુરુસેવા કરી, ગુરુ પાસેથી સિદ્ધસારસ્વતમંત્ર મેળવી સર્વજ્ઞ બન્યો. ઘરે આવવા નીકળતા રસ્તામા કાચીનગરમા એક કૌતુક જોયુ ત્યાની એક સુંદરી નરમોહિનીનુ એવુ અદ્ભુત રૂપ કે જોનારને તે મંત્રમુગ્ધ કરી દે. પણ જે કોઇ તેની સાથે રાત ગાળવા જાય, તેનુ એક વિંધ્યવાસી રાક્ષસ લોહી પી જાય. પુરોહિતપુત્રે ઉજ્જયિની પહોચીને વિક્રમને આ કૌતુક કહ્યું. વિક્રમ તેની સાથે કાચી આવ્યો. નરમોહિનીને ત્યા રાત રહ્યો. રાત્રે રાક્ષસ પથારીમાં માત્ર એકલી નરમોહિનીને જોઇને પાછો ફરતો હતો, ત્યા વિક્રમે તેનો ઘાત કર્યો. નરમોહિનીને પુરોહિતપુત્ર સાથે પરણાવી.

વાર્તા દસમી—મંત્રસાધિત ચમત્કારી ફળ.

દસમી પૂતળી બોલી: ઉજ્જયિનીમા એક વિદ્યાશાસ્ત્રપારંગત યોગી આવ્યો. વિક્રમને તેણે જરામરણરહિત બનાવે તેવા મંત્રનુ અનુષ્ઠાન શિખવાડ્યુ. તે પ્રમાણે એક વર્ષ બ્રહ્મચર્ય પાળી નગર બહાર રહી મંત્રજાપ કરી, વિધિ-પૂર્વક હોમ કરતા હોમકુંડમાથી પ્રકટ થઈને એક પુરુષે વિક્રમના હાથમાં એક ફળ આપ્યુ. એનુ ભક્ષણ કરે તે જરામરણરહિત બને. વજ્ર જેવી કાયા થાય. ફળ લઈને વિક્રમ ઉજ્જયિનીમા આવતો હતો, ત્યા રસ્તામા એક કોઢિયો બ્રાહ્મણ મળ્યો. વિક્રમે ફળ તેને આપી દીધુ.

વાર્તા અગિયારમી—નરભક્ષક રાક્ષસ.

અગિયારમી પૂતળી બોલી : યોગીવેશે ધરતી પર ભમતો વિક્રમ એક અરણ્યમાં વૃક્ષ ઉપર રાત ગાળતો હતો, ત્યારે ત્યા રહેતા એક વૃદ્ધ ચિરંજીવી પક્ષીને તેનો પુત્ર પોતાના દુ:ખની વાત કહેતો હતો તે તેણે સાભળી : પલાશગ્રામના માણસોને મારી નાખતા બકાસુર સાથે ગામલોકોએ વારા પ્રમાણે દરરોજ એક માણસ ભક્ષ તરીકે મોકલવાનો કરાર કર્યો છે. આજે મારા પૂર્વભવના મિત્ર બ્રાહ્મણના એકના એક પુત્રનો વારો છે. વાત સાભળી વિક્રમ પલાશગ્રામ પહોચ્યો ને વધ્યશિલા પર બેઠો. રાક્ષસે પહેલી જ વાર

બાલ્યનું હસતું મુખ જોઈ તેની ઓળખ પૂછી. પરોપકારથી તેને આવેલો જાણી, રાક્ષસે ત્યાર પછી જીવહત્યા ન કરવાનું વચન આપ્યું.

વાર્તા બારમી—સ્ત્રીપીડક રાક્ષસ.

બારમી પૂતળી બોલી. મૃત પિતાનું બધું ધન વાપરી નાખી, પ્રતિષ્ઠા ગુમાવી બેઠેલો વણિકપુત્ર કેટલોક સમય પરદેશ રખડીને આવ્યો. વિક્રમને મળ્યો ત્યારે તેણે પોતે જોયેલા એક કૌતુકની વાત કરી. હિમાલય પાસેના એક ગામને બહાર આવેલા વાંસવનમાંથી રોજ મધરાતે રડતી સ્ત્રીનો ચીત્કાર સંભળાય છે—બચાવો, બચાવો, આ રાક્ષસ મને મારી નાખે છે પણ બીકથી કોઈ ત્યાં જતું નથી. આ સાંભળી તેને સાથે લઈ વિક્રમ એ વાંસવનમાં પહોંચ્યો. રાક્ષસને માર્યો. સ્ત્રીએ પોતાની વાત કરી: પાસેના ગામના એક બ્રાહ્મણની તે વ્યભિચારિણી સ્ત્રી હતી. સગ ઈચ્છતા બ્રાહ્મણને જીવનભર સંતાપ્યો, તેથી તેણે મરતાં શાપ દીધો. તને વાંસવનનો રાક્ષસ ભોગેચ્છાથી રોજ પીડશે. કોઈ પરોપકારી આવીને રાક્ષસને મારશે ત્યારે છૂટીશ. બ્રાહ્મણીએ વિક્રમને આપેલા સોને ભર્યાં નવ ઘડા વિક્રમે વણિકપુત્રને આપી દીધા.

વાર્તા તેરમી—વિક્રમે કરેલી પ્રાણરક્ષા.

તેરમી પૂતળી બોલી: યોગીવેશે ધરતી પર ભટકતો વિક્રમ એક નગર બહારના દેવાલયમાં મહાજનો પુરાણકથા સાંભળતા હતા ત્યાં બેઠો. કથામાં અભયદાનનો મહિમા કહેવાતો હતો. ત્યાં બાજુની નદીમાં પત્ની સહિત તણાતા કોઈ વૃદ્ધ બ્રાહ્મણે બચાવવાની ધા નાખી. શ્રોતાઓમાંથી કોઈ ન ઊઠ્યું. વિક્રમ જઈને બંનેને બચાવી લાવ્યો. બ્રાહ્મણે પોતાના જપતપનું પુણ્ય વિક્રમને આપ્યું. ગત જન્મના અનાચારના ફળ તરીકે એક બ્રાહ્મણ હજારો વરસથી બ્રહ્મરાક્ષસપણું ભોગવતો તે બાજુના પીપળા પર રહેતો હતો, તેણે વિક્રમને મળેલું પુણ્ય પોતાના છૂટકારા માટે માગ્યું. વિક્રમે આપી દીધું. બ્રહ્મરાક્ષસપણું ટળ્યું

વાર્તા ચૌદમી—રાજ્ય રક્ષણાધીન કે દૈવાધીન?

ચૌદમી પૂતળી બોલી: યોગીવેશે ધરતી પર ભમતા વિક્રમનો એક તપોવનમાં જગદંબાના મંદિરમાં કોઈ અવધૂત સાથે ભેટો થયો. રાજ્યચિંતા છોડીને ભમવાનું અવધૂતે અનુચિત કહ્યું. વિક્રમે સર્વ દૈવાધીન હોવાનું જણાવી તે ઉપર દૃષ્ટાંત કહ્યું ત્યાંથી પણ રાજ્યભ્રષ્ટ રાજા રાજશેખર એક

નગર પાસે વૃક્ષ નીચે વિસામો લેતો હતો ત્યાં વૃક્ષ ઉપરના પાંચ યક્ષોની વાત પરથી તેણે જાણ્યું કે સવારે પોતે તે નગરીનો રાજા થશે. સવા હાથણીએ રાજશેખર પર કળશ ઢોળ્યો. સાંનું રાજ્ય કરતો હતો ત્યારે રાજશેખર પર એકવાર દુશ્મનો ચડી આવ્યા. ત્યારે તે પાસા ખેલતો હતો. ચિંતા કરતી રાણીને રાજશેખરે કહ્યું કે બધું ભાગ્યાધીન છે—જેણે રાજ્ય અપાવ્યું, તે જ તેની સંભાળ રાખશે. આ સાંભળી યક્ષોને પોતાનાં વચનનો મહિમા ટકાવી રાખવા તેની મદદે આવવુ પડ્યું. ભયંકર રૂપ ધરી, તેમણે શત્રુઓને ભિવડાવી નસાડ્યા.

આ સાંભળી પ્રસન્ન થઈ અવધૂતે વિક્રમને મનોવાંછિત વસ્તુ આપતું કાશ્મીરી શિવલિંગ ભેટ આપ્યું. પણ વિક્રમે રસ્તામાં, શિવલિંગ ખોવાઈ ગયાથી ત્રણ દિવસનો ઉપવાસી બ્રાહ્મણ મળ્યો, તેને આપી દીધું.

વાર્તા પંદરમી—ઊકળતી તેલકડાઈ.

પંદરમી પૂતળી બોલી : જાત્રાએથી પાછા ફરેલા રાજપુરોહિતે રસ્તામાં જોયેલા કૌતુકની વિક્રમને વાત કરીઃ એક નગરમાં શાપિત અપ્સરાનુ રાજ્ય. ત્યાં લક્ષ્મીનારાયણના મંદિર આગળ કડાઈમાં તેલ ઊકળે. જો કોઈ તેમાં ઝંપલાવવાની હિંમત કરે તેને અપ્સરા વરે. પુરોહિતને સાથે લઈ વિક્રમ એ સ્થળે પહોચ્યો; ને તેલકડાઈમા કૂદી પડ્યો. માસનો લોચો બની ગયો. હાહાકાર મચ્યો. અપ્સરાએ અમૃત છાંટયુ, એટલે વિક્રમ દિવ્યરૂપધારી કુમાર બની ગયો. વિક્રમના કહેવાથી અપ્સરા પુરોહિતને વરી.

વાર્તા સોળમી—સોને તોળી કન્યાનું દાન.

સોળમી પૂતળી બોલી : દિગ્વિજય કરી પાછા ફરેલા વિક્રમે કુમુહૂર્ત હોવાથી નગરપ્રવેશ ન કરતા, નગરબહાર મુકામ કર્યો. વસંતોત્સવને કારણે વંસતપૂજા કરી. ત્યાં એક બ્રાહ્મણે આવીને માગણી કરીઃ અંબિકાની કૃપાએ, આઠ પુત્ર ઉપર આવેલી આ પુત્રીને, માનતા પૂરી કરવા મારે સોને તોળીને યોગ્ય વર સાથે પરણાવવી છે, તો તું મને એટલુ સોનું આપ. વિક્રમે બ્રાહ્મણને માગ્યા ઉપરાંત બીજું આઠ કરોડનુ સોનું આપ્યું.

વાર્તા સત્તરમી—નિત્ય સ્વશરીર હોમતો રાજા.

બંદીમુખે વિક્રમના ત્યાગ, પરોપકાર, સાહસ, શૌર્યનાં ગુણગાન સાંભળી એક રાજાએ તેવા જ પરોપકારી થવાનું વિચાર્યું. તે માટે તેણે

અપૂર્વ દ્રવ્ય મેળવવા તેણે એક યોગીએ બતાવ્યા પ્રમાણે કાળીચૌદશની રાતે ચોસઠ જોગણીઓની સાધના કરી, હોમમા પોતાના શરીરની આહુતિ આપી. જોગણીઓએ તેને સજીવન કર્યો. વરદાનમા રાજાએ રોજના સોનેભર્યા સાત ઘડા માગ્યા ત્રણ માસ સુધી શરીર હોમે તો ઇચ્છા પૂરી કરવા જોગણીઓએ વચન આપ્યુ. રાજા દરરોજ શરીર હોમતો. વિક્રમે આ વાત જાણી તેણે આવીને રાજાને બદલે પોતાનુ શરીર હોમ્યુ તેની આવી પરોપકારવૃત્તિથી પ્રસન્ન જોગણીઓએ રાજાની વાંછા તરત જ પૂરી.

વાર્તા અઢારમી—વિક્રમ સૂર્યમંડળમાં.

પરિભ્રમણ કરતા પરદેશી પાસેથી વિક્રમે જાણ્યુ કે ઉદયાચળ પર્વત પર સૂર્યમંદિર, પાસે ગંગાતટે શિવાલય સૂર્યોદય થતા ગંગાપ્રવાહમાંથી સુવર્ણસ્તંભ ને ઉપર નવરત્નજડિત સિંહાસન પ્રગટે મધ્યાહ્ને સ્તંભ સૂર્યમંડળ સુધી પહોંચે સૂર્યાસ્ત થતા તે ગંગાપ્રવાહમા સમાઈ જાય વિક્રમ પરદેશીની સાથે તે સ્થળે ગયો. સ્તંભ પ્રગટતા તે સિંહાસન પર બેસી ગયો સૂર્યમંડળ સમીપ પહોંચતા દારુણ સૂર્યકિરણોને લીધે વિક્રમનુ શરીર બળીને માંસનો લોચો બની ગયુ એ સ્થિતિમા તેણે સૂર્યસ્તુતિ કરી સૂર્યે અમૃત છાંટી વિક્રમને દિવ્ય શરીર આપ્યુ ને પોતાના નવરત્નજડિત કુંડળ ભેટ આપ્યા પાછા ફરતા રસ્તામા મળેલા દરિદ્ર બ્રાહ્મણને વિક્રમે એ કુંડળ આપી દીધા.

વાર્તા ઓગણીસમી—પાતાળપ્રવેશ.

મૃગયામા પ્રચંડકાય વરાહનો પીછો પકડતા વિક્રમ તેની પાછળ પાછળ એ ભૂમિવિવરમા પેઠો અંધકાર પૂરો થતા, અત્યંત પ્રકાશ સોનાના કોટવાળુ અદ્‌ભુત નગર મનોહર રાજભવન ત્યા સિંહાસને બેઠેલા બલિરાજાએ મૈત્રીભાવે વિક્રમનુ સ્વાગત કર્યું, ને સુવર્ણસિદ્ધિ રસની તથા જરામરણ નિવારક રસાયનની ભેટ આપી પાછા ફરતા રસ્તામા વિક્રમને દરિદ્ર વૃદ્ધ બ્રાહ્મણ ને તેના પુત્ર મળ્યા બંને રસાયનમાથી કોઈ પણ એક માગી લેવાનું વિક્રમે કહ્યુ, એટલે રસાયન ઇચ્છતા પિતા ને રસ ઇચ્છતા પુત્ર વચ્ચે વિવાદ થયો વિક્રમે બંને વસ્તુ આપી દીધી

વાર્તા વીશમી—યોગીશ્વરનાં દર્શને

એક વેળા અરણ્ય વચ્ચેના દુર્ગમ પર્વત પર મનવાંછિત આપે તેવા યોગીશ્વર રહેતા હતા પરિભ્રમણ કરતા વિક્રમ સાહસિક વૃત્તિથી તેમના દર્શને

ઊપડયો. બીજા પ્રવાસીઓને સાથે જવાની હિંમત આવી. ભયંકર વિષાગ્નિ ઓકતો સર્પ પડેલો જોઈ સાથીદારો નાસી ગયા. વિક્રમને સર્પ વીંટળાઈ વળ્યો, ડંખ્યો. તેને વિષમૂર્છા આવી, તોયે પર્વત ચઢી જઈ યોગીના દર્શન કર્યા. વિષ ઊતરી ગયુ, સર્પ ચાલ્યો ગયો. યોગીએ વિક્રમને ત્રણ વસ્તુ આપી : જેટલી રેખા દોરે તેટલા યોજન એક દિવસમાં જઈ શકાય તેવી ગુટિકા, જમણા હાથમાં રાખી સ્પર્શ કરતાં મૃત સૈન્ય સજીવન કરતો, ડાબા હાથમાં રાખી સ્પર્શ કરતાં શત્રુસૈન્ય મૃત બનાવતો યોગદંડ અને પહેરતાં ઇચ્છિત વસ્તુ દેતી કંથા. એ લઈને પાછા ફરતા વિક્રમને માર્ગમાં અગ્નિપ્રવેશ કરવા જતો રાજ્યભ્રષ્ટ રાજકુમાર મળ્યો. તેને ત્રણે વસ્તુઓ આપી દીધી.

વાર્તા એકવીશમી—અષ્ટ મહાસિદ્ધિ.

પિતાના ઠપકાથી વિદ્યાભ્યાસ કરી પાછા ફરતા મંત્રીપુત્રે માર્ગમા વન વચ્ચે દેવળ જોયુ. બાજુમા ધગધગતા પાણીથી ભરેલુ સરોવર. મધરાતે આઠ દેવાંગનાઓ તેમાથી નીકળી. નૃત્યગીત સાથે દેવપૂજા કરી. દેવે પ્રસાદ દીધો. સવારે ધગધગતા પાણીમાં પાછી સમાઈ ગઈ. જતા મંત્રીપુત્રને તેમના નગરમાં આવવા કહેતી ગઈ. તેની હિંમત ન ચાલી. તેણે ઉજ્જૈણી આવી વિક્રમને વાત કરી. તેને સાથે લઈ વિક્રમ ત્યા આવ્યો. દેવાંગનાઓની પાછળ તે ધગધગતા સરોવરમા કૂદી પડ્યો. તેમના પાતાળમા તેમના નગરમાં પહોંચ્યો. એ અષ્ટ મહાસિદ્ધિ હતી. તેમણે વિક્રમને આઠ સિદ્ધિના ગુણ ધરાવતાં આઠ રત્ન આપ્યા. પાછા ફરતા વિક્રમે માર્ગમા મળેલા દરિદ્ર બ્રાહ્મણને તે આપી દીધા.

વાર્તા બાવીશમી—સુવર્ણસિદ્ધિ રસ.

પર્યટન કરતા વિક્રમને એક બ્રાહ્મણે વીતક કથા કહી : નીલપર્વત પર કામાક્ષી દેવતા. તેનો જપ કરતા ત્યાનુ પાતાળવિવર ખુલે ને તેમાં રહેલા સુવર્ણસિદ્ધિ રસનો કુંભ પ્રાપ્ત થાય. બાર વરસ જપ કર્યા છતા કામાક્ષી પ્રસન્ન ન થઈ તેથી બ્રાહ્મણ દુખી. વિક્રમ તેને સાથે લઈને તે સ્થાને ગયો. સ્વપ્નમા આવી દેવતએ કહેલા વચન અનુસાર બત્રીશલક્ષણા વિક્રમે પાતાળ-વિવર આગળ જઈ પોતાનુ લોહી રેડવા ગળા ઉપર ખડ્ગ ઉગામ્યુ. દેવતાએ પ્રસન્ન થઈ વિવર ઉઘાડુ કર્યું. બ્રાહ્મણને રસ મળ્યો.

વાર્તા ત્રેવીશમી—દુઃસ્વપ્ન.

એકવાર વિક્રમને પાડા પર બેસી દક્ષિણ દિશા તરફ જતો હોય તેવું સ્વપ્ન આવ્યું. જાણકાર બ્રાહ્મણે એને દુઃસ્વપ્ન ગણાવ્યું. તેનું નિવારણ કરવા માટે આવશ્યક પૂજાદિ કરી તેણે ત્રણ દિવસ રાજભંડાર ખુલ્લો મૂક્યો ને જેને જેટલું જોઈએ તેટલું ધન આપ્યું.

વાર્તા ચોવીશમી—વિચિત્ર વારસો : વિક્રમ ને શાલિવાહન.

એક નગરમાં વણિક મરતાં પહેલાં ચાર પુત્રોને આપવાના મિલ્કતના ભાગ નક્કી કરી ગયેલો. એક માસમાં જ સ્ત્રીઓ વચ્ચેની તકરારથી જુદા થવાનું નક્કી કરી વણિક પુત્રોએ પિતાની સૂચના પ્રમાણે પલંગના ચાર પાયા નીચે ખોદ્યું. ચાર તાંબડીમાં માટી, કોલસો, હાડકું ને ઘાસ નીકળ્યાં. એનો અર્થ વિક્રમ પણ ન ઉકેલી શક્યો. પ્રતિષ્ઠાન નગરમાં કુંભારને ત્યાં રહેલા શાલિવાહને ખુલાસો કર્યો. ચારે પુત્રોએ જમીન, સોનું, ઢોર ને ધાન્ય એમ વહેંચણી કરવાની છે. વિક્રમને જાણ થઈ. તેણે શાલિવાહનને પોતાની પાસે મોકલવા મહાજનને લખ્યું. શાલિવાહન ન ગયો. વિક્રમ સેના લઈને પ્રતિષ્ઠાન આવ્યો. દૂત મોકલવા છતાં શાલિવાહન ન આવ્યો. વિક્રમ યુદ્ધ કરવા ઊતર્યો. શાલિવાહને માટીની બનાવેલી ચતુરંગ સેનાને મંત્રજળે સજીવન કરી સામનો કર્યો. શાલિવાહનની સેનાનો નાશ થયો. આ સંકટ સમયે તેણે પિતા શેષનાગને સ્મર્યા. તેમણે મોકલેલા સર્પોના ડંખથી વિક્રમસેના મૂર્છા પામી. ઉજ્જયિની આવી વિક્રમે એક વરસ પાણીમાં અર્ધું શરીર ડૂબેલું રાખી મંત્રથી વાસુકીને પ્રસન્ન કરી અમૃતઘટ મેળવ્યો. તે લઈને પ્રતિષ્ઠાન જતો હતો, ત્યાં માર્ગમાં મળેલા બ્રાહ્મણને માગ્યું આપવાનું કહેતાં, તેણે અમૃતઘટ માગ્યો. શાલિવાહને જ બ્રાહ્મણને મોકલ્યો હતો. વિક્રમે અમૃતઘટ તેને આપી દઈને વચન પાળ્યું.

વાર્તા પચ્ચીશમી—અનાવૃષ્ટિ.

એક વાર દૈવજ્ઞે અનાવૃષ્ટિ થવાનું ભાખ્યું. નિવારણ માટે વિક્રમે યજ્ઞદાનાદિ કર્યાં. પણ વૃષ્ટિ ન થઈ. ચિન્તામગ્ન રાજાને આકાશવાણીએ કહ્યું : બત્રીસલક્ષણાનું આશાપુરીને બલિદાન દેવાથી વૃષ્ટિ થશે. વિક્રમે મંદિરમાં જઈ ગળા પર ખડ્ગ ઉગામ્યું, ત્યાં તો દેવીએ પ્રસન્ન થઈ અનાવૃષ્ટિ નિવારી.

વાર્તા છવ્વીશમી—કામધેનુ.

ઇંદ્રસભામાં નારદે વિક્રમપ્રશંસા કરી. ઇંદ્રે વિક્રમની પરીક્ષા કરવા કામધેનુને મોકલી. દુર્બળ ગાયનુ રૂપ લઇ, કામધેનુ વિક્રમના માર્ગમાં કાદવમાં ખૂચીને ભાંભરતી દેખાઇ. પાસે વાઘ બેઠેલો. વિક્રમે ગાયને કાઢવા ઘણો પ્રયાસ કર્યો. રાત પડી ગઇ. વરસાદ પડ્યો. સવાર સુધી રક્ષા કરતો વિક્રમ ત્યાં રહ્યો. પ્રસન્ન કામધેનુએ બહાર નીકળી પરીક્ષાની વાત કરી ને વિક્રમની સાથે ચાલી. રસ્તે મળેલા દરિદ્ર બ્રાહ્મણને તેણે કામધેનુ આપી દીધી.

વાર્તા સત્તાવીશમી—જુગારી.

પર્યટન કરતા વિક્રમે એક નગરના દેવાલયમાં એક વૈભવયુક્ત પુરુષને વેશ્યાથી વીંટળાઇને ક્રીડા કરતો જોયો. બીજે દિવસે તેનેજ દીનહીન દશામાં જોયો. પૂછતાં જાણ્યુ કે તે જુગારી હતો. ધન રળવાનો ઉપાય બતાવે તો જુગારનુ વ્યસન છોડી દેવા તે તૈયાર થયો. એટલામા બે બ્રાહ્મણની વાતચીત પરથી વિક્રમે જાણ્યુ કે પિશાચલિપિમા લખેલા એક પુસ્તક પ્રમાણે એ દેવાલયના પૂર્વભાગમાં અમુક સ્થળે ભૈરવપ્રતિમા પાસે દીનાર ભરેલા ત્રણ ઘડા દાટેલા છે. પોતાના લોહીથી પ્રતિમાને સીંચે તેને તે મળે. વિક્રમ પ્રતિમા પાસે જઇ લોહી રેડવા જતો હતો, ત્યા ભૈરવે પ્રસન્ન થઇ જુગારીને ઘડા આપ્યા.

વાર્તા અઠ્ઠાવીશમી—શોણિતપ્રિયા દેવી.

પર્યટન કરતા વિક્રમે પ્રવાસીઓ પાસેથી સાભળ્યુ કે વેતાલપુરીમા શોણિતપ્રિયા દેવીને ત્યાનો રાજા અને મહાજન પોતાના મનોરથ પુરાય તે માટે દર વરસે એક પરદેશી પુરુષનો ભોગ આપે છે વિક્રમ ત્યા પહોચ્યો. એક પુરુષને ભોગ માટે મહાજન લઇ આવ્યુ. વિક્રમે તેને છોડાવી બદલીમા પોતાના ગળા પર ખડ્ગ ઉગામ્યુ, ત્યા દેવી પ્રસન્ન થઇ ને વિક્રમની માગણીથી પુરુષ ભોગ લેવાનુ છોડી દીધુ.

વાર્તા ઓગણત્રીશમી—ભાટની દાનસ્તુતિ.

ભાટે આવીને કોઇ ધનેશ્વર રાજાએ વસતપૂજાને પ્રસગે કરેલા અઢાર કરોડ સુવર્ણના દાનની વિક્રમ આગળ પ્રશંસા કરી. વિક્રમે ભાટને રાજ-ભંડારમાથી જોઇએ તેવા ને તેટલાં રત્ન લેવા દીધા. ભાટે સર્વશ્રેષ્ઠ દાની તરીકે વિક્રમની સ્તુતિ કરી.

ક્ષેમંકરીય વાચના

વિક્રમચરિતની દક્ષિણી વાચના પ્રમાણેની આ રૂપરેખાની તુલનાએ ક્ષેમંકરની જૈન વાચનામાં થોડાક મહત્ત્વના ફેરફાર થયેલા છે. જૈન વાચનામાં કથાપીઠમાં ખંડોની ગોઠવણી થોડીક જુદી હોવા ઉપરાંત બે ખંડ વધારે છે. એકમાં વાત આમ છે. ભર્તૃહરિના ગયા પછી રાજ્ય રાજા વગરનું થયું, કેમ કે વિક્રમને ભર્તૃહરિએ કોઈ કારણે પહેલેથી જ દેશવટો દીધેલો હતો. લાગ જોઈને એક અગ્નિવેતાળે ત્યાં પોતાનો અડ્ડો નાખ્યો. પ્રધાનો નવો રાજા બનાવે તેને તે મારી નાખે. ગુપ્તવેશે વિક્રમ રાજ્યમાં પાછો આવ્યો ને પોતાને રાજા બનાવવા કહ્યું. વેતાળ માટે તેણે અનેક સ્વાદિષ્ટ વાનીઓનું બલિદાન તૈયાર રખાવ્યું. પ્રસન્ન થઈને વેતાળે દરરોજના બલિદાનની શરતે તેને રાજા બનાવ્યો. પછી વેતાળની પાસેથી વિક્રમે જ્યારે જાણ્યું કે પોતાનું આયુષ્ય પૂરાં સો વરસનું છે, ને કોઈ તેને વધતુંઓછું કરી શકે તેમ નથી, ત્યારે તેણે તેને યુદ્ધ માટે આહ્વાન આપ્યું. તેની સાહસિકતાથી પ્રસન્ન થયેલો વેતાળ સંભારે ત્યારે આવીને કામ કરી આપવા બંધાયો.

બીજા ખંડમાં જૈન સૂરિ સિદ્ધસેન દિવાકરના જ્ઞાન અને પ્રભાવથી વિક્રમ પ્રભાવિત થયાની વાતો છે.

મુખ્ય કથાઓમાં જૈન વાચનામાં મૂળના કથાપીઠની 'શંકિત રાજા ને કૃતઘ્ન રાજકુમાર' (ખંડ સાતમો) એ વાત પહેલી પૂતળીની વાર્તાના ભાગ તરીકે મૂકેલી છે. વાર્તા ૨૯ મી, ૩૧ મી અને ૩૨ મી દક્ષિણી વાચનાથી જુદી છે. ભાટની વિક્રમપ્રશસ્તિને બદલે જૈન વાચનામાં ૨૯ મી વાત (સામુદ્રિકની વાર્તા) આ પ્રમાણે છે:

સામુદ્રિકે રાજાનાં લક્ષણો ધરાવતો એક માણસ ખરેખર તો કઠિયારો હોવાનું જોયું, અને અપલક્ષણો ધરાવતા વિક્રમને ચક્રવર્તી જોયો, તેથી તેને શાસ્ત્ર ખોટું પડતું લાગ્યું. પણ વિક્રમના કહેવાથી તપાસ કરતાં સામાન્ય નિયમના બે અપવાદ શાસ્ત્રમાંથી નીકળ્યા: જેને તાળવે કાકપદ હોય તેનાં રાજાનાં લક્ષણ અશુભ થઈ જાય, ડાબી બાજુએ ડાબરૂં આંતરડું હોય તેનાં અશુભ લક્ષણો શુભ થઈ જાય. કઠિયારાને કાકપદ હતું. વિક્રમ પેટ ફાડીને બતાવવા જતો હતો, પણ આવી હિંમત ડાબા આંતરડાવાળાને જ હોય એમ સામુદ્રિકે સ્વીકાર્યું.

૩૧ મી વાર્તા ('પડું પડું'ની વાર્તા) આમ છે દાતા શેઠે પુત્રના કહેવાથી એક સાત માળનો અદ્ભુત પ્રાસાદ બંધાવ્યો. બધું બાંધકામ પુષ્યયોગમાં જ કરાવ્યું શુભ મુહૂર્તે ગૃહપ્રવેશ કર્યો. રાત્રે 'પડું છું' 'પડું છું' એવા અવાજ પ્રાસાદમાં સંભળાયા કરે. આથી ડરીને શેઠે વિક્રમને વાત કરી. વિક્રમે પ્રાસાદનું મૂલ્ય ચૂકવી આપ્યું. પોતે ત્યાં સૂતો. 'પડું છું' સાંભળતાં તે બોલ્યો, 'જલ્દી પડ' એટલે ગૃહદેવતાએ એક સુવર્ણપુરુષ નીચે નાખ્યો.

૩૨ મી (દરિદ્રપુત્રકની વાર્તા) આમ છે દિવસને અંતે અવંતીમાં જેટલી વેચવા આવેલી ચીજ ન વેચાય, તેટલી વિક્રમ ખરીદી લે એ નિયમ પ્રમાણે વિક્રમને એક વાર વેચાવા આવેલું દળદરનું પૂતળું ખરીદી લઈને ભંડારમાં મુકાવવું પડ્યું. રાત્રે દળદરને કારણે પહેલાં લક્ષ્મી ને પછી વિવેક, વિક્રમની વીનતી છતાં, તેને છોડીને ચાલ્યા ગયા. સત્ત્વ પણ જવા લાગ્યું. આ સહન ન થતાં રાજાએ માથું વધેરી આપવા માંડ્યું. સત્ત્વ પાછું ફર્યું. એટલે લક્ષ્મી ને વિવેક પણ પાછા આવ્યા.

આ સિવાયનો ફરક વીગતોને લગતો અને મહત્ત્વ વગરનો ગણાય.

ક્ષેમંકરની વાચના કરતાં દક્ષિણી વાચના મૂળની ઘણી જ નિકટ હોવાનું એજર્ટને સપ્રમાણ બતાવ્યું છે.* મહાભારત, રામાયણ, બૃહત્કથા, પંચતંત્ર વગેરેની જેમ વિક્રમચરિતની પણ લોકપ્રિયતા જાણી જૈનોએ પોતાની દૃષ્ટિ ને માન્યતાઓને અનુરૂપ એવું તેનું એક રૂપાંતર તૈયાર કરેલું. ક્ષેમંકર કોઈ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચાયેલી કૃતિને આધારે પોતાની કૃતિ તૈયાર કરી હોવાનું જણાવે છે. એજર્ટન આ કથનને અશ્રદ્ધેય ગણે છે. પણ ભોજવાળી પૂર્વપીઠિકા વિનાની અને કેન્દ્રીય વિક્રમકથાઓનો સમાવેશ કરતી કોઈ પ્રાકૃત રચના પ્રચારમાં હોવી અસંભવિત નથી. દેવમૂર્તિમાં કથાઓ ભોજને નહીં પણ વિક્રમપુત્રને કહેવાઈ છે એ નિરૂપણ સૂચક છે.

ઉત્તરકાલીન પરંપરા

પછીની પરંપરાની દૃષ્ટિએ જોઈએ તો સંસ્કૃતમાં રામચંદ્ર (૧૪૩૪), અને ગુજરાતી રાજસ્થાનીમાં મલયચંદ્ર (૧૪૬૩), જ્ઞાનચંદ્ર (૧૫૪૩), સિદ્ધિસૂરિ (૧૫૬૦), હીરકલશ (૧૫૮૦), સંઘવિજય (૧૬૨૨), વિનયલાભ (૧૬૯૨), રાજસ્થાની ગદ્ય વાર્તાકાર (૧૭૩૪ પહેલાં) તથા સુંદરજી (૧૭૪૦)

* ક્ષેમંકરમાં મૂળની ૨૯ ૩૧ ને ૩૨ ને બદલે જે વાર્તાઓ છે, તેને બદલે દેવમૂર્તિની સિંહાસનબત્રીસીમાં જુદી જ વાર્તાઓ છે, તેથી પણ આનું સમર્થન થાય છે

એ સિંહાસનબત્રીશીકારો, કોઈ એકાદ કથાના ક્રમફેરે કે વસ્તુફેરે ક્ષેમંકરની પરંપરાને અનુસરે છે. દેવમૂર્તિ(આ. ૧૪૧૫)માં તથા અજ્ઞાતનામ બ્રાહ્મણ સિંહાસનબત્રીશીકાર (૧૪૯૭) માં કથાપીઠ જુદું છે, તથા 'વિચિત્ર વાગ્સો' (મૂળ ૨૪મી), સામુદ્રિક (ક્ષેમંકરની ૨૯મી), 'સુવર્ણપુરુષ' (ક્ષે. ૩૧મી) અને 'દરિદ્રપુત્રક' (ક્ષે. ૩૨મી) એ વાર્તાઓને બદલે જુદી જ વાર્તાઓ છે. 'સુવર્ણપુરુષ' ને સ્થાને 'વિક્રમ અને શનિશ્ચર'ની વાર્તા છે.*

અજ્ઞાત ગદ્યવાર્તાકાર (૧૬મી શતાબ્દીનો અંત)માં પણ કથાપીઠ અને છેલ્લી ત્રણ વાર્તાઓ આગવી છે, તેમ વાર્તાક્રમમાં પણ થોડોક ફરક છે. બ્રાહ્મણ વાર્તાકારમાં પણ મૂળની 'શોણિતપ્રિયા' (૨૮મી) અને 'ભાટ' (૨૯મી)ને સ્થાને જુદી વાર્તાઓ છે અન્યત્ર તેમાં ક્ષેમંકરીય પરંપરાનું અનુસરણ છે. પણ વસ્તુ તેમ જ ક્રમની દૃષ્ટિએ મૂળની પરંપરામાં જબરી ઊથલપાથલ પહેલવહેલી રાજસ્થાની દેઈદાસ(૧૫૭૭)ની કૃતિથી શરૂ થાય છે. અને શામળ તથા હિંદી ગદ્ય સિં. બ. કાર લલ્લુલાલજી(૧૯મી શતાબ્દીનો આરંભ)મા એ ઊથલપાથલનુ પ્રમાણ એટલે સુધી પહોચ્યુ છે કે તેમની રચનાઓમાં મુળની સંસ્કૃત કૃતિની સમૂળગી કાયાપલટ થઈ ગઈ છે. દેઈદાસમાં મૂળ સસ્કૃત(કે ક્ષેમંકરીય વાચના)ની માત્ર બારેક વાર્તાઓ મળે છે' મૂળની વાર્તા ૨, ૩, ૪, ૯, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૬, ૨૯ ને ક્ષેમંકરની ૩૦નુ વસ્તુ દેઈદાસની સિં. બ. ની અનુક્રમે વાર્તા ૬, ૩, ૭, ૧૪, ૧૧, ૧, ૮–૯, ૧૦, ૧૧, ૧૫, ૪ ને ૧૮ના વસ્તુ સાથે સામાન છે. ઉપરાત દેઈદાસની ૧૩મી વાર્તામા મુળના કથાપીઠનો એક અંશ છે. બાકીની વાર્તાઓમાંથી બીજી ('દ્યૂત') પહેલવહેલી જ્ઞાનચંદ્રમા (૨૯મી) મળે છે, જ્યારે બાકીની વાર્તાઓ સિંહાસનબત્રીશીની મૂળ પરંપગની નથી. દેઈદાસની અને શામળની સિંહાસનબત્રીશીઓમાની નવતર સામગ્રી અમુક અંશે સમાન છે. કથાપીઠમાં ભોજ અને ગોવાળિયાની વાત, સિંહલદ્વીપની કન્યા (દેઈદાસ ૫, શામળ ૭), કલાકુશળ ભાટ અને લાખા ગણિકા (દેઈદાસ ૪, શામળ ૨૦), વીરવર (દે.માં વનગિર–૧૬, શા.મા 'મડાપચ્ચીશી'–૩), અગ્નિફળ ને દેવકમળ (દે. ૧૭, ૨૩, શા. ૩), પરકાયાપ્રવેશ (દે. ૨૪, શા. ૭) એટલી વાર્તાઓના ખોખા બંનેમા ઠીકઠીક મળતાં

*ભિન્નભિન્ન સિંહાસનબત્રીશીઓના સમય, કર્તૃત્વ વગેરે વિશેની માહીતી, તેમની વાર્તાઓના સાર અને તુલનાત્મક અધ્યયન માટે જુઓ ડૉ રણજીત પટેલનો મહાનિબંધ (અપ્રકાશિત) 'મલયચન્દ્રકૃત સિંહાસનબત્રીશી' (ભૂમિકા), ૧૯૫૬.

છે. પણ ભરચક વર્ણનો, બોધવચનો, કહેવતો, સમસ્યાઓ ને આડકથાઓની ખચિત જાળથી શામળની સિં. બ.ની વાર્તાઓ એટલી ફૂલીફાલી છે કે વિસ્તારપ્રસ્તારની દૃષ્ટિએ આગળની કૃતિઓની તુલનામા નદીના ભર નાળાના જળપ્રવાહની સામે ભરવર્ષાના જળભંડારનો ખ્યાલ આપે. કદાચ વાડી અને અડાબીડ જંગલ વધારે ઉચિત ઉપમાન ગણાય. શામળમા મૂળ સિંહાસનદ્વાત્રિંશિકાની ત્રીજા ભાગ જેટલી જ વાર્તાઓ ઊતરી આવી છે.

સિં. દ્વા.	શામળ	સિં. દ્વા.	શામળ
૩ =	૧૩ (ઉત્તરાર્ધ જુદો)	૧૭ =	૯ (બીજુ ઘટક)
૪ =	૧૫ (ત્રીજા ઘટકનો પૂર્વાંશ)	૨૪ (પૂર્વાંશ)	૩૨ (કથાપીઠ, પહેલું ઘટક)
૮ =	૧૭ (ત્રીજા ઘટકરૂપ ઉત્તરકથા)	૨૬ =	૨૨ (પહેલુ ઘટક)
૯ =	૯ (ત્રીજુ ઘટક)	૩૦ =	૩૨ (કથાપીઠ, ત્રીજું ઘટક)
૧૦ =	૧૫ (ત્રીજા ઘટકનો ઉત્તરાર્ધ)		

આ ઉપરાંત ક્ષેમંકરીય વાચનાના કથાપીઠમાંની 'વિક્રમ ને વેતાળ'ની વાત શામળમા ૩૨મીના કથાપીઠના છેલ્લા ઘટકરૂપે છે, અને પદ્ય વાચનની ૩૨મીની સામગ્રી શામળની ૧૦મીના અમુક અંશ રૂપે છે.

શામળમા મૂળમાથી ઊતરી આવેલા ઉપર્યુક્ત અંશને બાજુએ રાખતા, બાકીની નવતર સામગ્રીના મૂળસ્રોત કયા એ પ્રશ્નનો વિચાર આવશ્યક બને છે.

એક વાર લોકકલ્પનામા વિક્રમના પાત્રનો અમુક વિશિષ્ટ આકાર બંધાયો એટલે પછી એ સ્વરૂપમા અનુરૂપ રંગો વધુને વધુ પૂરાતા રહે એ અનિવાર્ય છે. આથી, સિંહાસનદ્વાત્રિંશિકા ઉપરાંત સાહસ અને પરમાર્થની અદ્ભુત ઘટનાઓથી ભરેલા બીજા અનેક કથાગુચ્છો વિક્રમને નાયક બનાવીને પ્રચારમા આવતા ગયા. આવા કથાગુચ્છોમાની જે કોઈ વિક્રમ કથા હૃદ્ય કે મનોરંજક ગણાઈ તે, પાછળની સિંહાસનબત્રીશીઓમા મૂળની નીરસ લાગતી કથાનુ સ્થાન લેતી ગઈ

એ રીતે વૈતાલપંચવિંશતિકા, પંચદંડ, માધવાનલ, હંસવત્સ, ચંદન-મલયાગિરિ, શીલવતી, સદયવત્સ, ચતુર્બુદ્ધિ, કાષ્ઠનો ઘોડો, વિધાતા ને એભલવાળો જેવી મૂળે સ્વતંત્ર કથાઓ કે કથાગુચ્છોએ સિંહાસનબત્રીશીમા સ્થાન પ્રાપ્ત કર્યું. બીજે પક્ષે વિક્રમચરિત્ર, વિક્રમલીલાવતી, વિક્રમ ને ખાપરો ચોર, વિક્રમ ને શનિશ્ચર એમ નવનવી વિક્રમકથાઓ પણ પ્રચારમા આવતી ગઈ કથા-સરિત્સાગરની વૈતાલપંચવિંશતિકા ઉપરાંત સંસ્કૃતમા જ ભલદત્ત ને શિવદાસની

કૃતિઓ છે અને સંસ્કૃતને આધારે પ્રાચીન ગુજરાતીમાં જ્ઞાનચંદ્ર (૧૫૨૭), ગદ્યાત્મક (૧૬ મુ શતક ?), દેવશીલ (૧૫૬૩), ઉમાણંદ (૧૫૯૦), સિંહપ્રમોદ (૧૫૪૬ કે ૧૬૧૬ ?), હાપૂ (૧૭ મી સદી ?) વગેરેની વૈતાલપચ્ચીશીઓ મળે છે. શામળની મદનપચ્ચીશીની બારેક વાર્તાઓ કથાસરિત્સાગરવાળી કૃતિમાંની વાર્તાઓને મળતી છે. વૈ. પ. ૧, ૪, ૫, ૬, ૮, ૯, ૧૧, ૧૫, ૧૬, ૨૧, ૨૨, ૨૪ ને ૨૫ ની સામગ્રી અનુક્રમે મ. ૫. ૧૧, ૭, ૫, ૨૧, ૧૮, ૨૩, ૧૪, ૧૬, ૧૫, ૧૨ (અંત્યાંશ), ૨ (પૂર્વાંશ), ૨૫ અને અંતમા મળે છે. મદનપચ્ચીશીની અન્ય વાર્તાઓ ઉત્તરકાલીન વૈ. પ. વિષયક રચનાઓમાથી કે ઇતર કથાઓમાથી આવી છે. ઉ. ત કથાપીઠ તરીકે રહેલી 'સિદ્ધ અને બ્રાહ્મણપુત્ર'ની વાત 'વૈતાલપચ્ચીશી'ના તિબેટી, મોંગોલ ને નેવારી રૂપાંતરોમા પણ મળે છે પણ આમાં એક બીજી ખૂબી એ થઈ છે કે કથાસરિત્સાગરવાળી વૈ. પંની કેટલીક વાર્તાઓ શામળની સિંહાસનબત્રીશીની અલગ અલગ વાર્તારૂપે કે તેમના અંશરૂપે ગોઠવાઈ ગઈ છે. આ રીતે વૈ. પં. ૭, ૬, ?, ૧૪, ૧૦, ૧૨ ને ૧૯ અનુક્રમે સિં. બ. મા ૬, ૬ (૨), ૬ (૩), ૧૧ (આરંભ), ૧૧ (૨), ૧૪ અને ૧૫ (૨) એ રૂપે મળે છે.

પંચદંડ પણ સંસ્કૃતમા અજ્ઞાતકર્તૃક (૧૨૯૦ કે '૯૪), રામચંદ્ર (૧૪૩૪) ઉપરાંત બીજા બેત્રણ, અને વિક્રમકથાના ભાગ તરીકે પણ શુભશીલ (૧૪૪૩) વગેરેના રચેલા મળે છે. ગુજરાતીમા ૧૫૦૦ની, ૧૫૦૬ની (નરપતિ), ૧૬માના ઉત્તરાર્ધની (રાજધર), ૧૬૬૬ (?)ની (માનવિજય), ૧૬૭૨ની (લક્ષ્મીવલ્લભ), ૧૭ મીના ઉત્તરાર્ધની (લબ્ધિરુચિ) કૃતિઓ તથા પ્રાચીન બ્રજ, મારવાડી વગેરેની રચનાઓ પણ મળે છે. માધવાનલની પરંપરા પણ ત્રણેક સંસ્કૃત રચનાઓ અને ત્રણચાર પ્રાચીન હિંદી ગુજરાતી રચનાઓમા મળે છે. સિં. બ. મા તે ૨૬ મી વાર્તારૂપે છે.

ગુણચંદ્રકૃત મહાવીરચરિત્રમા આડકથારૂપે મળતી એક વાત પાછળથી ચંદનમલયાગરીની કથા તરીકે પ્રચલિત થયેલી છે. તેના અનેક જૈન-જૈનેતર રૂપાતરો મળે છે. મદનપચ્ચીશીની આઠમી વાર્તા તરીકે શામળે તેનો ઉપયોગ કર્યો છે. સાથે તેમા ઓરમાન માતાના કપટથી પરદેશ નીકળેલા બે રાજપુત્રોની વીતકકથા સમાવી લીધી છે. અસાઇતની હંસાવળીથી આરંભીને કાઠિયાવાડની જયસિંહવિજયસિંહની લોકકથા સુધીમા તે અનેક રૂપે ગુજરાતીમાં મળે છે.

સિં. બ. ની ૨૩ મી ભદ્રાભામિનીની વાર્તાનો અમુક અંશ જૈન પરંપરાની શીલવતીની (જુઓ નેમવિજયકૃત શીલવતીનો રાસ, ૧૬૯૪) અને તેથી પણ પ્રાચીન મૃગાંકલેખા ને અંજનાસુંદરીની વાર્તાની અમુક ઘટનાને મળતો આવે છે.

૨૭ મી લક્ષબુદ્ધિની વાતમાં વણિકપુત્રોનાં નામ અને લક્ષણ પંચતંત્રના શતબુદ્ધિ, સહસ્રબુદ્ધિ વગેરેની યાદ આપે છે. તો વણિકપુત્રોની કસોટી કરવા કહેવી આડકથા પ્રાચીન સમયથી જાણીતી છે. વળી બારમી શતાબ્દીમાં રચાયેલા પ્રાકૃત કાવ્ય સુપાસનાહચરિત્રમાં આપેલી દેસલની કથામાં ઢેફું, હાડકું, ઘાસ વગેરે દ્વારા કરવાની ધનવહેંચણીની વાત છે.

શામળની સિંહાસનબત્રીશીની નવતર સામગ્રી માટે ઉપર ગણાવી તે ઉપરાંત વિક્રમચરિત આપતી અન્ય રચનાઓ પણ જોવી આવશ્યક છે. ઉદાહરણ તરીકે શુભશીલગણીકૃત 'વિક્રમચરિત્ર' જોતાં જણાશે કે તેમાંની પાંચ ૭ કથાઓ શામળમાં મળે છે. શામળના પંચદંડની કથાઓમાંથી છેલ્લા પ્રતાપદંડની પ્રાપ્તિની કથા શુભશીલમાં સ્વતંત્રપણે સ્ત્રીચરિત્ર-વિષયક રત્નમંજરીની કથા તરીકે આપેલી છે—શુભશીલના પંચદંડમાં પાંચમા દંડની પ્રાપ્તિ પણ વિક્રમના બટુકવેશે પાતાલગમનવાળા પ્રસંગે જ થઈ જાય છે. 'છઠ્ઠીના લેખ' (શામળ ૨, પૂર્વાંશ), 'પરકાયાપ્રવેશ' (શામળ ૭), અને 'ચાર ચોર' (શામળ ૧૧) વાળી કથાઓ પણ વિક્રમચરિત વર્ણવતા શુભશીલે આપી છે. અબોલારાણી (શામળ ૬)ની કથા શુભશીલે પહેલા 'ચામરહારિણી'ની કથા તરીકે આપી છે. આરંભ શામળથી જુદો છે, પણ બંનેમાં ત્રણ આડકથાઓ ('ચાર ઘડવૈયાને એક સુંદરી,' 'માથાની અદલાબદલી,' 'ત્રણ વર ને એક કન્યા') સમાન છે, જ્યારે શામળની ચોથી આડકથા ('આંધળો અને પાંગળો')ને બદલે શુભશીલમાં શામળની મડાપચ્ચીશીની ત્રીજી—'સેવકનું સ્વાર્પણ' કે 'વીરવર'—વાત છે.

વિક્રમચરિત્રની (શામળ ૧૨) વાત શુભશીલે, તેમ જ સ્વતંત્ર કથા તરીકે ઉદયભાનુ ('વિક્રમચરિત્રરાસ,' ૧૫૦૯) વગેરે અનેકે આપી છે. કથાનાં સ્પષ્ટ રીતે બે ઘટક છે. વિક્રમચરિત્રની ઉત્પત્તિ અને વિક્રમચરિત્રનાં પરાક્રમ. ઉત્પત્તિકથાનો સંબંધ મૂળે સ્વતંત્ર વિક્રમલીલાવતીની કથાપરંપરા સાથે છે. જૈન રચનાઓમાં એ કથા વિવિધ રૂપાંતરે મળે છે. સાધુકીર્તિના 'વિક્રમચરિત્રકુમાર રાસ' (૧૪૪૩) માં વિક્રમ-હંસાવતીની પરંપરા છે, તો ઉદયભાનુમાં

વિક્રમલીલાવતીની (આ ચૌદમી શતાબ્દીની અસાઈતકૃત હંસાવલીના આદ્ય ખંડ સાથે ઘણું નિકટનું સામ્ય ધરાવે છે.), જ્યારે શુભશીલગણિએ આપેલું કથાનક વિસ્તારિત અને આધારમાં જુદું પડે છે. શામળમાં વિક્રમચરિત્રની ઉત્પત્તિ વિશેના આ કથાનકને બદલે સાવ જુદી જ—મૂળે લોકકથામાંથી આવેલી—વાત મળે છે. તેની અને જૈન પરંપરાની વચ્ચે કશું સમાન નથી.

બીજા ખંડમાં વિક્રમચરિત્રનાં પરાક્રમો છે. એ ખંડની કેટલીક ઘટનાઓ શુભશીલ, ઉદયભાનુ ને શામળ વચ્ચે સમાન છે, તો કેટલીક ત્રણેમાં ભિન્ન છે.* વિક્રમચરિત્રના મૂળ કથાનકમાં મૂળદેવ ને શશીની (કેટલીક મૂળ પ્રાકૃત 'ધૂર્તાખ્યાન' સુધી જતી) ધૂર્તકથાઓની ભેળસેળ થઈ ગઈ છે, એ આનું એક કારણ છે.

આ ઉપરાંત કથાસાહિત્યના બહોળા પ્રવાહમાંથી ઇતર કથાઓ કે કથાગુચ્છોનો પણ શામળે લાભ ઉઠાવ્યો છે એ હકીકત શામળની કેટલીક કથાઓના અન્યત્ર મળતાં સંવાદી રૂપાંતરો ઉપરથી સમજી શકાય છે. ઉ. ત. પહેલી જ કથાના મુખ્ય પ્રસંગ ('મધરાતની અદ્ભુત રચના')ને મળતી ઘટના ભોજકૃત શૃંગારમંજરી કથાની એક આડકથામાં છે. તો અગિયારમી કથાની આડકથા ('સૌથી ઉદાર કોણ?') હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' (આઠમી શતાબ્દી)માં ગુરુવિનયના પહેલા દૃષ્ટાંતને મળતી છે.

શામળે લોકપ્રચલિત ટુચકાઓ ને કથાઓમાંથી પણ મનફાવતી સામગ્રી ઊંચકી છે સિં. બ. ના પોપટ-પોપટી ઉપર્યુક્ત 'સુપાસનાહચરિય'ની ધનદકથામાં પણ દેખાય છે, એ તેમના સમાન લોકકથામૂળને આભારી હોય. તે જ પ્રમાણે ૨૯ મી સ્ત્રીચરિત્રની વાર્તાની કેંદ્રીય ઘટનાઓ સિંધની લોકકથા 'બીરસિંહ અને સુદરબાઈ'માં મળે છે,

પણ શામળની સિં. બ. માંની નવતર સામગ્રીનાં મૂળસ્રોતોની વ્યવસ્થિત અને વીગતી તપાસ એ તો એક સ્વતંત્ર અને વિસ્તૃત અધ્યયન માગી લે તેવો વિષય છે. આ આમતેમ કરેલા થોડાક અંગુલિનિર્દેશ સિવાય તેને માટે અહીં વિશેષ અવકાશ નથી. પણ એવા અધ્યયનમાં ઉપયોગી થાય એ દૃષ્ટિએ સિંહાસનબત્રીશીની વાર્તાઓના અલગ પાડી શકાય તેવા બધા મણકાઓની—'કથામુક્તકો'ની—એક યાદી નીચે પ્રમાણે તૈયાર કરી શકાય.

*વિક્રમચરિત્રવિષયક સાહિત્ય અંગે કેટલીક માહીતી રણજિત પટેલ, ઉદયભાનુકૃત વિક્રમચરિત્રરાસ, ૧૯૫૭, ઉપોદ્ઘાત, પૃ ૪-૬ માંથી મળી શકશે

સિંહાસનબત્રીશીનાં કથામુક્તકો

આમ શામળની બત્રીશ વાર્તાઓમાં એક સો વીશ જેટલી અન્ય પ્રચલિત નાની મોટી કથાનકોનો સમાવેશ થયેલો છે

૪. સંપાદિત વાર્તાઓ

સંપાદિત પાંચ વાર્તાઓમાંથી 'વહાણની વારતા'ને બદલે કોઈ કોઈ પ્રતોમાં 'રણથ ભગડની વાર્તા' સિંહાસનબત્રીશીની ૧૮ મી વાર્તા તરીકે આપેલી છે પણ પ્રસ્તુત સંપાદનમાં ગ્રંથપાઠ પૂરતી બધી મહત્ત્વની બાબતો માટે ફા ૧૧૯ ક ને પ્રમાણભૂત ગણી હોવાથી તેને અનુસરીને 'વહાણની વારતા' જ ૧૮ મી તરીકે આપી છે

સંપાદિત વાર્તાઓની કે તેમની ઘટક કથાઓ કે પ્રસંગોની સમાન્તર સામગ્રી પૂર્વસાહિત્યમાંથી તારવવી એ એક રસિક અભ્યાસવિષય છે સમયાભાવે વ્યવસ્થિત તપાસ જતી કરવી પડે છે પણ તો યે થોડાંક ચ સૂચનો કર્યા વિના નહીં ચાલે

પૂર્વકથાઓનો એક વિભાગ ધુતારાનગરી કે ઠગપુરની વાર્તાઓનો બનેલો છે વહાણની વાર્તા એ પ્રકારની છે તેનું માળખું 'રત્નચૂડરાસ' વાળી રત્નચૂડકથાને મળતું છે જુદા સંદર્ભમાં છાણમાં રત્ન સંતાડવાની યુક્તિ શુભશીલે આપેલી મતિસાગરમંત્રીની કથામાં છે વૈતાલપચવિશતિના પ્રાપ્ત ભિન્ન પ્રસંગમાં પણ સિદ્ધ ફળમાં સંતાડીને રાજાને રત્નો મોકલ્યા કરે છે. ઠગારી ગણિકા તો અનેક કથાઓમાં (સિં બ મા પંચદંડના ત્રીજા દંડની વાતમાં, ભદ્રાભામિનીના કે શીલવતીમાં, ચંદનમલયાગિરિમાં, નમદાસુંદરીમાં, પુણ્યવંત જાતકમાં) દેખા દે છે રજપૂતાણીવાળી સ્ત્રીચરિત્રની વાત પંચતંત્રમાં (દેવશર્મા અને અષાઢભૂતિ, ૧–૪) અને બોકેસિઓના 'ડેકેમેરોન'માં પણ છે ભાભારામની વાર્તા શામળની મૌલિક કૃતિ છે પોતાના આશ્રયદાતા રખીદાસ પટેલનું ઋણ શામળે આ વાર્તામાં કણબીકોમની પ્રતિષ્ઠા અને ગુણગાન કરીને ફેડયુ છે તેમાં તે કોમની ઉત્પત્તિઅંગેની તેમ જ અન્ય દંતકથાઓનો તણે ઉપયોગ કર્યો છે નરકનું તથા પાપપુણ્યના ફળનું વર્ણન અને નારીમહિમા–એ સામગ્રી પુરાણોમાંથી લીધેલી છે, જ્યારે ભાભારામ એક ઐતિહાસિક વ્યક્તિ હતા "ભાભારામ 'મતીયા' અથવા 'પીરાણા' પંથમાં ભળ્યા હતા" એ 'પીરાણા, સતપંથ'ના મૂળ સ્થાપક સૈયદ ઇમામુદ્દીન કે ઇમામશાહ ઇ સ ૧૪૫૨ માં ઈરાનથી હિંદ આવી ગુજરાતના પીરાણા ગામમાં વસ્યા હતા. કહે છે કે સુલતાન મહમ્મુદ બેગડાના આશ્રયથી હિંદુઓને વટલાવવા તેમણે એ પંથ સ્થાપેલો 'એ પંથે કુલાણા, ગણબી, બાગ્વા, કોળી વગેરે જેવી કોમમાં સારી જડ

નાખી.' ઈ. સ. ૧૪૬૮ માં પીરાણાની દરગાહનો પાયો નખાયો. સૈયદ ઈમામુદ્દીનની દરગાહ ગીરમથામાં છે.

ભાભારામ આ ઈમામશાહના ગાદીવાન, પેટલાદના રહીશ પાટીદાર હતા. તેમને પંથનો ફેલાવો કરવા ચરોતર જિલ્લામાં મોકલવામાં આવ્યા. તેમણે પેટલાદ પરગણાના નડિયાદ તાલુકામાં દેવા ગામે પોતાની ગાદી સ્થાપી અને ત્યાં જ તેમનું મૃત્યુ થયું. 'આ ભાભારામના માનમાં છેક આજ દિન સુધી પણ દરસાલ ભાદરવા સુદ પાંચમે મોટો મેળો દેવા વાડામાં ભરાય છે.'

ભાભારામના સંપ્રદાયનું માહાત્મ્ય ખેડા જિલ્લામાં આવેલા માતર તાલુકાના સિંહુજ ગામમાં પહોંચ્યા વગર રહે નહીં. શામળે પોતાના હેતુ માટે ભાભારામના મહિમાને ઉપયોગમાં લીધો.*

વેતાળ ભાટની વાતનાં મૂળ સિંહા. દ્વાત્રિં. માં છે ખરાં (૨૯મી—'ભાટની દાનસ્તુતિ'), પણ શામળમાં મળતા રૂપે તે પહેલવહેલી દેઈદાસની સિંહાસન–બત્રીશીની ચોથી વાર્તા—'કળાકુશળ ભાટ'—માં મળે છે. 'માછીની પૂજા' વાળી વાત કોઈ લોકપ્રચલિત ટૂચકો લાગે છે.

'પાનની વાર્તા'માંની બે આડકથાઓ ('ઋષિપુત્રો અને અપ્સરા', 'દશરથનું શ્રાદ્ધ') પૌરાણિક સાહિત્યમાંથી લીધેલી હોવાનો વહેમ જાય છે. ચમત્કારિક પાનને લઈને મળતો પ્રસંગ શુભશીલની કૃતિમાં એક સ્થળે છે.

કામધેનુની વાતમાં વિક્રમની ગોભક્તિની પરીક્ષા કાલિદાસે ગાયેલી દિલીપની ગોભક્તિની કસોટીની યાદ આપે છે. પોતા સહિત રાણી ને પુત્રનું બલિદાન અમુક અંશે વીરવરવાળી વાત (મડાપચ્ચીશી ૩, હિતોપદેશ ૩–૮, કથાસરિત્સાગરની અલંકારવતી ને મદનમંચુકા લંબકની અમુક ઘટનાઓ, જગદેવ પરમારની વાર્તા વ.) વાતનું સ્મરણ કરાવે છે ને પોતાના હાથે કરવાના પુત્રવધની સમાન્તરતા ચેલૈયા આખ્યાનમાં મળે છે.

પણ આવી તપાસ વ્યવસ્થિત રીતે હાથ ધરાય તો જ તે પૂરતી ઉપયોગી નીવડે. આપણા પ્રાચીન કથાસાહિત્યના કથાઘટકોની અને કથાપ્રકારોની એક વ્યવસ્થિત યાદી તૈયાર કરવી એ આપણા કથાસાહિત્યસંશોધનની એક તાત્કાલિક જરૂરિયાત છે.

---

*ભાભારામ સંબંધી ઉપર્યુક્ત માહિતીનો આધાર મંજુલાલ મજમુદારનો 'ભાભારામની વાર્તા' ('કવિ શામળ' ૧૯૪૦, પૃ. ૧૪૦–૧૪૩) એ લેખ છે. શ્રી મજમુદારે પટેલ નારાયણજી રામજીભાઈ કૃત 'પીરાણા સતપંથની પોલ' (૧૯૨૬) માંથી એ લીધી છે.

વહાંણની વારતા

કવિ શામળ ભટ કૃત સિંહાસનબત્રીશીની ૧૮ મી વાર્તા
(કહેનાર પૂતળી ઇંદુમતી)

ચોપઈ

શ્રીગણાધીપત્ય તુઝ-નેં નમુ   શુભ કારજ આપે જે સમુ
વરદાયક લાયક ગુણનીધ્ય   સદા સરવદા આપેં સીધ્ય   ૧
શંકર-સૂત પારવતી-પુત્ર   શોભા-ચીંતામણી ઘરસુત્ર
લખ-લાભ તન, સુધ-બુધ સુભ નાર   રીધ્ય-વીધ્ય તે આપેં પરીવાર   ૨
સ્વામિ-કારતક જોયણ જાત્ર   ખેમ-કલ્યાણ જેહ-ના જામાત્ર
ઉજ્વ(?)મુખેં એકજ દંત   નીરમલ-ગુણ જે અધીક અનંત   ૩

છપય

એકદંત અનંત વકત્ર, તુંડ સુઢ સરુપેં
કરુણાનિધ્ય કલ્યાણ, ભક્તવત્સલ ભડભૂપેં
સુગ્-સનકાદિ દેવ, દેવદેવાધિદેવા
પ્રથમ જે પુજાય, સરવ કરેં સુભ શેવા
ઇદુ ભાલ, ઉપવીન અહી, સેંદુર અંગ સોભે ઘણું
જયજયકાર જગત ઘણુ, (કરુ) વખાણ ગુંણપત્ય-તણું   ૪
વેણા-પુસ્તક-પાણ્ય, જાંણેં જગ પણ દાતા
હંસવાહની હેજ, તેજ વર દેય વીખ્યાતા

નહાણુની વાર્તા

અનેક કોટિ બ્રમાંડ, રચ્યા જુગત્યેં જેણેં
આદ્ય-થકિ જે આદ્ય, ત્રીપુર વંદીત તેણેં
કૈક કોટિધાત કવી-કાર, દાતા તું દૈયણુ-મતિ
પ્રીછયા ચાહો પુરાણુ, સાંમલ કહેં સેવો સરસ્વતિ ૫
તપ્ત કાચન વર વરણુ, શરણુ-સરણાગત લાયક
દખ્યણુ કર-મા ફરશી, સીધ્ય સેવક સુખદાયક
અખીલ પુરે જે ય મન, નૃપતિ કરે જે હેજે
ત્રીગુંણુ-રુપ ત્રીદેવ, ત્રીલોક તપે જે-તેજે
વિશ્વપાલક વિશ્વભરી, કરુણારુપ કરો કુરાણુ
સામલ સાચી સેવો સહુ, આદ્ય દેવી અનપુરાંણુ ૬
વીરભદ્ર માહાવીર, ધીર ધનુરધર ધારિ
રાજેસ્વર માહારાજ, ગજ બટુક બલહારિ
વિકટ કામ-મા ધાય, ચાહે મન-મે સો હી અપે
વીદ્યા વિવેક વિલાશ, વાસ થીર થાવર થપે
મનવંછીત-ફલ દેયણો, ચતુર્વિધા મન મહામતિ
સાહાય ક્વી સામલ-તણો, બટુકનાથ ભૈરવજતી ૭

ક્વી તેહચો કવી કોડ, જોડી દો પાણ્ય જ પ્રીતે
ખાન પાન સનમાન, મંતોખ્યો રાજ્ય રીતે
'સિંહાસનબત્રીસ, કથા નતર પે હેલી
કોડેં સાભંયો કાવ્ય, અધીક થઈ અમૃત-અહેલી
પનર ન્હી અણુસાભંયે તે, મંસકત મન ધીરજ ધરો'
મોહનજી-સુત રખીદાસ કહે, 'પ્રાકૃતમા એ પુરાણી કરો' ૮

ચોપઈ

સામલે વચન ચઢાવ્યુ સીસ   આરાધે ઉમયાપતિ ઈશ
વિઘ્નેશ્વર મોટો માહાદેવ   અમ્યક્ પ્રકારે કીધી સેવ ૯

સંસકૃત-માંથી જોઈ જથા   પ્રાકૃત પુરાંણ કવીઇ કહી કથા
બ્રાંમણ ભાટ કવિજન કોડ   ચરણ ચીત, ન દેશો ખોડ ૧૦
ભગણ તગણ ભેદ અનેક   લઘુ-દીરઘ-ની વાંણ્ય-વીવેક
પીગલ-પાઠ પુરાણેં પ્રૌઢ   ઘણા ભેદ અલેખ છેં ગુઢ ૧૧
તેહુ-નો હું નવિ જાણું મરમ   તુમ કીપા-થી રહેં મુઝ ધરમ
કરતા તો સાચી સરસ્વતી   મયા કરી આપેં જે મતિ ૧૨
વાયુ-નેં વસ તરણ જ હોય   કવિ-ની ગત્ય ન જાંણેં કોય
ગંગા-લહેર ચાલેં છેં ઘણી   તેહવી ગત્ય છેં કવિયણ તણી ૧૩
જેહવી સારદા કરુણા કરેં   તેહવી તે મત્ય હઇડેં ધરેં ૧૪

દુહા

સીવ-વાસ સદા જિહાં   ધારનગર ધર્મ-ધીર
ભોજરાજા ભરતખંડ-માં   વારુ વડહથ વીર ૧૫
કરણ-સમોવડ કલ્પતરુ   સાસ્ત્ર-સમરિથ્ય સુજાંણ
અકલ-તણો અરણવ ભર્યો   પંડીત-પીહર પ્રમાંણ ૧૬
દાનેં માનેં ડાહાપણેં   સુભ વાતેં સમરથ
અવતારિક એ અંસપત્ય   વડેં કાંમેં વડહથ ૧૭
ચીત ચરચા ચતુરભુજ-તણી   નારાયણ-સ્યું નેહ
ભલી ભક્ત બ્રામણ-તણી   દીવ્ય દેવાંસી દેહ ૧૮
ખટ શાસ્ત્ર ખોલેં ખરાં   પંડીત-સાથેં પ્રીત
ધર્મશાસ્ત્ર ધીરજ્ય ધરેં   રામરાજા-ની રીત ૧૯
કુડ કરેં નહી કલ્પના   દોશ-થકી રહેં દુર
જુઠી વાત જોડેં નહી   સાસ્ત્ર-સાખ્ય-માં સુર ૨૦

સીહુલ એક ને મુંજ બે   માં-ના જાયા ભ્રાત
સીહુલ તો મૃતેં મુયો   કુંવર ભોજ વરસ સાત ૨૧
ચ્યાર પુત્ર શ્રી-મુંજ-નેં   રમેં એકઠા પાંચ
મુંજ-સુત મુરખ રહ્યા   ભોજ સત્યવાદિ સાંચ ૨૨

મુંજેં મન વીચ્યારિયું 'માહારા-થી ન રહે ગન્ત્ય
કદાચ નામ રહેં માહરં જો કરં ભોજ-નેં તાન્ત્ય' ૨
મહિપત્યેં મારા મોકલ્યા બલેં આટયો બાહ
ચતુર ચેત્યો તે ચિત-મા લખ્યો શ્લોક એક ત્યાહ ૨
શુઓગ-ફેગ દુધ-ના અખ્યર લખીયા આક
'મારી નંખાવેં મુઝ-નેં કેહો વેગ, મ્યો વાક' ૨
મન માન્યુ તે મુજ-નું કબુધ્ય કીધી તાન્ત્ય
ગીઝો મન ગજા ઘણું ભોજ-ને સ્યુપ્યુ ગન્ત્ય ૨

ચોપઈ

ખરી વાત-તણો જે ખોજ ભરતખંડ ભુપત્ય ભડ ભોજ
સઘલી વર્ણ અઢારે સુખી તેહ-માહેં નહી કો દુખી ૨

મોબત સોનાર ને વીપ્ર જ હ(ખ?)રી તેણે બુધ્ય વિદેશે કરી
રાય વિદેશે જાત્યો યત્ન રૂખી કમાયો ચ્યાર જ રત્ન ૨
વીપ્ર વીદેસે રાજા-ઘેર રહ્યો સ્વદેશે સોની તતપર થયો
રત્ન અમુલ્યક હુતા હાથ સુપ્યા વીપ્રે સોની નેં સાથ ૨
તસકર-જાત્ય તેણેં બુધ્ય કરી લોભે લક્ષણ લાલચ ફરી
તે બ્રાહ્મણ-ની બ્રામણી દુખે દેહ દિસે દામણી ૩
પ્રથમ સોની તે ઘેરે ગયો કહી સંદેસો સાચો થયો
ચ્યાર હુન સાખ્યેં કરી દીધ ગયો ઘેર જરીને સીધ્ય ૩
તે કોય ન પ્રીછે પેર વીપ્ર થોડેક દિવસે આવ્યો વેર
ચરચા જોઇ મંદિર-તણી દીઠી અણાથ ઘર-માહે ધણી ૩
પૂછી પ્રેમદા પ્રીત્યે પેર રત્ન અમુલક નાખ્યા ઘેર
સોની સાચો થયો તાહરે રાજ-સભાઇ આવ્યા જાહરે ૩૩
બ્રામણ-ને જાણ્યો પાખંડ ગામ-બાહરે કાઢો કરી દંડ
ગામ-લાગોલેં ગોપ જ ઘણા ચલવનાર તે ચોપાન્તણા ૩૪

તે-માં એક તે નરપત્ય થાયેં પૂછેં સહું બીજી પરજાય
ખરી ખબર જાંણી જાહરેં સોની સહીત તેડ્યો તાહરેં ૩૫
મૃતીકા-કેરાં રત્ન જ ઘડ્યાં લાંચી, સોની ઝુઠા પડ્યાં
બાર સુતારા-નો વેહેંવાર રત્ન અમુલ્યક આપ્યાં ચ્યાર ૩૬
તે વિપ્રેં દિધી આસીસ 'જીવે ગોપ તું કોડિ વરીસ'
પાંમ્યો રત્ન ને પોતો ઘેંર પ્રીછા ભોજરાજા પોતે પેંર ૩૭
ન્યાય ચુકવ્યો તેહ-નું જે નાંમ અમુલ્યક દેંબો તેણેં ઠાંમ
ખોદિ ભુમી ભુપત્ય-ભાવીયું સુભ સિંહાસન તિહાં આવીયુ ૩૮
ચતુર હસ્ત-તણો વીસ્તાર જડીત્ર પુતલી વીસ નેં બાર
સુભ કંચન વિશ્વકર્માઇ ઘડ્યું હીરા રત્ન અમુલ્યક જડ્યું ૩૯
પંચ પીરોજી ઝલકેં પત્ર ફરેં પંચદંડનુ છત્ર
જોવા-સરખી જુગતેં જાત્ર સોભા સ્વર્ગ-ની કોણ જ માત્ર ૪૦
જેહવી ચિંતામણી-જ્યોત ઉદ્યોતકાર અતી ઉદ્યોત
શોભા એહ-ની કોણ જ કલેં જાંણેં કારિમા દિપક બલેં ૪૧
પંચ પરથાર સોના સુતલી પદ્મની-સરખી છેં પુતલી
ઇંદ્ર-અપસરા આદ્યે અંશ કોહો-ને કર વીણા નેં વંશ ૪૨
કો-કર તાલ પખાજ મૃદંગ એ સોભા સિંહાસન-સંગ
હરખ્યો ભોજ હીમત મંન ધરી મંદીર લાવો મોહોટંમ કરી ૪૩

દુહા : છપય

ભુપત્ય ભલેરો ભોજ, ખોજ ખરોખરી વાતેં
ગૌ-બ્રામણ-પ્રતીપાલ, જુગ-જાંણીતલ જાંતેં
કૌતક સભા-માં કોડ, હોડ વચન થીર થાપેં
કહેં કથા કવી તેહ, સવા લાખ સહેંજે આપેં
અજર કર(રે?) જો આપતો, દુણો અપાવેં ડંડ-માં
'બમણ-ભોજ' તે-થી પડ્યું નાંમ ભલું નવ ખંડ-માં ૪૪
આણ્યાં ગંગોદક-નીર, સુધ સિંહાસન કીધું
મેલા વીપ્ર સુજાંણ, સુરત પુણ્યારક લીધુ

ગાંમ કરાવ્યુ ભોજ્ય, શોભા કીધી વર વાસ
દીયાં દાન બોહો લાખ, પંડીત સહુ પ્રીત્યેં પાસ
પ્રદક્ષણા પ્રીતેં કરી, આસન બેસેં જાહરેં,
કહેં સામલ, કૌતિક થયુ, કહુ મંખેપેં તાહરેં ૪૫

દુહા

મહરાજા-રાજ ભડ ભુપતિ, ભોજસાહ સુજાંણ
આસન બેસેં અધિપતિ પુરણ પ્રીત પરમાંણ ૪૬
ઇદુમતી એક પુતલી બત્રીસ-લક્ષણ જેહ
બોલી વચન વીવેક-ગ્યુ 'સુણ્ય, રાયજી' તેહ ૪૭
'રખે બેંસો તમે, રાયજી આસન બેંસો આજ
પ્રીછા-વિણ જો પગ ધરો તો વણમેં તુજ કાજ' ૪૮
સાભલ્યુ કૌતિક કારગ્યુ અચરિજ પામ્યા સર્વ
પગ ખેંચી રાજા રહ્યો મેહલી મનનો ગર્વ ૪૯
'શા માટે તુ ના કહે' મહિપત્ય કહે છેં 'મુઝ
વનીતા વાત કહો તગ્યો જે હુ પુછુ તુઝ' ૫૦
ઇદુમતિ ઇમ ઉચરેં સાભંય બારે ભુપ
ઇદ્રરાય તે અધિપતિ રાજસ-રુપેં રુપ ૫૧
પુત્ર પરતાપીક પ્રગટ્યો ધર્મધન માહાધીર
સુભ સામદ-સીરોમણી વડહથ વીક્રમ વીર ૫૨
સહોદર પરનારિ-નો ગૌ-બ્રામણ-પ્રતિપાલ
અવિદ્યા એકેં નહી, ખરી વાતનો ખ્યાલ ૫૩
વસુધા વસ તેણેં કરી કોટિ કામ શુભ કીધ
પાલ્યા લાડ પરજા-તણા જસ લાખીણો લીધ , ૫૪
અણુરણી અવની કરી સાકો હામોહામ
પરજા-માહિ પડાવીયુ પર-દુખ-ભંજન નામ ૫૫
પંચડંડ પ્રથવી-ઉપરેં જીતો જોર જગત
આસન આપ્યુ ઇદ્રએ એક આણ્ય ફેરે છત્ર ૫૬

જુધિષ્ઠર-જેહવો જગપતિ રાજા સિંહાસન રુપ
જસ જિત્યો છેં તેહ-નો વિક્રમ ભારે ભુપ ૫૭
રાજ્ય કર્યું શ્રીરાંમવત અગીઆર સહસ્ર આ લોક
અંત્યેં સ્વર્ગે સંચર્યો શાંત પમાડિ શોક ૫૮
આસન ગયું અવનિ-વિષેં ન્યાવટ સાથેં નેહ
લાવા ભોજ તમો ભાવ-સ્યું આસન આધિપત્ય એહ ૫૯
તે-સરખો દાતા થશેં કરેં ઘણાં પર-કાંમ
તે સિંહાસન બેંસસેં પર-દુખ-ભંજન નાંમ ૬૦
રખે ગયજી પગ ધરો બેઠેં સુખ નહી થાય'
એહવું સાંભલી ઉચર્યો રુડો રંજીત રાય : ૬૧

'કીરત કાનેં સાંભલી સંખેપે સુભ રીત
વિસ્તારી તુમે કહો મુંનેં પુરણ પામું પ્રીત્ય ૬૨
કેહવો નીરમલ નરપતિ કેહવાં કિધા કામ
કેહવા શભા પંડિત મલ્યા કેહવું ગુંણવંત ગાંમ ૬૩
કેહવી ઇષ્ટ-ઉપાશના વીદ્યા કેહવી વિવેક
કેહવું જોર જસ જગત-માં આપ કેંહેંવાણો એક ૬૪
જીત્યો હોડય કિમ હુંસ-સ્યુ. જીત્યા કિમ સાહ સુર
અરી-કૂલ-દલ દહેવટ કર્યું, પુન્ય પરમારથ પુર ૬૫
તે કહો પ્રીતેં પુતલી હુંશેં જોડું હાથ'
ભોજરાય ઇમ બોલીયો સાંભલતેં સહુ સાથેં ૬૬
'તેહવાં પ્રાક્રમ હું કરું નીત્યે પુજું પાય
યથારથ કથા કહો' રીઝેં બોલ્યો રાય ૬૭

ચોપઈ

કહેં પુતલી : ભોજ, સુજાણ વીવધ પ્રકારેં સાભલ વાંણુ
શ્રુષ્ટી સકલ બ્રમાણી તણી પંચાસ કોટિ પ્રથવી છેં ઘણી ૬૮

તેહ-મા ઉજેણી અનુપ વીક્રમસેન-સરિખો છે ભુપ
માહારાજ રાજેશ્વર ઘણો મહોદર પરનારી-તણો ૬૯
નવતેરી નગરી વીસ્તાર વસે વાસ તિંહા વર્ણ અઢાર
પનર સહુસ્ર છે પ્રશ્નોતરી એક લક્ષ અગ્નીહોતરી ૭૦
બીજા અપર પાર અનેક વાડવ બીજા વિધીધ વીવેક
વસે વીવહારીયા અલખ અતી સહુસ્ર લખ તિહા કોડાપતિ ૭૧
છપન-ઉપર વાગે નાદ એહવા વીસ વેપાગી વાદ
ગી કહુ સોભા નગ્ર જ તણી ગજ રિધ્ય અતીસે ઘણી ૭૨
કરે રાજ્ય પોતે પરવાન મહિપત્ય દે મંગણ-ને માન
ઘડ-પાછલ ઘડીયાલા ઘોર દુખીયો આવી પાડે સોર ૭૩
રાજા મહોલે થી સાભલે મન મનાવ્યે સફલો પળે
એક સમે બેઠો છે રાય ભર-પુગ્ણ છે સર્વ સભાય ૭૪
નાટક ચેટક કઉતક હોય જૂઠી વાત ન બોલે કોય
નાચે અપછરા અપરપાર વાડવ વેદ કરે ઉચાર ૭૫
જોસી જોસ બોલે સુજાણ પંડીત બેઠા કેહે પુરાણ
ભાટ ભલેરા ગાઈ ગીત પરમારથ-ઉપર બહુ પ્રીત ૭૬
ચારણ ચતુરાઈ ચાલવે કવીત ભાન અલેખે આલવે
નાગડ નીતમ ગાન જ ગાય પૂરાણ જસ પ્રભાતે થાય ૭૭
અનેક વાજા વિવધ વાજત સંગીત-સ્વર ઘણા ગાજંત
સાધુ-કરે નજાને સંગ ઘર-ઘર શીવ-પુજનના લીંગ ૭૮
રાગ પંચમ પ્રભાતે થાય વૈશ્નવ જન હરી-કીરતન ગાય
ઈંદ્રપુરી થકી નહી ન્યૂન જિહા પરમારથ આઝા પુન્ય ૭૯

દુહા

વાટે જતો વટેમારગુ વણીક વેપારી-તંન
કામી કરવત કાન્હો સમ્યા-ઉપર સંન ૮૦
આવ્યો નગર ઉજેણીમા દીઠુ લીલ વિલાસ
અચીરીજ દિઠું અતીઘણું હરી ગયો તે પાસ ૮૧

વણિકપુત્રનુ વિક્રમસભામાં આગમન

પંથી એક-નેં પુછીયુ ‘ કુણ ગાંમ આ ઠાંમ
કોડ ધરી કહો મું-નેં નરપત્ય-નું સ્યું નાંમ ૮૨
ઘડીયાલ ઘડ બાધ્યાં ઘણાં કોંણ અર્થ-સ્યેં કાજ
ચરચા કહો આ દેશ-ની જે રામ-તણાં છે રાજ્ય ’ ૮૩
પંથી કહેં, ‘ પ્રીછેં નહી માલવ-મુખ્ય મન-ધીર
ગાંમ ઉજેણી અધીપતિ વડહથ વીક્રમ વીર ૮૪
દૂખીયો કો દીસે નહી નહી પરમાણું પાપ
અહર-નીશાઇ અધીપતી અરજ સુંણેં છેં આપ ૮૫
કો દુખીયો આવેં દેસ-માં તે કરેં ઘડીઆલે નાદ
રાજા તેડી રીઝ-થી સુંણતાં શ્રવણે સાદ ૮૬
મન મનાવે તેડ-નુ એહવું વરત વીવેક
સકલ શૃષ્ટ બ્રમા-તણી એહવો સરજયો એક ’ ૮૭

ચોપઈ

એમ કહીને પંથી જાય વણિક-પુત્ર હરખ્યો મન-માહેં
ઘડીયાલેં ઘા દીધા દસ-વીસ રુદયા-સાથેં આણીનેં રીસ ૮૮
સાચું કેં જુઠું જે હશે સંદેહ મન-નો નિશ્ચેં થશેં
વિક્રમસેન્ય મોટો માહારાજ બેંઠો ભુપ ભોજન-નેં કાજ ૮૯
એટલેં શ્રવણે સુરતા થઇ ભોજન-ની વાત હતી તે રહી
પાઠવ્યા સેવક પંથી-પાસ વણીક-પુત્ર-ને તેડ્યો વાસ ૯૦
કોડ પસાઇ કરુણા કરી હેત ઘણેરુ મન-મા ધરી
‘કિહાં થી આવ્યા, સ્યુ તુમ નામ સ્યુ ધારો છો કરવું કામ ૯૧
છેં સંપત્ય, સુખીઆ કેં દુખી મન મુંકી કહો તે મુખી
પ્રતીઉતર તેડ-નો દીજીઇ પછેં ભોજન ભાવેં કીજીઇ ’ ૯૨
એહવો પુછ્યો પ્રશ્ન વીચ્યાર એટલેં ચાલી આંસુ-ની ધાર
ગદગદ કંઠેં દુખીયો થયો બીહીતે બીહીતેં બોલ જ કહ્યો ૯૩
‘ મોટાં છો મહિપત્ય માહારાજ કરીઇ ભોજન-કેરાં કાજ
પછેં વાત સુંણો અમ-તણી કરમ-કથા અધ્યકી છેં ઘણી ૯૪

કરી ભોજન આવો એકાંત્ય | તાર પછી ભણું મન-ભ્રાંત'
રાજા કહે', 'એ જુઠી વાંણ્ય | નીર ન લેવું ની'ચે' જાંણ્ય ૯૫
ટાલું દુખ, મનાવું મ'ન | તાર પછી તો જમસ્યું અ'ન'
દુખીયો કહે', 'સાંભલ્ય, માહારાજ | એ વાતે' તો મુઝ-ને' લાજ ૯૬
સત્યવાદિ-દેહ-ને' કિમ દમું, | તમ સાનિધે' ભોજ'ન હુ જમું
-તાર પછી ભાગીસ્યું ભેદ | ભાગી સકો તો ભાગજ્યો વેદ' ૯૭
હરખ્યો મહીપત્ય પોતે' મ'ન | પ'થી-સાથે' કર્યું' ભોજ'ન
લવ'ગ એલચી ફોફલ પાંન | કરી મુખવાસ બેઠો દેઇ માંન ૯૮
'કહે', ભાઈ, તાહરે' જે હોઇ દુખ | ઇશ્વર ભાગસ્યે' તાહરી ભુખ'
પ'થી બોલ્યો નાંમી સીસઃ | કહે'તાં રાય ન કરસ્યો રીસ ૯૯

ચ'દનાવતી નગરી અનુમાંન | નગરસેઠ નીમ'લસા નાંમ
કોટીધ્વજ વસે' તે ગાંમ | અભયચ'દ્ર છે' મુઝ નાંમ ૧૦૦
નગરસેઠીયો અમારો બાપ | હું ભરજોવન આપોઆપ
એક' સમે' છે' ઉલટ-ભેર | નાગડ ભાટ આવ્યા છે' ઘે'ર ૧૦૧
મલ્યા સેઠીને' દીધાં માંન | દીધાં ભોજન આપ્યાં બહુ પાંન
તે પરતે બોલ્યો મુજ તાત | પૂછી વીવેકે' એક વાત ૧૦૨
'દેશ-દેશ ફરો છો તમ્યો | તે માટે' પુછું છું અમ્યો
મહારા તન-ને' એહવી હોઇ જોડ | જે-માં નહી ખાંપણુ ને' ખોડ ૧૦૩
અધીક રુપ અતીસે' ધ'ન | જે જોતાં પરસન થાઇ મ'ન
લક્ષણ-આગલી ગુણવ'ત ઘણી | એહવી કન્યા તનયા કુણ-તણી ૧૦૪
નાત્ય જાત્ય રુડું ઘરસુત્ર | કોહો ભાલ, તીહાં પરણાવું પુત્ર ૧૦૫

દુહા

નાગડ કહે', 'નિમ'લ, સુંણો, | દીવ્ય દમલપુર ગાંમ
દેવીસ'ગ રાજા વડો, | આણ્ય ફરે' તે ઠાંમ ૧૦૬
ભાનુસેઠ ભાવીક ભલો, | ભાનુમતી નીજ નાર
દુહીતા નાંમે' દીકરી, | અરણુવ પેલે' પાર ૧૦૭

બાલા વરસ જ બાર-ની, બત્રીસ-લક્ષણી બુધ્ય
આસન-ભેદ અધીક લહેં, સકલ કાંમ-માં સુધ્ય ૧૦૮
નાટક નવ રસ નીત્યેં ભણે, જોવન-કેરે જોર
ચતુરા ચાતુર દેશ-માં, ચીંતની તે ચીત-ચોર' ૧૦૯

ચોપઈ

કરી વખાંણ ગુંણવંત તે ગયા વાત-તણા મનોરથ થયા
'વખાંણ કરી નારિ જેહ-નેં પુત્ર પરણાવું હું તેહ-નેં' ૧૧૦
ઇમ કહ્યૂં પીતાઇં વૃત માસ-છમાસે પાંમ્યા મૃત
પોઢો ભાર અમારેં સીસ ઇમ કરતાં ગયા બહુ દીસ ૧૧૧

હું પ્રતીજ્ઞા મનમાં ધરું: આ ભવ તે વનીતા-નેં વરું
વણદીઠેં નારિ-સ્યુ નેહ ચાર વાર વીખાંણી દેહ ૧૧૨
વરસ એક ગયુ જાહરેં મંન વિચારું મેં તાહરે
માલ-ખજાંનો હુતો પાસ વોહોર્યો બુધ્ય કરી બરાસ ૧૧૩
કસ્તુરી વોહોરી કેહિ કોડ વાહાંણ ભરાવ્યાં જુગતેં જોડ
સર્વં માલ મંદિરથી લીધ પરદેશેં પરયાંણ જ કીધ ૧૧૪
ગરથ એકઠો કીધો ઘણો ટંકા કોડ પંચાણું-તણો
ચૌદ વાંહાંણ ચોખુટાં ધીર નાંખ્યાં અરણવ-કેરી તીર ૧૧૫
કાલા પાંણી-કેરો પાર પોતેં આપ ગયો તે ઠાર
છીપ્યાં વાંહાણ ઠેકાંણેં ઠાંમ પુછ્યું સસરા-કેરૂ નાંમ ૧૧૬
પુરણ પ્રીત તે-સાથેં કરી રહ્યો ઘેંર તેહ-નેં જઇ ઠરી
નાત્ય જાત્ય નેં ગાઠેં ગરથ તે-થી સરેં મન-વાંછીત અરથ ૧૧૭
પુરણ તે-સાથેં થઈ પ્રીત જેહવી રાજસ-ગુંણ-ની રીત્ય
તેં કન્યા તો દ્રષ્ટેં જોય રહ્યો સેઠ મનડા-માં મોહ્ય ૧૧૮
દીઠી ચતુરા ચતુર-સુજાંણ વાગ્યું વૃહ જોરાવર બાંણ
'કર્મેં જો પામું કન્યાય તો જનમ સફલ અમારો થાય' ૧૧૯

હેત દેખાડે તેહ-નેં ઘણું મન પલસે નાંહી કન્યા-તણું
આખા દેશ-માં ચાલી વાત કોટીધ્વજ-ની વારૂ ખ્યાત ૧૨૦

દુહા

કસ્તુરી તોલા-તણો બેં મત બેંસે દામ
આત વાંહાંણ ગોહવાં ભર્યાં કોટી લક્ષધા કાંમ ૧૨૧
ટંકાં ખરચે ત્રણ સત બેં તોલા બરાસ
સાત વાંહાંણ સંગે ભર્યાં મોટી સમરીધ પાસ ૧૨૨
નગરસેઠ મન-માં લહે 'જોયા સરખી જાત્ર
મન-વાંછીત થાઇ માહરે જો કરું જાત્ર' ૧૨૩
ઇછાવર કુંવરી વરે જે વર-સ્યું હોઇ વાહાલ
મનન બીજા સ્યું કરે સમરા-નો શો ચાલ ૧૨૪

ચોપઇ

ગુણિકા એક ડાહી છેં ઘણી તે મન-માંની કન્યા-તણી
જીમ એક નેં જુજુવી દેહ જેહવી પ્રીત દાદુર નેં મેહ ૧૨૫
એ બેહું-નુ છે એક સરીર જીમ મછ-સંઘાથે નીર
જેહવી રવી કમલની રિત્ય ગુંણીકા-સાથે એહવી પ્રીત્ય ૧૨૬
બત્રીસ-લક્ષણી જુગતે જડી જેહવી વીરંચીયે હાથે ઘડી
એક માસ રહ્યો તે દેશ પણ સ્રી-નું મન ન માન્યુ લેશ ૧૨૭
સેઠે હઇડું ગખ્યું હાથ કરી પ્રીત ગુંણકા-નેં સાથ
'એ કન્યા વશાવે મું-નેં તો મન-વાંછીત આપુ તુ-નેં' ૧૨૮
ગુંણીકાઇ જોયો લય-લીન જિમ જલ-નેં વશ હોયે મીન
'એહ-નેં કાંઇક ધીરજ્ય દેઉ ચૌદ વાંહાંણ ખુચીને લેઉ ૧૨૯
સાંમ દાંમ નેં ભેદેં કરુ એહ-નુ ધન હેતે-થી હરું'
એહવી હુંસ હઇડા-માં ધરી પ્રીત પુરુષ-સંઘાથેં કરી ૧૩૦
'જા સીઘ્ર તુ ઠેકાંણે ઠેર તુઝ-નેં પરણાવું રુડી પેંર'

એમ કરી દિલાસો દીધ　　પછે ઉપાય તો તે-નો કીધ
નારિ-પાસે ગુણકા ગઇ　　વાત પ્રીતે નારિ-ને કહી　　૧૩૧

દુહા

'વાંહાંણવટી વેહેવારીયો　　રહ્યો જે મંદિર-માંય
તેહ-નેં ઇછા અતીઘણી　　પરણ્યા-નુ મન થાય　　૧૩૨
મન માને જો માનની　　તો દિલાસો દેઉ
નહી તો ફંદ રચું અચ્યો　　વાંહાંણ ચતુરદશ લેઉ'　　૧૩૩
શામા કહે, 'સહીયર, સુંણો　　એ ચતુરાઈ આજ
પરીખ્યા જુયો પટંતરે　　કુડું કરીને કાજ　　૧૩૪
ચાતુરી વશે ચીત-માં　　તો પરણું રુડી પે'ર
નહીતર વાહણ લ્યો વાહિને　　તે જાસ્યે પાછો ઘે'ર'　　૧૩૫
ગુંણિકા કહે, 'તુ-ને મેલવું　　વાહાણવટી-નો પુત્ર
તમ-ને ગમે તો કરો　　સાચ દલાસો સુત્ર'　　૧૩૬
એકાંત્ય મેલ્યો અધીપતી　　નારી નરખ્યો તેહ
પરતાપિક દીઠો પુરુષ,　　દીવ્ય દેવાંસી દેહ　　૧૩૭

ચોપઈ

કહે ગુણીકા, 'સાંભલ્ય, રે સેઠ　　કહું વાત કરો તે નેટ
સઘલી વીદ્યા તમમાં હોય　　તે જુવતી જગતે-થી જોય　　૧૩૮
ઉણમણ એક તમ-માંહે નથી(?)　　સ્રીચરિત્ર-વીદ્યા તે નથી
તે વીદ્યા ભાવે-થી ભણો　　એ મોટો સંદેશો તમ-તણો　　૧૩૯
એહ ચરિત્ર જો તમ-માં હશે　　તો તે કાંમ તમારું થસ્યે
શીખો શાસ્ર પ્રીતે એ પે'ર　　પરણો પદમની રાખો ઘે'ર　　૧૪૦
તે વિદ્યા નાવે તમ-પાસ　　તો પરણવા-ની મુંકો આશ'
કાંમિનીઇ કહ્યૂં કર જોડ　　હા કહી સેઠે હાકી હોડ　　૧૪૧
'ભલી વાત વીદ્યા એ ભણું　　ગુંણ સઘલા હું લેખે ગણું
પ્રીતે વેલતો આવો આસ　　જીતું હોડ હાકીને હાસ'　　૧૪૨

સુંપ્યો માલ વાણોતર-નેં હાથ માગી શીખ સહોદર-સાથ
'રહેંજ્યો, જાલવજ્યો માંતગ દશ દીવસ જવું જાતગ' ૧૪૩

સુંમત બંધાણો તે નીસર્યો સુખ વેહેંવાર સર્વ વીસર્યો
ચિંતાતુર થયો મન-માહેં એક જ્યોજન સુધી તે જાય ૧૪૪
સુંદર સાહસ, કોમલ શરીર દુખ-ની વાત સ્યુ જાણેં વીર
કમલફુલ કરમાઈ જિમ કોમલ કુંયર કરમાયો તિમ ૧૪૫
સરોવર-પાલ ગુંણસાગર ગામ બેંઠો સેઠ ઠરી તે ઠામ
દુખ-રુપી અરણ્વ-મા પડ્યો એકેં ઉપાય તેહ-નેં નવિ જડ્યો ૧૪૬

દુહા

જલ ભરવા યુવતી તીહા આવી અચાનક એક
લક્ષણવંતી ગુંણ-આગલી વીનિતા ઘણો વીવેક ૧૪૭
પર-મનની પરીક્ષા કરે પરખેં પુરુષ પ્રમાણ
દુખીયો દીઠો તેણીઈ શામા સકલ-સુજાંણ ૧૪૮
ઉભી રહી, આદર દીયો કરી મરકલો મુખ
'સાચ કહેં સલક્ષણા સ્યું દેહે પ્રગટ છેં દુખ ૧૪૯
રુપેં દિશો છો રાજવી ધન-રેખા કુલ-કર્મ
ચતુર જાત્ય ચીંતા કરેં મુજ-આગલ કહો તે મર્મ ૧૫૦
નારી-કેરા નેહથી આવ્યો છેં એ આજ
સીવ-આશા માચુ કહો મનથી મુકી લાજ' ૧૫૧
પુરુપ કહે, 'સુણ, પ્રેમદા સાચા અક્ષર એહ
સ્રી-ચરિત્ર ભણવા તણુ નારી-સાથે નેહ ૧૫૨
ધન અનરગલ છે અતિ માલ-ખજાનો મોટ
સ્રીચરિત્ર સોધુ અચ્યો ખરી એક મુજ-મા ખોટ' ૧૫૩
સાન કરી શામા વલી પ્રીત ધરી બહુ પેંર
તેહ-પાછલ તે પરવર્યો ગયો ગુણવંતી-નેં ઘેર ૧૫૪
ઉતારો અન્ય થાનકે પ્રીતે રાખો પાસ

એટલેં એક કૌતુક થયું દુખ-ની જોડેં હાસ ૧૫૫
મોહોલેં મુંકી તે માનની વનીતા જોબંન-વેશ
ઘણે દિવસે તેહ-નો ઘરધણી તે વેલાં આવ્યો દેશ ૧૫૬
આગતસ્વાગત અધકી કરી નર નારી એકાંત
રીસ કરી શમા-પરે ભાગી મન-ની ભ્રાંત ૧૫૭
'હુ પરદેશેં પરવર્યો તેં કીધા કૌતક કોડ
તે નીત્યેં ખબર મુઝ-નેં આવતી ખરી તુઝ-માં ખોડ ૧૫૮
જાર-વીદ્યા જાંણેં ઘણુ પુરુષ-સ્યું પ્રીત પ્રમાંણુ
કોડ લોકે મુઝ-નેં કહ્યુ સામા, તુહ સુંજાણુ ૧૫૯
તે દુખેં આવ્યો અહી પુછવા કારણ મત
મુઝ-આગલ માનેં નહી તો માનજે તાહરુ મૃત ૧૬૦
માન્ય ખરું મુઝ-આગલેં કરતુત તાહરાં કીશ
નહી તો તાહરું છેદસ્યું કાલ્ય સવારે શીશ ૧૬૧

ચોપઈ

કામની, સાચું કહે તું આપ કરું વાક સર્વ તાહરો માફ
રાંમ-દુહાઈ ખાતેં ખાયું પાછો પ્રભાતેં પરદેશેં જાઉં ૧૬૨
મુઝ-આગલ ન માનેં નાર ઠીક પ્રભાતે મારું ઠાર
મુંકું જીવતી તુઝ-નેં આપ બ્રહ્મહત્યાદિક મુઝ-ને પાપ ૧૬૩
બે-માં સાચું જાંણેં જેહ તેહવુ બોલ્ય તારુણી તેહ
કહેંશો વનિતા સત્ય વચન તો તાહરું માહરુ જાંણશેં મંન ૧૬૪
જુઠી વાત કરસ્યો જે ફોક તો જાંણસ્યે નગરના લોક
ફજેત થાશો દુખીયા થસ્યો જોવન-વેશેં જીવેં-થી જસ્યો' ૧૬૫
કામિની કર જોડી કહેં કથી 'એ વાત તો મુઝ-મા નથી
ઇદ વાત-સાથેં શી રીત (?) પરમેશ્વર-સાથેં પ્રીત ૧૬૬
ધ્યાંન ઈશ્વર-નુ મન-માં ધરું કુડો સંગ કીમેં નવી કરું
તાહરેં માહરેં અધિકો નેહ દેખી ન શકે દોષી તેહ ૧૬૭

ગઢ કરવાનેં કાજેં ખરુ અવળું જો બોલેં બાજે
તમ્યે કિમ માનો રાધા થઇ આજ કરૈનાં મનમાં આણો લાજ ૧૬૮
' કહો તેવા સમ ખાઉં તમ-સાથ ઘાલુ હોટેં અગ્નિ-માં હાથ '
સ્ત્રી-ચરિત્ર પ્રથવી-માં જે થયાં કામીનીઇ કંથ-આગલ કહ્યા ૧૬૯
કોટી-કોટી પ્રતિજ્ઞા કરી તે ધણીઇં મનમા નવિ ધરી
' સાચું માનેં ઉવસ્યો તમ્યો સમ ખાધે નહી મુંકું અમ્યો ' ૧૭૦
બોલી કામ્યની તેણી રીસ ' તારેં હમણાં ભેદો શીસ
સાચી હ્રદયેં જો માહરી ટેવ તો ઉગારસ્યે મોટો માહાદેવ ' ૧૭૧
જો જુઠું હશેં મુઝ વ્રત તો ભેદો શીસ, હું પામું મ્રત '
કહી વાત સાચી સમ ચીત રજપુત-તણેં મન આવી રીસ ૧૭૨
અહીરણીયા-નેં અધિકો ક્રોધ ઉઠ્યો જોર કરીનેં જોધ
મંદિર-વચેં એક મોટો થંભ બાંધી રીસ કરી તેં રંભ ૧૭૩
પ્રહાર કોરડા-કેરા કરી ' સાચું બોલ, રે તું સુંદરી
મુંકું જીવતી એક જ ગત લેસ્યુ પ્રાંણ તાહારા પ્રભાત ' ૧૭૪

બાંધી વનીતા પોતેં વાસ મંચક ઢાલી પોઢ્યો પાસ
પોહોર એક. થયો જાહરેં ઉઠ્યો અહીરણ-કારણ તાહરેં ૧૭૫
બોલાવી કોધિં કામીની ' જીવતી મુંકું છુ જાંમની
સાચું બોલ્ય જો હોય સુજાંણ પ્રભાતેં તજવા પડસ્યે પ્રાણ ' ૧૭૬
નારી કહેં, ' જખ મારે તું સાચી સતવંતી છું હું
માહરો જસ મહીમા છેં ઘણો ઇશ્વર બેઠી સાચા-તણો ' ૧૭૭
સાચું નવી બોલી સુંદરી અભડીઇ ફરી નીદ્રા કરી
એટલેં એક તો કૌતુક થયું પરંતરેંથી પુન્યે લહુ ૧૭૮

દુહા

નારી એક જ નાપીણિ કુટ-તણી કરનાર
બોલવેં જે નીતે ભામિની આવી તેહેં ઠાર ૧૭૯

રેં કપાટ ઉઘાડિયાં ચીત વર્ત્તે જમ-જોર
ાતેં બેઠી પાસ તે રાત્ય અંધારી ઘોર ૧૮૦
સહીયર-સાથેં શનિ-શનિ વારુ કીધી વાત
કોલ ન પાળ્યો કાંમિની થોડી રહિ હવેં ગત્ય ૧૮૧
વાટ જુઈ તીહાં વાયદો વચન ન પલેં તે સાથ'
નારી કહેં, 'હુ સ્યુ કરું પગ્વશ, સ્વાંમી સાથ' ૧૮૨
નાપણુ કહેં, 'નારી, સુણો તાહરું વચન તો જાય
પણુ હું ફરી આવી વાયદો તે મીથ્યા નહી થાય ૧૮૩

ચોપઇ

હેતેં તુઝ-નેં છોડું હું મુઝ-નેં બાંધી જા તીહાં તું
ઘડી એક-માં આવો આજ તો રહેંસેં આપણી, લાજ' ૧૮૪
છોડી બેંહન, બંધાણી આપ જોજો એહ-નાં પગ્ઠયા પાપ
મહુરત એક થયું જાહરેં ઠાકોર કંથ જાગ્યો તાહરેં ૧૮૫
અમલ ચઢાવ્યુ પીધુ નીર ખુખારા ખાધા, ધૂઠતા ધીર
'અરે શામા, કાંઇ સમઝણુ હોઇ તો આ વેલા નથી પાસે કોય ૧૮૬
સાચું બોલેં તો છોડું આજ રેહેસે તુઝ લાખીણી લાજ
નહીતર તો વણખુટેં મરેં છુટેં નહી કોટી ઉપાય જ કરે" ૧૮૭
નાપણુ તો નવી બોલેં બોલ 'સાદ શાભલતેં જાંમેં તોલ'
સાદ કર્યાં એહવા દશ-વીશ ચઢી ગજવંગી-નેં રીસ ૧૮૮
'બોલાવતાં નથી બોલતી મન-તણો પરદો નથી ખોલતી'
ઝાલી કેશ નેં ખડગ કાઢિયુ નાશીકા ચ્યાર આગુલ વાઢિયું ૧૮૯
રુધીર-ધાર ચાલી સાથ-મા આપ્યું નાક નારી-હાથ-માં
'બાંધી ગાંઠ નેં બેંસી રહો કરતુત કર્યાં તેવા સહો ૧૯૦
પોહોર પાછલી રહી છે નીશ હવડા નાક, સવારે શીશ.'
પરવશ અમલી ડાહ્યો દેહ થયો નીદ્રાવશ પોહોઢો તેહ ૧૯૧
એટલેં આવી સ્રી આપણી બોલાવી નારી નાપીણી
દીધી સર્વ હકીગત પાર 'નાક મારૂ વાઢ્ઢુ, મ.રો માર'. ૧૯૨

છોડી તે બંધાંણી આપ　　પરમારથ-માં લાગું પાપ
નાસીકા કર-મા નારી લેઇ જાય　　ચાતુર ચરચા જોવા જાય　　૧૯૩

પટંતરે પંથી જે પડ્યો　　તે જોવા-કારણુ પુરણુ અડ્યો
પ્રીછો નાપણુ-કેરી પેર　　સીધ્ર ગઈ પોતા-નેં ઘેર　　૧૯૪
બોલી રીસ ચઢાવી ઘણી　　'જાગ્ય અઘોરી, માહરા ધણી
ઉઠય ઉઠય, કિમ સુઇ રહ્યો　　આજ ઉલટ આપણેં થયો　　૧૯૫
પટલ-નેં ઘેંર આવ્યો પુત્ર　　સોભાવ્યા બાધા ઘરસુત્ર
નાલ-વધ કરવી તે સાથ　　લાવ્ય પાછણો, દેં મુઝ-હાથ'　　૧૯૬
ઉંઘે આકલો ઉઠ્યો તે નાઇ　　કાઢેં લોહું ધસમસ ધાઇ
'નાખ્ય છુટું' નારીઇ કહ્યૂ　　'ખોટી થાયુ નવી જાઇ રહ્યૂ'　　૧૯૭
નાખ્યો પાછણો, નારી પડી　　'અરે અરે' કરેં એક ઘડી
'નાસીકા છેદી પાપી તેં　　હવેં કિમ જીવાઇ મેં　　૧૯૮
હત્યા આપુ તુઝ-ઉપર મરું　　નાક-પાખી કીમ દેહ ધરું'
આવ્યો નાપીક કરવા વાત　　છેદું નાક દીઠું ઉતપાત　　૧૯૯
આગતસ્વાગત કરી હેત ઘણેં　　પગેં લાગો નારી-તણેં
'અપરાધ થયો અજાણેં આજ　　જાંણુ કારીગરી-નુ કાજ'　　૨૦૦

દુહા

અગની પાડી દીપ કર્યો　　'બોલેસ મા માહરો વાક'
સાધેં સાધો મેલીયો　　તતક્ષણ સાધ્યું નાક　　૨૦૧
બાધી કરીને લોપરી　　અમૃત આપ્યો અહાર
'જનમ-સુધી કરીસ ચાકરી　　તુ હઇયડા-નો હાર　　૨૦૨
કરું લાખીણા લાડુઆ　　કરુ નિત્ય તાહરા કામ
નાકે ખોડ રની રહે નહીં　　નરપતિયો માહરુ નામ'　　૨૦૩

ચોપઇ

સંતોપી રાખી સુદરી　　ગયો પંથી તે પાછો ફરી
પટંતરે જૈ બેઠો ફરી　　બીજી જોવા-કારણ સુદરી　　૨૦૪

રયણી રહી જવ ઘટીકા ચ્યાર — જાગ્યો ભાંમની-નો ભરથાર
દાંતણુ-પાંણી કોડે કીધ — અમલ લાખીણું મુખ-માં લીધ ૨૦૫
પલંગ-ઉપર બેઠો ઠરી — બોલાવી રીસે સુંદરી
'સાચું બોલ ઉગમતે દીસ — નહી તો હવડા છેદુ સીસ ૨૦૬
પ્રથમ નાસીકા કીધિ તાજ્ય — મુસ્તકનો વારો છે આજ.' ૨૦૭

દુહા

ભામની કહેં, 'મુરખ, સુંણુ — મેટે મન-નો મરમ
કેહ-નો ભંભેર્યો આવીયો — ભાંમીનિ-સ્યું સ્યો ભ્રમ ૨૦૮
ઇશ્વર વચ-માં આપણે — આદ્ય પુરુષ જે જંન
કહેં તે દેખાડું પારખું — જિમ માનેં તાહરુ મંન' ૨૦૯

ચોપઇ

કંથ-તણે મન કપટ જ વસ્યું — હૈઇયડા-માંથી આવ્યુ હસું
'જોજ્યો મનેં રમાડે એહ — ડાહી સતી થવા-ને તેહ ૨૧૦
હું કીમ માંનુ ડાહિ આજ — સ્ત્રી-ચરીત્ર કાંમીનિ-નુ કાજ
જો એક રંડા માનુ અમ્યો — કહું તે વાત કરો જી તમ્યો ૨૧૧
સતી સાચ તાહરું જો હસેં — છેદું નાક તે સાજું થશે
તો સાચું મન માનેં માહરે — તો લાગું પાય સતી તાહરે ૨૧૨
સાંભલ્ય વાત ખોલી બેં કર્ણ — ઘટીકા રાત્રી હજી બેં ત્રણ
કહે પરમેશ્વર-આગલ વાક — સાજુ કરસ્યેં તાહરું નાક ૨૧૩
તો સાચી તું નેં ઝુઠા અમ્યો — કહો પરમેશ્વર-આગલ તમ્યો' ૨૧૪

દુહા

નારિ કહે, 'સુંણુ, નાહલા — માહરેં સીર શ્રીનાથ
કુંણુ મારી શકેં મુઝ-નેં — કુણુ અડાડે હાથ ૨૧૫
તેં નાસિકા છેદન કરી — પરઠું ગાઠેં પાપ
સહજ-માં સાજું થશે — કરસ્યેં ઇશ્વર આપ' ૨૧૬

સવારેં થયો સહુજ-મા   મહુજે ઉગ્યો સુર
કંથેં જોઇ કાંમની   તો નારી-માં ખટ્ટ નુર   ૨૧૭
'માહુરે હાથેં મેં છેદિયું   કીધો અતિ ઉતપાત
આજું થયું એ સહુજ-મા   મોટી વપરીત વાત'   ૨૧૮
પ્રદક્ષણા પ્રીતેં કરી   પાએ લાગ્યો પત્ય
અચિરજ પામ્યો અતિઘણું   જોઇ શાંમા સત્ય   ૨૧૯
'હું અપરાધી તાહુરો   રામા-આગલ રાંક
કરગરી બોલા પાથરું   ખીમા કરો મુઝ વાંક'   ૨૨૦

ચોપઇ

સુંદરી કહેં, 'એ મારું થયું   એહુ-માં તે મારુ શું ગયું
જો તું ખેદત મહુરું સીસ   ચોઢત પાછુ ઉગામતે દીસ   ૨૨૧
જેહુ-નેં છેં સત્ય-નો આધાર   તેહુ-નેં મન નહી બીક લગાર'
ગયો કંથ ઉદર-કારણેં   કાઢયો પંથી-નેં બારણેં   ૨૨૨

'સ્ત્રી-ચરિત્ર તેએ હુવા હોય   જેહુ-નો પાર ન પામે કોય
જેહુવી એક દેખાડી સાખ્ય   કહેં તો એહુવા દેખાડું લાખ   ૨૨૩
ડાહ્યા પંડિત લાયક બેશ   સ્ત્રી-ચરિત્ર તે ન લહેં લેશ'
સેઠ કહે, 'સમઝા છુ અમ્યો   ભલી પેર ભણાવી તમ્યો'   ૨૨૪
માગી સીખ વદેમેં વલ્યો   વાહણ વ્યાપારિ-માહે મલ્યો
માનની-ને જઇ મલ્યો મીત્ર   'સીખ્યો સર્વ ચતુરાઇ ચરીત્ર   ૨૨૫
ઉણુમ એહુ-મા નથી કસી   સઘલી વાત માહુરેં દિલ વસી'   ૨૨૬

દુહા

કુંયરી કોડાપત્ય-તણી   બોલ્યા વાણિ વીવેક
'લાખ વચન તે બોલની   કહું તુઝ અક્ષર એક   ૨૨૭
ઠરેં પારખું પ્રેમદા   કોકિલ શુંપિકા નામ
તે વર-ને હું તો વરુ   બીજા નુ નહી કામ   ૨૨૮

કંથ જઈ એ માહરો   રાજા, સાહ કે રંક
તે અમો સીસ ચઢાવીઈં   સાચો અક્ષર અંક   ૨૨૯
અવર-નુ કહ્યું તો નહી કરું   પ્રતીજ્ઞા ધરી એ પેંર
ગરજ હોઈ તરુણી-તણી   તો જાયો ગુંણિકા-ઘેંર'   ૨૩૦

વનીતા-પાસેં વેહવારીયો   આવ્યો તે વેલાં તરત
'સાચું કહે સલક્ષણી   જે પુછું વાયક વરત   ૨૩૧
કન્યા પરણાવો જો તમ્યો   તો રહું નગર-મુઝાર
નારિ કહે, 'ત્રણ વાત કરો   તો પામો એ નાર   ૨૩૨

ચોપઈ

પરનારી-તણો નહી રંગ   ચોરી-કેરો ન કરે સંગ
જુઠું જે જંન નવ બોલે બોલ   એ ત્રણ વાત-માં જેહ-નો તોલ ૨૩૩
એ ત્રણ વાના મન-માં ધરે   તે વર-ને એ વંનીતા વરે
તમો વીદેશી છો કુલ કથી   પારખું તાહરું કીધુ નથી ૨૩૪
રહો નગર-માંહિં ખટ માસ   કરું પરીક્ષા તારેં પાસ
લખ્યાં કરો તમો એ સંચ-ના   સાખ્ય બોલ પુરણુ પંચ-નાં ૨૩૫
રાજદ્વાર-સુધી ખત લખો   સાચી વાત ભાવેં તો ભખો
એ ત્રણ-માં હસ્યો અજાણ   તો ખોઇનેં જાસ્યો ચૌદે વાંહણ ૨૩૬
વણપરણેં કુંયારા મરો   વાણોતર મુલ-ખરીદી કરો
લખો ખત નેં તતપર થાયો   નહિ તો ઘેંર પોતા-નેં જાયો' ૨૩૭
તાહરેં વલતો બોલ્યો સેઠ   વનીતા તો રુડી છેં પણ વેઠ
સાચી - વાતેં સાં-ની રીસ   કહેં તો ખત કરી આપુ વીસ' ૨૩૮
આંણ્યો કાગજ, લખીયાં પત્ર   સાખ્ય-મતાં સાધેં તે તત્ર
'પારકુ ધંન ને પારકી નાર   સ્વપંન-માહે નહી વેવાર   ૨૩૯
શ્રીચરીત્ર-તણા જે ઠાઠ   ભણું સર્વ પુરાણેં પાઠ
એ ત્રણ વાત-માં જુઠો થાયુ   હારુ વહાંણ, પાછો ઘેંર જાયું' ૨૪૦
લખ્યુ દેશ જાણીતે હોય   ફરી ન બોલેં એ-માં કોય

હાવ-ભાવ નરિ તે કરેં નીમેખ-માત્ર એ તો નવિ ઘરેં ૨૪૧
એમ કરતાં માસ વીતા ચ્યાર કરેં ઉપાય નમેંરી નાર ૨૪૨

દુહા

વણિક-પુત્ર વેંહવારિઓ નિત્ય-નિત્ય રમવા જાય
વાડી તીર સમુદ્ર-ની સી કહું સોભાય ૨૪૩
પોહોર એક રહેં પાછલો પ્રીતેં રમવા પેંર
સમી સાઝેં સાથેં સહુ ઘણા હેત આવેં ઘેંર ૨૪૪
ગુણીકા-નેં એક દીકરી રુડી રાજસ-રુપ
પુરુષ તે પરઠીયો (?) જેહવો ભારે ભુપ ૨૪૫
મરડી બાંધે મોલીયું પહેંરી અંગ અજાર
બાંહેં બાજુબંધ બહેરખા સઘલી સોભા સાર ૨૪૬
કેશ સોરંગી સીર પરેં જોવા-સરખી જાત્ર
રઠ લાગેં કો પુરુષ-નેં કામીનિ કુણ જ માત્ર ૨૪૭
વાંણવટી કૌતુક જુઇ કોડ પ્રકારેં કાંમ
આપ અશ્વ-થી ઉતર્યો આવ્યો તેણેં ઠાંમ ૨૪૮
'જય જય કૃષ્ણ' કરી મલ્યા ઉઠી બાંહ બેહુ હાથ
કરી વાત વીનોદ-ની સાહસમંધી-સાથ ૨૪૯
'કુણ નગ્ર, કુણ નાંમ છેં સ્યુ આ દેશેં કાજ
ઇહાં નીત્યેં આવું અમ્યો રાજ તો દીઠા આજ' ૨૫૦
'નાતજાત કો તમ-તણી સુંદર માહરું નાંમ
લેહણું છે ઇહાં કો-કનેં મોટું તો તે કાંમ ૨૫૧
કાલ્ય આવ્યા આ દેશ-માં સાંભલી તાહરી ખ્યાત
પછિમ-દીશાઇં ઉતર્યો કરવા આવ્યો વાત ૨૫૨
શુકન સુભ અમ-નેં હસ્યેં, મલવું તમ-સ્યું હોય
સદેસી-વાલો કો નથી અવર નહી દુજો કોય' ૨૫૩

ચોપઇ

'ભલેં કર્યું તમે રુડી રીત્ય' પરસપરેં કીધી બહુ પ્રીત્ય
રમ્યા સોગઠી રમત્ય અનેક વખાંણ વદેરાં વીવધ વીવેક ૨૫૪

પડી રાત્ય તે તતબર થયા   આપઆપણે ઉતારે ગયા
રમત રમીને મંદિર જાય   આનંદ અંગ બેં-નેં નવ્ય માય ૨૫૫
'આવજ્યો નિત્ય માહરેં બારણેં   એકઠા ભોજન-નેં કારણેં'
'જો એવડું તમારું મંન   તો આવીસ્યું એક જ દિન' ૨૫૬

ગુંણીકાઇ મન કર્યો વીચ્યાર   'કરું ચરિત્ર અધિક અપાર
લેયું છેતરી સઘલાં વાંહાંણ   જો માહરી દેહ-માં છે પ્રાંણ' ૨૫૭
તેહ ગાંમ-નો રાજા ધણી   તેહ-સ્યું પ્રીત્ય ગુંણીકા-નેં ઘણી
તેહ-ના ગાંમ-ની ચરચા કરેં   ડાટાં-સાટાં મન-માં ધરેં ૨૫૮
ચ્યાર રત્ન અમુલીક કોડ   જોતે ચીંતામણ-સરખી જોડ
એક દિવસ માંનનીઇ માગ   જોયો લેવા-કેરો લાગ ૨૫૯
રાજ-સેજે રમવા-નેં ગઇ   નરપત્ય-નેં મહાનીદ્રા થઇ
કાઢ્યાં આપ અગોચર રત્ન   ડાટ્યાં બાહાર જરુરી જત્ન ૨૬૦
નારી નીદ્રા થઇ જેટલે   મહીપત્ય મંન જાગ્યો તેટલે
'ઉપર આભ અગાસો હોય   તસ્કર-વીદ્યા કરી ગયું કોય' ૨૬૧
જોર કરી જાગી કાંમિની   વસ્ત્ર-વીસર્જંન છે જામિની
પહરેં વસ્ત્ર બંબેરી અંગ   જુઇ રાજા સમીપે સંગ ૨૬૨
(વો)લાવી ગુંણીકા-ને ઘેંર   પછેં કરી તસ્કર-ની પેંર
પડો વજડાવ્યો બાધેં ગાંમ   મુંકી ચોકી ઠામોઠાંમ ૨૬૩
'હાજી કાજી સેવક સર્વ   પેંદા કરી આપો એ દ્રવ્ય
મંદિર સહુ-નો લુટી લેઉ   સુવીઇ સહુ સામંદ-નેં દેઉ' ૨૬૪
કરેં માસ-તણો વાયદો   પુછેં મહુ પુગ-માં કાયદો
પોલે ચઉટે ઘડીએ ઘડી   બેઠા જાસુસ રાજા-ના છડી ૨૬૫

દુહા

કુંયરી જે ગુંણીકા-તણી   પુરુષ-રુપે જે પેંચ
નીશા એક મુહુરત જતેં   આવી મીત્ર-નેં ઘેંર ૨૬૬

‘આજ અમ્યો કામેં રહ્યા   નાવ્યા વાડી-માહેં
માહરૂં મન તમ-સ્યુ અટક્યું   માટેં આવ્યો આહેં   ૨૬૭
રમીઇ રમત સેત્રંજની   પ્રીત્યેં બેંસો પાસ
ઘડી ચ્યાર છહ્યા ચીન ઠેં   વલના જામ્યુ વાસ’   ૨૬૮
આનંદ વીનોદ-કલ્લોલ સ્યું   વીતો એક જ પોહોર
તે કુયર તતખર થયો   ‘જાયું ઠેકાણેં ઠોર’   ૨૬૯

ચોપઇ

વલગો મીત્ર પ્રેમ-થી હાથ્ય   હશીનેં બોલ્યો તે-સાથ્ય
‘સ્યું રણ-મા બેંઠા છો તમ્યો   રાતેં નહી જાવા દેયું અમ્યો ૨૭૦
સ્યુ વાટ વનીતા ઘેર જઇ   કે અગભક નાહના ઘેંર ગઇ
પરદેશી-નેં નેહ સ્યુ પ્રીત્ય   તિહા વાંનો રહેંવા-ની રીત્ય’ ૨૭૧
રાજી થઈને રાખ્યો ઘેંર   કપટ-તણી નવ્ય પ્રીછેં પેંર
શુભ માજમ મુદર દીધ   લક્ષ સલામ કરીનેં લીધ   ૨૭૨
તરનીખ તે તેજના તણી   ચઢેં કેંફ કાયા-મા ઘણી
આલસ આવેં મોટા અંગ   પોઢેં જુજુઆ આપ પલંગ ૨૭૩
ભર નીદ્રા થયો જાહરેં   તે રામા ઉઠી તાહરેં
છોડ્યો બચકો કરી જતંન   તેહ-મા બાંધ્યા તે ચ્યાર રતંન ૨૭૪
નાખ્યા ઠેકાણેં તે ફરી   જાણેં નહી કો જતનેં કરી
ચાકર પેસા બીજેં બાર   ઘર-મા એક નમેરી નાર   ૨૭૫
પુરુષ-વેશ મુક્યો પરહરી   સુંદર તે સો થઈ સુંદરી
સકલ-મા મન્યા છેં સોલ   તરૂણીઇ ચાવ્યા મુખ ત બોલ ૨૭૬
બીલીફલ આકારેં ઉર   જુવતી-કેરૂં જોબંન પુર
ઝલહલ જ્યોત્ય, તેજ અપાર   કોટેં અમુલ્યક એકાવલ હાર ૨૭૭
રમઝમ કરતી આવી ત્યાહ   એકાંતે નેક સુના ઘર-માહેં
ધંધોલીનેં જગાડ્યો ધણી   ‘પરહરો નીદ્રા, આ સી ઘણી ૨૭૮
ચંદ ચકોરવત જોઇ રહ્યો   કાયો ઘેલો તે થઇ ગયો
‘તમેં કુંણ કામે આવ્યા આ ઠામ   અન્ધી ગત્ય અમ સ્યુ સ્યુ કામ ૨૭૯

માહરી છે દેવાંસી દેહ   પર-નારી-સાથે નહી નેહ
મેડ-થી મીત્ર માહરો જાગસ્યે   વેહેવારભલા લોક-માં જસ્યેં ' ૨૮૦

દુહા

' સાહુ-પુત્ર સમજે નહીં   ઉલખે નહી અજાંણ
જે-માટે તું ઇહાં આવિયો   ધરીને પ્રીત પ્રમાંણ ૨૮૧
ભાનુચંદ ભુપત્ય-સમો   તાત અમારો તેહ
દુહિતા નાંમે ડાહી ભલી   નીર્મલ-સુત-સ્યું નેહ ૨૮૨
પોઢી હું પલંગ પર   સ્વપંન સાચુ હોય
બોલી કોયક દેવાંગના   અવર નહીં તે કોય ૨૮૨ અ.
" સ્યું દુખ દે છે સાહુ-નેં   કરો વીવાના કાજ
આલીધંન આપ તુ   આ વેલા-મા આજ ૨૮૩
પાંચ દિવસ-પુઠે પરણજે   તો પાંમે સુખ શરીર
કહ્યૂ કરે નહી કાંમીની   તો ખોશો નારી નીર " ૨૮૪
ઉલટ થયો એ સાંભલ્યે   ન ગણી માઝીમ રાત્ય
આવી આલ્યેંઘન-કારણેં   વીપરીત થઇ છે વાત ૨૮૫
તે દેવી-પરતાપથી   મલુ નહી મારગ કોયે
મેહેલી અંતરખ મોહોલ-માં   અચરત અદકું હોયે ' ૨૮૫ અ.

ચોપઇ

કેંફ ભર્યો નેં રુડી રાત્ય   જુવતીની સ્યું જાંણે વાત
એક દિવસ મલી'તી ઘડી   તે તો વાત વીચારે પડી ૨૮૬
જતી જોગી ચુકે છે આંક   ગરીબ બાલક-નો શો વાંક
તે નારી-સ્યુ કીધો નેહ   ચુક્યો પોતા-નુ ડહાપણ દેહ ૨૮૭
બીજું કપટ ગુણકાઇ કર્યું   દેઇ કલંક બાધું ધન હર્યું
તે ગુંણીકા-ની જે માત   પાડી બુબ સેહેજે સાખ્યાત ૨૮૮
કરે રાવલે જુગતે જાંણ   તે વેલા ફેરાવી આંણ
' માહરી કુંયરી-ને લેઈ ગયો   તસ્કર કેહુ કો ચેંદા થયો ' ૨૮૯

ગલી કુંચી નેં ઠામેં ઠામ　　મુકી ચોકી બાધેં ગામ
પ્રાતસકાલ થયો જાહરેં　　આમા શોધ્ય જડી તાહરેં ૨૯૦
કર્યું રાવલેં જગતેં જાંણ્ય　　વેંપારી લાવ્યો છેં વાહાણ
તેહ-નેં ઘેંર-થી ગુણીકા જડી　　કલંક ચોરી તેહ-નેં ચઢી ૨૯૧
ગુણીકાઇ જઇ કીધો સોર　　'ગુણીકા-નો જાર તે તાહરો ચોર
માહરા મનમા એહવુ અડે　　રતન આપણા એહ-થી જડે' ૨૯૨
રાજાઇ તેડાવ્યો પાસ　　'વેપારી તુઝ નેં શાબાસ
એહવા કામ તમો કિમ કરો　　નારી પીયારી હેતે હરો ૨૯૩
એહવુ કામ કરતા જો જત્ર　　તો પ્રથમ શીદ લખી આપ્યો પત્ર'
'રાજા તું સ્યુ પુછેં છેં જોગ　　લોલો થયો તે માહરો ભોગ' ૨૯૪
ગુંણીકા કહે,'એહ-ને ધન ખરુ　　એ એકઠું ચોરીનેં કર્યું'
ખોલો ખજાંનો એહ-ના ઠામ　　લખો માલ જે દેખો દામ' ૨૯૫
વસ્તુ ભાવ જુઇ જેટલેં　　રતન હાથ આવ્યા તેટલેં
ગુદરાવ્યો ગરથ રાજા-ને ઘણો　　દીઠો માલ પોતા તણો ૨૯૬

શ્લોક

काके सौच द्युतकारेषु सत्य　　क्लीवे वीर्यं मद्यपे तत्त्वचीता
सर्पे क्षाति स्त्रीषु कामोपशात　　राजा मीत्र केन द्रष्ट श्रुत वा २९७

ચોપઈ

રાજા મીત્ર ન દિઠો કોય　　જુવતી ને વશ જે જન હોય
રતન આપન્મદિર થાપીયા　　હવેં ડંડ વાણીઠ-ને આપીયા ૨૯૮
સુલી સોંપવા માંડ્યો તેહ　　દેવ-સરુપ દેવાસી દેહ
મલી ખલક જોવા-ને આપ　　આવ્યો કન્યા-કેરો બાપ ૨૯૯
તે નવિ જાણેં કાઇ મરમ　　તેહ-ને વાલો ઇશ્વર ધરમ
'સતવાદી તી માહ સુજાણ　　તેણે ઉગાર્યો મુંઝ પ્રાણ' ૩૦૦
કાઢિ મુકયો કષ્ટ જ ઘણેં　　'ના' વીશ દિશ હવેં અમ-તણે'
સાજુ વસ્ત્ર ન આપ્યૂ કન્યૂ　　ખરચી નાંખી ખોટેં વસુ ૩૦૧
આવ્યા અણંદ-કેરેં પાર　　મન માહે વારું કરે વીચ્યાર
'ખોયો માલ ખજાનો ગરથ　　ન સર્યો માહરો એકેં અરથ ૩૦૨

વેદ જાણ્યું હું વાગ્નીઇ મુંકાવું કરવત· કાસીઇ
પ્રાગેં જઇ દેહ પ્રાજેં કરું ભારે દુખ રુદેં કીમ ધરું' ૩૦૩
સંભારું છું માહરાં વાંહાંણ રુદયા ફાટિ જાઇ પ્રાંણ
જાતો 'તો કરવા એ કાંમ આવ્યો નગર ઉજેણી-ગાંમ ૩૦૪
દીઠી સોભા ઘાયડ ઘણી કીરત સાંભલી ગજા-તણી
દીઠો સતવાદી સાખ્યાત કહિ મેં રુદયા-કેરી વાત ૩૦૫
તમ દીઠેં તે દુખડું ગયું તમ દરસન-થી સુખડું થયું
નીસપાપ થયો હું આપ છુટો પાંચ જનમન્નાં પાપ ૩૦૬
રાજ કરો તમો આ વાસીઇં અમો કરવત-કાજ જાઉં કાસીઇ
પ્રયાગ-મધ્યે પાડુ પ્રાંણ માગું એ વનિતા નેં વાંહાંણ ૩૦૭
આ ભવ તો નવિ પોતી આસ પેલા ભવ-નો પરહુ પાશ ૩૦૮

દુહા

પંથી-નેં રાજા કહેં 'તાહરું દુખ એ સહેંલ
અમણો ધન અપાવું તુ-નેં રાખું માહરેં મહેંલ ૩૦૯
પરણાવું રુડી પદમની મન-ગમતાં દેયું માંન
નગરસેઠ કહો તો કરું કહો તો કરું પ્રધાંન ૩૧૦
કહો તો સેન્યા સજ કરું પૂરું વાંહાંણ પ્રચંડ
બાંધું તિહાં જઇ રાય-નેં તુ કેહેં તો દેયું ડંડ ૩૧૧
લાવું ગૃણિકા-નેં અહી તાહરેં પાય નમાવું શીસ
પરણાવું તે પ્રેમદા જો ગમે શ્રીજુગદિશ ૩૧૨
બોલ તું બુધેં કરી જે કરવું હોઇ કાંમ
છશ્વર-આણ નીશ્ચેં કરું તો વીક્રમ માહરું નાંમ ૩૧૩
લેશ લાજ રખે કરો મન મુકી કહો સુખ
હરસીધ્ય હજુરી આપણેં તે કરસ્યેં તુઝ-નેં સુખ' ૩૧૪

ચોપઇ

સુભ સાભલી બોલ્યો દુખી 'તુમ-વચનેં થયો હુ સુખી
કહો તમો તે ન કરું આંક જોતાં સાચ્ચેં અમારો વાંક ૩૧૫

પ્રથમ લખી આપ્યુ જેટલુ ન પડ્યુ કાંઈ તેહમા તેટલુ
મે જાણ્યુ ચરીત્ર સીખ્યો લાખ સમઝયો નહી તેહમા હુ ગખ ૩૧૬
ભણાવનારીઇ આપ્યો ભેદ ભોલવીયો વનિતાઇ વેદ
સીધુ છુ હુ માહરો પ્રાણુ માહરે વાંટે મે ખોહા વાહાણુ ૩૧૭
જોગવરીયે લેઉ ઘરસુત તો હુ સાહુકારનો નહી પુત્ર
વારવાર કહુ મ્યુ કથી અન્યા અધરમ કર્યો નથી ૩૧૮
એક ગામ કરો જો તમ્યો તો તો ધીરજ ગમુ અમ્યો
જુવતીને જીતે નહી કાય તેહ થી ચત્રિ અધિકુ હોય ૩૧૯
હરે નાર ને પાડિ હોડ તો પોચે મન ના કીન કોડ
આપો દેશ પુગરે માગ્ય ભુપત્ય મન થી ભાગે ભાખ્ય ૩૨૦
વાહાણુ શુ ણીકાનો ગરથ તો તો મરે આપણો અરથ
હુમ કરીને જે કો જાય ભુડી ગઇ કરે અન્યાય ૩૨૧
મુકી દ્યો તે ગામ નુ નામ તમો તમારે વલગો કામ
સત્યવાદીને દુખ કિમ દેયુ પાપ ભાર માથે કિમ લેયુ ૩૨૨
તમ મરખો સતવાદી જાય દે ઘાત તો અન્યા થાય
તે દેમે નહી તાહરી આણુ મુઝ માટે ખોયો રા પ્રાણુ ૩૨૩
મુઝ મુડ એક જ છુવ જાન તુમ હાણે થાયસો નગ્ન રાય'
રાજા કહે, 'સી ચીંતા કરો મુઝ પુઠે સુખે સચરો ૩૨૪
જેતરુ ન્યા, જેતરુ ગય તુઝ ને પરણાવુ એ ન્યાય
આપુ ધન અત્રાયુ તુને તો જાણજે તું વિક્રમ મુને ' ૩૨૫
આલી વાહાણુ અશવીસ દીધ કરે પથ સવારે સીધ્ય
ઉપરે ઉત્રી છે નાર જેહતુ માણસ તેહનો વેવાર ૩૨૬
ગોખર કેરા ગોલા ભર્યા પચ લાખ પુન્ય તે ભર્યા
અપાઇયા જેહનો આ ાર ભયા અનેખે અપરપાર ૩૨૭
જે દેશમાથે છે કામ દીધ્યા વાહાણુ જડ તેણે ઠામ ૩૨૮

દુહો

પાડિ એ મા ઉતર્યો થયુ ગય ને જાણ
કેકા આ યો પરદેશ થી વ્યાપારી લા યો વાહાણુ ૩૨૯

માનવ-સરીખો છેં નહી છે કો ડાહો દેવ
મલીયે તેને માન-સુ કરીયે રૂડી સેવ' ૩૨૯ અ.
ફિરત લોક કોડ કેહે સાચું માનુ વરત
સાથેં સામદ તેડીયા મલવા ચાલ્યા તરત ૩૩૦
કાજી કોટવાલ અમીર અતી રાજા નેં પરધાંન
વાંહાંણુવટી-નેં જઈ મલ્યા દીધાં ઝાઝાં માંન ૩૩૧
ઉઠી અતી આદર કર્યો સિહાસન સુભ-સાર
તિહાં જઇ બેઠાં રાયજી મનમુખ સહુ સરદાર ૩૩૨
ખબર પુછી એક-એક-ની દેશ-દેશ-ની વાત
આનંદ સહુ-નેં ઉપનો લીલા ખુબી ખ્યાત ૩૩૩
ગાંન-કાજ ગુંણીકા ગઇ તેડી પોતા-ની તાચ
રામાઇ રાજા-આગલેં કરી દેખ્યાડ્યો નાચ ૩૩૪
સરપાવ આપ્યો સેઠ-નેં અશ્વ અરબી એક
ઉપરેં અમુલ્યક પામરી જાંણી વાંણ્ય વિવેક ૩૩૫
ઉઠેં જિમ આદર કરી બેંસારેં ગ્રહી બાંહેં
ગયો સેઠ તે એકલો આપેં ડેરા-માહેં ૩૩૬
રુપા-કેરી થાલ-માં આપે બંદરી પાંન
ઉપર પાંચ ગોલા ધર્યા મહિપત્ય-આગલ માન ૩૩૭
બીજા સામદ સાથ છેં ત્યારેં ચતુર વીવેક
તેહ-ના મુખ-આગલ મુંકીયુ વસ્ત્ર નેં ગોલો એક ૩૩૮
બેં આપ્યાં પરધાંન-ને અચરજ પામ્યા સરવ
'ગોલા છેં ગોબર-તણા નથી એક-માં કાંઇ દ્રવ્ય ૩૩૯
અમુલ્યક વસ્ત્ર આપીયાં તે તો છેં વેંવાર
ગાર-તણા ગોલા કરો અચરત એક અપાર' ૩૪૦

ચોપઇ

પ્રધાંન બોલ્યો વાચક નેટ 'સાંભલ્ય, વાંણુવટી તું સેઠ
વસ્ત્ર આપ્યાં તે ખુબી ખ્યાલ પણ ગોબર-ગોલા-માં શો માલ' ૩૪૧

વેંવારી કહે, 'આભલ્ય, ભાઇ પરદેશી-ને સી વડાઇ
જેહ-ની ગાંઠે હોઇ જેહ તાજમ તેહ-ને કરસ્યે તેહ ૩૪૨
માહરે પુંજી એ હાથ-મા તેં દેખાડી સહું સાથ-મા
પર-મુલક જોવા આવીયા ગરથ-માહે ગોલા લાવીયા' ૩૪૩
ઉઠયા સહુ આણીને નેહ 'અમારે મન અમુલિક એહ'
પરસપરે કીધી બહુ પ્રીત્ય ગજ-સોભા-ની જેહવી રીત ૩૪૪
ગયા સહુ પોતા-ને વાસ મુંદ્રિકા બેંઠી તેહ-ને પાસ
માગી સીખ ગઇ જાહરે આપે વસ્ત્ર ગોલો તાહરે ૩૪૫
સલામ કરી ચઢાવ્યુ સીસ ગઇ ઘેર આથમતે દીશ
સહુ-સહુ-ને મંદિર ગયા મન-માહે ચીંતાતુર થયા ૩૪૬

દુહા

ગોલો ભાગો ગોબર-તણો દેઇ અતીસે આચ
તેહ-માથી પછે નીકલ્યા મોતી અમુલ્યક પાચ ૩૪૭
આમલા પ્રમાણે પોહુ અતી ઉજ્વલ જાત્ય અમુલ્ય
તોલ તરતીબે તેવડા સઘલા છે સમતુલ્ય ૩૪૮
પચવીસ પુન ગય-ને દીઠા દશ પરધાન
પાચ-પાચ જણ સ્યાર-ને પામ્યા મન-થી માન ૩૪૯
બીજે દીવસે નગ્ર-નો સેઠ સમીપે જાય
અરસપરસ મલ્યા અતી આનંદ અંગ ન માય ૩૫૦
ઉઠો તવ આદર કરી સુપ્યો ગોલો હાથ
ડગલા દશ વોલાવા ગયો સેઠ જાણીને સાથ ૩૫૧

ચોપઇ

સહુ-કો સહુ-ના મન-મા લહે એકએક આગલ જે કહે
'સાહુકાર કો દેવ-સરુપ કે કો નગરિ-કેરો ભુપ ૩૫૨
ભલે આવ્યો એ આપણે ગામ જે સુપે તે કરીઇ કામ
સાહસીક સતવાદી હોય એહ-ને રખે દુભો કાય' ૩૫૩

ગુણીકા કાલી-ઘેલી થઇ અમુલીક મોતી જોઇનેં રહી
એક દિવસ-માં વાર જ સાત આવેં નીત્ય વખાંણે વાત ૩૫૪
કરેં ચરિત્ર દેખાડેં હેત તન મન ધન સર્વ સમેત
પરદુખ-ભંજન વીક્રમ વીર ચુકેં નહી મન દ્રઢતા ધીર ૩૫૫
સત્યવાદિ ગુંણવંતો ઘણો સહોદર પરનારિ-તણો
પરદુખ-ભંજન-નેં કારણેં બાંધું કાંમ કરેં બારણેં ૩૫૬

એક દિવસ છેં ગુંણિકા પાસ હેત-પ્રીતેં કરેં છેં હાસ
'એક ગોલો જો આપો મુ-નેં સ્ત્રી-ચરિત્ર ભણાવું તુ-નેં ૩૫૭
મુઝ-જેવી ભણાવણહાર સરખી નથી બાધેં સંસાર
તુઝ-માં સઘલી વીદ્યા મોટ સ્ત્રી-ચરિત્ર-તણી છેં ખોટ ૩૫૮
આગલ અરથ છેં એહ-નો ઘણો હું અધ્યારુ તે વીદ્યા-તણો' ૩૫૯

દુહા

સેઠ કહેં, 'સુણ, સુંદરી પુરણ કહ્યૂં પવિત્ર
પુરુષ-ચરીત્ર પુરણ ભણ્યેો તો સ્યુ કરુ સ્રી-ચરિત્ર ૩૬૦
પ્રતાપ પુરુષચરિત્ર-નો અનમી મોટો આંક
સ્રી-ચરિત્ર-નો ચારો કશો જેહ બચ્ચારુ રાક ૩૬૧
સમુદ્ર-આગલ ખાબડું તેતર-ઉપર બાજ
તીમ નર-આગલ નારી-ચરિત્ર તે આવેં કુંણ કાજ ૩૬૨
સીહ-આગલ સીયાલ જમ વેદ-આગલ જમ ભેદ
નર-આગલ નારી-ચરીત્ર કરી સકે સ્યુ ખેદ ૩૬૩
નાંખી દે નારી-ચરિત્ર-નેં આવેં અર્થ સ્યેં કાંમ
પુરુષ-ચરિત્ર ઇહાં પરવરેં જાંણેં બાધુ ગાંમ' ૩૬૪

ચોપઇ

'પુરુષ-ચરિત્ર મોટું' કહેં રાય 'જાલવજે તાહરા મન-માહેં'
નારીચરિત્ર-નુ કહેં નારી નામ 'બીજો અરથ શેં આવેં કામ' ૩૬૫

'એ વાતેં લખ્યા કીજીઈ   કોલ સાત પરીયા-નો દીજીઈ'
તેહ વાત-ની સાખ્યો કરી   ઉપર મોહર રાજા-ની ધરી ૩૬૬
સાચવે સહુ પોતા-ના મંચ   'આલ ન દે કો તેહ-મા પંચ
આપઆપણી વીધા જે હોઇ   તેહ-માં હરવી ન સકે કોય ૩૬૭

શુંણીકા કહે, 'સાભલ્ય, માહારાજ   કરતાં વાત આવે છે લાજ
જે-ની પાસે જુવતી નહી જોડ   ખરૂ કલંક તે-માથે ખોડ' ૩૬૮
સેઠ કહે, 'સાભલ્ય, સુદરી   તું જો ડેગ-માહે ફરી' ૩૬૮અ-
મંદિર શુણુકા જઇ જાહરે   ઝાક-ઝમાલ દીઠું તાહરે
ચ્યાર મંદિર નેં ચ્યારજ નાર   જેહવી પદમની-નો અવતાર ૩૬૯
સોલ વરસ સરખી સુભ-રુપ   ભામીનિ કો ભલપણુ-નો ભુપ
કોટી-કોટી આભુષણ ધર્યાં   રતન અમુલ્યક હીરે જડ્યા ૩૭૦
જેહવી ઇદ્ર-તણી અપછરા   મોહની મદ-ભરી મછરા
સાક્ષાતકાર કો દેવી દામ   લજા પામે રતીપતિ કામ ૩૭૧
મુકી માન પછેં આવી બાહાર   'ધન ધન, સેઠ, તાહરો અવતાર
અહંકાર તમ-ને નાર્યો-તણો   પણ સ્રીચરીત્ર-નો મહિમા ઘણો' ૩૭૨
'જખ મારેં છે તરુણી તુ   પુરુષ-ચરીત્ર વખાણુ હુ'
લખ્યા લેખ પરઠણ બહુ પેં   પાડિ હોડ શુંણીકા ગઇ ઘેંર ૩૭૩
ચ્યારેં કામિની છે કામીનિ   જેહવી ભુતલ નહી ભામીનિ
શુણિકા જાણેં એહ-ની નાર   બોલવાણી છે, પડ્યો મન ભાર ૩૭૪
'ચરિત્ર દેખાડું અપરમપાર   ઉતારુ એહ-નો અહંકાર
કલંક ચઢાવુ પુર પ્રમાણ   ખૂંચી લેયું વ્યાપારી-વાંહાણ' ૩૭૫

દુહા

આવ્યા વેહેપારી નગર-ના   દેખાડે ભલી ભાત્ય
'વસ્તુ વોહોરો તે લાવીઇ   જેહ ગમે તે જાત્ય ૩૭૬
કાઇક લ્યો કસ્તુરિકા   એ હેંકત લ્યો બરાસ'
'નોહો હોય જો આમટો   તો પ્રીત્યે આવ-જ્યો પાસ' ૩૭૭

ગણિકાએ કરેલો બરાસકસ્તુરીનો સોદો

ગયા દલાલ ગુંણીકા-કનેં કરેં વધાઇ વખાંણ
'કસ્તુરી-બરાસ-નાં વેચ્ય હવેં તું વાંહાંણ ૩૭૮
ખરીદાર મલ્યો ખરો મોહ-માગ્યાં લ્યો મુલ
ખુસ રાજાઇ ખપ કરો (?) લ્યો મુકતાફલ અમુલ્ય ૩૭૯
ભાગ્ય ભલું તુઝ ભાંમિની મલ્યો છેં હવેં જોગ
અજર હવેં જો કરેં તો તાહરા ભોગ' ૩૮૦

ચોપઇ

ગુંણિકા કહેં, 'નહી વેચું અમ્યો ઘેંર બેંઠા સહુ રહેંજ્યો તમ્યો
તેડવા આવું તો આવજ્યો કુણ કહેં છેં ડાહ્યા થજ્યો' ૩૮૧
રીસ કરી તે જાય દલાલ 'અપાવસું બીજા-નો માલ'
વીચાર કરેં તે ગુંણિકાય 'માહરી કુંણ દલાલી ખાય' ૩૮૨
છાંની આવી સેઠ જ પાસ કરેં હેત ઘણા-થી હાસ્ય
'સાત વાંહણ કસ્તુરી કોડ સાત બરાસ-તણી છેં જોડ ૩૮૩
હેત-પ્રીતેં અમે દીજીઇં માહરા સંમ સવેં લીજીઇ'
તાહરેં વેંપારિ ખડખડ હસ્યો 'નારી-સાથેં સોદો કસ્યો ૩૮૪
વેંપાર-ની સ્યું જાંણો રીત્ય પરપુરુપ-સાથેં કરો જે પ્રીત'
ગુંણીકા કહેં, 'સ્યા બોલો બોલ ભારે મુલ અમારાં તોલ ૩૮૫
ખોયુ કેં લાભ સવાગો ખાયુ ફરીયાદ એ વાતેં નવી જાયું
લખ્યાં ઘણાં તે વાતેં કરું પરીક્ષા સઘલી હઇડેં ધરુ' ૩૮૬
વ્યાપારી કહે ઉપદેશ 'બરાસ-કસ્તુરી-સાટેં સું લેશ'
હશી નાર બોલી તે જાંણ્ય 'ગોલા-નાં ભરી આપો વાંહાંણ ૩૮૭
ચૌદ વાંહાંણ એ ગોલા ભરો માહરા મંદિર-માં જઇનેં ધરો
બરાસ-કસ્તુરી આપુ અમ્યો ખુસાલ થૈ તે લ્યોનેં તમ્યો' ૩૮૮
'સાંભલ્ય કાંમીની કહું છું કથી એ ગોલા-માં ગરથ જ નથી
ગોબર-ગોલા-માં નહી માલ એ વાત-માં પડો નહી ખ્યાલ ૩૮૯
તું જાંણેં કાંઈ એહ-માં ગરથ એ વાતેં સરેં નહી તુઝ અરથ
મુરખ-સાથેં મેલ નહી મલેં ઘેંર જઇ પડેં તું ગલેં ૩૯૦

સમંધ કરૂં નહી શામા-સાથ ગોલા નવી સોપુ તાહરે' હાથ' ૩૯૧

દુહા

વનિતા કહે, 'સુણ, વાહણવટી ફરી બોલે' ને કોક
સહેર-વચે' સુની ચડે' દેખે' બાધા લોક ૩૯૨
ગોલા દયુ ગોબર-તણા છાણાં-માટે' છેક
લાખ વન લખી આપીઇ વચ-માં ઈશ્વર એક' ૩૯૩
લખ્યા કનવ્યા લોક-મા 'ફરી બોલે' ને ફાલ
ચડે' સહેર-મા ગુણીઇ ખોયે ગરથ ને માલ' ૩૯૪
કસ્તુરી-બગસની પ્રથમ આણી મોટ
તાર-પછી ગોલા-તણી પુરતુ ભગવી પોઠ ૩૯૫
ગોલા નાખ્યા ગુણીકા-ઘરે' જઇ સહેર સહુ સાથ
ભાગી ગેયા ભામિની હડડે' દીધા હાથ ૩૯૬
કઠામ-કેરૂં ગુબડું સસરો વૈદ જ હોય
ચોર-કેરી માવડી મોહુ ઢાંકીને' રોય ૩૯૭
સહેર સકલ વાતો કરે' ટોલે' ટોલા જોડ
'વાહી લીધો વેવારીઇ માલ તે કોડાકોડ' ૩૯૮
રાડ રોઇ સકી નહી મરે' નહી ખોકે' અરથ
'જાતુ થાઈ જો ગવરે તો ખોહુ જીવ ને' ગરથ ૩૯૯
ઉપાય એક એહવો કરૂ ચરીત્ર રમાડુ આજ'
કલક ચઢાવુ કામીનિ લોપાવુ એહ-ની લાજ ૪૦૦
પુરુષ-ચરિત્ર એહો કર્યું તે જાંણો' માહરૂ મંન
તિમ વીઘા માહરી કલવુ જુવતિ તેવુ જંન' ૪૦૧

ચોપઇ

નીસ-તણી વીચારી રીત્ય પછી માંડિ બમતી પ્રીત્ય
જાય મેંદર-મા મનના ધરે' નાગઇભ નૃત્ય જ કરે' ૪૦૨

ચ્યાર સેડાણી નેડ જ તણી — કીધી પ્રીત્ય અલેખેં ઘણી
સુતાર-નેં વશ જીમ પુતલી — કીધિ વશ તીમ શ્યામા સુતલી ૪૦૩
સહીયરપણુ-નો કીધો સંગ — સુપુ તંન મંન ચારે અંગ
'તું કહે તારે જમીઇ અન — તાહરી સાથેં બંધાણું મન' ૪૦૪
ચ્યારેં વશ કરી લય-લીન — જીમ જલ-નેં વશ હોઇ મીન
હેત દેખાડી બોલી બોલ — લીધા ચ્યાર જણી-ના કોલ ૪૦૫
'જો તમ્યો ગમો માહરી મામ — હુ કહુ તે કરો એક કામ
એક પુરુષ જે લાવુ અમ્યો — તેહ-નેં સત્ય રમાડો તમ્યો ૪૦૬
તો સાચી સહીયર માહરી — હુ જનમ-જનમ દાસી તાહરી'
'અરે ભુંડી, મેં કિમ થાશેં કાજ — રહ્યેં માહરી તે કિમ લાજ ૪૦૭
તુઝ-નેં તો કિમ ના કહેવાય — કોયક દિવસેં કરસ્યુ ઉપાય'
તે વાત-ની પ્રતીજ્ઞા કરી — હરખી હઇડા-મા સુંદરી ૪૦૮

બેઠો છેં કાછો એક દીસ — ગુંણીકાઇ નામ્યુ જઇ સીસ
હરખેં તાલી દીધી હાથ — બોલી સુભ વાણી તે-સાથ ૪૦૯
'વાણુવટી-નેં નારી એક — પદમની-થી વડો વીવેક
તેહ-નેં હાથ કરી મેં ઘણી — તે-આગલ સ્તુત કીધી તુમ-તણી ૪૧૦
એક દિવસ તે આગલ ધરું — સફલ જનમ તમારો કરું
ભામીનિ ભોગવીનેં આવજ્યો — મોતી દસ-વીસેક લાવજ્યો' ૪૧૧
તે ઠેકાણું તો પામી માન — ગઇ જિહા બેંઠા છેં પરધાન
તેહ-નેં પણુ એ રીત્યેં કહ્યુ — વખાણુ સાભલી મનડું થયુ ૪૧૨
કર્યાં કોટિધા લખ્ય વખાણુ — બેહુ વેદ વગાડ્યા બાણુ
તેહ-નેં વચન દેઇનેં ગઇ — અમીન-તણેં પાસેં જ રહી ૪૧૩
તેહ-નેં પણ કીધો પ્રતીબોધ — 'કામ તમારું કરો તે જોધ'
ખાત ડરી લગાડ્યો ખ્યાલ — 'કામીની ગઇ જિહા છેં કોટવાલ ૪૧૪
તેહ-ને પણુ ઉપજાવ્યો નેહ — પરવશ કીધો તે-નો દેહ
ડરી વાયદો મીછિ પેંર — ગઇ ગુણિકા પોતા નેં ઘેર ૪૧૫

બીજો દિવસ થયો જાહરેં તરુણી ડેરે ગઈ ત્યાહરેં
હેત-પ્રીત-થી વલગી ગલેં 'વચંન આપણું ક્યારેં પલે' ૪૧૬

દૂહા

કર જોડી કામીનિ કહેં 'માન્યુ માહરુ મંન
કાલ્ય તેડીનેં લાવજ્યો છે એકાદશી-નો દંન ૪૧૭
અમારો નેહ ઉછવ કરેં કાલેં વાડિ-માંહ
સુંદરી-સાહમુ જુઈ નહી ના'વેં મોહલ-નેં માંહ ૪૧૮
તેડી લાવો તેહ-નેં જેહ-નેં અમન્યુ કોડ
ગત્ય રમાડુ રંગ-મા હાર-જીત્ય ની હોડ' ૪૧૯
એમ ચતુરા ચ્યાર-નેં કર્યો થાપ એકાત્ય
કોહો કોઈ-ની કહેં નહી ભાગી નહી મન-ભ્રાત્ય ૪૨૦
ગત્ય પડી છેં રીઝ-મા ઉછવ માડયો આપ
ગઈ શુંણીકા પછેં તેડવા છીહા રચ્યો છેં ડાહ(પ?) ૪૨૧

ચોપઈ

એ વાત તો તેહ-ને સહેંલ જુજુઆ માનનીયોના મહેંલ
એક ઘડી-નેં અંતર થઈ પ્રથક પ્રથક તેડીનેં ગઈ ૪૨૨
દ્રષ્ટેં બે જુવતી-ને જેય મુરછાગત રહે મન મોહચ
ભામીનિ કહેં, 'ભલેં આવ્યા તમ્યો હેત પ્રીતેં તેડાવ્યા અમ્યો ૪૨૩
ભુખ્યા હો તો ભોજન જમો રમત્ય એક સોગઠા-ની રમો "
પછેં રમજે રગેં રાત્ય પોચાડું મદિર પરભાત્ય ૪૨૪
રમત્ય રમતા હારુ અમ્યો મણગાર સોલે લેજ્યો તમ્યો
તમ્યો હારો તો કરો સલામ મુલ-ખરીદી કરુ ગુલામ' ૪૨૫
નાખી મુન્દ્રી મોહ-ની તરત બોલ બોલીનેં કીધિ સરત
હાથ અક્ષર લખાવ્યા પત્ર ચ્યાર પુરુષ ચ્યાર રામા જત્ર ૪૨૬
માંડી રમત્ય પાસા ચોપાટ એક્એક વખાણેં વાટ
વીક્રમનેત્રનાણા જંન હોય તેહ નેં છતી ન સકેં કોય ૪૨૭

જેહ-નેં આગીયા-નુ બલ પુર હરસીધ જેહ-નેં હજુરાહજુર
તેહ-તણાં ચરીત્ર જ કસેં તે શ્રષ્ટ બ્રહ્મા-ની-માં નવ્ય મલેં ૪૨૮
પોહોર એક બે રમતાં થયા 'હાર્યા' મુખ પોતા-નેં કહ્યા
વસ્ર આભુષણ ખુંચી લીધ બાંધીનેં ચોહો મેખાં કીધ ૪૨૯
નીશા પોહોર રહી જાહરેં બેંસાર્યા હોડી-માં તાંહરેં
'બેટ-મધ્ય ઠેકાંણું ઠાંમ ઘો કારાગ્રહ તેણે ગાંમ' ૪૩૦

તે વેલાં એક કૌતુક હોય તે તો અન્ય ન જાંણેં કોય
ગુંણીકા રાજા-પાસેં જાય વીવધ પેંર વધાઇ ખાય ૪૩૧
'કહુ તુઝ-નેં એક અંકોર સાહુકાર એક દેખાડુ ચોર
કરે જે વાંહણ-તણો વ્યાપાર તેહ-નેં ઘેંર ચતુરા છેં ચ્યાર ૪૩૨
વ્યાપાર તે ગુંણીકા-નો કરેં દ્રવ્ય લોક રુડાં-નો હરેં
બાધા સહેંર-નો લીધો દ્રવ્ય લુટચા લોક વ્યાપારી સર્વ ૪૩૩
દીવાંન તાહરો દાઢી જાય વ્યાપારી સ્રી-સાથેં ચ્યારેં ખાય
આજ બન્યો તમારો દાયો નવિ માનો તો જોવા જાયો ૪૩૪
નીશ્ચે ચ્યારેં છેં ઘર-માય' ઉઠેં રાજા તતબર થાય
ચતુરા-વચંન માંન્યુ છેં ચેંત પરવરીયો તે વેલા પંથ ૪૩૫
એકાદશી-નો ઉછવ થાય આવ્યો તિહા નગર-નો રાય
મહિપત્ય બોલ્યા મગ્ડી મુખ દાવો-સાથ ધરીનેં દુખ ૪૩૬
'રાંત્ય મધ્ય ઘણેરી ઘોગ તુઝ ડેરા-મા માહરો ચોર
અપલક્ષણ ઘણુ તુમ ઘેંર પ્રીછચો સર્વ તમારી પેંર ૪૩૭
પવિત્ર જાત્ય કરો પાખંડ મોટા માણુસ-નેં શો ડંડ'
તાહરેં બોલ્યો સેઠ સુજાંણ 'એવડી સી અમ-ઉપર આંણ ૪૩૮
અમ ઘર અવગુંણ એકે ન હોય કા માહુ બોલો તમો મોહચ'
રાજા કહેં, 'લખ્યા તે કરો અહંકાર એવડો તે શો ધરો' ૪૩૯
શીવ-સાનિધેં લખીયો લેખ વાર ન લાગી પલક જ એક
'અન્યા દેખુ તો દંડ જ દેયુ વાહાંણ માલ ખુંચીને લેયુ' ૪૪૦

કહેં સેઠ, 'સંભલ્ય, રે રાય — એ સાચો કહો ઉપાય
કાવીતરું ન હોઇ મુઝ ઘેંર — તાહરી સી કરવી તો પેંર' ૪૪૧
રાજા કહે, 'સુંપું તુઝ રાજ્ય — કરું દેશ અમારો તાજ્ય'
તે પંચેં પ્રમાંણ જ કર્યું — સાખ્ય સાહ-ની ધારણ ધર્યું" ૪૪૨
ડેરા જોયા વ્યાપારી તણા — ખોલંતાં નવી રાખી મણા
પર માણસ નહી કો ત્યાંહ — કન્યા પડચો વીચ્યાર મન-માંહ ૪૪૩
'કરો છો જુઠા પાખંડ — શો તમારો ઘટેં છેં ડંડ'
કર જોડીનેં રાજા રહ્યો — પ્રતીઉત્તર તેહ-નો નવિ થયો ૪૪૪
હાહાકાર નગર-માં થયો — રાજા હારી ઉભો રહ્યો
વાહાણવટીઇ વીચ્યારું મંન — 'આ નગરી-નો એ રાજંન ૪૪૫

દુહા

અમ્યો દંડ શો દીજીઇ — પર-મુલકી પર-ગાંમ
દીવો કરો એક દેવ-નેં — સાચ શીવ-નેં ઠાંમ' ૪૪૬

ઘ્રત-નુ ભરીયુ કોડીયુ — કીધો દીપક વાદ
પેંઠો એકલો પુરપતિ — દીધો સીવ-પરસાદ ૪૪૭
સહુ નગર જુગતેં જુઈ — નગર એહ-ના લોક'
દીવા-થી ફુટો દેશપતિ — સમીયો સઘલો શોક ૪૪૮
વીર હકાર્યો આગીયો — બાંધી લીધો રાય
મુંકયો અંતરિખ તીહાં જઇ — અગ્ણવ-ખાડી-માહેં ૪૪૯

ચોપઇ

દેરા-માં પેંઠા દાહરા — વીલાપ એહવા લોકે કર્યા
'એ અઘટતું કીધુ કાજ — કીહાં ગયા મહીપત માહારાજ' ૪૫૦
હાલુ દેવડ શીવ-નુ હોય — મનુસ નાંમ ન દીઠુ કોય
અચીરજ પામ્યા સર્વેં લોક — કલંક ચડાવ્યુ એહ-નેં ફોક ૪૫૦અ.
'સાચા માહા-ને જુઠો કહ્યો — તેણે કોપ શીવજી-નો થયો'
પાચેં પાટિ (?) કેરી નાર — કલ્પાંત કરે તીમ નહી હાહાકાર અપાર

'કેણેં માર્યા, કોણેં હર્યા' વીલાપ એહવા લોકે કર્યા
'આપણ દેખતાં પેંહા રાય તે અલોપ તતખીણ-માં થાય' ૪૫૨
'સાહા સતવાદી' ચાલ્યું નામ લાગે ફાગ બાધું તેહ-નેં ગાંમ
પેલા ચ્યાર રાખ્યા આંચ-માં સુંપ્યો રાય તેહ-નેં પાંચમા ૪૫૩
બોલ્યો એ જ્યોધો મહાધીર 'તમ-નેં બોલસ્યું અરણુવ-નીર
તમારાં ફ્રત ભોગવસ્યો તમ્યો ઉઠે દ્રહ બે.લીસ્યું અમ્યો ૪૫૪
ચ્યાર દિવસેં ચતુરદસી-નો જોગ આપીસ્યું ભવાંની-ભોગ'
રાખ્યા એમ અગોચર ઠાંમ કોય ન જાંણે એહ-નું નાંમ ૪૫૫

પુત્રી જે નગરસેઠ જ તણી જેહ-માં ચાતુરી છેં અતીઘણી
પ્રાક્રમ એહ-નાં અપરમપાર કરવો તેહ તણો વીચ્યાર ૪૫૬

દુહા

એક દિવસ તે વાંહાંણુવટી આપ વીચ્યારેં મંન
'જાયુ ગોકરણેં જાતરા તીહાં થાસ્યેં દશ દંન' ૪૫૭
કરી કાંમીની કારમી પુરુષ-તણે પ્રમાણુ
આભુષણુ અતી સોભતાં સીહ-લંકી સુજાંણુ ૪૫૮
વસેં જીહાં વીવહારીયો કન્યા-કેરો બાપ
તેહ-તણેં મંદિર ગયા વાહાંણુ-વેપારી આપ ૪૫૯
'જગત જાય છેં જાતરા પુરણુ ધરીનેં પ્રીત્ય
મન અમારું તે થયુ રુડુ કરવા રીત્ય ૪૬૦
જુવતી ઘેંર જોબંનપણેં અમ્યો પારકેં દેશ
સાથેં તેડી નવી સકુ લાગ ન દેખુ લેશ ૪૬૧
રત્ન એક ઘડા જેવડું જ્યાંહાં ત્યાહાં નવી સુંપાય
માટેં તમ ઘેંર આપીશું ઘોનેં આજ્ઞાય' ૪૬૨
નગરસેઠ કહેં, 'સાહ, સુંણુ ભલેં આવ્યા આ ઠામ
માનની સુંકો મુઝ ઘરેં કરો તમારા કાંમ' ૪૬૩

મુંકી શામા શેઠ-ઘરેં ગયા જાતરા-કાજ
તીહાં કૌતુક ન્યું નીપનું જાણો સહુ-નું રાજ ૪૬૪
કન્યા વન-મજ તેર-ની રામા રૂપ-નીધાંન
સુપ્યાં સેઠાંણી તેહ-નેં દેઇ આગ્યા માન ૪૬૫
અધીક હેતેં રાંમા રહી કુંયરી-ના મંદિર-માંહ
એટલેં રમવા-કારણે ગુંણીકા આવી ત્યાંહ ૪૬૬
દીઠી રંભા અપછરી જેહવી વાડી-ની વેલ
હાસ્ય-વીનોદ હેતેં રમેં કરેં રંગ-ની રેલ ૪૬૭
ગુંણીકા ગરવ મુકી રહી જોઇ અતી રુડા અંગ
મન મેલાવ્યુ માનની રામા-સાથેં રંગ ૪૬૮

ચોપઇ

કોટી પ્રકારેં કીધી પ્રીત્ય રાજમારગ-ની જેહવી રીત્ય
એકએક-વીના તે મરેં 'સહીયર, સહીયર' મોઢે કરેં ૪૬૯
અધીક હેત દેખાડ્યા ઠાઠ દીવસ એમ વીતા છેં આઠ
ગુંણીકા આવી લાગી પાગ્ય 'માગું એક જરૂરી જાગ્ય ૪૭૦
સાચી પ્રીત્ય હોય મુઝ-પેંર તો ભોજન-કાજ્ય આવો મુઝ ઘેંર'
કેહે સેઠાણી નરમલ નાર 'રેહે નહી એ વાતે વેવાર ૪૭૧
અધીક જાત ગુણકા-માં અટે કલંક માહરેં માથે ચઢે
તમ લોક-નો નહી વિશ્વાસ પ્રીત કરાવી નાખે પાસ ૪૭૨
જાયે વાહાણવટી-નુ તોલ જાયે માહાર બાપ-નો બોલ
માટે મંન વીચારો તમો એ કામ કેંમ કરીએ અમો' ૪૭૨ અ
ગુણીકા તો હઠ લેઇને રહી ફરી ફરીનેં તે જક કહી
જુવતી બોલી જોડી હાથ 'વનંતા સઇઅર સાભલ વાત ૪૭૩
આ સાહુ-પુત્રી જમાની કરેં તો અર્થ તાહરો કાઇ સરેં
જેહવી રીત લીઉં આપ-મા તેહવી રુપે મંદીર-માં ૪૭૩ અ
પછે સમજ્યા ઇં તે પેર તો હું આવુ તાહરે ઘેર'
સાહુ-બેટી કહેં 'સાભલ્ય બેંન આગ્યા મ્યાં કરેં છેં મેંન ૪૭૪

કદાચિત જો રાખે તને   તો તારો વર વરસ્યે મને
તાહરે ઠાંમે જાસ્યું અમ્યો   જો એક રાતી-માં મરસ્યો તમ્યો' ૪૭૪અ
મોકલી માંનની કંટે ઘણે   એક રાત્ય ઘેર ગુંણીકા-તણે
જીમ ઘેર આવ્યા હોઇ દેવ   કરી સર્વથા એહવી સેવ ૪૭૫

દુહા

એટલે ઘેર ગુંણીકા-તણે   આવ્યો જોશી જુહાર
લાવ્યો ભેટ ભાવે કરી .   એક અમુલક હાર ૪૭૬

ચોપઇ

અભ્ર-માં હોઇ ઇંદુ જીમ   તેણે તારુણી દીઠી તીમ
તેણે પુછી લીધો પાર   ઉલખી વાહણવટી-ની નાર ૪૭૭
'તાહરે માહરે સાચી મીત્ર   હોય તો કાંઇ રમાડ્ય ચરીત્ર
વલી આપું લાખેણી લાંહાંણુ   જનમજન્મ-નો થાઉં વેચાંણુ' ૪૭૮
સંતોસી બેસાર્યો બાર   ગઇ એકલી ઘર-માં નાર
હાર દેખાડ્યો હેતે કરી   જોતા આંખ્ય સહુ-ની ઠરી ૪૭૯
સેઠાંણી કહે 'રુડો હાર   મુલ કરાવો ભારોભાર'
તારે ગુંણીકાઇ નામ્યુ શીશ   'વાત કરતે નવિ કરસ્યો રીસ ૪૮૦
કરો પ્રતીજ્ઞા જેહ-ની તમ્યો   મુલ હાર-નુ કહિઇ અમ્યો
વલસ્યે વનીતા એક જ વાર   તેહ પેરે કરી લ્યો હાર' ૪૮૧
ભોલવી તે ભાગી મન-ભ્રાંત્ય   તેડ્યો જાર આપે એકાંત્ય
રહિ ગુંણિકા આપોપે દુર   કરાં બેહુ-ને હેતે હજુર ૪૮૨
'કીહાં-થી હાર લાવ્યા છો કંમ   સાચું કહો-ને માહરા સંમ'
'તસ્કર-વીદ્યા રાત્યે રમું (કરું ?)   દેખુ દ્રવ્ય તેહ-નો હું હરુ ૪૮૩
આપુ છું નિત્ય એહ-ને હાથ   સંગ કરું છું ગુંણીકા-સાથ
ચેંતવું તેહ-ને મારું ઠાંમ   લેઇ સકે નહી કો માહરું નામ' ૪૮૪
લીધો પાર તેહ-નો અંકોર   'ચંડાલ જાત્ય દિસે છે ચોર
તસ્કર મારે પાતીક જાય   સુખ સાતા તે સહુ-ને થાય' ૪૮૫

કેફ-થકી નિદ્રાવશ કીધ કર-માહેં-થી પાલી લીધ
ચેતાડી માર્યો તે ધીર નાખ્યો ઉંડે અર્ણવ-નીર ૪૮૬
માલીડ-થી અભાપ જ થયો પાછો પુષ્પ થૈને ગયો
વનીતા-વેષ તજીને વર્યો એક પોતાના-ને જૈ મર્યો ૪૮૭
કામ કર્યું તે પોતે કહ્યું સાંભળતા-મા સિતલ થયું
એ આગીયા-નણું જે કામ શ્રી-નામરૂપ ધરુ જે નામ ૪૮૮

પ્રાતઃકાલે ગુણીકા જઈ હાલુ ઠામ દેખીને રઈ
એક વાત ન સુઝી પેર આવી નૃપ-પુત્રી-ને ઘેર ૪૮૯
'વીપરીત થઈ આપણી વાત થયો અતીસે મહા ઉતપાત
જાર એક જુવતી લેઈ ગયો અન્યાય આપણે મીર થયો' ૪૯૦
તે નારીઈ હાથ જ ધર્યા વનીતા-બોલ મન-માહેં વસ્યા
એટલે જાતરા પુર્ણ કરી આવ્યો સાહ તે પાછો ફરી ૪૯૧
'નગ-સેઠ એ પુત્ર તાહરું મોકલ્યો ઘેર માણસ માહરું'
ગયો બાપ બેટી-ને પાસ 'સુદર તુઝ-ને છે માબાસ ૪૯૨
સામરવામો આપણ કીજીઈ કવ-ઘેર કામીનિ દીજીઈ'
એહે નવી સુઝે તિહા બોલ ખોલ્યૂ તન્ણી આપે તોલ ૪૯૩
આલપંપાલ તાતે નીરખીયું પુત્રીનુ કારણ પરખીયું
'જબાપ દીધા-નો નથી ઠામ બોલ કહે-ચે બાધુ ગામ' ૪૯૪
ગદગદ-કંઠ થયો તે દીશ આવી બોલે મુક્યુ સીશ
'જીવ-જીહાન માહરા ધરણાર માલ-ખજાનો ને વ્યાપાર ૪૯૫
શ્રી પુત્રી માણસ માહરા એ સહે વેચાણ તાહરા
અમ્યો અપરાધી તાહરા ગક પડયો સમુદ્રવત માહરો વાક' ૪૯૬
તીન દિન ગઈ બોલ જ કર્યા દાતા પુરુષને આવી દયા
છુટ્યું બાધુ સઘળું નામ પરમાણથી પરાવ્યુ નામ ૪૯૭

બાધ્યા'તા અજાન-મા પાચ દેવા માડી અર્પી આચ
માટ્યા બેવલા અનુવ-નીર સુંપી માન ને ઘૂટ્યા ધીર ૪૯૮

'જે કહો તે અમ્યો કીજીઇં જીવત-દાંન અમ-નેં દીજીઇં
જીવાડો પરમેશ્વર-પ્રીત્ય જાંણી અમ-નેં રંક જ રીત્ય' ૪૯૯
લખી આપ્યાં પાંનાં પત્ર ઘરઘર વાદ તરુણી-સ્યું તત્ર
સાખી શ્રી-સુરજં-નેં કર્યા અહંકાર સહુ-કોના પરહર્યા ૫૦૦
પછી નીશા આપેં જાહરેં સીવ-દેહરેં મુંકચા તાહરેં
થયું નગર બાધા-માં જાંણ ઘેંરઘેંર વરત્યું કલ્યાંણ ૫૦૧
વધાવ્યા મોતી જાહરેં કહ્યૂં વચંન તેણેં તાહરેં
'અમ્યો અજાંણ જુઠા છું આલ આ સર્વ વાંહાંણવટીનાં માલ ૫૦૨
રાજપાટ એહનું શું ગાંમ સેર અંન આપેં તો કાંમ
આવ્યા જીવતા આપોઆપ એ પુન્યવંત-તણો પરતાપ' ૫૦૩
કહેં સેઠ 'કાં દુખીયા થાયો સહુ સહુ-કો-નેં મંદીર જાયો
ખાયો પીયો નેં ખુબી કરો પ્રજા-પુત્ર-માંહેં પરવરો' ૫૦૪
સહુ સહુ-નેં પોચાડયા ઠાંમ શું ફેર્યો છેં બાધેં ગાંમ
આવ્યો પાસ નગર-નો રાજ ધરતો મન-માંહેં બહુ લાજ ૫૦૫
'ખીમા અપરાધ અમારો કરો પુત્ર કરીનેં બાંહેં ધરો'
મેહલાં-માંથી આવ્યા ચ્યાર થયા પુરુપ જે નીરમલ નાર ૫૦૬
સણગાર ઉતાર્યા તજીયાં રુપ દીઠા પુરુપ કો ભારે ભુપ
અચિરીજ દીઠું અધિકું આજ બોલ્યો તવ નગર-નોં રાજ ૫૦૭

દુહા

'કુડ કર્યું શેં કારણેં જીત્યા નેટ નરેશ
કીયા દેશ-ના અધીપતી પરવરીયા પરદેશ ૫૦૮
વીક્રમસેન-થી વડાં કરતા દિશો છો કાંમ
અમ-નેં ઉલખાવો તમ્યો જે રાજ-તણું છેં નાંમ ૫૦૯
ઇંદ્ર અવતાર આપેં ધર્યો કેં અર્જુન કેં કરણ
કેં હરિચંદ કેં બલ હુયો છો કો અસરણ-સરણ' ૫૧૦
ભાવ ભક્ત દિઠી ઘણી મેહલ્યો અતી અહંકાર
પ્રગટ નામ પોતેં કર્યું સાંભલતેં સંસાર ૫૧૧

ચોપઇ

'અતીસુંદર ઉજ્જેણી રુપ   ઇંદ્ર-પુત્ર વીક્રમ ભડ ભુપ
પાલે લાડ જે પરજા-તણાં   આવે માંણુસ દુખીયાં ઘણાં ૫૧૨
વાહાણ-પુત્ર આવ્યો એક સુખી   દાવાદલ-થી અધીકો દુખી
થયુ સેવક-નેં જગતેં જાંણ   પુછયુ તેહ-ને પ્રીત-પ્રમાણ ૫૧૩
તેણેં કહ્યૂં બેઠો મુઝ વાત   વીવા વખાંણુ કરી તે ખ્યાત
કન્યા વખાણી તાહરેં ગામ   નગરસેઠ-ઘેર સુંદર નામ ૫૧૪
એહ-નો તાત તો સ્વર્ગે ગયો   મન-માં હરખ અધુરો રહ્યો
પરણ્યા-ઉપર પ્રીત-પ્રમાણ   બરાસકસ્તુરી-ભરીયા વાહાણ ૫૧૫
આવ્યો દેશ તમારે તેહ   નારી-ઉપર જેહ-નેં નેહ
વીવા તો નારિ-નેં હાથ   તે વેચાણી ગુંપિકા-સાથ ૫૧૬
ભાવ ધરી ભક્તિ-મા ભર્યો   માનની-નેં દ્રવ્ય આપી મલ્યો
સ્ત્રી-ચરિત્ર દેખાડી દીધ   માલ ઉતરી ખુંચી લીધ ૫૧૭
સુલી દેતા તા એહ-નેં   સેઠેં ઉગાર્યો તેહ-નેં
આવ્યો આવન્દા બલીયુ થયુ   મુઝ-નેં દુખ માંડીનેં કહ્યૂં ૫૧૮
"પરણાવુ પદમની સરથ   તેહ-થી બમણો આપુ ગરથ"
એહનુ મન ન માન્યુ રતી   'તાહરું ધન ન લેયુ રતી ૫૧૯
માહરો માલ નેં માહરા વાહાણ   પરણું સુંદર નાર સુજાંણ
તે ગુંણીકા-નેં દંડ જ દેયુ   માલ ઉતરી તેહ-નો લેયુ ૫૨૦
એ વાતે માહરું દુખ જ જશેં   સો પ્રકારેં શાતા થશે'"
એહનું દુખ સુંણી આવીયો   પરકાજેં વાહાણ લાવીયો ૫૨૧
સ્ત્રી-ચરિત્ર મનાવ્યા માંન   કરી હલવી જિમ પીપલ-પાન
પરદુખ ભંજન-નેં કારણેં   આવ્યા દેશ તાહરે બારણેં" ૫૨૨

દુહા

'પાએ લાગ્યો પુરપતિ   'ધન ધન માહરો દેશ
ધન છે આ નગર-નેં   દીઠા નીરમલ નરેશ ૫૨૩

જયજયકાર જશ હુયો જયકારેં જયકાર
કાને કીરત જેહ-ની તે આવ્યા આ ઠાર ' ૫૨૪
નગરસેઠ ને નરપતી પુરપતી-નો પરધાંન
કન્યા-ની કંકોતરી દેઇનેં ઝાઝાં માંન ૫૨૫
હીરા સમુદ્ર-ભેટ-ના નીલ મણી નવ લાખ
ભેટ કરેં તે ભુપ-નેં સ્વપને નહી જે સાખ્ય ૫૨૬
પાંચ લક્ષ તો પીલાં મણી સ્વેત મણી લખ સાત
રક્ત મણી શાંમ મણી વીસ લક્ષ-સુ વાત ૫૨૭
સાથેં જે આમંદ હતો વેપારીયા-નો તંન
તરુણી ત્રણ પરણાવીયો માણી મનાવ્યુ મન ૫૨૮
પ્રથમ પુત્રી પ્રધાન-ની રીજે બીજી રાય
તરુણી ત્રીજી શેઠ-ની ચતુરા રુડી લાય ૫૨૮અ
લોક મલ્યા છેં લક્ષધા કરેં અરજ ' સુંણ રાય
ગુંણિકા-નેં દેં સુલીઇ હઇડું ટાઢું થાય' ૫૨૯
આણી તે ઉભી કરી ' મુડો એહ-નુ સીસ
ખરવાહન એહ-નેં કરો સુલી દ્યો આ દીસ ' ૫૩૦
કર જોડી કહેં કાંમીનિ 'આવ્યા વીક્રમરાય
સુખ કીધુ છેં સરવ-નેં મુઝ-નેં દુખ કીમ થાય ૫૩૧
મેં ચરીત્ર મોહ્ડુ કર્યું તો ઇહા આવ્યા ભુપ
નહી તો દરસન કીહા-થકી રઢીયાલુ રાજસ-રુપ ૫૩૨
પ્રસન થયા પ્રથવીપતિ કરણા તેહ-નેં કીધ
સરવ માલ સમરપીયો સરપાવ સવાયો દીધ ૫૩૩

ચોપઇ

'દુખ દેશ બાધિં-થી ગયુ દેવ તમારું દરસન થયુ '
વલેં તીહા-થી વીક્રમ-નરેશ મન ધરેં પોતા-નેં દેશ ૫૩૪
વોલાવી સહુ પાછા વલ્યા પ્રીત ધરીનેં પંથેં પલ્યા
કોડ પશાય લોકેં કહાવીયા ઉજયેણી અધીપતિ આવીયા ૫૩૫

વણીક-પુત્ર-નેં નહી વીશ્વાસ ‘ગરથ રાખસ્યે’ પોતાની પાસ
પાછો આપેં માલ માહરો તો પાડ માનુ તાહરો ૫૩૬
ત્રણેં કન્યા આણી જેહ એ ઘર-મા રાખેં એહ
એ કન્યા આપેં તો લેઇ જાયુ તો હુ ન્યાહાલ ઘણો થાયું ૫૩૭
સાત કસ્તુરી સાત અગર એવ્હુ પોહોચેં મારે વાસ’
વણીક એહવુ મન-મા ધરે હઇડા-ભીતર ડગમગ કરેં ૫૩૮

દુહા

પુરમા રાજા પરણયો તેડી વણીક નો પુત્ર
‘ સઘલી અમરીધ તાહરી ભોગવ તું ઘરસુત્ર ૫૩૯
વાહણ અઠાવીસ તાહરા’ તરુણી સુપી ત્રણ
અમુલ્ય મણી અલખલ્ય ઘણી સુપી સરવે શરણ ૫૪૦
સાસરવાનો શુભ કર્યો પૂરણ પંચ પશાય
પુર-સુધી પોચાડીયો ગજ થઇને ગાય ૫૪૧
સજન સહુ-નેં સુપીયો સુપ્યો પુરપતી પાશ
શેઠ ગયો સ્વદેશ-માં વીવીધ્ય સોભાઇ વાસ ૫૪૨

એહવો જે દાતા હસ્યેં જે કરસ્યેં પર-કાંમ
તે એ આસન બેસસેં દેવ-તણો એ ઠામ ૫૪૩
વીક્રમ-મહિમા સાભલે આણી મન-માં ભાવ
ટાઢો ઉ નો ચોથીયો સ્વપનેં નાવેં તાવ ૫૪૪
એમ કહીનેં પુતલી આપે ગઇ આકાશ
અઢારમી કથા પુરણ થઇ કહે કવી શાંમલદાસ ૫૪૫
એહ ઇન્દુમતિ પુતલી કહી કથા સુવીશાલ
હવેં પ્રદ્યુમના બોલ-યેં આગલ વાત રસાલ. ૫૪૬

ભાભારામની વારતા

કવિ શામળ ભટ કૃત સિંહાસનબત્રીશીની ૧૯ મી વાર્તા

(કહેનાર પૂતળી પ્રધુમ્ના)

ચોપઇ

મેવું આદ્ય માતા સરસતી — આપે વીદ્યા મહીમા મતિ
બ્રહ્મા ચ્યારે વેદ જ ભણ્યો — સરસતી-પ્રતાપે ગુણ સર્વ ગણ્યો ૧
બાવન અક્ષર વીદ્યાનુ બીજ — બારે રાશ રાજસ-ગુણ-રીઝ
અઢાર પુરાણ એક રોમે વસે — તે વીદ્યા મહાગુંણ મસમને ૨
જેહ-ને શ્રી-સારદા પરસન — દેવ તેત્રીસ કોડના નીત દરસન
વેદવ્યાસ ઇશ્વર નો અવતાર — શ્રી-સરસ્વતી હૈડા-નો હાર ૩
કોડ ઘણા કીધી તે કવી — નૌતમ વાત તેણે બાધી નવી
તે સરસ્વતી-પ્રતાપ — કરૂણા કરે તે આપોઆપ ૪

છપય

બ્રહ્માને તુઠી ભેદ, વેદ ચ્યારે વખાણ્યા
વાચે અઢાર પુરાંણ, પ્રીત-થી તે પરમાણ્યા
અષ્ટપદિ જયદેવ, વરણવી તે વેદ ન વામ્યો
પદમાવતી પદમની નાર, પ્રીત-થકી તે પામ્યો
જુવતી થઇ તે છુવતી, તે પ્રાક્રમ પામ્યો બહુ
સંસાર-માં સાર છે સરસ્વતી, સામલભટ કેહે એવો સહુ ૫

સરસ્વતી-કેરું ધ્યાંન, ગોવંદ ગુંણુ નીત નીત ગાઈ.
માહારુદ્રજી માગેં માંન, પ્રણુમી પરસન થાઇ
અઠ્યાસી સહસ્ર રુખીરાય, જોજના જુગતેં જોડેં
તેત્રીસ કોડ જે દેવ, હાથ એ આગલ ઉડેં
ૐકાર-મંત્ર તે સરસ્વતી, જેહુ-થી સૃષ્ટ પેંદા થઇ
ખટ દરસન ખટ શાસ્ત્ર-મા, સાંમલ કવીઇ મોટી કહી ૬
શ્રીકૃષ્ણુ-આગલ કર જોડ, નવ ગ્રહુ-નેં મીર નાંખ્યો
ચતુરભુજ-ના ચાપો ચરણુ, પુરણુ મન-વંછીત પામો
પધ્યત જ પુજા કોડ, મંત્ર-જંત્ર મહા મહીમા
હાકી જીતે કોડ, સીધ્ય શીવ-પુજન સીમા
જગદંબ અંબ જે ઇશ્વરી, કરેં અષ્ટ નીધ્ય કરુણા
સાંમલ કહેં સેવો સહુ, આદિ-શક્ત અનંપુરણા ૭

ચોપઈ

પ્રથમ શ્રી સરસ્વતી પ્રણુમું વીક્રમાજીત-બલ તો વરણુવું
સીંહાસનબત્રીસિ અતી સાભલતાં થાય નીરમલ મતી ૮
ગુંણુપત્ય રુડો દુંદાલો દેવ અરવ-પેંહેંલી તો એહ-ની સેવ
પ્રથમ એહુ-ની પુજા કરેં ભંડાર તેહુ-ના ભરપુરેં ભરેં ૯
મોદક-નો તો એહુ-નેં આહાર સઘલા દેવ-માં એ છેં સાર
જેહુ-નેં વાહલું તેલ સેંદુર રક્ત પુષ્પ તે એહ-નુ નુંર ૧૦

દુહા

શ્રી-મહારાજ નૃપ ભોજ ભડ આપ વીચ્યારું મંન
પંચામૃત લેઇ પુજીયું અધિપત એ આસન ૧૧
પ્રદક્ષણા પુરણુ કરી બેંસે તેણું ઠાંમ
'માં માં' કહેં છેં પુતલી પ્રથમના જેહનું નામ ૧૨
'પગ મ ધર, રે પુર-પતી બેઠેં સુખ નહી થાય
એ આસન છેં ઇંદ્રનું બેઠો વીક્રમરાય ૧૩

વિક્રમ નગરચર્ચા જોવા નીકળે છે

વીક્રમ-સરિખો દાતા થસ્યે' પુરણ પરમારથ-પ્રીત
એહવા બેસે' એ આસને' રાંમરાજ્ય-ની રીત્ય ૧૪
સંકટ-હરણ તે સુખ-કરણ તરણ તારણ-સંસાર
સહોદર પર-નારિ-નો દેવ-રુપ દાતાર ૧૫
તે-વીણ એ આસન-પર કરે' સપરસ-સંયોગ
પામે' અદાતા આપદા કે' દેહે' વ્યાંપે' રોગ ૧૬

ચોપઇ

મહીપત્ય મન જાંણો તે કરો પુજા કરો જ કે' પાય જ ધરો'
ભોજરાજ કર જોડી રહ્યો બોલ પુતલી-પ્રત્યે' કહ્યો ૧૭
'સાંભલ્યુ વીક્રમસેન્ય-નું નાંમ સ્યાં સ્યાં કર્યાં' પરમારથ-કામ
તે વીસ્તારીને' કહો મું-ને' પ્રણમી પાય લાગું' છુ તુ-ને' ૧૮
તેહવો થાયુ તો પાય જ ધરુ નહીતર એહ-ની પુજા કરુ'
એમ કહી કર જોડી રહ્યો બોલ રાજા-ને' પુતલીઇ કહ્યો ૧૯

દુહા

પ્રીતે' બોલી પ્રેમદા' સુણ રે ભોજ સુજાંણ
ઇંદ્ર-તણો સુત અંશપત્ય પ્રતાપ પુરણ-પ્રમાંણ ૨૦
લઘુલાઘવી-વીદ્યા લહે' પરકાયા-પરવેશ
અદ્રષ્ટ-વીદ્યા આચરે' આણ્ય અખિલ આ દેશ ૨૧
અઉરણી અવની કરી ધરમ-વાત ધૃડ ધીર
શાકો ચાલ્યો શાસ્ત્ર-માં વડહથ વીક્રમ વીર ૨૨
અકસ્માત ઇમ દિલ કર્યુ' રંજીત રુડો રાય
ચતુર ચાતુરમાસ-માં ચરચા જોવા જાય ૨૩
અંગરખ્યો ધર્યો અંગ-માં ઝલમ-ટોપ સુભ સીસ
મહીપતે' મેહ-માં મન કર્યુ' વીષમ દોહલે' દીસ ૨૪
'વર્ણ અઢાર વાસે' વસે' પ્રથક-પ્રથક પુર-માંહે'
એક-એક દિવસ સરવ-ની ચરચા જોયુ ત્યાંહે'' ૨૫

વાસ જોયો તીહાં વીપ્ર-નો ભુપત્ય આંણી ભેદ
સ્નાંન કરેં સકાલ-માં વાંણિ ભણતા વેદ ૨૬
આપેં અરઘ અરુણ-નેં સેવે સાલીગરાંમ
પરસાદ આરોગેં પોહોર-માં કર-થી ન કરેં કાંમ ૨૭
વાહેંણેં ઉઠી નાહેં નીત્યેં સીવ-પુજન કરેં તે દિશ
જપ-માલા નિત્યેં હાથ-માં ધ્યાંન ધરેં અહર્નિંશ ૨૮
અખોટ અખોખણ અતિઘણા કો ભીક્ષાવશ થાય
શ્રાધ શેવા કેં સમરણેં કેં ભોજન કરવા જાય ૨૯
દુખ ન દેં કાંય દેહ-નેં કરમ-અનુસારેં ખાય
સુખસાગર-માં ઝીલતાં રીઝો દેખી રાય ૩૦
નીત્ય ચરચા કરેં નાત્ય-ની કરેં ભોજન-ની વાત
લખ્યણ ઝાઝું લોભ-નુ ખરી લાડુઇ ખાંત્ય ૩૧
વીપ્ર રુડા એ વરણ-મા વીપ્ર વડેરે વંશ
ત્રણ લોક-નેં તારવા અધિકારેં એ અંશ ૩૨
બ્રામણ એ તો ભુપતિ બ્રાંહ્મણ સીરોમણ-સાર
બ્રાંમણ-નેં જે કો પુજસ્યેં તે પામેં ભવ-પાર ૩૩
બ્રમાઇ બ્રામણ કર્યો બ્રાંમણ પરતખ્ય પીઠ
દેવ બ્રાંમણ-મા અંતર નહી દૈવત એહવું દીઠ ૩૪
દેવ સહુ-નો દેવતા બ્રાંમણ-માં સઘલા ધરમ
સાંમલ કહેં સહુ-થી વડા તે તો ભારે ભ્રમ ૩૫

વણીક-વાસ જોયો વીપ્રેં આપ અલેખેં અહાર
લેખણ-માં લેં લોહીનેં ભોગેં ઉપાડેં ભાર ૩૬
દુંદ મોટી નેં દુખ નહી હરી બેઠા રહેં ઠાંમ
સાહા નાંમ સદ્ કો કહેં જોડેં ઝાઝા દાંમ ૩૭
ઉછું આપવેં આગલો લેવે અદકો લાભ
સુલ કાઢેં માગેં તીહાં ઉડલ ઘાલેં આભ ૩૮

ડાહ્યા દેવું વાલવેં લેખું ગણતે લીન
મલીને વરતે મોહોટાં જનેં જિમ વરતે જલ મીન ૩૯
થોડે કાંમે દાંમ બહુ રમે ઘણેરા રોક
મીથ્યા મો કુટે ઘણુ કરે ફજેતી ફોક ૪૦
ઘાસે નહી કહે ગુંણ-વીના તરે નહી દે કાંય તોલ
કાપીને લે કાલજું બોલે મીઠા બોલ ૪૧
વણજ ઘણેરે વાણીયો વીદ્યાઇ વડો વીવેક
વશે નહી જિહા વાંણિયો તે જાંણો ઉદવસ છેક ૪૨
પેંરપેંરનાં પારખાં વીવધવીવધ-ના વ્યાપાર
સાહવટ ન્યાવટ વાંહાંણવટ તે સીરોમણ-સાર ૪૩
એક સાહ-સીરોમણી બીજો સાહ-સુલતાંન
વસતી બાધી વાંણીઇ મહિપત્ય-કેરાં માંન ૪૪
રાંક કહાવે રીત-માં કરે કોટિધા કાંમ
લેવે દેવે ડહાપણે રલવે દોકડા દાંમ ૪૫
ધરમે કરમે ધન જોડે અધીક એકએક-થી અધીકો એક
સાંમલભટ કહે સહુ-થી વડો વણીક-તણો વીવેક ૪૬

ખરું કુલ ખત્રીયાં-તણું નીરમલ જેહ-નુ નાંમ
દીલીપ-કુલ ઉપાવીયું તે રાજીવીલોચન રાંમ ૪૭
ખ્યાત જુઓ ક્ષત્રી-તણી જનક જવરલો જાંણ
સુખદેવ-સરીખો સીસ કરે પ્રીછે સરવ પુરાંણ ૪૮
કછપતી ભડ ભુપતી ઝાલાપત ને જાંમ
અર્ધ અનરગલ આપીયા એ ક્ષત્રી-કુલના કાંમ ૪૯
ખરું ખડગ ક્ષત્રી-તણુ ડાહાપણ દિલથી દાખ
ગજસ-થી રુડું નહી સી વખાંણુ સાખ્ય ૫૦
ચીંતવણ ચાતુરી ચોખવટ સુભ કાંમે એ સુત
ભલે સરજ્યો એ ભુપતી રાંણી-જાયો રજપુત ૫૧
હુંકારા-થી તન તજે દિલ-થી વાહલું દુત
મંગણ મોજ દેયણો રાંણી-જાયો રજપુત ૫૨

કુલ-માં કોય કાયર નહી   સુભ સંગ્રામે સુર
ભલે જનમ્યો એ ભુપતિ   રાંણિ-જાયો રજપુત   ૫૩
વાહારે ચઢે વીપ્ર-તણી   ધંધો લે કે ધુત
નામરદ થઇ નાસે નહી   રાંણી-જાયો રજપુત   ૫૪
સુગપણુ ને શાંણપત્ય   સરણાંગતનો સુર
ઝીયાલો ને રાજવી   રાંણી-જાયો રજપુત   ૫૫

સોની નીરખ્યા સહેર-મા   ઘડે ઘણેરા ઘાટ
તસ્કર તેહુ-સમો નહી   મન-માંન્યા લે માટ   ૫૬
ન ગણે પાપ પટંતરો   સનેહ નહી કો-સાથ
સોંનાનુ રૂપુ કરી   હેતે આપે હાથ   ૫૭
ખાઇ ખમે છતાં જેટલુ   તેહ-નુ નહી કાંય તોલ
આવે ઘેર અલખન ઘણી   ઉતમ તેહ અમોલ   ૫૮
તસ્કર જાત્ય સોની-તણી   ચોર્યા-ઉપર અતી પ્રેમ
બીજે કન્યે અડે નહી   ચોરી લે તે હેમ   ૫૯
ઘાટ ઘડે સોની ઘણા   સોના-રૂપા-ના તેહ
ઉણુ આપવે આગલો   એહ-માં નહી સંદેહ   ૬૦

કંસારા જોયા કુટીયા   ત્રાંબા-કેરા તોલ
જુના-નાં નવાં કરી   મંન-ગમતાં લે મોલ   ૬૧
કરે ઉપાવી ઉજલાં   લાભ સવાયો ખાય
માંહે બેઠો મંદિરે   જે ગજે લેવા જાય   ૬૨

દરજી-નું દેવન જુયો   સોય-દોરો દે હાથ
રાગ કરે તે રંગ-માં   સનમુખ સ્યાંમા સાથ   ૬૩
હરે વસ્ત્ર સહું વિશ્વ-નાં   અધિક અહંકારી આપ
સોટમ માંહે સોહ-તણી   જે લે લાખીણો બાપ   ૬૪
પાંખોટાં ટાલે પ્રીત-શી   બોલે નાક-માં નેહ
ખ્યાને દલ ન ગણે   તોલ પોતાની તેહ   ૬૫

ઘર જોયાં ઘાંહજાંન્તણાં જોખ જાંણીતિ જાત્ય
અદકી એક જ પાસલી નખરાં કરતી નાત્ય ૬૬
અણુબોલ્યો અદ-ક્ષણ નવી રેહે કરે તરણાન્નું મેર
અણુદીઠું અણુસાંભલ્યું સેંહેંજે નાંખે સેર ૬૭
મન-થી મેંનત નવિ કરે કરે પરાંણે પ્રીત
વાત ન પરઠે પેટ-માં તે નાઇરાત-ની રીત ૬૮

કોકીલ જોયા કારિમા હણે હરાંમીખોર
દાહાડે દાતા થઇ રહે ચીત-થી ગત્યે ચોર ૬૯
દેખી દાંમ સકે નહી મુંકે નહી મન માંમ
વેદ વીદ્યાંણુ ચુકે નહી કોકીલ-કુલ એહ કાંમ ૭૦
કોયક-નું દેંહેંવટ કરે કોયક-ને કરે નીહાલ
ઘડી એક-માહે ઘહેંલા થસ્યે ભાંત્યભાંત્ય-ના ખ્યાલ ૭૧
દીઠું રુડું મુંકે નહી છલ કરી લ્યે એ છાપ
સઘલો મહૂ લોકો-થકી એ લખ્યણ શુભ આપ ૭૨
નામેં નરમ પડ્યા-થકી સુઢે તાહરે સુર
બાંધ્યો તાહરે બાપડું નાઠો તાહરે તુર ૭૩
વેદ વીદ્યાંણુ ચુકે નહી હારી ન સકે હોડ
કહું કરતુત કોલી-તણાં જન જવરલો જોડ ૭૪

કાયર તો કોલી નહી કોલી નહી કપુત
કોલી કુલ-અજુવાલણો સાચી વાતે એ સુર ૭૫
લેવે લુટવે લખવરા અકલ ઘણે અંકોર
તસ્કર-વીદ્યા તરુવાર તતી ચૌદમી વીદ્યા ચોર ૭૬

જોયા ગગસીક ગાંમ-ના કરે ખુંખારા ખાંત્ય
અમલ અરોગે અતીઘણો હોડ હઠીલી જાત્ય ૭૭
દાવો દુસમને મુકે નહી આછો ઉપે અંગ
સમરથ્ય ઘર-માં સોભતી તોહે રાખે રંગ ૭૮

ઘણા વરણુ વઘરડા-તણાં કરેં કારિમા કોડ
જમ વાહલો કરેં જગત-માં હુસ્યેં જીતેં હોડ ૭૯
આહાર થોડા નેં અમલ ઘણો રીસ-તણો તો રાય
દાવેં થાઇ દોગ્ડી ઘણો ઘાટ દેં ઘાવ ૮૦
પ્રાસન કરેં પસાયતાં ક્ષત્રવટ-નો ખેત
મલતા જન-નેં માગ્તાં હઇડેં નાંણેં હેત ૮૧
ભાટ જોયા ભલી ભાંત્ય-ના મગ્ડેં મુંછ મહામુલ્ય
લાજ વધારેં લોક-ની ફોગટ વખાણેં કુલ્ય ૮૨
આપુ ઉગ્નીકલ કરેં વીવધ કરેં વખાણુ
આદર કરેં અમૃત કહત તજેં હુકારે પ્રાંણુ ૮૩
ગાજયો ન જાઈ ઘાહડેં લોપેં નહી કો લાજ
રીઝિ સહુ રાજા કહેં રાજસભા-નો રાજ ૮૪
પરમારથ પરિયા લગેં લક્ષ-કોટીધા લાજ
ભુંડું ભાટ વદે નહી તો રાજસભા-નો રાજ ૮૫
લાજ વધારે લોક-ની અંતર નહી ઉચાટ
સામલભટ સાચું કહેં ભલો ભુપત્ય તે ભાટ ૮૬
ચતુરાઇ જોઇ ચારણ-તણી બોલેં બરડક બોલ
માન ન દેં કો મહીપતિ તરત ઉતારેં તોલ ૮૭
વચન જ ફલે જેહ-નું વીઘાવંત વીવેક
ચોહો ખુટે ચાગ્ણ વડા અકલવંત એહ એક ૮૮
અમલ આરોગેં અતીઘણો બોલેં મીઠા બોલ
કમરેં કટાગ વાકડા તે ઘડવી તાહરુ તોલ ૮૯

ચોપઇ

નામ લેતા નવી આવેં પાર એહવી જોઇ વર્ણ અઢાર
નાંણાવટી નેસતી અતીસાર તે તો સુખે કરેં વ્યાપાર ૯૦
કડીયા સુતાર કામેં જાય છેં તે કરારેં રોટલા ખાય છે
કુંભાર કાછિયા કરેં કલોલ તેહ-નેં છેં અધકેરી રોલ ૯૧

થોડું કાંમ ને અધિકું ખાય જોતા જોતા રાજા જાય
ક્રષી-લોક તો ખેતી કરે ધરણીપત્ય હઇડા-માં ધરે ૯૨
જુગત્ય-થી જોયા સહુ લોક કાયા દુખ વેઠે તે ફોક
બીજા લોક તો સુખે રહે દુખ ન પામે કો-ની દેહે ૯૩
કણબીલોક-ને કષ્ટ જ ઘણું સ્યું દુખ જોયું આજ તે-તણું
પલવાડ-પુઠે ઠેંકાણું ઠાંમ ભોલો કણબી એક ભાભોરાંમ ૯૪
ઘણાં ઢોર ઘણું ઘરસુત્ર પોઢા પાંચ પ્રતાપીક પુત્ર
હલ-નાંગલ ખેતીના ઠાઠ ઢાંઢા અતલીબલ ઘર-માં આઠ ૯૫
હલબલ કરે ગાડાં જોતરે ધરણીપત્ય રુદયાં-માં ધરે
ઘડી પાંચ રયણી જાહરે તે ઉઠે સુતાં તાહરે ૯૬
ગોબર કાહાઢવા ઢોરાં છોડીયાં પલાસ-તણાં પાંગરણુ ઉઢીયાં
કધાંન સવે ઘર-માં ખાય મહેનત-મજુરી કરવા જાય ૯૭
ખભે હોલ કરીને ધાય રહ્યો નીરખવા રીઝી રાય
ભુમી ખોદવા હલ જોતર્યું વરખ-તલે મેહલાંણુ જ કર્યું ૯૮
વારાફરતી આવે જાય પલક એક ટકે નહી પાય
વાઢે ઝાંખરાં કાંટા ઘણા કરે નહી રક્ષણ કાયા-તણાં ૯૯
કાંટા સુડ(? ડી)ને વાડયો કરે જીવ-જંત-થકી નવી ડરે
થુહર-ખરસાંણી ઉપર નેહ દુધ તેહ-ના લપટાઇ દેહ ૧૦૦
વાઢે બાવલ ને બોરડી કંન્ટે દેહ થાઇ દોરડી
મેહ વરસંતે ધ્રુજે હાડ સુખે કરે વાઢે-થી વાડિ ૧૦૧
પાહાંણુ હોય તો પાણિ-થી બીહે કણબી-ને મેહલીબ તી કીહે
ખડધન આહાર ખેતર-મા ખાય એટલી વાર ટકાવે પાય ૧૦૨
તરણેંતરણે વીણે ચાર ભારે અતોલ માથે લ્યે ભાર
પાંચ ઘડી નીશા-નિ ઘેર ઘણા હેત-થી આવ્યા ઘેર ૧૦૩
રાશ પરાણો જોતર જુઇ સાચી મધ્યરાતે તે સુઇ
તીહાં વૈભવ-નો નહી પાર ઉડે ડાંસ તે તેણી ઠાર ૧૦૪

ગત-સમે તો રણ-મા મુઇ — ઉઘ અધીકેરી તે નવી ખુઇ
માકણ ચાચણ કરડે ઘણા — તેહ-ના દુખ-મા નહી કાઇ મણા ૧૦૫
ખાવુ થોડુ ગલવું ઘણું — દુખ નિરખ્યુ તે કણબી-તણું
એક દિવસે એકાતે ઠામ — રીઝે ગયે બોલાવ્યા ગંમ ૧૦૬
'મોહોટા કાં જી દુખીયા થાયો તમ્યો — તે સગ્વે દીઠુ છે અમ્યો
પ્રીતે-થી તે દુખ પરીહરો — ઉડો હાથ કાંઇ ઇછા કરો ૧૦૭
આપ મન-માહે આવે અરથ — ઘણો માગો મુઝ-પાને ગરથ
દુખ વેઠવુ ન પડે દેહ — એહવી વસ્ત માગો જી તેહ ૧૦૮
તમ દુખે દુખીયો થાયું છુ — નીતનીત દુખ જોઇ જાયુ છુ
આપ વીચારી કરોને આમ — પ્રીત ધરી માગો મુઝ-પામ ૧૦૯
જેહ માગો તે આપુ અમ્યો — મુખે ઘેર બેસી રહો તમ્યો'
ચાર બોલ રહે-મા વસ્યો — હેતે ભાભોરામ જ હસ્યો ૧૧૦

દુહા

'કહે ભાઇ તું કુણ છે — આવ્યો આપવા આજ
દુખીયો કહેતા મુઝ-ને — આવુય ગ્રહે-મા લાજ ૧૧૧
સમરથ કોય સરજ્યો નથી — સૃષ્ટ બ્રમા-ની માહે
કણબી-ને આપી સકે — કોણ પુરશ છે કાહે ૧૧૨
મન-ની વાત માહાગ તણી — કોહો તો કહુ એક કામ
સમ ખાઇ સાચું કહે — પ્રથમ તાહરુ નામ ૧૧૩
ગય પ્રધાન-ને પાટવી — પટલ તલાટી થાય
ગામાતરુ ગરાસીયો — તે માહરુ આપ્યું ખાય ૧૧૪
દેવોત દેનાઇ અતીઘણા — ઘણા ધંધા-મા ધાય
ભાટ-ચારણ તો અતીભલા — તે માહરુ આપ્યુ ખાય ૧૧૫
ગન્ય થયા'તા રામ-ના — કર નોહોતો કો દિશ
કર તે દાહાડે આપતા — કણબી દીલ અહનીસ ૧૧૬
ભાટ ભવાઇ ને બ્રામણા — વસવાઇયા જુગ જોડ
આમ કરે તે અમ-તણી — કણબી-કેરે કોડ ૧૧૭

તમે કોણ છો તે કહો તો કહું મન-ની વાત
સીવ-આગ્ના સાચું કહો જેહ તમારિ જાત્ય' ૧૧૮

'શેવક હું હરસીધ્ય-નો દેવ-વીપ્ર-નો દાસ
પાલક સહુ પરજા-તણો પુરી અવંતી વાસ ૧૧૯
માંગણ મોજાં દેયણો કરણ દુખ-ભંજન કાંમ
અરી-ગંજણ રંજણ-સજણ નરપતિ વીક્રમ નાંમ ૧૨૦
નીરખ્યુ નગર નેહેં કરી વરણ અઢારેં વાસ
ચરચા જોવા જુગત્ય-સું પ્રીત્યેં આવ્યો તુમ-પાસ ૧૨૧
દુખ દીઠું તુમ દેહ-નુ કાયા બેઠો કષ્ટ
પરોઢ-થી પોહોર ગત્ય-સ્યું ધારી જોયું દ્રષ્ટ ૧૨૨
માલ થોડો મેંનત ઘણી જુગત નહી કો જાગ
તે પરખી પરસન થયો મન-માનેં તે માગ્ય ૧૨૩
રખે ઉણુમ રાખતા લેશ મ ધરશો લાજ
કોઇ પોહોચાડું કુલ-તણાં કહેં અમ-સરીખું કાજ ૧૨૪
વરદાંન અમારેં એટલુ દુખ-ભંજણ મુલ દેહ
માટેં માગો મુઝ-કનેં નસંક ધરીનેં નેહ' ૧૨૫

ચોપઇ

કહેં કણબી 'સાંભલ્ય રે અંશ દેવ-રુપ વારુ તુઝ વંશ
રીશ ન કરસ્યો કહેંતા કથી માહારા મંન-મા કપટ નથી ૧૨૬
વારુ બીજી અઢારેં વરણ અભીનવા સહુ-નેં આચરણ
મેંહનત થોડેં મુલ જ ઘણુ. સ્યુ દુખ નીરખ્યુ તમ્યો અમ-તણુ ૧૨૭
ત્રણ શેં સાઠ દીવસ સુખ જોય હેતેં વરસ એક પુરું હોય
એહ-માં ઘડી એક બેંઠા-નો માગ લેશમાત્ર જડેં નહી લાગ ૧૨૮
ગત્ય દિવસ તો ફેરી ફરું એહવાં કાંમ તો નિત્યેં કરુ
તેહ-માં એક ઘડી-નુ સુખ દાવાદલ કણબી-નેં દુખ ૧૨૯
મહાકષ્ટેં અંન પેંદા થાય વરણ અઢારેં સહુ વેચી ખાય
એક બળદ નેં કણબી સાર ઉપાડેં પ્રથવી-નો ભાર ૧૩૦

એક ખત્રી નેં બીજો તુરી — દેશ જીતવા કીધા હરી
બીજો બલીયો કુંણ કણબી-પખેં — અતોલ ભાર ઉપાડી સકેં ૧૩૧
બ્રામણ ગાય નેં તુલસી જેહ — તુમડા સ્વરગ-તણા તો એહ
એક સન્યાસિ બીજા જોગણા — એહ તુમડા સ્વરગ જ તણા ૧૩૨
અગથીયો ભાગરો પીપલ-પાન — એ પીત્રી-ઉધારણ-ના ઠામ
ગંગા-નરમદા મહિમા ઘણો — એ પાવક પાપ બાલવા-તણો ૧૩૩
એક વણીક નવીસંદો નામ — સહુ-નો સહીયારી વણ-કામ
વંશ ખત્રી આચારી જેહ — એહ વાત મા તો નહીં સંદેહ ૧૩૪
એક ગુણીકા બીજી માલણી — મન-રંજણ દ્રવ્ય નીકાલની
એક સુરજ નેં બીજો ચંદ્ર — જગત-માંહિં અજુવાલો ઇંદ્ર ૧૩૫
એક ધરતી નેં બીજો મેહ — જગત-રખ્યણ-કેરી દેહ
એક નરમદા બીજી ગંગ — જગત-પાવન તેહ-ના અગ ૧૩૬
એક અન નેં બીજું નીર — સકલ લોક-નું એહ શરીર
મણી-માણિક નવિ આવેં કાજ — અગની નેં માધોક (?) મહારાજ ૧૩૭
અગની-નીર-વીના નવી રહેંવાય — તે-વીના તો રહેં કાય
જવ તલ નેં અક્ષત અતિ — તે-થી પીત્રિ થાઇ તરપતિ ૧૩૮
પ્રથવી-માથી એ પેદા થાય — એહ-થી રહે મનુષ્ય ની કાય
એ સરવ જગત નેં કારણેં — જીવાડવા નેં એ તો વારણેં ૧૩૯
એક સુગલ નેં બીજો ચોર — જગત-માહેં અંધારુ ઘોર
એક દયાવંત બીજો દાતાર — સકલ પ્રથવી કે સાર ૧૪૦

ઇશ્વર-કેરુ એહ-મા નુર — તેહ-નેં પરમેશ્વર હજુરાહજુર
દોસ્તી સહીયર વાડાના ઘણા — એહ ઉઘન-મા આડમા ભાગ-ના ૧૪૧
શુભ મોચી બીજો સુતાર — પામેં ભાગ કણબી મા બાર
નાપીક-જંન જે નખરા કરેં — લેતેં ભાગ વીસમો તે હરેં ૧૪૨
ધોબી કે આવેં અપાર — ભાગ અઢા-મો દયેં તે ઠાર
દેશાઈ તલાટી કરે બહુ જોર — ચોથા ભાગ-ના એ પણ ચોર ૧૪૩

ગરાસીયો ગુણવંતો પેંર   ભાગ સોલમો બેંઠાં બેં ઘેંર
બ્રાંમણ આવી આસીસ જ દેં   તે પણ એ માગીનેં લે ૧૪૪
ભાટ્ચારણ કરેં કવીત   હરેં માંહેથી એ તો વીત
બીજા આવેં ભીખ્યા-કારણેં   તેહ-માંથી ભાગી જાયેં વારણેં ૧૪૫
એહવાં કૈ લખધા આવેં લોક   માગી ખાય તે પણ ફોક
સતવાદિ હાકમ જે વરધ   પામેં ઘેંર બેંઠાં તે અરધ ૧૪૬
કોડ વરણ અઢારેં કહ્યા   સહુ-કો કણબી-કેડેં થયા
કણબી આસ કરેં જે તુ-નેં   એહવો એક દેખાડો મુ-નેં ૧૪૭
કોકીલ ભાગો તાહરેં ચોર   હાકમ ભાગો વાલેં ઢોર
વણીક ભાગો દેવાલું સહેંલ   બ્રાંમણ ભાગો નાંખેં ટહેંલ ૧૪૮
દેશાઇ ભાગો દાવા કરેં   બીજા સહુ ભીક્ષા આદરેં
દેશોત ભાગો મારેં વાટ   કરેં જમાંની ભાગો ભાટ ૧૪૯
વેપારી ભાગો જાય વિદેશ   પોતાના પરિયા વખાંણેં વેશ
કણબી ભાગો ખેતી કરેં   હાથ કો-આગલ નવિ ધરેં ૧૫૦
ભુંડો હાકમ કર બહુ કરેં   વાહલાં પોતાનાં આગલ ધરેં
રુડો હાકમ લેં નહીં નાંમ   તો વાસેં કહેં બીજું ગાંમ ૧૫૧
ઇશ્વર-આગલ ઉઢેં હાથ   સાચું બોલું છુ હુ તમ-સાથ
મહીપત્ય માનો સાચો મરમ   કહું કરતુત કણબી-નાં કરમ ૧૫૨
ત્રણ સત સાઠ દિન લેખેં લીયો   સુખ-નો દાહાડો કણબી-નેં કીયો
ન મલેં એક ઘડી બેંઠા-નું સુખ   દારુણ વેઠેં દેહેં દુખ ૧૫૩

પ્રથમ વૈશાખ માસ એ સાંર   તે દાહડેં-થી મેંહેંનત અપાર
આદ પરવણી અખયા-ત્રીજ   કરે મુહુરત ખોલેં બહુ બીજ ૧૫૪
ડોઢાં સવાયાં બમણાં લખેં   ઇશ્વર-ઉપર પુજી-પખેં
ગડમથલેં ગાડાં જોતરેં   ખાતર પુજા મેંહનત કરેં ૧૫૫
ઉકરડા ઉસરડેં ગોખી-તણા (?)   મેંનત-માં નવી રાખેં મણા
સરીર ઉઘાડેં તડકો સહેં   ભાર અલેખેં માંથેં વહેં ૧૫૬

કાઇ મંન નવી ગમે કુડ   ખોદે કોદાવે ભુમી સુડ
ગોખરૂ કાંટા નવી ગમે છેક   તે ભુમી સુધ કરે નર નેક ૧૫૭
અધરી ગમે મન-માં આશ   આવે જેઠ એમ કરતાં માસ
લાકડ-જોકડ તાકે ઘણાં   હલ-પંજેટી કરે તેહ તણાં ૧૫૮
કોશ-કોદાલા લોઢકટ ઘણી   સી કહું મેંનત તે નર-તણી
ખાવું થોડું ખડધન છાશ   હલ-પરાંણો પ્રીતે પાસ ૧૫૯
રાત્ય-દિવસ ને સાંઝ-સવાર   જંપ વાલીને નવી બેસે ઠાર
પેહેલી પાછલી ઉઠે રાત્ય   ખેડે ભુમી પોઢે પરભાત ૧૬૦
વણીક-ને ઉપજાવે રીઝ   ઘેર આવ્યું જોઇ તે બીજ
માથે ગાજે અષાઢો મેહ   ધુજે ગાત્ર, ઉઘાડી દેહ ૧૬૧
પુછ તે પ્રથવી-માં ધરે   ખેતર-પાછલ વાડ્યો કરે
ભુમીયો તો વાવે છે ઘણી   સર્વ અનાજ નીપાવણ-ભણી ૧૬૨
ખરસાણી બાવલ બોરડી   નહી શાંત કાયા-મન અડી
થોડા વરસે તો વાટ જ જુઇ   ઝાઝો વરસે બી-બીયારં ખુઇ ૧૬૩
અમધારણ વરને જાહરે   અન તો પાકે છે તાહરે
શ્રાવણમાસ આવે જાહરે   નીંદવા જાઇ નારી તાહરે ૧૬૪
અરભક નારિ ને યુવતી જાત   વેઠે શીર-માથે વરસાત
ભીના વસ્ત્ર દેહ ટીપે ચુઇ   ઓઢવે વસ્ત્રે ઘર આવી સુઇ ૧૬૫
ભરપુર દેહે ભીનો રહે   એ દુખ કો ને નવી કહે
ભાદરવે ભારે દુખ-જોગ   ઘડી એક નવી રહેવું ઘેર ૧૬૬
સામા મણુચી બગ્રી બહુ   ભાજીપાલો વેર્યો બહુ
પ્રદખણા ખેતર-ની કરે   આઠ પોહોર તો પુઠે ફરે ૧૬૭
ઘડી એક ટકાવે નહી પાય   કષ્ટ વેઠે છે પોતા-ની કાય
ડોડે અંન આવે જેટલે   આગોઇ આન્યા તેટલે ૧૬૮
શુભ માલા સાતીડા ધરે   ગોફણ ગુંથે ને ગોલા કરે
"હેહે" "હેહે" કરે હુંકાર   છાનો ન રહે લેશ લગાર ૧૬૯
ચર-ના સુખ-સાહમું નવી જુઇ   સીયાલા-મા વગડે સુઇ
મોહકમ પંખી-ને દે માર   પંખી નવી આવે એણે ઠાર ૧૭૦

કાચું કોરું ખેતર-માં ખાય   રાંધ્યું તો ઘર-માં લેઇ જાય
કારતગ-માં કરે કલોલ   હાકમ પ્રીતે બેસે પોલ ૧૭૧
ફરે આંણુ ઘાહડ-થી ઘણી   થઈ બેસે ખેતર-નો ધણી
ખાતાં માલ દેખે જેહ-ને   જઈ હેડે ઘાલે તેહ-ને ૧૭૨
જાંણે મરવ માહરું લુટાય   કો-ને નવી પેંશવા દેં માહેં
જ્યોજ્યો એહુ વીધાતા-વાંક   વાવનાર બિચારો રાંક ૧૭૩
એ દુખ બીજા કો-ને હોય   અરે રાય તું દ્રષ્ટે જોય
માગસીર માસ ભરાયે મંન   ભાગ્ય સારું તો પાકે અંન ૧૭૪
કુડો ભુંડો દુષ્ટ કલનાર   કલે બાવીસ હોય જો બાર
નીચ માંણુસ નીચ દ્રષ્ટે જુઈ   તો તેહ-ને નાંમે એહુ રુઈ ૧૭૫
સારો હોય તો સાચું કલે   નહીતર જાઇ ખલવાડે ખલે
કાહાડી કરજ ઘર-માથી ખાય   ખેતર-સાહમું નવી જોવાય ૧૭૬
કો લેઇ જાય ખેતર-માથી આપ   તો એહું-ના પુગ્ણ પાપ
પોસમાસ-ઉપર બહુ પ્રીત   કરે મજુરી કુલ-ની રીત ૧૭૭
કઠોલ વીણવાને તે પણ જાય   આખો દિન તે ધંધે ધાય
લણવા ઢાલવાંને હાલરાં   મોહવા ઉપણવા આલરા ૧૭૮
ખરજ્ય ખજુલી ખાત્યે ખાય   કરમ-અનુસારે અંન જ થાય
હલો હરકતી મલે ઘણા   ધ્રુજે હાડ તે એહુ-તણા ૧૭૯
માહામાસ-ના પામ્યા લાગ   કરે કણ ઢગલા બે ભાગ
અરધ ભાગ હાકમ તે હરે   અરધ-મા આવી લોક જ ઠરે ૧૮૦

પરથમ બી-વાલો લેઈ જાય   તાર-કેડે સહુ પેંદા થાય
પછે બ્રામણ આવે માગવા-કાજ   તે તો આણે અધીકા વાજ ૧૮૧
ખડ જગન કરીને લે   અધીકી તે આસીસ જ દે
નાપીક આવે તે નાંમી સીસ   દેખાડે આરસી તેણે દિશ ૧૮૨
સઈ સુતાર મોચી-ના ઠાઠ   "ભલો ભલો" કહેતા આવે ભાટ
ભવાઈયા કે આવે ભાડ   ચાલા ચેટક કરે છે માડ ૧૮૩

ઢાઢિ ચારણ આવે છે જ્યાહ   કરે ગ્યાન-નંબુરો ત્યાહ
જે કો ભીખ-ની ઈછા કરે   તે આવી ખોલો પાથરે ૧૮૪
જણ ભાગીયા બલદ ને બીજ   તે સહુ-કો આણી રીઝ
લુટી લેતા-મા જે ગ્હે ઘેર   તે આવે કણબી ને ઘેર ૧૮૫
તગાવી માગણા મોટા સાચ   લીધી જોઈઇ પટલ ને લાચ
એહુ બેઠો સાહામુ જુઇ   તેહ ના છોકરા ભુખે રઇ ૧૮૬
ફાગુણમાસે હોઇ વસંત   તે દાહડે પણ દુખ અનંત
સ્યું કહુ મોહટે દુ તે તણું   દુખ તો કણબી ને સીર ઘણું ૧૮૭
ઝાડ-બીડ જાલવવા ગ્હે   તડકા ચૈત-ના માથે સહે
એહવા-મા શત્રુ માતરું   મલે ઘોડાગેગ-મા તરું ૧૮૮
કણબી-દુખ-તણો નહી પાર   ધરતી-નો એહ ને સીર ભાર
બીજો જોટ બલહદ ઢલો   કણબી બલદ સમતોલે કહ્યો ૧૮૯
રાજાજી નવી કરશો રીસ   કહુ પાગ નમાવી શીશ
નો ઘર સાહાગ કબીલા તણા   બીજા ઘર કણબી-ના ઘણા ૧૯૦
એકેક સહસ્ત્ર મણ પકવે ધાન   આપે અરધ મહીપતિ ને માન
હાથી ઘોડા લશકર તાહરુ   જીવે અન ખાઈ માહરુ ૧૯૧
તો અમ ને સ્યુ આપો તમ્યો   સાચી વાત કહું છું અમ્યો
માહારા હોસ થી મે આપુ રાય   દસ-બારેક હાથી તેહ-ના થાય ૧૯૨
પર દુખ ભજન તમારું નામ   કરો લોક બીજા-ના કામ
અમ-ઉપર જો કરુણા કરો   ભાગ નવી લ્યો તો ભુખે મરો ૧૯૩
ખેતી-માહે ન માગો પીઠ   તે કો રાય એહવો નવી દિઠ
પાછા ઘેર તમારે જાયો   રલે કણબી તે સુખે ખાયો ૧૯૪
કણબી હાથ ઉરૂ જે કથી   તે અમાઈ સરજ્યો નથી
ખડધાન ખાઇ છે તે અતીસ   તોહે કોહો ને નવી નામે શીશ ૧૯૫
આખો દિન જો ભુખ્યો રહે   તે કોહો-ને મોહોઢે નવી કહે
ઘર મા હોઈ અધકી અણાચ્ય   તોહે કણબી નવી ઉરૂ હાથ ૧૯૬
મંદિર જાયો મહિપતિ તમ્યો   નથી માગતા કાઇ અમ્યો'
ભાલે ભાગ્યો એહવો ભેદ   ખરો રાય ને લાગો ખેદ ૧૯૭

દુહા

વીચ્યાર કરી વીક્રમ કહેં   'સત્ય કહ્યું એ કાંમ
મન સંદેહ માહરો ગયો   તમ્યો ભોલા ભાભોરાંમ ૧૯૮
સહુ-મધ્યે સીરોમણી   મોહોટમ કીધિ મહેંર
રીસ ન કરો રુદયા-વીપેં   તો સાચો .કહું છું સેર' ૧૯૯
રાંમ કહેં 'સુંણુ રાયજી   આપણુ છું એકાંત્ય
કરેં રીસ કુઇ પરેં   ભાગો મંન-ની ભ્રાંત્ય ૨૦૦
અવગુંણ હોઇ અમ-તણો   તે કહો આણેં દિશ
પ્રતીઉતર તેહ-નો કહું   રાય મ મ કરસ્યો રિસ' ૨૦૧

ચોપઇ

બોલ્યો નરપતિ તેણેં ઠાંમ   'સાંભલ ભોલા ભાભારાંમ
કણુબી-ની ઉતપત કીમ હોય   પુરાંણુ-માંહેં નવી પ્રીછેં કોય ૨૦૨
તેહ બતાવો અમ-નેં આજ   કહું હું તે કરોનેં કાજ
ઉત્તમ જાત્ય કેં મધ્યમ તમ્યો   એટલો સંદેહ પુછું છું અમ્યો ૨૦૩
ઉતમ કુલ-નાં તો નહી કાંમ   મધ્યમ દીસેં છેં તમ નાંમ
કેહું છે તમ કુલ-નું કાજ   તમ-નેં કહેંતાં આવેં લાજ ૨૦૪
બ્રાંહ્મણુ ક્ષત્રી વૈશ જ વરણુ   સૌ ઇ જાતી એ તો આચર્ણું
રુડા કુલ નેં રુડા વંશ   ઉતમ જાતી એ તો અંશ ૨૦૫
એહ-માં તો ઉતમ વેંહવાર   આપ-આપણુ કુલ-નો આચાર
પાંણીગ્રહણુ કન્યા-તણું   તે તો વાર એક જ ભણું ૨૦૬
તંમ કુલ-માં મોહોટો અંન્યાય   બીજો કંથ કરેં કંન્યાય
તેહ-નું નાંમ તો છેં નાતરું   તરવું નહી એ બુડવું ખરું ૨૦૭
સઘલા ગુંણુ તમ-માં જોય   અવગુંણુ એહ માહરેં મન હોય
રુડા ગુંણુ-ની તમ-માં મોટ   એહવી વાત જોતાં-માં ખોટ ૨૦૮
પરગટ પાપ એ તો પરચંડ   એ વાત-નો લેં છેં ડંડ
પ્રતીઉંતર તેહ-નો દ્યો આજ   લેશ ન ધરશો તેહ-માં લાજ' ૨૦૯

દુહા

રામ કહે' 'સુણ રાયજી ભલે' પુછ્યું એ બાલ્ય
સંદેહ ભાગું એહ-નો જો આપણ છુ' એકાત ૨૧૦
ઉતપત્ય કહુ કણબી-તણી કહુ કુલ-ની સહુ રીત્ય
ઉચ-નીચ આગલ કહું પરીયા માડી પ્રીત ૨૧૧
ડાહ્યો હોય તે દિલ ધરે' મુરખ ને નહી મેલ'
બાબો કહે' 'તાહરો ભાગીયો ભુપત્ય મન-નો ભેવ ૨૧૨

પંચ મહાભુત જાહરે નહી નહી અવની આકાશ
નહી ગ્રહ તારા રવી એક પરિબ્રમ પાસ ૨૧૩
લઘુ દિરઘ સુક્ષ્મ નહી નહી આકાર ઉદ્યોત
અલખ્ય-રૂપ કો એક છે' "ઝગમગ ઝ્યુગતે' જોત્ય ૨૧૪
છાઇ તેહ-ને ઉપની થઇ કો શગતિ-સરુપ
"કર સ્રષ્ટ તું કામિની" બ્રમ ભમકારે ભુપ ૨૧૫
આદે' મંત્ર ઓંકાર થી કીધો પુરસ જ એક
કર જોડી ઉભો રહ્યો વાચ કરી વીવેક ૨૧૬
પ્રીત-થકી તે પગ ધર્યો નારાયણ-પર નેહ
પંચકોશી પ્રથવી થઇ કાશીપુર તો તેહ ૨૧૭
"વર તુ મુઝ ને' વીશ્વપત્ય" સીવા કહે સાખ્યાત
વીશ્ને પામ્યો વીષ્ણુ તે "તું તો મારી માત" ૨૧૮
ભસ્મ કર્યો તેહ ભામિની મન વીચારી મરમ
પ્રીતે પુરુષ પ્રગટાવીયો જેહ-ને' કહે' છે' બ્રમ ૨૧૯
"ભજ મુઝ ને કહે' ભામીનિ" તે કહે' "મુઝ નહી કામ
અકલ જોતા તુ અધીપતિ જનુની-કેરે' ઠામ" ૨૨૦
પ્રલે કીધો પલક-મા, ઉપજાવ્યો અબધુત
"વર મુઝ-ને'" વનિતા કહે નાચું માહું સુત ૨૨૧
ભસ્મકરી છે' એ ભામીનિ જીવાડો એહ જંન
તો તું કહે' તે હું કરું મેલુ તુઝ-સ્યું મંન' ૨૨૨

કલ્યાણિયે કરુણા કરી કર્યું સંજીવન-કાંમ
સ્રષ્ટી-કાંમ તે સુંપીયુ ત્રીગુંણ ધરાવ્યું નામ ૨૨૩
સીવ-સગતી-ના અંગ-થી થયું ઇંડ તીહાં એક
બ્રમાંડ ભરપુરે થયુ જુયો કરી વીવેક ૨૨૪
સર્જે પાલે મીટારવા કરવા માંડી સ્રષ્ટ
સકલ બીજ સરજાવીયા, વારુ વીવધ્ય એ વ્રષ્ટ ૨૨૫
કહે બ્રમા "કીમ જીવશે માનવી-જોનિ જંન"
કરુણાઇ કણુબી કર્યો એહ ઉપાસે અંન ૨૨૬

સ્રષ્ટી-નું બીજ તે કણ કર્યા કણ-નુ બીજ તે એહ
કણબી-નેં કહે કેલવો નીશ્ચે કરીને નેહ ૨૨૭
પરજા પાલવા પ્રીત-થી કીરતારે એ કીધ
કણ નાંખ્યા કોડે કરી તેહ ઉપાડી લીધ ૨૨૮
કણ લીધે કણુબી ઠર્યો સઘલે ભવ-મા નામ
અન પકવે તે અતીઘણા ગુંણનીધિ ગામેગામ ૨૨૯
જગત-નેં જીવાડવા પોષણ કરવા પ્રીત
કણુબી કીરતારે કરી રાજસ રુડી રિત ૨૩૦
સરજી સ્રષ્ટ જે દિન-થકી તે દિન કણ-નાં બીજ
સ્રષ્ટ-કાજે કણુબી કર્યા રાંમ ધરીને રીઝ ૨૩૧
કણુબી રસે કષ્ટે કરી ભુપત્ય પાંમે ભાગ
પાલણ-પોષણ પ્રીત-થી રુડો જોઇ લાગ ૨૩૨
કણુબી-કેડે કોટિધા સાહ સુલતાંને સાથ
કર ઉડે કણુબી-કને હેત ધરીને હાથ ૨૩૩
કણુબી મોટો વીશ્વ-મા દેહ કહાવ્યો દાતાર
સહુ-મધ્યે સીરોમણી અપરમપાર અપાર ૨૩૪
કણુબી તો કલપ-વરખ એ સામદ-માહે સુર
લાડ પાલે સહુ લોક નાં નારાયણ-નુ નુર ૨૩૫

પ્રતીપાલણ પ્રથવી તણો   ક્ર્વાને સુભ કામ (રીજ)
કીરતારે કણબી કર્યા   મોગ એ મહાગજ ૨૩૬
વકાર્યો વાયુવત વધે   હુકાર ઉપર હામ
નકાર કહેતા નીચુ નીહાલે   તે કણબી કેરા કામ ૨૩૭
ભુમ ડલ નો ભાર ઉપાડે   કણ નો બી કહેવાયો
હાથ ઉઢવણુ તે હલપતીયો   તે જનુનીઈ જાયો ૨૩૮
નરપત છત્રપત દેશાધિપત   સુબા સવલાના સાથ
એ સરખે(રીવે) ઉડા એ આગલે   હલપતી આગલ હાથ ૨૩૯
લખપતીયા ક્રોડપતીયા ઘણો   ભર્યો ભડારે ગરથ
કરે આમ કણબી તણી   તે હલપતિ ઉઢાવણુ હથ ૨૪૦
ઉચ નીચ ઉમગઉ અતી   'સામદ સુર સમરથ
કરે આમ કણબી તણી   હલપતી ઉડાવણુ હથ ૨૪૧
ભોલો જાત્ય ભાલો કહેવાય   જાયે પ્રાણી માન
તેહ ને હાથ ઉઢાવે હલપતિ   જે માગ સોના છત્ર ૨૪૨
સહુ પેહેલો કણબી કર્યો   મહીપત્ય જેહ નુ મન
પ્રજા પાલે પ્રીત થી   અતી કષ્ટે પકવે અન ૨૪૩
કણ સુપી કણબી કર્યો   સ્થાપ્યો એ અધીકાર
જગત જીવસ્યે એ થકી   વલતી વરણ અઢાર ૨૪૪
ચ્યાર ચૌદ પ્રતીપાલવા   કણ સરજવા કામ
સૃષ્ટ સ ધાયે સરજીયો   કણબી નીરમલનામ ૨૪૫
ભાર અઢાર જે વનસપતિ   ન કર્યા તે ઠામ (?)
એહ ની મેલે ઉગસે   કેલવણુ નુ સ્યુ કામ ૨૪૬
કણ કેલવ્યા વીણુ થાયે નહી   કણ વીણુ (?)
કણબી તે માટે કર્યો   કણ કેલવણ ને માટ ૨૪૭

કહે વીધાતા વીશ્વપત્ય   "એહ આપણો અશ
કણબી હોઈ જીહા લગે   તિહા લગે સૃષ્ટી-વશ ૨૪૮

કણબીનું મહત્ત્વ

કણ-વીના ચાલેં નહી   જીવેં જન નહી કોય
કણ નીપજાવી નવી સકેં   કણબી-વીણ નર ન હોય" ૨૪૯
વીચાર કર્યો એ વીસ્વપત્ય   "કણ-ના કીડા લોક
સૃષ્ટી કણ-કણબી-થકી   બાકી સરવેં ફોક ૨૫૦
કદાચ જો એ કણ જશેં   કે કણબી-કુલ જાય
તારેં બાધી સૃષ્ટ-ની   જીવ જુગત કુંણ થાય ૨૫૧
ચાલસ્યેં બીજી વરણ-વીણ   અટક્યું નહી રહેં કાંમ
કણબી-પાખી ચાલેં નહી   ઠરે નહી કો ઠાંમ ૨૫૨
સ્વાંમી સરગ ગયા પછી   અવર કરેં કોઇ આપ
તેથી વંશ જ વાધસ્યેં   ભેદી ન સકેં પાપ ૨૫૩
ઉત્તમ વરણ આદેં કહી   'અલવેં' ખુટેં અંશ
તેથી કાંઇ જસેં નહી   સૃષ્ટી-કેરો વંશ ૨૫૪
કણબી જતેં તો કણ જશેં   તો માંનવ સ્યુ ખાય
કણબી કુલ જાહરેં ગયુ   તાહરેં સૃષ્ટી પ્રલેં થાય" ૨૫૬
દુખ •જાણ્યુ દુનીયાં-તણું   અધીપત્ય સોપ્યુ અંસ
"સૃષ્ટી-સુધી વાધસ્યેં   કણ-કણબી-નો વંશ ૨૫૭
નાતરુ નહી એ નોતરું   કર્યુ" જગત-નેં કાજ્ય
કુલ વાધો કણબી-તણું   તો રીઝેં કરસ્યેં રાજ્ય" ૨૫૮

બાધું વીશ્વ તે અન-થકી   વીશ્વ-થકી જે વરધ
અગ્યો ઉપજાવી આપીઇ   અવનીપત્ય-નેં અરધ ૨૫૯
પોષેં જે પેંદા કરેં   લેં લાખીણો લાગ
અંતરકરણ રીઝીનેં આપીઇ   ભુમીપત્ય-નેં ભાગ ૨૬૦
સતજુગ-માં સાખી જુયો   તાંહેં જીવ એ તુંણ (?)
કેલવનાર તે કણ-તણો   કણબી-વીણ તે કુંણ ૨૬૧
સહુ-પેંહેલો એ પરગટ્યો   સહુ-થી કેડેં જાય
ભાગ આપેં છેં સહુ-નેં   તેણેં ભાભો કહેંવાય ૨૬૨

ભા કહે મહુ તાત નેં તન થી પ્રગટ્યો તન
ભાભા એ ભુમી-પરે મહીપતિ વીચ્યારો મન ૨૬૩
નાત્ય-બાહરો એકેં નહી ઉચ-નીચ ન હોય
નહી ચૌદ નેં ચ્યાર મા જુગ-આદેં એ જોય ૨૬૪
કુલ-હીણો કોઈ નહી નહી ઠેકાણું ઠામ
મહીપત્ય-સરખા માન દે કણબી મોટું નામ ૨૬૫
નહી વપુ વરણાગીયો નહી કાયર નહી સુર
કાયા કષ્ટ કણબી ઘણો પરમારથ નો પુર ૨૬૬
બીજી વરણ જે વીશ્વ-મા રચ્યું પારકું ખાય
કણબી મેંહનત-થી ત્યેં તે બારેં વાટેં જાય ૨૬૭
ધાયેં ઘણુ ધધો કરે ધુલ-થી પકવે ધાન
અધીપતિ-કેરા અંશ-મા મહિપત્ય-કેરા માન ૨૬૮
વીશ્વપતિ-થી જલપતિ હલપત્ય તે થી જેડ
પ્રથવીપત્ય નેં છત્રપત્ય તેહ લખપતિ-કેરી કેડ ૨૬૯
ડાહ્યા સાચું દિલ ધરે જુઠા-નો રચ્યો જોડ.
સૃષ્ટ કણ-કણબી-તણી કણબી-કેડે કોડ ૨૭૦
મેહણું દિધુ તમ્યો મહીપતિ એ ઉતર તેહ નો આજ
કુલ વાધિ કણબી-તણુ તે સકલ સૃષ્ટ-નેં કાજ ' ૨૭૧

ચોપઈ

રીઝયો રાજા સુણીનેં વાત 'માગ્યું સુત્ર માગો સાક્ષાત
વલી પ્રશ્ન પુછુ એક આપ નીતનીત તમ-નેં પોઢા પાપ' ૨૭૨
હસી વાત બોલ્યા ભડ ભુપ 'રુડા પણ તમ્યે અધ-ના રુપ
માહા મહા પાપ કરો છો ઘણા કૌતક સાભલો પોતા-તણા ૨૭૩
લીલા તરણુ તે વાઢો ઘણા હલ-નાગલ કરો તે-તણા
ભુમી ખણુતે પાપ જ ઘરે કોડ અલગીયા કીડા મરે ૨૭૪
જનાવરો-ને ઘો છો માર ચરવા નથી દેતા કણ ચ્યાર
લીલા ડઝાર કરશણ જેહના રોકા મરટા છો તેહના ૨૭૫

ખાતર-પુંજા નાંખો જોડ   મારો જીવ તે લક્ષ કરોડાંણુ કોડ
મુલ ખોદો છો ચાસ્યો-તણાં   એહવાં પાપ કરો છો ઘણાં ૨૭૬
થઈ બેસો છો મોટે મુલ્ય   નહી પાપ કણબી-સમતુલ્ય
થાયો છો પવીતર આપ   તમો તો કરો છો પોઢાં પાપ ૨૭૭
સઘલી વાત સાચી કહી જેહ   પાપે લપટાંણી તમ-દેહ
પાપી-માંહિં વધતેરો વાંક   તમ-માં ભુંડા અક્ષર આંક' ૨૭૮

દુહા

કહેં ભાભો 'સુણ ભુપતિ   વવેકી વીક્રમ વરધ
કણબી પાપ કરેં ઘણુ   તેહ-માં તાહરું અરધ ૨૭૯
જેટલા ભાગ ભોમી-પરેં   અમલ કરેં છેં આપ
તે લેં છેં કણબી-નુ લોહીનેં   પલકપલકનુ પાપ ૨૮૦
રતી-ભાર રહેતું નથી   નિમેષ કરંતેં નુન્ય
ખડ જગન-માં વેંહચીઇ   તે ગાઠે બાધીઇ પુન્ય' ૨૮૧

ચોપઇ

રામબોલ રુદેં-મા વશ્યો   રીઝિ રાજા હેતેં હસ્યો
'મન-સંદેહ માહરો ભાગીયો'   પ્રણામ કરી પાએ લાગીયો ૨૮૨
'એક તો જાત્યેં ઘરડા છો વૃધ   બીજું રસ્યા-માં આપો અરધ
ત્રીજે મન ભાગ્યો સંદેહ   ચોથો નારાયણ-ઉપર નેહ ૨૮૩
માટેં હું આવ્યો આપવા   સંકટ દુ:ખ તાહરાં કાપવા
કાઇક માગો માહરેં પાસ   સંતોખી બોલાવું વાસ ૨૮૪
જે વસ્તુ ન હોઇ તાહરેં   તે પાસેં માગો માહરેં'
એહવું વચન રાજાઇ કહ્યુ   તે તો ભાભેં મન-મા લહ્યૂં ૨૮૫

તેહ બોલ્યો જાંણિતો જંન   'મહિપત્ય આપ વીચારો મંન
વરસ થયાં પંચાણું મું-નેં   તો હવેં સ્યું જાચું તું-નેં ૨૮૬
પાંચ પુત્ર પોઢા પરિવાર   ખાવાપીવા કણ-કોઠાર
જે જોઇઇ અમારેં પેંર   તે સમરીધ્ય છેં માહરેં ઘેંર ૨૮૭

દુધ દહી પીરી ઘર ધામ   ઠાલો નહી કો માહરો ઠામ
સઘલી અમરીધ્ય મહિમા મોટ   નહી માહરેં ઘેર એકેં ખોટ ૨૮૮
લીલા-લહેર છેં મુઝ ઘણી   ઓીદ આશા કરું કો-તણી
સઘલી સમરધ્ય માહરેં અમુલ્ય   ફોગટ ઝાઝી ન કરવી કુલ્ય' ૨૮૯

રાજા હઠ લેઇનેં રહ્યો   ફરી ફરીનેં બોલ જ કહ્યો
'મેં તો તાહરી જોઈ ચરચાય   તેહ વચન માહરું કીમ જાય ૨૯૦
પાછો જાયુ તો જુઠો પડું   તો દોષી દુશ્મન-નેં કીમ નડું
માટેં મન ગમે તે માગ્ય   જેહ-ની તાહરેં નોહેં જાગ્ય' ૨૯૧
ઇમ અતીસેં કોડેં કહ્યુ   ગ્નાંન ઉદેં ભાભા-નેં થયુ
એક નાંમ તો ગંમ જ રહું   ભાભો રાય વીક્રમેં કહયું ૨૯૨
ધરતી ભાર ઉપાડેં કાંમ   ભાભો તે તે માટેં નાંમ
તે ભાભેં તો જોડ્યા હાથ   બોલ્યો વીક્રમરાય-નેં સાથ ૨૯૩

'હુ ઇશ્વર પાસેં માગું છુ જેહ   કહુ વાત માંડીનેં તેહ
બાંધી સૃષ્ટ ઇશ્વરેં જાહરેં   તે સરવેં પ્રગટ્યા તાહરેં ૨૯૪
ઇછા બલ પ્રમાઇ ઘડ્યા   પાસ કરમ-બંધન-નેં પડ્યા
ચ્યાર ખાણુ ચોરાસી-તણી   પીડા પામેં છેં દેહ ઘણી ૨૯૫
કરેં પાપ તે નરકેં જાય   પાછો આવેં અવની-માહેં
કુઇ ઘેડ ઘટ-માલા જીમ   પુનરપી ફેરા ફરવા તીમ ૨૯૬
અહંકાર પદમી છેં કો આપ   પલક પલક બેંસે બહુ પાપ
આપ-સ્તુતી પરનંદા કરેં   ગોત્રી મારી પરદ્રવ્ય હરેં ૨૯૭
ખેડેં ભુમી વરખા-વરસણેં   ગલી વાવેં જે કરસણેં
ઇક્ષુ લાખના જંત્ર અનેક   કરેં વેંહુ વણુ-જાંણેં વવેક ૨૯૮
જુઠા પેટ-કારણુ જુવે જોસ   લેતા દાંન બેમેં બહુ દોસ
ગાય બ્રામણુ સ્રી બાલક હણેં   લોભેં દેશ કોચેં નવી ગણેં ૨૯૯
પીત્રી-દિવસ-ઉપર નહી પ્રીત   તજેં કુલ આચાર ની રીત
ગોત્ર-ગમન ગુરુ-પતની-ગામ   કુડે કોડ કરેં બહુ કાંમ ૩૦૦

માહા માહા પાતિક તેણે ઠાંમ   ધીકે અંગારા દે હીડા-માં હાંમ
આધ વરણ જ મોહોટા બ્રંમ   તે નવી પાલે સંધ્યા-કરમ ૩૦૧
ગુરુ-નંદા નંદે પીતા માત   કરે જાગ નર નારિ ગરભ-પાત
પંચ ગરાસ-વીણ ભોજન કરે   જોતાં પાપ અધીકેરાં કરે ૩૦૨
જે જે છતે કુલ-નાં કાંમ   મોટા પાતિક-ના તે ઠાંમ
નીચ ભોજન ભાવે-થી ખાય   નીચ-પાસે જાચવા જાય ૩૦૩
અધમ-ને ઉપદેશ જ કરે   પાપે પેટ પોતા-નુ ભરે
વાણી વેદ વીદ્યા નવ લહે   કુડાં-આગલ કથાનક કહે ૩૦૪
વણીક જાત-ના જુઠા બોલ   અધિક ઉછાં તોલે તોલ
ફોકટ ધંધો મેલે મેલ   ઘણી ઘૃત-મા ભેલે તેલ ૩૦૫
પરપંચે થાય બહુ પંચ   ગરીબ-લોક-પે માગે લંચ
એહવી વરણ અઢારે કહી   લક્ષણ જોતા મરવે લહી ૩૦૬
વરણાવરણ જોઇ ઘણી   સી કહુ નંદા સરવે-તણી
અલપ આયુશ-મા અધીકુ પાપ   મરવું તે વેદ-પુરાણે છાપ ૩૦૭
સરગ-સમાંન બીજુ સ્યુ સુખ   નરક-સમાન બીજુ નહી દુખ
પાપ કરે તે દેહ પરહરે   જમ-સાંનીધ્યે તે સંચરે ૩૦૮
એક ઘડી ઇહાં સુખ ભોગવે   એક કલપ તીહા નરક જોગવે
જુજુવાં નરક સતાવીસ ઘણા   શા શા કષ્ટ કહુ તે તણાં ૩૦૯
અંગુષ્ટ-પ્રમાણે જીવ જ થાય   કોટી કલપ તે માર જ ખાય
નીકલે કોયક કલપે નેટ   અવતરે કો પાપીને પેટ ૩૧૦
વલી પાપ કરંતો મરે   બીજા નરક-માહે અવતરે
ઇમ સતાવીસ નરકે જાય   માયા-બંધાણો માર જ ખાય ૩૧૧
પીડા પામે દેહે ઘણી   અનંત વ્યાધી તેહ જ તણી
કોટીકોટી જીવ કરડીને ખાય   તીહાં કોય કરે નહી સાહાય ૩૧૨
એ તો પાપી-જનના જંત   પુનરપી બીજા જે પુન્યવંત
જપ-તપ-સાધન-વ્રત આચરે   સદાવ્રત પરમારથ કરે ૩૧૩

તે જન ઉતમ લોકે જાય પાછા આવે અવની-માહે
પુન્યવંત નવી પામે દુખ જીહાં અવતરે તીહા તો સુખ ૩૧૪
જનુની-જઠર ગરભ-વાસે ઘણુ જન્મ-મરણ-અવતરણ તે-તણુ
ઉદરે અવતરવું નવી પડે સાયુજ્ય-મુગતી નો મારગ જડે ૩૧૫
છુટે બીજ બંધન ના કરમ માણે મોક્ષ-પદવી નો મરમ
મુગતી ચ્યાર પ્રકાર જ તણી સાયુજ-પદવી મોટી ઘણી ૩૧૬
પખ્ખિમ-ન્યુ પ્રીતે પચે સાક્ષાત તેજ-માહે જઈ ભલે
ઇશ્વરવત તે થાઇ આપ છુટે કરમ-બંધન-ના પાપ ૩૧૭
તે પદવી જીહા હોઇ આથ ઇશ્વર-પાસ તીહા ઉડુ હાથ
માગુ મુગતી-પદ નો ઠામ' એહવું કહે તે ભાભોરામ ૩૧૮
'મનુસા-દેહ-તણું જે સુખ એ મારું નવી ભાગે ભુખ
હાથી-ઘોડા ગરથ-ભંડાર ઘર ઘરસુત્ર પુત્ર-પરિવાર ૩૧૯
સમરથ આપવા હોઇ જેહ તે-આગલ નમાવું દેહ
સમરથ્ય સરવ અલખત છે જેહ એહ વાત-મા નહી સંદેહ ૩૨૦
જે જોઇએ તે માહરે ઘેર અલખત ઘર-મા ઢગલા બહુ પેર
એ સરવે ઝાકલ-ના નીર થીર નહી કાયા કોય શરીર ૩૨૧
સમણા કેરુ સુખ જેટલુ પાણી નો પપોટો તેટલુ
છાજ નો તાપ, કુપલ ની વાડ સંસાર-સુખ તો એ-વત આડ ૩૨૨
જીવ ને જે કો સીવ કરે તેટલો જીવ તે નવી અવતરે
માહરે મન તો એહવુ હોય' ગમે બોલ કહ્યો તે સોય ૩૨૩
ગમ બોલ રાજાએ લહ્યો અચીરજ પામી ઉભો રહ્યો
'મે ભાભો ભોળો જાંણીયો પુન્યવત દિસે છે પ્રાણીયો ૩૨૪
દુખ-ભંજન કીધા મે ઘાટ તે ભાભો ઉડાડવા આવ્યો વાટ
કીમ એહ-ને ઉસકલ થાઉ ન્યુ મોહ લેઇને મંદિર જાઉ' ૩૨૫
વીસમે વાત પગણે પડી અણબોલ્યો રહ્યો એક ઘડી
એકે વાત ન સુઝે પેર ભાભોરામ કહે 'જાયો ઘેર ૩૨૬
કા ચાતા કરો મન-સાથ નથી વચન આપ્યુ મુઝ હાથ
આપનાનો છે એક નાથ સરવ ને આપે છે એ આથ ૩૨૭

ભાભારામ પોતે માગેલા મુક્તિપદની શ્રેષ્ટતા બતાવે છે

કાં ચીતા બેંઠા છો ધરી — આપનાર મોટો છે હરી
આપણુ સહુ ભીખારી-લોક — મોટમ-વાત કરવી તે ફોક ૩૨૮
દુનીયાં-માંહેં છે એક દાતાર — માંનવ સહુ-કો માંગણહાર
માટેં રખેં આંણો ખરખરો — પ્રથવીપતિ મંદિર પરવરો ૩૨૯
જે કોય જાચીક-જંન — તેહ-નેં જઇ અપાવો અંન
કો દરિદ્રી-નેં ધન-નાં અરથ — તેહ-નેં કાંઇ અપાવો ગરથ ૩૩૦
કો આવેં હુસી જોડલા — તેહ-નેં આપો હાથી-ઘોડલા
કો ક્ષુધાતુર આવેં કાંમ — તો તેહ-નેં જઇ આપો ગાંમ ૩૩૧
કુંયારો કો આવેં બાહાર — તો તેહ-નેં પરણાવો નાર
કો બ્રાંમણ ભીક્ષુક મંન ધરો — અષ્ટ માહાદાંન કોડેં-થી કરો ૩૩૨
જે-કો ભીખ-ની નાખેં ટહેંલ — તેહ-નેં આપો રુડી વેંહેંલ
જે-કો હોઇ જાત્યેં દુખી — ઉતમ આપો તેહ-નેં પાલખી ૩૩૩
જાચીક-જન આવેં થાપજ્યો — તો પસાયતેં ભુમી આપજ્યો
કો દવાલીબંધ(?) વાયક ભાખજ્યો — તો તેહ-નેં ચાકર રાખજ્યો ૩૩૪
વસવાયુ-જન લહેં જો લાજ — તો દેઇ દાંમ કરાવો કાજ
વણીક-જંન કરેં કો આસ — માલવેરો ન લેશો તે-પાસ ૩૩૫
કણુબી-લોક મજુરી કરેં — સીદ આશા તમારી ધરેં
ઘેંશ-છાસ-વેલાઇ મલેં — નવનીધી-માંહેં એ ભલો ૩૩૬
બેં બલદ દુઆંણું દેહ — તો કોડપતિ-થી વધતો એહ
ગાડું ઘેંર હોઇ જાહરેં — નવ નીધ્ય મલેં તાહરેં ૩૩૭
હોલ-નાંગલ હોઇ છતી — તો ઘર-માં અલખત આવેં અતી
થોડેં લોભેં ખોવેં ભાર — તે માગ્યા-નો શો વેહેવાર ૩૩૮
જે આપો તો ખુટી જાય — તે માગેં માહરી વ(બ)લાય
ઇશ્વર-પાસેં માગીસ્યું નેટ — ગરભ-વાસ નાવેં જનુની-નેં પેટ ૩૩૯
તે તમ-થી અપાઇ કીમ — રીસ કરો તો માહારા સમ
શાબાશ મોહોટા છો પ્રથવીપતિ — મહીપત્ય તાહરી રુડી મતિ ૩૪૦

વેદ ચ્યાર વીદ્યા ચૌદ-મા ખટ દરસન મહા મરમ
ખોળી ફરે છે ખોલતા ભાસે નહી કો ભ્રમ ૩૯૪
ભટકાવ્યા તે ભુર-નેં માયા-મોહ-ની જાલ
અકલ-વીના સ્યુ ઉલખે પ્રીછે આલપંપાલ ૩૯૫
મન અટકે જીહા જેહ-નુ વાઝ ધૃઢ વીશ્વાસ
તેહ રુપે તેહ-ને મલે પ્રીત ધરીને પાસ ૩૯૬

માહરે તાહરો આસરો ઇષ્ટ અધીપત્ય આથ
જીમ લકડિ હાલર-તણી હેત ગ્રહી છે હાથ ૩૯૭
લાડ પાલ્યા તમ્યો લક્ષધા કરો કોટિધા કામ
પર-દુખ-ભંજન પાડીયુ નવે ખંડ-મા નામ ૩૯૮
ખ્યાત્ય ચલાવી તે ખરી લેઇ પોહોચાડ્યો લંડ
શાકા ચલાવ્યા શાસ્ત્ર-મા વાદ્યો આડો આક ૩૯૯
પંચ-ડંડ જીતાવીયો મોટી માત હરસિધ
પર-દુખ-ભંજન પાડીયુ જીત્યા-નો જસ લીધ ૪૦૦
સાખ્ય ચલાવી તે ખરી કરો પરમારથ પુન્ય
અઋણી અવની કરી નીમેખ ન રાખી સુન્ય ૪૦૧
વાત આધે વીસ્તરી કરે ઘણા પર-કામ
વીક્રમ તો ઉજેણિં વસે કર્યુ નવ ખંડ નામ ૪૦૨
એક છત્ર-ધર અધિપતી કર્યો અતુલીબલ આપ
દુખ-ભંજન હું દેશ-મા તે તાહરો પરતાપ ૪૦૩

ભાભોરામ મુઝ-ને મલ્યા સંતોષી નહી શોક
પરદુખભંજન નામ છે તે કરવા બેઠા ફોક ૪૦૪
વણ-માગ્યે મન-કલપના મુગતી-પદારથ-માટ
સુકીત સરવ દહાડા-તણુ તે વેદ ઉઘાડે વાટ ૪૦૫
ખરું કહેતા શો ખરખરો કહી માહા વસમી વાત
માટે મમરી તે તું મીવા મોટી વાતે માત ૪૦૬

માતાના કહેવાથી વિક્રમ ઇંદ્રને મળે છે

સગત્ય સંતુષ્ટ થઇ તીહાં હેતેં મુંક્યો હાથ
'પરહર દુખ તું પ્રથવીપતિ સાચું કહું તુઝ સાથ ૪૦૭
તાહરું સત્ય સાખી થસ્યેં ધાશેં વાહારેં ધરમ
કરુણા કરી કહુ તે કરો મુલ બતાવું મરમ ૪૦૮

ચોપઇ

સુધ દેહ કરી સજ થાયો જુગતેં ઇંદ્ર-સદન-માં જાયો
બાવન વીર-તણો અધિપતી માંમે લેઈ જાસ્યેં મહીપતિ ૪૦૯
એહ-ની ગત્ય તીહાં સુધી હોય ગંજી ન શકે તુઝ-નેં કોય
તું પણ ઇંદ્ર-તણો છેં અંશ વડેં ભાગ્ય દેવતાઈ વંશ ૪૧૦
પુન્ય પદારથ છેં તાહરો બીજો હાથ માંથેં માહરો
માહરી માયા અપરંપાર વીખાંણુ કરે સ્યુ વારંવાર ૪૧૧
જિમ ઘર-માં મુંકી હોય આથ તીમ સચરાચર તાહરેં સાથ
ત્રણ લોક-માં માહરું તેજ અધીક ઘણુ તુઝ-ઉપર હેજ ૪૧૨
તેહ-નુ દુખ ન ધરસ્યો તમ્યો એ કામેં અધિપત્ય છુ અમ્યો
તેડી વીર કરી સિક્ષયો દેવલોક-માં તેડી જાયો' ૪૧૩

વાયુ રુપે વીર જ થયો સુરનાયક-પેં ઉભો રહ્યો
એક અંગુઠેં ભુમી ધરી મહીપત્યેં સ્તુતી મઘવા-ની કરી ૪૧૪
'ભોલાનાથ મોટા છો ઈશ સ્વયેં વીધાતા શ્રી-જુગદિશ
આદિ નીરંજન અકલ-સ્વરુપ પાર ન પામેં ભારે ભુપ' ૪૧૫
મોટો મન-થી મેહલો ગરવ તન મન ધન સમરપું સર્વ
ગદગદ-કંઠ થયો જાહરેં સુરનાયક બોલ્યા તાહરેં ૪૧૬
'તાહરી ભગત માહરેં મન વસી માગ્ય ઉણુમ નવી રાખેશ કસી
કોડિ વાર કહું છુ કથી તમ્યો સાચું માનો સરવ-થી ૪૧૭
ઇહા કસી ન મલેં ખોટ માલ અનરગલ ભારે મોટ'
એમ કહિનેં દિધો કોલ બોલ્યા અમૃત-જેહવા બોલ ૪૧૮
'માહારાજ, માહારેં મોહોટુ કાંમ રુડો કણબી એક ભાભોરામ
જઇ ચઢયો હું તેણી જાગ્ય દીધુ વચન કહ્યૂં જે માગ્ય ૪૧૯

તે તો બચાર્યો ભોળો કહ્યો હું તો તેહ-ની કેડે થયો
જે જોઈએ તે કહોને મુ-ને હું માગી આપું તુંને ૪૨૦
તેણે કહી એક મોહોટમ ઘણી સાયુજ્ય-પદવી મુગતી-તણી
તે મુઝ માંનવ-થી કીમ મલે વચન દીધું તે કીમ પલે ૪૨૧
ભારે ભુદર કહેવાયો આપ તે ટાળો સરવે સંતાપ
જેહ-થી મુગતી-મારગ જડે હરીજન કોયે નવી નડે ૪૨૨
વચન ભ્રષ્ટ-થી પ્રલે થાય વચન-સાથે મુકીત જાય
વચને તો સરવે જીતાય વચન-વીના સરવે મીથાય ૪૨૩
વચન પળે તો સરવે પળ્યું વચન-વીના તે બાધુ બળ્યું
વચન મુકીત જાહરે ગયું પછે પ્રાણ રહે સ્યું થયું ૪૨૪
વચન ન પાલે બોલ્યું જેહ જનમ-જનમ-નો પાપી તેહ
માહરે તો તમારો શર્ણ' એમ કહીને વળગો ચર્ણ ૪૨૫

દુહા

ઇંદ્ર કહે ' સુણ અધિપતી એહ અસંભમ હોય
મુગતી મારગ મોટો મરમ કહી ન સકે કોય ૪૨૬
આ મોભા છે અમ-તણી ટાડવ-નૃત્ય અનેક
અહરનીશ ગાઈ અપછરા છયે રતુ છત્ર ઠેક ૪૨૭
શમણા-માહે દુખ નહી સઘળી વાતે સાર
આઠ પોહોર આનંદ-મા અમૃત-કેરા આહાર ૪૨૮
રતન ચીતામણિ-તણા ધવલહર મોઘાં ધામ
કામદુર્ગા ઘેર દરઝણી સોભા ઠામોઠામ ૪૨૯
પુષ્પ પારિજાત-ના એગવન અનુપ
ત્રીદશ દેવ વાને વને મઘવા મોહોટો ભુપ ૪૩૦
જે જન યાગ ઝાઝા કરે અશ્વમેધ અહરનિશ
અગ્નિહોત્રાદિક આવસત જપે જાપ જુગદિશ ૪૩૧
સદાવ્રત જે સાચવે દે અવારી દાન
જગન કરે નીત જુજુયા મઘવા-ને દે માન ૪૩૨

ઇંદ્ર-લોક-માં તે અવતરે સુખ-સાગર-માં સહેલ
આયુશ હોઇ ઇંદ્ર-નું માણે સુખ આ મહેલ ૪૩૩
કહો તો કરીઇ એટલું શમાવીઇ સરવ શોક
અવશાંન-કાલે શંમ-ને એહ આવે ઇંદ્ર-લોક' ૪૩૪

ચોપઇ

વીકમ કહે ' સાંભલ્ય મહારાજ એહ વાતે સરે નહી કાજ
મુગતી-પદારથ પ્રીતે પલે તે મારગ મુઝ-ને કીહાં મલે ૪૩૫
વચન ભ્રષ્ટ જો માહરું હસ્યે તો તે જીવ વણુ-ખુટે જસ્યે'
કહે ઇંદ્ર 'તમ્યો ધીરજ્ય ધરો મુહુરત એક બે ઇહાં ઠરો ૪૩૬
ધરમરાજ છે જેહ-નું નાંમ સહસ્ર જોજન ઉચો છે ઠાંમ
તિહાં સુધિ માહારી ગત્ય ગણી પુછું પેર હું મુગતિ-તણી ૪૩૭
તાહરું વચન જિમ તેહ-ને હાથ સત્ય વચન માહરું તમ સાથ'
વીમાંન બેસીને ઇંદ્ર જ ગયો ધર્મરાજ પાસે જઇ રહ્યો ૪૩૮
તે સોભા-કેરો સ્યો મરમ વસે વાસ ધોરંધર ધરમ
પુન્ય-વાત-ઉપર બહુ પ્રેમ જુઠું બોલ્યા-નો તિહાં નેમ ૪૩૯
અધરમ-અન્યા-નો નહી લેશ સદા-કાલ તીહાં જોબન વેશ
નીરમલ વાડી નિરમલ લોક સ્વપ્ન-માંહે કો-ને નહી શોક ૪૪૦
હરખ ઘણેરો મન-માં હોય આનંદ-ઉછવ કરે સર્વ કોય
બેઠો ધરમ ધોરંધર ધણી કીધિ સ્તુતિ મધવાઇ ઘણી ૪૪૧
પ્રણુમી જાહરે લાગો પાય 'પધાર્યા ભલે સુરપતિ રાય
કહો કાજ કવણ કારણે આજ પધાર્યા આ બારણે' ૪૪૨
'કાઇક માગવા આવ્યા અમ્યો તેહ વચન આપોજી તમ્યો
. આશાબંધો હું છું આજ ઘણું જરુર તમ-સરિખું કાજ' ૪૪૩
'સાંભલ્ય સુરપતિ રાજંન લોને માહરું સત્ય વચન
મુજ-થી થાયે તે હાજર કરું મુસ્તાગ વચન તમારું ધરું' ૪૪૪

દુહા

ઇંદ્ર કહે' 'શ્રી-ધરમ સુંણુ   મોહોટું માહરે કાજ
મુગતી-મારગ સુ-ને' કીહાં જડે'   તે કહીઇ માહારાજ ૪૪૫
જપ તપ દાંન ને' જગન-વિણુ   પામે' મુગતી-પદ-ઠાંમ
તે તમ-થી પાર જ પાંમીઇ   માહારે' તો એ કાંમ' ૪૪૬

ચોપઇ

મોહોટો સાંભળ્યો જાહારે' મર્મ   કર જોડી પછે' બોલ્યા ધરમ
'પ્રીછું નહી એ વાતે' પાર   માહરો તો છે' એહ વેહેવાર ૪૪૭
ચીત્ર વીચીત્ર લેહિયાં છે' નાંમ   અહર-નીશ તેહ-ને એ કાંમ
લખ્ય ચોરાશી જ્યોની જંન   કરે' કરમ અચીરત અન્ય ૪૪૮
કોડે' કરમ જે રુડાં કરે'   તે રુડે' ઠાંમે' અવતરે'
ઉતમ ઉપાસન કહે'વાય   ઇંદ્ર લોક-માં તે જંન જાય ૪૪૯
સત કરમ સાચાં જોગવે'   માહરો લોક ભાવે' ભોગવે'
માહરું આયુખ પુરુ હોય   તેહ-ને' કાહાઢી ન સકે કોય ૪૫૦
જે નર પાપી પાપ જ કરે'   તે નર તો નરકે' અવતરે'
જમણી પાશ પુન્યવંત-નાં ગાંમ   ડાબી પાસ નરક-નાં ઠાંમ ૪૫૧
મહા પાપી તે નરકે' જાય   તે તુઝ-ને' દેખાડું રાય
જેહ-નાં જેહવા કરણી-પાર   તે જન તેહવો લે' અવતાર ૪૫૨
માત-પીતા-ની નંદા કરે'   મુંકી થાંપણુ જે કો હરે'
રંક-સાથે' માંડે' જે રાડ   પુન્ય કરતે' કરે છે' વાડ ૪૫૩
અણગલ નીર જેણે' વાવર્યાં   નીલાં તરવર-નાં વધ કર્યાં
જીવ હણી કરે' છે' આહાર   પર-દ્રવ્ય દેખી આણે' ખાર ૪૫૪
પંચ ગરાસ-વીણુ ભોજન કરે'   તસ્કર-વીદાઇ ધન તો હરે'
સુતક-સ્નાન કરે' નહી જંન   સુતકી-ઘેર કરે' ભોજંન ૪૫૫
કરાં દાંન કીધા છે' આહાર   બ્રાંમણ-ઉપર મેહલ્યા ભાર
બ્રમસ્ત જેણે' વીધવા વર્યાં   બ્રાંમણ-નાં અન-ભોજન કર્યાં ૪૫૬

રાખ્યાં બ્રાંમણ-નાં રણુ શીશ હેત-થકી ન પુજ્યા ઇશ
વણ-વાંકે કારાગ્રહ જડ્યા તે નર પેંહેલે નરકે પડ્યા ૪૫૭
રૌરવ કહેવાયે છે જેહ એહવા પાપી રહે નરક તેહ
દુરગંધ સોણિત-નો સાલ ભોગવસ્યે કષ્ટ ઘણાયેક કાલ ૪૫૮
મોહોટી ચાંચ-નાં પંખી કહેવાય નેત્ર ખોતરી તેહ-નાં ખાય
ભુખ તરસ ને મોહોટો માર કરે નરક-શોણીત-નો આહાર ૪૫૯
એક વરસ બ્રહ્મા-નું જિહાં રૌરવ ભોગવસ્યે તે તીહાં
પછે નીચ અવતરસ્યે એહ દુખીયો મહાદરિદ્રી દેહ ૪૬૦
પ્રાંણી તે કરસ્યે બહુ પાપ જસ્યે નરક બીજા-માં આપ
બ્રમ-નંઘા-માં બીહતો રહે ખટ-શાસ્ત્ર-ને ખોટાં કહે ૪૬૧
વરત-દિવસે વાવે જે અંન પરદારા-ગમન-માં મંન
જોરાવરી કરે છે જાર ગોત્ર-ગમન ખરા-સ્યુ ખાર ૪૬૨
વાટે જતાં-ને ફાંસિ દે પેટ-કારણ દ્રવ્ય તેહ-નો લે
કરે વ્રત ને નંદે સરવ મન-માં આંણે ઝાઝો ગરવ ૪૬૩
અહર-નીશ આલ દે જુંઠું શીશ ખોટી વાતો કરે અહર-નીશ
કુંયારી-સાથે વીધવા-નો સંગ અહર-નીશ પરનારી-ઉપર રંગ ૪૬૪
અતોલ ભાર બલદાં-ને ભરે ઘાલે નાથ ને ખાસી કરે
વિષ દેઇને હરે કો દાંમ અકસ્માત ભજાવે ગાંમ ૪૬૫
ગાય બાલ ને ગાંમ દહે સંગે મદપાની-ને રહે
કાચા ગરભ ગલાવે ઘણા શણગાર લુટે તે સતીયો-તણા ૪૬૬
વાટ-ઘાવા દેતાં નવી ડરે લુંણ હરાંમ કોડે-થી કરે
કુડી સાખ્ય ને લોભે લાંચ સાધુજન-ને જે દે આંચ ૪૬૭
નંદે ભેખ ને નંદે માત કરે દ્રોહ વીશવાસે ઘાત
ખોટી કહે પોતા-ની નાત્ય સાચી કહે જુવતી-ની જાત્ય ૪૬૮
સેવા શ્રાધ પીત્રિ નહી પ્રીત શાસ્ત્ર-વરજીત જે ચાલે અનીત
ખોટાં ખત જે કુડે કરે આપી ભુમી પાછી જે હરે ૪૬૯

વરતી લોપ કરાવેં વાટ ઉથાપેં દેવસ્થલ ઘાટ
વીપ્ર વેદ દેખી નવી નમેં ગરીબ જાણેં તેહ-નેં દમે ૪૭૦
કન્યા ધેનું ભુમીનો ગરથ બાલક મારેં ત્રીયો વધ વરથ
ધરમશાલા વેચેં કો ધીર કરેં કર નીવાણેં નીર ૪૭૧
નીવાંણ પુરાવેં, વીપ્રસ્યુ વેર પાડોસી-ઉપર ગખેં ઝહેર
ગોડેં વાડિ લીલી ઘણી ઉસંકલ ન કરેં વીધા ભણી ૪૭૨
સત્યવાદિ-ઉપર નહી પ્રેમ નીચ નંદીક-નેં પુરો નેમ
તીરથ-ભોમ કરેં જે પાપ વણ-વાકેં દે કોહ-નેં શ્રાપ ૪૭૩
દાપા ભાગેં બ્રામણ-તણા વણ-વાકે જનાવર મારે ઘણા
વાટ પડાવેં વગડેં રાણ કથા-કીરતંન સુણેં નહી કાન ૪૭૪
દવં બાલે ડુંગરેં આપ લેઇ લાંચ નેં કુડી દેં છાપ
વણ-કરટેં મારેં છેં સાપ પોઢા કરેં છેં અમથા પાપ ૪૭૫
તલ મહુડા ગખેં ઘણા . પોથા ગખેં વગર ભણા
ખોટા વૈદા કરેં છે જેહ દમેં છેં અમથી પારકી દેહ ૪૭૬
ગોચર ખેદે ગાયોના અતીશ રુડા જન નેં નવી નામેં શીશ
પંગત-ભેદે અંન જ ખાય તે નર બીજે નરકેં જાય ૪૭૭
બે ભોજન-તણું છેં એહ ઘણુ કષ્ટ વેઠાવેં દેહ
તાડ-શરીખા તેહ-ના દંત એહવા છેં જમ-દુત અનંત ૪૭૮
કાયા તેહની કરડી ખાય અમર જીવ કીમેં નવી જાય
પાડેં બુબ કરે પોકાર નહી કો તેહ-નેં રખણહાર ૪૭૯
રુધીર અગ પોતા ને ઘણું કરેં ભક્ષણ ભુખે તે-તેણુ
અગાધ દુખ અધિકેરુ હોય ગખી ન સકે તેહ માથી કોય ૪૮૦
બ્રમાનું વરસ જ થાય તાર-સુધી પાચે તે-માય
ઉનમ નર મદપાની કરે માસ-આહાર-થકી જે ઠરેં ૪૮૧
પાપ કરેં છેં કુડા કરમ ઘણા આચરેં છેં તે અધરમ
બ્રામણની હત્યા-નો ભોગ વણુએ વેશ ધરીનેં જોગ ૪૮૨

શ્રીપાત(?) થઈનેં સ્ત્રી-નો સંગ   વરતીક થઇનેં શંમા-નો રંગ
ગૌ-વધ કરી તે-થી નવી ડરેં   લુટી લોક-નેં ભંડાર જ ભરેં ૪૮૩
વીસવાસેં કરે જે ઘાત   હણેં માત પીતા સુત નેં ભ્રાત
કરેં વીપ્ર-નેં જે ઉપમાંન   અસનાત-થકી ઉતમ ખાયેં ધાંન ૪૮૪
વછોહ પડાવેં વાહલાં-તણા   લુટાવેં મઠ જોગી-ના ઘણા
સદાવર્તિ-નેં દેં જે ડંડ   કરેં ભેખ-થકી પાખંડ ૪૮૫
ઉરમાઇ પીતરાઇ કુલ-માં કહેંર   વીપ્ર-સાથેં રાખે બહુ વેંર
વેદ-પુરશા-નેં ખોટા કહેં   કોકીલ જાત્ય સાચો થઇ રહે ૪૮૬
આખો દાહો પર-નંદા કરેં   વગર ઉદ્યમેં પેટ જ ભરેં
ધાલી ગરથ નામકરિ જાય   કરેં કુડ નેં સાચો થાય ૪૮૭
કરેં સેઠાઇ બ્રાંમણ-તણી   વોહોરત લવણ ગલી-ની ઘણી
નીત્યેં ચાડી ખાયેં શવલેં   ન આપેં દાન ખેતર-નેં ખલેં ૪૮૮
પીપલ વાઢેં આંણી પ્રેમ   ન્યાય વાત બોલ્યા-નો નેમ
ગાય બ્રાંમણ સ્ત્રી પીડાઇ જાંહાં   વાહારેં નાવેં ક્ષત્રી તાંહા ૪૮૯
પુસ્તક બોલેં, પુસ્તક હરેં   વીદ્યા વેચી પેટ જ ભરેં
ગમન કરેં ગુરુ-પતની-સાથ   કોઇ ગરથ નેં કેહે અના(?ણા)થ ૪૯૦
રાજ-પ્રતીગ્રહ જે નર કરેં   ગ્રહણ-કાલેં જે હાથ જ ધરેં
કર-ની વાત કરેં કો નવી   કીરત જુઠી કરેં જો કવી ૪૯૧
માત-પીતા-નેં એ છેં તંન   અધિકા ઉછા રાખેં મંન
છલ કરી રાતેં લેં ચોર   સાહ ગાંમ-ના વાલેં ઢોર ૪૯૨
ખાતર પાડેં રાતેં ઘોર   પાસેં બેંસવા નવી દેં ઢોર
એહવાં પાપ જે નર આચરેં   તે નર ત્રીજે નરકેં સંચરેં ૪૯૩
ત્રણ જોજન તેહ-નો વીસ્તાર   મોહોટો જમ-દુતાં-નો માર
ત્રણ વરસ બ્રમાજી-તણાં   ભોગવેં કષ્ટ અતીસેં ઘણાં ૪૯૪
જંમ-કીંકર તેહ-ના સાથ-માં   મોહોટા ઘણ તેહ-ના હાથ-માં
વારા-ફરતી મેહલેં ઘાવ   નહી નાસી છુટા-નો દાવ ૪૯૫

બીજે દીવસ કર ફરસી ધરે — શત કટકા તેહના કરે
દયા ન આંહી તેહ-મા કોય — કર્યું ભોગવાવે જહા તે જોય ૪૯૬
સગા સહોદર ન આવે કાંમ — અંન-ઉદક નહી તેંણે ઠામ
વસ્ત્ર ઓઢવાને નહી અંગ — આપ્યુ હોય તો આવે સંગ ૪૯૭
આપ-માંસ તે ભખ્યણુ કરે — અમર જીવ દુખે નવી મરે
તેહ નરક-ની પીડા ઘણી — ભોગવે એહવા પાપના ધણી ૪૯૮

ગુરુ-વચન ને મંત્ર-નો લોપ — ગુરુ-ઉપર આણે કોપ
માહા પાપી જે ગુરુ-ને હણે — હત્યા ગુરુ-પતની નીનવી ગણે ૪૯૯
હણે ગર્ભણી જે કો નાર — બાલક-વધ કરે તે ઠાર
ગોત્રી હણે હણે જે બ્રમ — ગો-વછ-વધ માણે જેમ દમ(?) ૫૦૦
જગન કરતા કરે જે જોર — જાત્રા-માંહે પડે છે ચોર
ગરથ-ને દેખી મારે ઠાર — કે જણ ને દુખ દે છે અપાર ૫૦૧
હણે ભગની હણે ભાણેજ — પાપી-ઉપર રાખે હેજ
રહે બ્રમ-હત્યાગ-ને સંગ — રાખે અધવીચ કરતો જંગ ૫૦૨
ગામ જમાડતા રખે બાર — ધણી-ને વીષ દે ઘર-ની નાર
નર નારી મારી બીજી કરે — સ્ત્રી-માણસ-ની થાપણ હરે ૫૦૩
વીસવાસે કરે જે ઘાત — સહજ-મા કરે ઉલકાપાત
વાટિ મારે ગમાતરું — અધિકા કરે કલતરુ ૫૦૪
પટલ થઈને વસ્તુ કરે (?) — ઈશ્વર ભાણે (?) જે નવી ડરે
અભક્ષાભક્ષ બ્રામણ થઈ ખાય — સ્ત્રી એક તજી બીજા-ને જાય ૫૦૫
જેહનું લુણ ખાય અહરનીસ — તેહનુ જે કો છેદે શીશ
અઘોર પાપ એહવા થાય છે — તે નર ચોથે નરકે જાય છે ૫૦૬
થાય વરસ વીરંચી ચાર — ખાય પ્રાણી અધીકેરા માર
એ. નરક-મા. દુખ. જ ઘણુ — તે હું જોતર. આગળ તણું ૫.૦૭
બીંત્યો લોહાની ચીહું પાસ — તાતા અગની ધીકે તે પાસ
ખેરન્તણા ધીકે અંગાર — વીવધ પ્રકારના મોહકમ માર ૫૦

તેહ-માં નાંખ્યો તે નર રઇ　　ફરિ ખબર કોયેં નવી જુઇ
એક ઘડી-માં જોજન ચ્યાર　　હેંઠે નાસતા હારોહાર ૫૦૯
પરુ પાચ જે દાધા તણા　　કરેં આહાર જંતુ જ ઘણા
અનેક દુખ બીજા-થી આપ　　બમણાં દુખ તિમ બમણાં પાપ ૫૧૦
અનેક બીજાં પાપ અનેક　　દુખ ભોગવતેં અતી વીવેક
જો કહો તો દેખાડું દ્રષ્ટ　　કુડેં કરમ ભોગવશ્યેં કષ્ટ ૫૧૧
બમણાં ચોમણાં કષ્ટ કાયા-નેં હોય　　તે તો જાંણેં છેં સર્વ કોય
એ રીત્ય-નાં સતાવીસ કહ્યાં　　તેહ પુરસેં સર્વે લહ્યાં ૫૧૨
કરેં પાપ તે આવેં આંહ　　હું નવિ પ્રીછું મુગતિ-માંહેં
કોલ તમ-નેં દિધો છેં અમ્યો　　આ ઠામેં ઠરી રહે જ્યો તમ્યો ૫૧૩
હું નહી મુંકું માહરો ધરમ　　લખ્ય જોજન ઇહાં-થી છેં બ્રમ
પુછું જઇ બ્રમા-નેં વાત　　સાચી વાત મુંપુ સાક્ષાત' ૫૧૪

ચોપઇ

ધરમ બ્રમપુરી ગયા　　વાહંન કરી વીમાન
સાખ્યાતકાર જે બ્રમપુરી　　સકલ સુખ-નીધાન ૫૧૫
રાગ-દ્વેષ કોહ-નેં નહી　　મોટિમ મુખેં મુલ્ય
ચ્યારેં પદ બ્રમા-તણું　　સુખ તેં સરગ-સમતુલ્ય ૫૧૬
સહસ્ત્ર અઠયાસી આરાધના　　નારદ વીણા વાય
કોટી જીભ કવી કરેં　　પણ તે શોભા કીમ કહેંવાય ૫૧૭
દિવશ નીશા નહી તીહા　　નહી પાપ-પરવેશ
અમૃત-ઉધ વરખા વહેં　　ભાવ ધરે બ્રમેશ ૫૧૮
ઉદય અસ્ત તેહ-નેં નહી　　નહીં પરવેશે પાપ
કડવું ગલુ તો એક છેં　　તેહ પદમી તીહા આપ ૫૧૯
કંચન-કથીર જેહ-નેં એક છેં　　એક કાંમિની એક કંથ
એક અગની એક સીત છેં　　ચતુર વિચારો ચિત ૫૨૦
સુખ-દુખ જેહ-નેં એક છેં　　એક પાપ નેં એક પુન્ય
ધરમ-અધરમ જેહ-નેં એક છેં　　તેહ-નેં સી રહી સુન્ય ૫૨૧

રચનાર સકલ સ્રષ્ટી-તણો　કરતા-પુરૂસ કો કામ
ચતુર પુરૂષ ચીંતામણી　ધાતા નીરમલનામ ૫૨૨
ધરમરાજ ધ્યાને કરી　સ્તુતી કરવા સમરથ
બ્રમ કહે 'ધરમ આવીયા　અમ આગલ કહો અરથ ૫૨૩
આમંન આપ તણુ તણી　આવ્યા તે કુંણ કાજ
તે વીસ્તારી કહો મુ-ને　ઇશ્વર રાખે લાજ' ૫૨૪
ધરમ કહે 'હુ તો કહું　જો આપો નીજ-કોલ
અમ્યો કહ્યૂ છે ઇદ્ર-ને　તેહ પાલવો બોલ' ૫૨૫
કર્યો કોલ બ્રમાજીઇ　'કહો વચન વીવેક
મુઝ-થી થાય તો હુ કરૂ　અજર કરૂ નહી એક' ૫૨૬
'માનવ-ને મુગતી મલે　જપ તપ કર્યો વીણુ કાજ
તે મહારાજ મુઝ-ને કહો　તો રહે માહરી લાજ ૫૨૭
મુગતી-પદ તે છે કીયુ　ઠીક બતાવો ઠામ
એ ઉતર આપો તમ્યો　તો થાય અમારૂં કામ' ૫૨૮
કહે વીરચી 'સાભલ્ય ધરમ　તે તો પુછયો મોહોટો મરમ
તે તુઝ-આગલ કહુ છુ કથી　મુગતી-ઠામ માહરે ઘેર નથી ૫૨૯
સદાવ્રત સંતોખે ઘણા　દાણ મુકાવે તીરથ તણા
જાત્રા અડસઠ જુગતે કરે　પ્રથવી ની પ્રદક્ષણા ફરે ૫૩૦
ધરમશાલા કરાવે ઘણી　કનકે કાયા તોલે પોતા-તણી
પોષે બ્રામણ કરીને વ્રત　ઇછા ભોજન ઝાઝા ઘૃત ૫૩૧
ડગલા ડોટી સવછી ગાય　ઉપર કનક-તણી દક્ષણા ય
પંચ પરવણીયે વીપ્ર જ વરે　હસ્ત શ્રાધ ગયા મા કરે ૫૩૨
શ્રાવણે કરાવે સીવ પુજન　તેહ થી રીઝે સહુનુ મન
નવરાત્રી કરાવે ઘણા　ઇશ્વરી પ્રસન્ન થાઇ તેહ-મા નહી મણા ૫૩૩
કરાવે કુવા વાવડી　પુજે પરમેશ્વર-ની પાવડી
અતીત ને આપે આહાર　રુડા પુન્ય ને દે અધીકાર ૫૩૪

કરેં નીવાંણુ ભરાવેં નીર   કરેં વીસામા તેહુ-ની તીર
મુંકેં ગોચર ચરવા ઠાંમ   કરેં કોટિ પરમારથ-કાંમ ૫૩૫

આપ-આપણા કુલ-કેરા ધરમ   કો કેહુ-નો નવી ચુકેં મરમ
પ્રતીવૃતા જે વૃત આચરેં   માબાપ-ની નિત્ય સેવા કરેં ૫૩૬

પાલેં સકલ શાસ્ત્ર-ના પાર   મુંકાવેં જેહુ-નેં દેતા હોઇ માર
ભલપણુ સાચી વીદ્યા ભણેં   હરી-કથા નીત્ય શ્રવણેં સુંણેં ૫૩૭

આપ્યા વીના જે અન ન ખાય   નીરમુખ કો જાચીક નવી જાય
જાર-વાત-ઉપર નહી રંગ   ન કરે મદ-પાંનીનો સંગ ૫૩૮

બ્રામણ-ઉપર ભગતી ઘણી   સેવા કરે નીત્ય સાધુ-તણી
તુલસી પીંપલ પુજે ગાય   ઘર-માં છતે મુખ ન કહે નાય ૫૩૯

પુસ્તક લખાવી આપે અન્ય   મોટમ-વાત ન રાખે મન
રણુ-સંગ્રામે સામદ સુર   પુન્ય-વાત-મા પહેલે પુર ૫૪૦

અસત્ય-થકી જે અલગો રહે   આપો આપો સહુ-ને કહે
જાચીક-ને દેખી મન ઠરે   આદર-ભાવ મગણુ-ને કરે ૫૪૧

પવીત્રપણું પોતાની દેહ   નારાયણ-ઉપર બહુ નેહ
વરત સઘલાં વીવેકે કરે   ઉદ્યાપન તેહ-નાં આચરે ૫૪૨

અગ્નીહોમ-આવસત્યાદીક કામ   બોલે વચન નીરમલ હરિ-નામ
પાલે પક્ષ પોતા-ની પ્રીત   રાખે કુલ રુડા-ની રીત્ય ૫૪૩

વાવેં તુલસી બીજા વૃક્ષ   ભુખ્યા જન-નેં આપેં ભક્ષ
ભાર કુટુંબ બાધા-નો વહેં   તેહવા બ્રમ-સદન-માં રહેં ૫૪૪

એહવા-નેં અવસાંન જ થાય   જન માહારા તેડવા તીહાં જાય
પ્રીત કરી રહેં માહરી-પાસ   માહરા આયુશ સુધી વાસ ૫૪૫

એટલી ગત માહરી તો હોય   મુગતી-કામ કહેં નહી કોય
આપો કોલ ઉશંકલ થાયુ   વિષ્ણુ-લોક વીમાનેં જાયુ ૫૪૬

દશ લાખ જોજન છેં દુર   પાંમેં પુન્ય પરમારથ પુર' ૫૪૭

દુહા

વાહન વીમાન-તણુ કરે' ધોર'ધર જે ધાત્ર
વીષ્ણુ-લોક વૈષ્ણવ ઘણો માણો ક્ષણુ એક માત્ર ૫૪૮
વખાણે' વૈકુંઠ ને' શોભા કહે' જે સાર
તે બ્રમાઇ સરજ્યો નથી અલખત અપર પાર ૫૪૯
રેણુ ગણે' અવની તણી ખગ-તારા ગણાય
તરણુ ગણે' ભુમી-તણા અરણુવ નીર તોલાય ૫૫૦
એહવી વાતો અનેક છે' શેષ સરીખા મ(સા?)ત
વૈકુંઠ વખાણુ કરી સકે' તે નહી શારદાયે માત ૫૫૧
બ્રમા તો ભેદે નહી નીગમ ઘણા ગુણ ગાય
સનકાદિક ને સ્વપને નહી સગ્ગ તણી શોભાય ૫૫૨
કોટિ એક બ્રમા પડે' અબદ કોટિધા ઇદ્ર
વૈકુંઠ વાસ ડગે' નહી મહિમા મોટો મ દ્ર ૫૫૩
નિત નિરખણુ નારાયણ નુ પલક ન પટતર થાય
એહ-થી સુખ બીજુ કીયુ તે કીમ મુખે કહે વાય ૫૫૪
ધાતા ધ્યાન ધરે ઘણુ અ'તર થઇ લયલિન
'મુઝ ઉપર મયા કરો દેવાધિદેવ હુ દિન' ૫૫૫
વારુ ઇષ્ટ વીષ્ણુ કરી મન થી દિધા માન
'માગે તે આપુ તુ ને' દયા ધરીને દાન' ૫૫૬
ધાતા કહે' 'ધરણીપતિ દુલભ તાહરી દેહ
પુછુ પ્રશ્ન મુને કહો સુભ ભાગો મ દેહ ૫૫૭
મૃત્યુ લોક જે માનવી અકાચીન (?) અપાર
મુગતી-તણો મારગ કહો તે કીમ પામે પાર ૫૫૮
જનુની જઠર ન અવતરે છુટે ઘણા ગભ'વાસ
તે માડી કહો મુને હુ સેવક તુઝ દાસ' ૫૫૯

ચોપઈ

‘બ્રમા વીષ્ણુ નેં રુદ્ર જ નામ બ્રમાંડ-રચણ સૃષ્ટી-નુ કામ
સકલ સૃષ્ટ ઘડો છો તમ્યો તે પ્રતિપાલણ કરુ છું અમ્યો ૫૬૦
તમ્યો કહી તે વાત જ વસી કરે વરત જે એકાદશી
માસ બાર ચોવીસે તણી જુજુવી નીધ્ય તેહ-ની છે ઘણી ૫૬૧
અભયા દેવસયની નીરજલા શ્રવણ શ્રાવણી વીધ્ય વીજલા
સાધેં દશમી મુંકી માન દ્વાદશીઇ દેં અંન-ના દાન ૫૬૨
વાહાણેં નાહી કરેં સીવ-પુજન તાર-કેડેં લેં મુખ-મા અન
તે દાહાડેં નીરમુખ નવી વલેં બોલ સાચો વચનેં પલેં ૫૬૩
એકાદશી કરેં ઉપવાસ કરેં જાગરણ તે બારેં માસ
ભુમી સુઇં બ્રમચર્ય રહેં “કૃષ્ણ કૃષ્ણ” મુખ થી નીત કહેં ૫૬૪
એ વીધેં સાધેં જે વરત મુખ-થી નવી બોલે અનરત
સાચું બોલવુ તેણેં દીશ જે-થી રીઝેં ઉમયા-ઇશ ૫૬૫
એ રીત્યેં પરમેશ્વર પરસન થાય ગુંણ ગંગા ગોવંદ-ના ગાય
વડ-પીપલ-નેં પુજેં જેહ તુલસી-ઉપર અધિકો નેહ ૫૬૬
પુજેં બ્રામણ પુજેં ગાય જે કો નીર નીવાણેં નાહાય
પાલેં વૈષ્ણવ-જન ના ધરમ પોતા-ના સાચવે ખટ-કરમ ૫૬૭
શ્રી ભાગવત ગીતા રસ જ્ઞાન કથા સાભલે મહીમા માન
ગ્રંથ વીષ્ણુપુરાણ જ તણા સાભલે આપે લખાવી ઘણા ૫૬૮
મોટમ ન કરે જે મોહની ન દ્યા ન કરે દેવ કોહ-ની
પોતા-ની નવી બોલે કુટ્ય કોહ ને ન કરે હલકો તુલ્ય ૫૬૯
રાખે વૈષ્ણવ-કેરી રીત સીવ ભગતી-ઉપર બહુ પ્રીત
નવાણુ સમરાવે આવાસીઇ કાઢી સંઘ જાઇ કાસીઇ ૫૭૦
વેણી-માહેં સમરપે દેહ નારાયણ ઉપર બહુ નેહ
મુગતિ-ક્ષેત્ર કહે વાયે સાત કરે અવગાહન દીન ને રાત્ય ૫૭૧
ગોપાલલાલ ના પુજન કરે અષ્ટ ભોગ મુખ-આગલ ધરે
પર-સ્ત્રી માત-સમાને જાણ્ય વેદ-શાસ્ત્ર-ની માને આણ્ય ૫૭૨

સાક્ષાતકાર વીષ્ણુ-નુ રુપ — તે તો બ્રામણ ભારે ભુપ
તે બ્રામણ-ને મનુષ્ય નવી કહે — કર જોડી તે ઉભો રહે ૫૭૩
એકે ધર્મ-ને નંદે નહી — એ તો રીત્ય વૈષ્ણવ ની કહી
પરમારથ કરતા જે મરે — પ્રીતે તે મરણે પરવરે ૫૭૪
જેહ થી દુખ ન પામે કોય — અભય-દાન જે નર થી હોય
અક્ષય દાન કર્યે પરમારથ અન્ય — માગવા વામના નહી કાઇ અન્ય ૫૭૫
નીશ્કામ-થકી જે સેવે પાર — માયા-રહીત અંતર અપાર
કાયા કષ્ટ વ્રત દીએ સુખ — નવી દે કોય પ્રાણી ને દુખ ૫૭૬
પુન્ય ન જણાવે પોતા-તણુ — કહે નહી આપે મોહોકમપણુ
સાધુ-ની સંત-ની (?) સુખી કરે — દુખ પારકા હેતે હરે ૫૭૭
પારકુ સુખ દેખી રાખે પ્રીત — ચતુરભુજ-ચરણે રહે ચીત
કોયક જન જો રુડુ કરે — તો પોતા-નુ અંતર ઠરે ૫૭૮
ગુરુ-ને ઇશ્વર જાણે જેક — નારી ભેખ ની (?) નવી લે કેડ
પર નારિ પર-નંદા પર-ધન — તે ઉપર નવી ઘાલે મન ૫૭૯
સુભ મારગ સઘલા ચાલવે — ભુંડો અખ્યર નવી આલવે
ધન ઉપરાજે સાતે સાજ — તેહ ખરચે પરમારથ કાજ ૫૮૦
જેહ વાત મા બેસે પાપ — તે સાહમુ ન જુઈ આપ
અહર-નીશા જેહ ને એ કામ — સુખ-થી ક્ષણ ન મુકે રામ ૫૮૧
સુતા બેઠા જાગતા ભણે — રામ અક્ષર તારક ગુણ ગણે
નીદ્રા સ્વપ્ન કરતા કાઈ કાજ — કહેતા રામ ન આણે લાજ ૫૮૨
હિંડતા બોલતા જપતા જોડ — રામ રામ કહે સુખ-થી કોડ
શાલીગરામ તુલસીદલ માલ — સકલ પ્રાણી ઉપર બહુ વાહાલ ૫૮૩
સઘલે ઠામે ઇશ્વર ને લહે — કડુવું વચન કેહ મે નવી કહે
અંતકાલ-સમે મુખે રહે રામ — તે નર પામે હરિ ધામ ૫૮૪
વૈકુંઠ વાસ તે જુગતે ભોગવે — ભારે પદ વૈભવ ભોગવે
વિષ્ણુ-સહિત વૈભવ હોય — તેહ ને રાછી ન નડે કોય ૫૮૫

કોટિક બ્રમા-સુધી કલોલ — બેસે અધીપત્ય આસન ઉ(?ઓ)લ
જીવ ફીટીને શીવ થઇ જાય — તેહ-નો તમ-ને કહું ઉપાય ૫૮૬
તેહ વચન ઉશંકલ કરું — સીવ-લોકે સેહ જે સચરું
પુછી પાર ને ઉતર દેયુ — પાર સાયુજ-મુગતી-નો લેયુ ’ ૫૮૭

દુહા

વીશ્નુ વીમાંન વાહન કર્યું — દેવ-તણો જે દેવ
કેલાશ પ્રીત્યે પરવર્યાં — સહે જે સદગુરુ-ની સેવ ૫૮૮
ઇદ્રાસન-થી સત-ઘણી — શોભા છે જિહાં ધરમ
સહસ્ત્ર-ગણી તેહ-ના થકી — જીહાં વસે છે બ્રમ ૫૮૯
લખ્ય-ઘણી તેહ-ના થકી — સોભા અપરમપાર
વીશ્નુ-પદ વૈકુઠ છે — સઘલી શોભા સાર ૫૯૦
કે વાય નહી કરી કલપના — વીશ્નુ-લોક-નો વાસ
તેહ-થી સોભા સીવ-તણી — તે કોટિધા કેલાશ ૫૯૧
જનુની બાધા જગત-ની — માયા રુપ મ ડાંણ
અરધાંગે આપે ધર્યાં — કરુણા-રુપ કલ્યાણ ૫૯૨
અજીત નાંમ જાણે જગત — સરજણહાર શરિર
ત્રણે ગુણ પેહેલા તે શીવા — ગુણસાગર ગભીર ૫૯૩
પાંર ન પ્રીછં તેહ-નો — અખ્યર પેહેલી અદ્ય
વીશ્વ-વીપે વ્યાપી રહી — હુંકાર-તણી જે હદ્ય ૫૯૪
ખટ ચક્ર ખોજી જુઇ — બ્રમગ્ય નાંના ભુપ
તે જન એહ-ને ઉલખે — રાંમા-કેરુ રુપ ૫૯૫
શ્રી(?)પરથમ સીવજી પછે — પરથમ સીતા પછે રાંમ
શ્રી-કેરું ક્રુષ્ણ વીશ્નુ — રાધા માધવ નાંમ ૫૯૬
અવની-રુપે શગતિ એ — શિવ-રુપ આકાશ
માયા-રુપ મર્યાદ એ — પ્રણવ-રુપ એ પાસ ૫૯૭
ક્ષુધા-રુપ એ ખાંત-થી — નીદ્રા રુપ નીમેષ
બુધ્ય-રુપ એ બાલિકા — વવેક-રુપ વીશેક ૫૯૮

લખમી-રૂપ એ લાડકી શ્રધા-રૂપ એ તોલ
મહીમા-રૂપ મુરજાદ એ શ્રીયા-રૂપ એ બોલ ૫૯૯
મોહોડુ સગપણ માતનુ તાર પછી તો તાત
જવલો જણ જાણુએ વેદ વાયક કહે વાત ૬૦૦
કો કહે રચે સ્રષ્ટી નરતણી કો કહે રચે કરી નાર
એકઠા એ બે થઈ સરજ્યો સંસાર ૬૦૧
ભગાકાર ને લીંગ-થી સકલ સ્રષ્ટ્ય ભર ભુપ
જાણી જુયો જુગતે કરી શીવ-સગતી એક સ્વરૂપ ૬૦૨
પ્રથમ જલાધારી કરે વલતુ બેસારે લીંગ
અકલ ગતી કલે નહી રામા રામ નો રંગ ૬૦૩
કલ્યાણ-રૂપ કરુણાનિધી કલ્યાણ કારણી પાસ
કલ્યાણ કરતા જગત નુ કલ્યાણ-રૂપ કૈલાસ ૬૦૪
સીવ સાનીધ્યે સંચરે પુરુશોતમ પાવન
જે નામ કોટિ જનમ ના બાલે અઘના વન ૬૦૫
એ બે મા અંતર નહી શાસ્ત્ર સોધતે સાથ
અરસપરસ એ અધીપતિ બ્રમાંડ કોટિ નર નાથ ૬૦૬
હરી-હર માંહે અંતર કરે સ દેહ રહે મન માંહે
કોટિ કલપ બ્રમા તણા તે નર નરકે જાય ૬૦૭
પરમેશ્વર પંચાસ નહી આદ્ય પુરશ તો એક
સમ-દ્રષ્ટે જોતા સુઝશે અગ્નાન થકે અનેક ૬૦૮
'પરસોતમ પધારીયા ભુમી-તણુ સુભ ભાગ્ય
દરસણ થકી દુખ ગયા પવીત્ર થઈ આ જાગ્ય ૬૦૯
કામ કહો કરુણા નીધિ લખ્ય વસા થી લેઉ
હેત થકી હાજર કરુ પ્રીત્યે પ્રતીઉતર દેઉ' ૬૧૦
'મૃત્યુ-લોકનુ માનવી પોઢા કરે જે પાપ
તેહ ને કિમ મુગતી મલે થાઇ અધીપતિ આપ ૬૧૧

છુટે ઘણી ગર્ભ-વાસના નરક મુંકાવે નેટ
સેવે જઈ સાયુજય-ને પુનરપી નાવે પેટ ૬૧૨
કોય વસે ઇંદ્ર-લોક-માં કોય વસે પુર ધરમ
કોય ગ્રહ રવી ચંદ્રે વસે કોય વસે છે બ્રમ ૬૧૩
કો વીષ્ણુ-પુર કો સીવ-પુરે જેહ-નાં જેહવાં પુન્ય
તે દેહ-સુધી તે ભોગવે નીમેષ ન રાખે નુન્ય' ૬૧૪

ચોપઈ

શીવ કહે 'સાંભલો શ્રીનાથ જગત બ્રમાંડ તમારે છે હાથ
પાલણ-પોષણ છો જી તમ્યો અધીકાર દ્યો છો તો કહીસ્યુ અમ્યો ૬૧૫
ત્રણ ગુણ ને (તે) જે-થી થયા સુંપો કાંમ રાજી થઈ રહ્યા
જે ગમે તે કાંમ દીજીઇ કોડ વસા અમ્યો કીજીઇ ૬૧૬
સરજે બ્રમા પાલો આપ શ્રી-દ્વારીકા-માં શીવજી-ની છાપ
રુદ્ર કહે છે તેહ-ને સર્વ વરદાંન-પુન્ય તણી ઘેર પરવ ૬૧૭
તપ-ફલ-દાતા માહરી મતી કપટ ન રાખુ રજીક રતી
મુઝ-ને કહે છે ભોલો ભુપ મહાપુરુષ જોગી-નુ રુપ ૬૧૮
તપ કરતાં જે કો મરે તે આ લોકે આવી અવતરે
જે કો કરે છે ઝાંઝાં પુન્ય નીમેષ માત્ર રહે નહી નુન્ય ૬૧૯
બ્રમ-ભોજન કરાવે ઘણાં પામે સ્વરગ નવી રહે મણા
અડસઠ તીરથ કરે અતીસ તે જઇ સેવે વીષ્ણુ સીસ ૬૨૦
સેવે' નીર ગંગા-નાં ઘણાં આ મંદિર છે તે નર-તણાં
નીત્યે પીઇ નરમદા-નાં નીર વસે વાસ આવી આ તીર ૬૨૧
પ્રયાગ-માહે દેહ પ્રાજે કરે' કરવત માથા-ઉપર ધરે
ગાલે' હીમાચલ-મા હાડ તે ભોગવે મંદીર આ મહાડ ૬૨૨
કેદાર-કંકણ જે નર કરે મથુરાં-માહે દેહ જ ધરે
ગોદાવરી જે જન સેવે ઘણી તોલે કનક દેહ પોતા-તણી ૬૨૩
મથુરાં-માંહે જે નર મરે તે નર વૈકુંઠે અવતરે
દ્વાદશ જ્યોતીલિંગે જાય સત્ય અરણુવ સલીતાઇ નાહાય ૬૨૪

કચન ના મેરુ જે કરે વેદ પાત્ર-ના કર મા ધરે
વૈષ્ણવ નો વૈભવ જોઈ ઠરે તે પ્રયાણ કૈલાસે કરે ૬૨૫
નીત્યે જઇ નીવાણે નાહ્હાય જગન વિભુત ધરે છે કાય
રુદ્રાખ સીર ધરે છે હાથ "સીવ ગીવ" કહે રુદયા સાથ ૬૨૬
ગીવ અક્ષર એ બે નામ મા કૈલાસ સીખર પોહોચે ઠામ મા
ગીવ-સેવક ને કરે છે સાગ તે વૈકુંઠ ભોગવે આ પાર ૬૨૭
સાલીગરામ ને તુલગી ચઢાવે આપ તે તો પરન્નઘા પોતે હરે પાપ
સમારથી સમ ધરમે (?) ધાય તે ગીવ-લોકે સહજે જાય ૬૨૮
ન દે નારાયણ-નુ નુર તે કૈલાશ થકી રહે દુર
સમસ્ત જન મા નઘા હોય આવે ઈહા જવલો કોય ૬૨૯
પરદોષ-વૃત કર્યો છે જયમ અત મકરણ મા આચરસે તીમ
શની મોમ માગે સર્વ થી તે નર થી સીવ પદ દુરે નથી ૬૩૦
પક્ષ પરદોશ જે કોટે કરે ધરમ-લોકે તે તો અવતરે
પરમ દોશ વૃત તણા જે મરમ ધ્યાન કરી ધારે જે ધરમ ૬૩૧
જન્માષ્ટમી વૃત કરે અહર નીસ તે તો લખમી પામે અતીશ
જન્માષ્ટમી વૃત કૃતે કરે તેહ-ના એકોતર મત ઉધરે ૬૩૨
જન્માષ્ટમી કરે પુરણુ પેર સઘલી અલખત તેહ ને ઘેર
ગીવ ચતુરદશી વૃત વીધ વીધ તેહ ની દાસી થઈ રહે નીધ ૬૩૩
પુજા પારથેસ્વર ની કરે કોટિ જનમ-ના પાતિક હરે
પચમુન ના પુજન પાસ તેહ મમીપે દે કૈલાશ ૬૩૪
પારથેશ્વર પુજે આણી રીઝ તે તો ફલ પામે રુડા બીજ
પાર્થેશ્વર પુજે રીઝી મન્ય તે તો પામે રુડા મન (?) ૬૩૫
દેવ સ્થલ ગીવ-સ્થાનક જીહા કરે દીપ ઘૃત કેરા તીહા
પચ ગ્રાસ કાઢી જન તે જમે ગુણ ગોવદ તણા મન ગમે ૬૩૬
ગવાનીક નીત્યે દે ગાય તે નર સ્વ દેહે સ્વરગે જાય
બ્રામણ ને જાણે જે દેન કરે ગીવ જાણીને સેવ ૬૩૭

બ્રાંમણ તે ઇશ્વર નુ રુપ   બ્રાંમણ તેહું અધિક અનુપ
માહરુદ્ર જગન અતી આદરે   તે પ્રીત ધરીને ઇહાં પરવરે ૬૩૮
જેટલા શગતી-નણા જે વરત   કરે નરનારી તરણીએં તરત
સગતી-પુજન એવે સંસાર   ઉતરે ભવ-જલ પેલો પાર ૬૩૯
દેહુ-વીગલ કરે નહી કોય   સકલ જુવતી-નેં જનુની જોય
સકલ જંતું-સાથેં હીન હાસ   તે પદ પામેં ગીરી કૈલાશ ૬૪૦
મદ્યપાની બ્રમં-હત્યા ઘણુ ઘણો(?)   નથી છુટકો એ ત્રણેં-તણો
વલી કહું છું એક દ્રષ્ટાંત   જો આપણ બેં છુ એકાંત ૬૪૧
જે કો કાસી ગંગા નાહાય   સ્વેતે મંધુ-રામેશ્વર જાય
નિહ-ગુરુ એ ગોદાવરી   કાવડ ગંગોતરીઇ ભરી ૬૪૨
દ્વારામતીઇ જઇ લેં છાપ   અંતસ્કરણ સુધેં-થી આપ
પુશ્કર ગોકર(ણ) ગોમતીકેરી તીર   સુધ કરે તિહા જઇ શરીર ૬૪૩
માયા અવંતી અજોધ્યા જેહ   "શીવ શીવ" કહેંતા પડશ્યેં દેહ
ગોકુલ મથુરાં વંદ્રાવંન   ઠાંમેં પડશ્યેં જો તંન ૬૪૪
ભાગીરથી બીજી છેં ગંગ   શરીર પડે જો હોયેં નંગ
શુકતીરથ જો પડે શરીર   તો પામેં માહરો ત્રટ તીર ૬૪૫
શિવ-પૂજન-મા તતપર રહે   "શીવ શીવશીવ" મુખ-થી જે કહે
કરેં દાન આતમ સગત્ય-નેં   નંદેં નહી વીષ્ણુ-ભગત-નેં ૬૪૬
જાણેં હરી બાધા જગત-નેં   વ્યાપી રહે બાધા વ્યગત-નેં
રોપાવેં બીલી-વૃક્ષ જ ઘણા   વાવેં વૃક્ષ વડલા તણા ૬૪૭
પીપલા વવરાવેં અતીસ   આનંદ-ઉછવ જેહુ-નેં અહરનીશ
પાપ-લેશ-નકી મન બીહે   પ્રીતેં નીર ગંગા-ના પીઇ ૬૪૮
વેદ-શાસ્ત્રી-ના પાલેં ધરમ   કુડાં કહારેં ન કરે કરમ
અધરમ અન્યાય કરતાં જે બીહે   તે તો જશ લાખીણો લીયેં ૬૪૯
જે કાં દે છે નિત્યેં દાંન   તેહુ-નેં ઘણાં મહારુદ્ર-ના માંન
તે જન પ્રીતેં માહરે પાસ   વાસ વસેં આવી કૈલાશ ૬૫૦
માહરું તેજ જીહા લગેં હોય   તેહુ-નેં ગાંજી ન સકે કોય
પ્રથવી-પીઠ-માહે જે સાર   વેદ-વચન એહ વીચાર' ૬૫૧

તીરથ-લોગ્ય દેહાતેં થાય ભલી તેજ-મા તે નર જાય
દેહ પડતે તીરથ મલેં તાહરેં જીવ શીવ થઇ ભલેં ૬૭૮

વલી કહુ એક બીજો ઠામ મુગતિ-પદ છેં જેહ-નુ નામ
પંચાસ કોટી પ્રથવી છેં કથી કાશી-ખેત્ર તો તેહ મા નથી ૬૭૯
પંચકોશી કહેંવાઇ જેહ મુગતી ક્ષેત્ર મોટુ છેં તેહ
પંચકોશી-મા જે કો નાહાય કાયા નીરમલ તેહ ની થાય ૬૮૦
પંચકોશી-મા જે નર મરેં તે તો સ્વર્ગ માહેં સંચરેં
કાશી-મા કરેં બ્રમ-ભોજન તેહ-નેં ન ભેટેં જમના જન ૬૮૧
કોટિ-કોટિ થાય કલ્પાત તેહ-મા નહી કાસી નો અંત
શીવ-ત્રાશુલ-ઉપર તે રહેં જે-ઉપર ગંગાજી વહેં ૬૮૨
ઉચું જલ આવેં જ્યાહરેં અંતરીખ ઉપર કાસી તાહરેં
બ્રમાડ કહેવાયેં એકવીસ તીહા તીહા જલ ચઢેં જે દીશ ૬૮૩
ત્રણ લોક તીહા બુડી જાય જલ ફરસ કાશી નવી થાય
બ્રમા તે નથી લહેંતા ભેદ વખાણતા નવ્ય જાંણેં વેદ ૬૮૪
સત્યપુરી માહં જે નર મરેં તે કાસી માહેં અવતરેં
એ કાસી-મા દૈવત ઘણું સ્યુ વખાણુ કરું તે-તણું ૬૮૫
જમ દુત તે સઘનં જાય અમલ નહી પંચકોસી-માહ
જમ-દુત નુ તીહા નહી જોર જમ-દુત તેહ નો ચાકર ચોર ૬૮૬
જમ નુ ચાલ્યં નહી લગાર કરેં જોર તો ખઇ માર
બ્રમ-હત્યા ગૌ-હત્યા કરેં તે જઇનેં કાસી-મા મરે ૬૮૭
એહવા નર કાશી-મા પડેં તેહ-ને જમ-કિંકર નવી અડેં
મહા માહા પાપ કરેં અતીસ ઘણી હત્યા કરેં તે દીસ ૬૮૮
અઘોર અઘોર કર્યે છેં ઘણી બીજે કહી નહી છુટકા તે તણી
તેહવા નર કાશી-મા પડેં તેહ-નેં જમ-કીંકર નવી અડેં ૬૮૯
અનેક પાપ કરેં પરચડ તો તેહ-ને ભૈરવ દેં ડંડ
કાસી-ધરતી નું એ જોર જમ-દુત તેહ-ના ચાકર ચોર ૬૯૦

એ તો વાત છે કહેવા માત્ર   પાપી-ને કીહાં-થી કાસી-જાત્ર
કદાચી કો સંચે-થી જાય   જમ-નો ભય નહીં સ્વપના-માંહે ૬૯૧
કરે પાપ તિહાં રહી પરચંડ   દુખ દોહીલા તેહ-ને દંડ
જમ-દુત તેહ-થી વેગલા રહે   તીહાં દુખ ભોગવે જમ-દુત ની દહેં(?) ૬૯૨
તે ઠાંમે છે સીવ-નો શ્રાપ   પગ ધરતી માંડ્યા-થી પાપ
પરમાંણું પાપ જો તાં ભોગવે   મેરુ-પરવત જેહવું જોગવે ૬૯૩
મુત્ર-વીષ્ટા તે ઠાંમે થાય   એ વાતે મોહોટો અંન્યાય
અણુ-માત્ર કરે જો પુન્ય   બ્રમાંડ ભોગવે ન રહે નુન્ય ૬૯૪
અણુ-માત્ર કરે જો પાપ   કોટી-કોટી-ઘણું છત છાપ
કોઈક કરમ કરી તીહાં જાય   પોઢાં પાપ તેં પ્રલે થાય ૬૯૫
નીસપાપ થઇ મરે જો ત્યાંહ   મણીકર્ણિકા મહિમા-માંહિ
"શીવ શીવ શીવ" ત્રણ વાર જ તંત્ર   પાંમે કાંન-માંહે તારક મંત્ર ૬૯૬
દેહ-પાત તે ઠાંમે થાય   જીવ ક્ષણ-માંહે શીવ થઈ જાય
સંદેહ નહી એ વાત જ તણો   મુગતીપદ-મારગ એ ઘણો ૬૯૭
કોટી-કોટિ વાત બીજી છે કથી   એહ-સમાંન બીજું તો નથી
એ વાતે જેહ ને સંદેહ અડે   તે નર રૌરવ નરકે પડે ૬૯૮
કાસી-સમાંન મુગતી નહી કોય   શીવપુરાંણ કાસિખંડે જોય
મણિકર્ણિકા મેહલે દેહ   નિત્યે જતા દેખું છું તેહ ૬૯૯
કોટી કરમ-થી છુટી જાય   જીવ ટલી આપે સીવ થાય
સમ્યક્ પ્રકારે સુંણજ્યો તમ્યો   સીવજી કહે સત્ય જાંણું છું અમ્યો ૭૦૦
કાસીખંડ કથાનક એહ   સાભલજ્યો જેહ-ને સંદેહ
જે દાઢે આ સ્રષ્ટી હવી   આદિ કથા એ છે નહી નવી ૭૦૧
કાંમના પ્રતે પુછે જાકરે   તેહ-ને માંડિ કોહો તાહરે
ધરમરાજ સુણીને કલે   તીહાં નાંસું કાસી-નુ નવી મલે ૭૦૨
સઘલે જમ-દુત-નુ પુર   પંચકોશી-થી તે દુર
દેહ માંનવ દેવ જ થાય   બીજો તો નહી એક ઉપાય ૭૦૩

મરણ-કાલેં કાસિ પામસ્યેં વેદના મરણ-તણી વાંમસ્યેં
નીશ્ચેં નીશ્ચેં નહી સંદેહ મારગ મુગતી-તણો તો એહ ૭૦૪
એહ ઠાંમ તો ઉતમ હોય પાપી-આગલ નવી કહેંસ્યો કોય'
લાગી પાગ્ય સીખ્યા સુભ લીધ વીમાંન વાહન વીષ્ણુજી દીધ ૭૦૫
શીવ-મુખે-થી જેટલું લહ્યું આવી બ્રમા-આગલ કહ્યું
નારાયણ-નેં બ્રમા નમ્યા બોલ શાસ્ત્રતણા ગુંણ ગમ્યા ૭૦૬
પાગ્ય લાગી પ્રયાંણ જ કરેં ધરમ-તણેં સ્થાંનક સંચરેં
કહેં મારિનેં મોક્ષ જ મરમ હેત ઘણેં-થી હરખ્યા ધરમ ૭૦૭
કરી ડંડવૃત આવ્યો તે પાસ વારુ સુગ્નાયક-નેં વાસ
કહ્યા મુગતીના મારગ ઘણા કાશિ મણિકર્ણિકાન્તણા ૭૦૮
પ્રદક્ષણા કરી મહા મન્ય આવ્યા ઈંદ્ર આપેં આસન
સહેંજેં ગ્નાંન પોતા-નેં થયુ કારણ વીક્રમ-નેં માંડી કહ્યૂં ૭૦૯
'દેહ-અંત કાસી-માં થાય સહેંજેં પ્રાણ સરગેં જાય
નીરમલ દેહ પડેં જો નેટ નાવેં ગરભ માતા-ને પેટ ૭૧૦
ફરી અવતાર લેવો નવી પડેં જમદુત તેહ-નેં નવી નડેં
ગરભ-વાસ-નો ફ(ફે)રો ટલેં સહેંજેં તેહ-ને મુગતી મલેં ૭૧૧
પંચકોસી-નો મોટો મહિમાય તે સ્વદેહેં મરગેં જાય
મહા મોટાં પાતીક જાય જીવ ફીટી તે શીવ થાય' ૭૧૨

દુહા

વીક્રમસેન વૈકુંઠ-ની શુંણી જીહારેં વાત
કર જોડી ઉભો રહ્યો 'સાંભલ માહારા તાત ૭૧૩
હું અપરાધી અતીઘણો દેવા આવ્યો દુખ
માત-પીતા કુંણ રીઝવેં બાગેં માહરી ભુખ ૭૧૪
દુખ-ભંજન પુત્ર-નેં કહેં માનવ સઘલા જન
કહેંસ્યેં પુત્ર એ ઈંદ્ર-નો અચિરજ સ્યું છેં અન્ય ૭૧૫
જસ જગત-માં માહરો અતુલી-બલ હું આપ
પુન્ય તેહ પીતા-તણું પદ-દેવું-પરતાપ ૭૧૬

સુખ-કરણુ સંસાર-માં દુખ-ટાલણુ આ દિસ
ભાભા-નેં મુગતી મલે તો શાતા થાય અહરનીશ ૭૧૭

ચોપઇ

હું આવ્યો જાહરેં તુમ ધાંમ કરો છો સદા માહરાં કાંમ
કહું વાત તે મન-માં ધરો એક કાંમ અમારું કરો ૭૧૮
એક વાર ફરી તીહાં જાયો જીહાં ધરમરાજ પીરંધર રાયો
તેહ-નેં જઇનેં પુછો તમ્યો તીહાં મોકલીઇ છેં અમ્યો ૭૧૯
કાયા ભાભારાંમ જ તણી કીહારેં પડસ્યેં ઘાહડ ઘણી
બીજું અન્ય ન જાંણું કોય એહ સંદેહ માહરેં મન હોય ૭૨૦
આયુસ કેટલું એહ-નું જોય તેહ બતાવો મુઝ-નેં સોય
આવરદા હોઈ જેટલું હું જાંણુ આપેં એટલું ૭૨૧
એટલું નીશ્ચેં મુઝ-નેં થાય તો જગ જીત્યો મેં કહેંવાય'

વચન બંધાણો તે કારણેં ગયો ઇંદ્ર ધરમ-નેં બારણેં ૭૨૨
પુછી પાર પટંતર લીધ ચીત્રગુપ્તેં કહું જે સીધ્ય
'કહો તે વીક્રમ-નેં વાત આજ-થકી તો દિવસ જ સાત ૭૨૩
એકાદશી નીરમલ દીન નેહ પોહોર દિવસેં પડસ્યેં એ દેહ'
એહવું સાંભલી આવ્યો ઘેર પ્રીત-થી મઘવા પોતેં પેંર ૭૨૪
પુત્ર-ઉપર ધરીનેં પ્રીત વાત કહી સરવ રુડી રીત
ડંડવૃત કરીનેં નમ્યો બોલ દેવતા-નો મન ગમ્યો ૭૨૫
બાવન વીર-તણો વડ વીર વાયુ-રુપ તે ધૃતા ધીર
મીચ્યાં નેત્ર મહિપત્યેં જાહરેં મુંક્યો ઉજેણી-માં તાહરેં ૭૨૬

શમણેં દીઠું હોઇ જીમ અચીરજ વાત સુંણી તે તીમ
કોડેં પુજા હરસીધ-ની કરી પંચામૃત સામગરી ભરી ૭૨૭
શોડશોપચાર પુજા-નો જેહ કરી જોત્ય તરતીબેં તેહ
સુકડ ચંદન અખત લીધ કેસર કુંકુમ બાવના કીધ ૭૨૮

પુરસે જાય-ચંબેલી-તણા   ધુપ-દીપ કરેં છેં ઘણા
અબીલ-ગુલાલ ચઢાવે અતીશ   ફૈફલ-નૈવેદ્ય મુંકેં અહરનીશ ૭૨૯
ઘંટ ઘુઘરા નેં આરતી   ભલા ભોગ આપ્યા ભારતી
દેઈ પરદખ્યણા આવ્યો ઘેર   સી કીધી ભાભા-ની પેંર ૭૩૦

નીરમલ દુખ-ભંજન જે નામ   જો જો કીધા તેણેં કાંમ
સી કહુ તેહ-ની સોભાય   સભા ભરી બેઠો છેં રાય ૭૩૧

દુહા

ફરેં છત્ર સીર-ઉપરેં   બેઠો અધિપત્ય આપ
વરણ અઢાર વ્યાપી રહી   પુન્ય-તણો પ્રતાપ ૭૩૨
સુખપાલ મોકલી સહુજ-માં   ભાભારામ-નેં ઘેંર
'તમ-નેં તેડેં રાયજી   પ્રણાંમ કરી બહુ પેંર ૭૩૩
રાંમ કહેં 'કહો રાય નેં   ભુપત મલવા ભાવ
મંદ સરીર છેં માહરું   ત્રણ દિવસ થયા છેં તાવ ૭૩૪
ગાત્ર સીતલ ઘરડો ઘણો   નહી આગમણ કે આય
મન મલવા માહરું ઘણું   પણ મહિપત્ય કેમ મલાય ૭૩૫
અમ્યો અભાગીયા અવતરા   તે તો જોગ કીહા-થી જન
અંત-કાલેં અવનીપતી   કીહા-થી દેં દરસન' ૭૩૬
પાછા સેવક પરવરા   કહેં રાય-નેં આક
'ઉઠાય નહી એ-થકી   વૃદ્ધ-તણો શો વાક' ૭૩૭

આપેં અસવારી કરી   મુંક્યું ઘરનું કામ
મંદીર પોહોતા મહીપતિ   રીઝે બોલ્યાવ્યા રામ ૭૩૮
દેખેં દુનીયા કારણુ   'આ તો અસંભવ વાત
રામ-નેં જોવા રાયજી   પ્રતિં આવ્યા પરભાત' ૭૩૯
કુસલ પુછુ કે દીન-તણુ   સીસ ફેરવ્યો હાથ
'રાંમ ખબર કોઈ તમ-તણી   સાચું કહો મુઝ-સાથ' ૭૪૦

રાંમ કહેં 'રાજા સુંણો આનંદ માહરેં અંગ
મોત આવ્યું છે ઢુકડું રામ-સંઘાથેં રંગ ૭૪૧
આ અવતાર આનંદ-માં જોખ ઘણે-થી જાય
અવતરવું અન્ય જોન્ય-માં તીહાં તો સી ગત થાય ૭૪૨
પશુ પંખી કેં માંનવી ઝાડ બીડ કેં વૃખ્ય
દ્વીપદ ચોપદ ષટ્પદેં વાઘ વરુ કેં ભૃખ્ય ૭૪૩
કોય તેહ કલેં નહી જે સ્યો ધરવો અવતાર
ભોગ કરમ તે ભોગવેં ઈશ્વર-નેં વીવહાર' ૭૪૪

મહીપત્ય-નેં જોવા મે.ની આવેં ઠામેં ઠાંમ
ઘણી ગુઝ છાંના કરેં રાજા નેં ભાભોરાંમ ૭૪૫
રહીયત બાધા નગર-માં અચરજ ગામોગામ
'છાની ગુઝ એ સી કરેં રાજા નેં ભાભોરામ' ૭૪૬
'કણુમી કરાર કાલ્યેં થસ્યેં અંતર કાં ઉચાટ
વ્યાધી જસ્યેં વૈદુ કરેં મરશો તે સ્યા-માટ ૭૪૭
દુખ આવેં છેં દેહ-માં ગાત્ર સીથલ થઈ જાય
કરાર થસ્યેં કવાથ-થી ઉઠી બેંઠા થાય' ૭૪૮
ભાભો કહેં 'સ્યું ભોલવો મેં ચૈતન જોયાં ચેંન
લમણા ત્રુટા લંક-થી નમી ગયા બેં નેંન ૭૪૯
કાનેં ઘાલે આંગલી સાભલવા-નેં સાદ
તે ઘોર ગગન સુંણેં નહી જે અનહદ વાજેં નાદ ૭૫૦
પહેરેં પોર સ્વી-દિનેં જુઈ પોતાની છાહ
કાયા દીસેં છેં કારમી સુસ્તક નહી તે-માહેં ૭૫૧

ગગન તો ગરજેં નહી મેઘ ન છંડેં ધાર
હાલકહુંલક એ નગર-મા હંસા ચાલણહાર ૭૫૨
ઉડ્યો અન-નો અધીપતિ વપુ-થી જીણુ વાર
પ્રસ્થાનાં તેં પેંડ-થી હંસા ચાલણહાર ૭૫૩

નવેં નાડ નમી ગઇ   જીવ રહેં નહી ઠાર
હલ હલ થઇ હજુર-ની   તે હંસા ચાલણહાર ૭૫૪
કહ્યું કાને સુંણે નહી   ગલેં ન ઉતરેં વાર
કર્યાં દદામાં કુચ-ના   હંસા ચાલણહાર ૭૫૫
દમ વાધી ગઈ દેહ-માં   અવર અંગ તો હાર
ત્રંબાલુ ત્રીજું થયુ   હંસા ચાલણહાર ૭૫૬
નેંન નવેં રંગેં થયા   ઢલતી દીઠી ધાર
ડેરા દેસ બાહિર થયા   હંસા ચાલણહાર ૭૫૭
સીત મમીપેં આવીયુ   ઘેંન-તાડું છે ઘાર
અસ્વારી ઉભી થઈ   હંસા ચાલણહાર ૭૫૮
નખ જીભ-નેં દંડ તડા(?)   કાલક કીધિ કાર(?)
પરીયાણુ કર્યાં હવે પંડ-થી   હસા ચાલણહાર ૭૫૯
કફ વાયુ નેં પીત એ   ત્રણેં મલ્યા જે ઠાર
અસવાર થયો તે આપ-થી   વેગ નહી તે વાર ૭૬૦
બલખો બાહિર ન નીસરેં   નમેં ન હેડુ નીર
પ્રયાણ કર્યું તે પ્રાણીઈ   સુખ્યુ સબ સરીર ૭૬૧
હંસ હલકી નીમર્યો   લેખેં જોઇ તે લાગ
પાચ હતા તે પંચ-મા   ભલી ગયા તે ભાગ ૭૬૨
પચવીસ પયેં પચવીસ-મા   ભયેં એક-મા એક
મૃતીકા માહેં મૃતીકા ભયેં   વેદ કરો વીવેક ૭૬૩
સોએ કલાકડા સામટા   કરેં એકઠા સહેંલ
આદર-થી ઉભી કરો   વીશ્વ કહેં છે વેહેંલ ૭૬૪
કાહાડો તલચા પૈ જલી   પઇડા માગી દામ
વેરી નાખ્યા વેગલા   તો નહી વેંહલનું નામ ૭૬૫
રુધીર માસ ને હાડકા   નસો જાલ ની નેહ
મલ-મુત્ર મુરજાદ-મા   દીસેં છેં એ દેહ ૭૬૬

જડ-રૂપ એ જાંણવી ચૈતન કો-એક હંસ
એહ પંખી જવ ઉડીયો રહ્યો કાઠ કે મંસ ૭૬૭
આપ-માંહે-થી ઉલખે એ પંખી-ને આપ
તો ભટકયો નાવે ભુતલે ટલે ત્રવેધી તાપ ' ૭૬૮
ભાભો કહે ' સુંણ ભુપતિ એહ વેલા છે આજ
પેર થસ્યે પંખી તણી તો લક્ષ્મી-વર લાજ ૭૬૯
પગ ભાગા પીંડી-થકા સુંણે કારિસું કરણ
તાહરે નીશ્ચે જાંણવું માથે આવ્યું મરણ ૭૭૦
તે સર્વે ચેંન મે ચાલવ્યાં કર્યાં વીચારી કાંમ
રાંમ કહે લ્યો માહરો રાંમ રાંમ શ્રી-રાંમ ' ૭૭૧

ચોપઇ

રામાદે તેહ-ની ઘર-નારિ તે આવી પછે તેણે ઠાર
નર-નારિ-ને અધકી પ્રીત તે તો ચેંન રુડી રીત ૭૭૨
નર-નારી-તણા નેહ-ને સત ચડું તેહ-ની દેહ-ને
મુંકયુ જલ ધણી-ને હાથ 'માહરે આવવું છે તમારી સાથ ૭૭૩
તમ-કેડે થાવું છે સતી સાચું કહું છું સર્વ-થી
આતમ-ગ્નાંન થયું છે મું-ને દીવસ છઠે મરવું છે તું-ને ૭૭૪
સહ-ગમન કરવું સર્વ-થી સંસાર-સુખ હવે જોવું નથી
સંસાર-સુખ ભોગવ્યુ ભરપુર એકે વાત ન રહી અધુર ૭૭૫
કંથ-કેડે જે કાંમીનિ બલે તેહ-નો મહિમા કુંણ જ કલે
સાઠ સહસ્ત્ર વરસ દેવતા-નાં ઘણાં સુખ ભોગવે સ્વરગ જ તણાં ૭૭૬
અઘોર પાપ જો કંથ જ કરે સતી-પરતાપ-થી તે તો તરે
પુરું પુન્ય થાઇ જાહરે પ્રથવી-પતી થાઇ તાહરે ૭૭૭
અવતરે રાજા રુડો અંશ તેજવંત પુરો પરસંશ
ભોગવે વૈભવ સુખ-નીધાંન કોયક ભવે ભેટે ભગવાંન ૭૭૮
સાંભલ્ય રે તું માહારા પતિ તુઝ-કેડે થાવું છે સતી'
ભાભો કહે ' એ તો સાચરું મન નવી માને એણે માહરું ૭૭૯

રહેંવું અધર નેં જાવું ઠેઠ   કોયક કાલેં અવતરવું પેટ’
રાજા કહેં ‘સાંભલજ્યો રાંમ   હું કહું તે કરો એક કાંમ ૭૮૦
સુંકો માથા આવામીઈ   કહો તો પોચાડું કાસીઈ
મણીકર્ણિંકા નીનમ જેહ   તીહાં તમારી પડસ્યેં દેહ ૭૮૧
જનમ-મરણ-નો ફેરો ટલેં   જીવ તેજ-માં સીવ થઈ ભલેં
સુંઢો કાંમ થાયો સમરથ   ઘણો ખરચવા આપું ગરથ’ ૭૮૨

કહેં કણબી ‘નવી ઉઠું હાથ   ઘર માહરા-માં ઘણી છેં આથ
જે જોઈઈ તે ઘર-મા હોય   તારેં સીદ માશું તમ-પાસેં સોય ૭૮૩
જેકો માગેં કોડેં કથી   તેહવો કણબી કોયેં નથી
પારકું લઈનેં પુન્ય જ કરેં   તે-થી અરથ એકેં નવી સરે’’ ૭૮૪
‘પ્રથવી-પતિ પીતા-નેં ઠામ   રહીયત સહુ પરજા-નેં નાંમ
મુરખ-લોક ન જાંણેં કોય   વીષ્ણુ-અંશ-વીણ રાજા ન હોય’ ૭૮૫
વચન ઉશંકલ આપેં થાય   સુભ સત્યવાદિ વીક્રમરાય
પુરાંણ-શાસ્ત્ર પ્રીછવીયો પેંર   મહીપત્ય આવ્યા પોતા-નેં ઘેર ૭૮૬
સુભ સાંઢણીયો પોતા-તણી   ઘડીયા-જોજન તો છેં ઘણી
પંખી-પહેંલી ઉડેં જેહ   મન-વેગી દેવાંસી દેહ ૭૮૭
ઘડીઈ ચ્યાર જયોજન ચીત ધરેં   વાઘ-સીઘ-ની બીહેં નવી ડરેં
જોરાવર જોઈ તેણી ઘડી   સરખી સમાંણી તેવતેવડી ૭૮૮
પલકા કોસી એહવી પાચ   અસવાર-ને ન અડેં ઉની આંચ
સરવ મહુર્ત-મા સજ કરી   ભોરી હેમ મોહોરા-ની ધરી ૭૮૯
મોહોરો હેમ-ની ભરી અતીશ   સંધાથેં લીધી તેણેં દીસ
પટલેં પુન્ય કર્યું તીહા ઘણુ   ધન લુટાવ્યુ પોતા-તણુ ૭૯૦
ભુમી પમાયતેં આપી ઘણી   દીધી દક્ષણા જેહ-નેં વીપ્રા ભણી
મત્છી તીહા આપી ગાય   બ્રાંમણ-નાં ચરચા તીહાં પાય ૭૯૧
દીધી ઘણી ડગલા દોટીયો   બ્રમ પોરો આપી મોટીયો (?)
સુખ સીજ્યા આપી તેણેં ઠાંમ   ઘણાં પુન્યના કીધા કાંમ ૭૯૨

વેંહુચી સહુ-નેં આપ્યા ભાગ　　જોયો આપ લાખીણો લાગ
વડા પુત્ર-નેં તેડયો સાથ　　રામાદે સતી તે સાથ ૭૯૩
ભાભોરાંમ નેં ચોથો રાય　　જોઇ સુકન નેં પંથ પલાય
'ભ.ભ રાંમ-ની સીજ્યા છેં જીહાં　　નાદ વાગસ્યેં ગેંબી તીહાં ૭૯૪
પુષ્પ-વૃષ્ટિ થાયેં જાહરેં　　સ્વરગ ગયા જાંણજ્યો તાહરેં
તાહરેં કરજ્યો કુલ-ની રીત્ય　　પુર બાધા-નેં પુરણ પ્રીત' ૭૯૫
જયજયકાર થયો વાસીઇ　　કોડ ઘણેં-થી ગયા કાસીઇં
વાટેં નાવી ઉની આચ　　પ્રાતુસ્કાલેં થયા દિન પાચ ૭૯૬

ક્ષૌર-કરમ કરાવ્યું જ્યાંહ　　નાહવા-કાજ નીર મુંકું છેં ત્યાંહ
કરાવેં તેહુ-નેં ગંગા-સ્નાંન　　સુપાત્ર-કર-માં દિધાં દાંન ૭૯૭
નીરાહાર ધૃઢના મન ધીર　　પીધાં નીરમલ ગંગા નાં નીર
ત્રીવીધ તાપ તે વેલાં ગયા　　અઘ-ના ઉઘ તો ભસ્મ જ થયા ૭૯૮
નાંમ-નારાયણ ઉપર નેહ　　દેવ-રુપ મુંકયો તીહાં દેહ
પંખી હંસ ઉડે જેટલેં　　અંતરીખ વચન થયું તેટલેં ૭૯૯
'તાહરો વાધસ્યેં રુડો વંશ　　તેહ થશેં દેવતાઇ અંશ
એક વચન માનેં માહરું　　જગ-માં નામ રહેંસ્યેં તાહરું ૮૦૦
એકવીસમી પેઢીઇ પ્રગટેં પુત્ર　　માહા સત્યવાદિ તે ઘરસુત્ર
ગુજર-દેશ ઠેકાણેં ઠાંમ　　તેહ-નુ નાંમ તે ભાભોરામ ૮૦૧
પુજાસ્યેં થઇનેં તે દેવ　　સકલ લોક કરસ્યેં બહુ સેવ'
ગેંબી સબદ સાંભલીયો તેહ　　સીતલ થયો ભાભા-નો દેહ ૮૦૨
પ્રાંણ-તાગ થયો તે પતિ　　થઇ રામાદે શામા સતી
જનમ-મરણ-ના ફેરા ટલ્યા　　તેજ-રુપ થઇ તેજ-માં ભલ્યા ૮૦૩
નીરંજણ નારાયણ જેહ　　તેજ-માહેં ભલ્યા જઇ તેહ
ગયા શ્રાધ તે પુત્ર જ કરેં　　કોટિ જનમ-નુ પાતીક હરેં ૮૦૪
અધીપત્યેં સફલ કર્યો અવતાર　　એહવો દેવાંસી દાતાર
રાંમ જે વેલાં સ્વરગેં ગયા　　ગેંબી નાદ તે ઘર-માં થયા ૮૦૫

પચ પુત્ર પ્રાક્રમી એક-એક થી એક
દાતા ગુંણ ડાહાપણ દિલેં વડું ભાગ્ય વીવેક ૮૩૨
પાટોદર પુત્ર પાટવી સુભ ડામેં સમરથ
લાજ ધણી લઘુ વેશ-મા વેણીરામ વડ-હથ ૮૩૩
સપુત તે રખીયલ-તણો મોટમ-પ વી મેર
કણબી કહાવેં કલપતરુ જસવંત-રુપ ઝવેંર ૮૩૪
હરીરામ હરી-સમો ભલપણ-કેરો ભાણ
કરણ-સમો કહાવીયો પંચ કરેં પ-માણ ૮૩૫
વીક્રમ-થી જસ વાધીયો તેજ-પુંજ પ્રકાસ
ગુણીયલ નર એ ગુંણ-નીધી ગુણવંત ગંગાદાસ ૮૩૬
હરી ાસ ગંગાદાસજુ અતી પ્રાક્રમ અપાર
રખીયલ-કેરા રાજવી રમેં સેર-તણા સકાર ૮૩૭
શામજી વીર મલખ્યણો કરેં કોટિ પર-કામ
જગ જીત્યો બાધા જગત-નો નવેં ખંડ-મા નામ ૮૩૮
પુત્ર બેં પરાક્રમી નામ-વધા-ણ નીર
બહુ પરાક્રમે બુધ્ય નાધી માધુ ઉધુ બેં વીર ૮૩૯
પાચ પુત્ર પ્રતાપવંત બહુ ગુંણ બોયણ બીજ
રાજમ-પદ રખીયલ તણા ભાવીક સુભ ભનિજ ૮૪૦
ભાટ દસુદી તેહ નો ગુંણ-સાગર ગુંગાન
ગ્રંથ સુણ્યો તેહ-ને દેજ નેં આગ્રા માન ૮૪૧
કર જોડીને કવી-નેં કહ્યુ સુણ્યા શામ સુભ રીત
પુ-ાણ-પરમારથ કરો વાધેં પુન્ય-પર પ્રીત ૮૪૨
સીંહાસનબત્રીસ નો કરાવ્યો રુડો ગ્રંથ
સંસ્કૃત-માહે-થી સોધીયું પરમારથ એહ પંથ ૮૪૩
કથાનર કાલીદાસ નુ બોજ પુન્ય પવીત્ર
પ્રાકૃત દીધું પંડીતેં વાળ વીક્રમચરીત્ર ૮૪૪

સમાપ્તિવચન

સાચા-નેં મોહામણું　　જુઠા-નેં . તો જ્યાંન
ગુણીયલ-નેં મન ગુણ ઘણો　　દાતા-નેં તો દાંન ૮૪૫

કહેં પુતલી ભોજ સુંણ　　એહવો થયો વીક્રમ વીર
વચન પાલે પોતા-તણું　　ધરમ-વાત દ્દઢ ધીર ૮૪૬
બરદ પાલે બોલ્યા-તણું　　સુખ દીઠેં સંતોષ
રહીયત સુખેં રીઝે ઘણું　　દુખ દીઠેં મન દોષ ૮૪૭
પર-દુખ દેખી નવી સકેં　　પર-કાજેં દે પ્રાંણ
કલપતરુ તે કુલ-વીષેં　　સાચો વીર સુજાંણ ૮૪૮
પ્રાક્રમ જે એહવાં કરેં　　તે ધરેં સીહાસન પાય
દાંન કરેં એ સાંભલી　　પાંચેં પાતીક જાય ૮૪૯
એહવા થાયો તો પગ ધરો　　નહી તો પુજો પાય
પુન્ય કરો પરમારથેં　　ફરીનેં બીજો દાય ૮૫૦
એમ કહીનેં ઉતપતી　　આપેં ગઈ આકાસ
ઉગણીસમી કથા પુરણ થઇ　　કહેં કવી શાંમલદાસ ૮૫૧
એમ કહીનેં પુતલી　　પ્રદ્યુમના ગઈ આકાસ
સભારંજક હવેં બોલસ્યેં　　કહેં કવી સામલદાસ ૮૫૨

★

વેતાલ ભાટની વારતા

કવિ શામળ ભટ કૃત સિંહાસનબત્રીશીની ૨૦મી વાર્તા

(કહેનાર પૂતળી સભાગજની)

ચોપાઈ

શ્રીમુખ્ય આરાધુ સરસ્વતી　　મયા કરો આપો સુભ મતી
કરુણા વાન ્સનાગ કરો　　બાલક જાણી બાહે ધરો　૧
કરુ ગ્રથ ગણેશ લાજ　　કરુ આરાધન તેહ ને કાજ
સરસ્વતી જેહ ને સુખ વસી　　વલતી તેહ ને ઉણમ ્મી　૨
આગુ માન કીપાથી આપ　　પંડીત થયા તે તુજ પ્રતાપ
ગ્રથ અધુરો જો રહી જસે　　તે તો માત હસારત થશે　૩
તણુ વસ છીમ વાયુ જાણે　　ભરુને તારુ કવી તો ભણે
તન કીપા હશે તાહરી　　તો તો લાજ રહેશે માહરી　૪
હંસ વાહની મોટી માત　　સનમુખ સાહામુ જો આક્ષાત
આપો બુધ્ય તરગ અને　　અકલ દેયણી તુ છ એ　૫
જગત પાવની શ્રી જગદીન　　આદ ઉમયાપત્ય શ્રી તુ ઈશ
ભોલો નાથ ભવાની ભુપ　　રાજગજેશ્વર નીચ્ચસ્વરુપ　૬
અનપુરણા આનંદ કારણી　　ચી મલ કેરી અઘ હારણી
શ્રી ગરુપદપ કજ પરતાપ　　કરુ ગ્ર ... આપ　૭

શ્રીભોજ ભુપત્ય ભના　　શ્રીધારા ધરમ ધામ
શ્રીપતિ સેવક સત્ય એ　　શ્રીનીરમલ સુભ નામ　૮
આવ્યુ આસન અભીનવુ　　ઘણી ઘડીયુ ત્યાહ
સભા સરવ સોભી રહી　　મહીપતિ બેઠા માહ　૯
પોહહા પંડીત ને પુછીયુ　　લીધુ લાખીણા લગન
મુહુરત વેલા માન સુ　　મહિપતિ મન મા મગન　૧૦

ભોજંન સુભ ભલી ભાત્ય-નાં પુર પોષે પ્રમાંણ
સુપાત્ર દાંન સમરપીયાં જસ જગત-માંહે જાંણ ૧૧
બ્રાંમણ ભલા મનાવીયા ભર્યા ભાટ ભલી ભાંત્ય
ગુપત-દાંન ઘણાં કર્યાં અધીપતિઇ એકાંત્ય ૧૨
પાંચ પ્રદક્ષણા કરી પ્રીતેં ધરે તે પાય
'હાં હાં' હુંકારો કર્યો 'રહે વેગલો રાય' ૧૩
સભારંજની બોલીયાં પુતલી આંણી પ્રીત
'એ આસંન વીક્રમ-તણું રુડી જેહ-ની રીત ૧૪
દાતા દિલે દરિયા-સમો ગુણ-ગીરુયો ગંભીર
કનક-દેયણ એ કરણ-વત વાદે જીત્યો વીર ૧૫
હરસિધ હજુરી જેહ-નેં જેહ-નેં માથે ઈશ
પુન્ય કરે પરમારથી જીવ જપે જુગદીસ ૧૬
પંચ-દંડ સીર-છત્ર-ધર અખીલ આણ અપાર
અણૃરણી અવની કરી સકલ શાસ્ત્ર-માં સાર ૧૭
કહું મહિમા સંક્ષેપ-માં સાગર-માં સુક-ચંચ
મુડા-માંહે મુંઠડી સાહાસ સાખ્ય-થી સંચ' ૧૮

ચોપઇ

પુછે ભોજ જોડી બે પાંણ 'વનીતા કેહે તું તેહ વખાણ'
'ભરતખંડ-તણો તે ભુપ નગર ઉજેણી અતી અનુપ ૧૯
ગુણ લક્ષણ સુભ સોભા ઘણી જેહવી હોઇ ઘડ લંકા-તણી
વર્ણાવરણ જિહાં વીવધ વીવેક એક-એક-થી અધીકા એક ૨૦
અધીક તેજ અરજન-વત હોય જીતી ન શકે તેહ-ને કોય
બેઠો સિંહાસન-ઉપર ઠરી ભારે સભા ભરપુરે ભરી ૨૧
જાચીક-જન બોલે છે જથા કવી પંડીત કહે છે કથા
નાચે અપછરા સંગીત તાંન ગુણી-જન રુડાં ગાઈ ગાન ૨૨
થઈ રહ્યો સભા-માંહે ઠાઠ તીહાં આવ્યો ભુપત-વત ભાટ
સદવીવા ખરો દિલ ખ્યાલ વડું નાંમ તેહ-નું વૈતાલ ૨૩

દેવ-સરીખો દીશે રુપ જાણે ભાટ કો બીજો ભુપ
વદ્યો તેણે મુખ આસીરવાદ અતી રાજા પામ્યો ઉલાદ ૨૪
મહીપત્યે આપો અધિકો માલ વીક્રમે બોલાવ્યો વૈતાલ
'દેવતાઈ કો દિશો છો રૂપ' મોહ પામ્યો નગર-નો ભુપ ૨૫
કાલો-ઘેલો વીક્રમ હોય એહવો ભાટ ન દીઠો કોય
ગુંણ-લક્ષણ દીસે સુભ દેહ નાગયણ-ઉપર અતી નેહ' ૨૬

દુહા

કહે ભોજ 'સુણ ભામીની ભાટ-ને કહે છે ભુપ
મોટુ રચુ પ્રાક્રમ કર્યું રૂડુ કહે કીમ રુપ ૨૭
જોગ્ય પુરુષ પણ જાચીકો અકલ વડે અનુપ
માનની કહે કિમ મુખ-થકી ભીખારી-ને ભુપ ૨૮
કેહ-નો પુત્ર કિહા અવતર્યો કુંણ અધીપત્ય અંશ
વપુ વીદ્યા વિનય કર્યો વારુ કહે-ને વંશ ૨૯
કેહવો પંડિત પરાક્રમી કેહેવા મહીપત્યના માન
કેહી પ્રકારે આવીયો લીધા દીધા શા દાન ૩૦
કહે, સ્યો તેહ મા ગુંણ હતો કહે, સી વીદ્યા હોય
કહો, તે અવતર્યો કીહા જનુની-જનક કુણ જોય' ૩૧

ચોપઈ

કહે કામિની 'સાભલ નગ્નાથ કહુ વાત જોડી બે હાથ
દુસ હઘડે માહરે છે ઘણી કહુ ઉતપત વૈતાલ જ તણી ૩૨
પંચાસ કોટિ પ્રથવી-નુ પીઠ તેહ-મા દેવસ્થલ કે દિઠ
ભરત-ખંડ તે ભારે ભોગ્ય કરમ ખેત્ર બ ધાણિ ગ્યોમ ૩૩
કનોજ દેશ સુંદર કારિમો તે લકા-ઘડની હાર નો
માનવ-મહિમા જાણે મર્મ ધરતી-માહે ધણેરો ધર્મ ૩૪
શ્રીવંત લોક સુખી સદ્ જન નીરમલ નરનારીના મન
ગુલઝાર ગુંણ-સાગર સુભ ગામ ભાટ ભીમ એક નીરમલ-નામ ૩૫

ઉમયાદે ઘર-નારિ મતી રુડી કરમ-ની રેખા રતી
સતી-સિરોમણ સાહમ રુપ અતી નીરમલ તે નાર્ય અનુપ ૩૬
દોલત દુનીયાં વૈભવ ઘણો દસુંદિ સેપનાગ જ તણો
માગે નાગ ને લાવે ધંન મંગણ જાત્ય પણ મહિપત્ય-માંન ૩૭
કોટિધ્વજ કહેંવાઇ નામ દેસપતી-થી આવે દામ
વસ વરતે માનવ ને દેવ કરે નાગ-સરીખા સેવ ૩૮
દસુંદીયો પણ દાતા જોય કલા કલી સકે નહી કોય
ગજ-રીધ્ય સમરીધ્ય સુત્ર પ્રતિવ્રતા-પેટે નહી પુત્ર ૩૯
વપુઇ તેહ-ને મોટો ત્રેંહ દાવાદલ જેહવો દુખ દેહ
ક્લના એક પડે નહી કસી વ્યાધિ આવી વપુઈ બાદુ ભિ ૪૦

શામા ઘેંગ સીરોમણ મતી પ્રેમદા કહે ‘ સાભ(ળ) રે પતી
શિવ સેવંતા વામે સુત્ર પ્રભુ-પ્રતાપે પામે પુત્ર ૪૧
ગાઠે તમારે છે બહુ ગરથ વાટ ઉઠે એ મરવે વરથ
પુત્ર-વીના ઘરનુ સુ સુખ પુત્ર-વીના કિમ ભાગે ભુખ ૪૨
પુત્ર વીના તે શ્રાધ કુણ કરે પુત્ર-વીના પીંડ કુંણ ધરે
પુત્ર-વીના કો મુખ નવિ જોય સુકન ન વાદે કારણ કોય ૪૩
વાઝીયા નામ એ કાગણ વડુ પુત્ર-વીના જીવત ભઠ પડયુ
પુત્ર-વીના અલખત સી અગ પુત્ર-વીના કીમ વાધે વંશ ૪૪
પુત્ર વીના શા મહિપત્ય-માન પુત્ર-વીના શા આલવા દાન
પુત્ર-વીના મેહેણા દે સહુ પુત્ર-વીના ઘેર નાવે વહુ ૪૫
અવતાર અપુત્રીયા-નો બગ્યો પુત્ર-વીના શોક નવી ટલ્યો
પુત્ર-વીના નવી પામે નાત સગા-સહોદર-ની સી વાત ૪૬
જેહ-ને પુત્ર ન આવે પેટ તેહ-ના જીવત મા ઉઠી વેઠ
પુત્ર-વીના વચન કીમ પળે ચઢા ઢાલ પાછા કિમ વલે ૪૭
વેહેંવાઈ કોહો-ને કીજીઈ લાહો કસ્યો આપણ લીજીઈ
ધીક અવતાર વાઝીયા-ની ગાલ નવિ ઉધારે ધીરે માલ ૪૮

પુત્ર વીના જનક નહી જોર — પુત્ર-વીના અંધારું ઘોર
પુત્ર-વીના ઘર તે શ્મશાન — પુત્ર-વીના નવી દે કો માન ૪૯
કોય ધન ન પુછે કથી — સટ્ સંતાન પુછે સગવથી
કોડ દામ જો ગાંઠે હોય — તો યે પનોતા ન કહે કોય ૫૦
પુત્ર હોય ને ન હોઈ દામ — પુન્ય-પનોતો તેહનુ નામ
કુલ ઉદવસ કુલ-દીપક-પખે — વેદ-શાસ્ત્ર લક્ષણ-થી લખે ૫૧
પુત્ર-વીના જીવત તે કસ્યું' — માનની ને મન એ તો વસ્યુ
'ભંડાર લુટાવ્યો આણી નેહ — તાજીઈ જીવતા આપણુ દેહ ૫૨

દુહા

ભીમ કહે 'સુણ ભામિની — તજ્ય ચીંતા મન શોક
ગમતું થાય ગોવદનુ — ડહાપણુ કરવું ફોક' ૫૩
ભારે વૈભવ ધરનતણો — તેહ કરો મન તાજ્ય
ભીમ ભયાનક વન ગયો — તે તપ કરવાને કાજ્ય ૫૪

ઝલમલાનદે સર મીવ વડો — જાજ્વ્યમાન જુગ જોત
તેજ-પુંજ ત્રીયોકના — ઉદે કાર ઉદ્યોત ૫૫
પંચ વદન પ્રતાપ પુર — નારાયણનું જેહે નુર
દાતા દેવ દયા નીધિ — હેતડ એહ હજુર ૫૬
બીલી પત્ર તુલસી તાદુલે — પંચામૃત પખાલ
અહર્નિશાઈ આરતી — આણી અદકુ વાહાલ ૫૭
શીવપુરાણુ શ્રવણે સુણે — શીવ-કવચના પાઠ
શીવ-મંત્ર ઊભા જપે — ભાવ ધરી તે ભાઠ ૫૮
ગુંપુ ગાય શીવ-યાપણે — કરે નીત્ય જલધાર
'મીવ સંતાન આપો મુને — નોધારા-આધાર ૫૯
દેવનતણો તુ દેવતા — ઈશાનતણો તું ઈશ
કર્તા હર્તા તુ વિશ્વપત્ય — જગત પાવન જુગદીશ ૬૦

નથી ખોટ ઘેર તાહરેં આપવેં નથી અસમરથ
તપ-દાતા એક તું લહ્યો તુજ-વીણ સરવેં વરથ ૬૧
અધીક જન વર પાંમીયા દાનવ દેવ અતી આપ
પુત્ર એક સુભ-પ્રાક્રમી પાંમું તુઝ પ્રતાપ ૬૨
જેહ-થી નાંમ જગ-માં રહેં વખાંણેં સહુ વાટ
નાંમ થાઇ નવ ખંડ-માં ભુપતિ જેહવો ભાટ ૬૩
તારેં પરીયાં ત્રીહિ પક્ષ-ના તારેં નાત નર નાંમ
એહવો પુત્ર આપો મું-નેં કરુણા-નિધી કર કાંમ' ૬૪
માહાદેવ કહેં 'મંગણ સુંણો' સ્વપન-માંહેં એ આપ
'કોયક જન્મ-તણાં ઘણાં તાહરેં માથેં પાપ' ૬૫
એહવું સાભલી ઉઠીયો પ્રીછી શીવ-ની પેંર
ભીમ વલ્યો તે ઘર-ભણી સોધિ આપેં મેંર ૬૬

બ્રાંમણ વર્યાયા ભાવ-થી શત શત ચંડી કીધ
પુરણાહુત પુરણ કરી દક્ષિણા દાંન બહુ દિધ ૬૭
માહારુદ્ર એકાદશ કરેં લુટાવ્યુ બહુ ધંન
દાંન અવેરી આવરી માહાદેવ-ઉપર મંન ૬૮
વિપ્ર વરા તે વેદિયા સાહાત્ર-તણી જે શાખ્ય
પારથીવ ચિંતામણી ક્ર્યા પુરા તે નવ લાખ ૬૯
શીવ તો થયા અતી આકલા 'એહ-નેં સુખ અપાય
પાંચ સેં પુત્ર જ આપના ઉશંકલ ન થાય ૭૦
સંતોખ્યો એણેં ઘણું ચઢયો ભુદર-નેં ભાર
વ્યાજ સહીત જેહ-નેં વાલવું એહવો એ દાતાર ૭૧
નીરમલ દેહ તેણેં કરી તજ્યુ પોતા-નું ગાંમ
પાછો વલી તે આવીયો તપ કરવા આ ઠાંમ' ૭૨
કાયા કષ્ટ વેઠેં ઘણું સાધેં સઘલા સુત્ર
શીવ બચારો સ્યુ કરે લખો નહી કરમ-માં પુત્ર ૭૩

ચોપઇ

એમ કરતેં વીત્યું વરસ એક   કરેં પુજન તે વિવિધ વિવેક
આવ્યો એક ઢીમર તે-પાસ   તેહ-ને પુત્ર-તણી મંન આસ ૭૪
આવ્યો શિવ-સમીપેં તેહ   ધરી નારાયણ-ઉપર નેહ
'જો તું પુત્ર નાપેં જગદિસ   કાલ મછ પછાડું વીસ' ૭૫
સીવ પ્રસંન થયા તે સાચ   પુત્ર પલક-માં આપ્યા પાંચ
ઘણો હેલે ગયો તે ઘેંર   ભીમેં મંન વીચારિ પેંર ૭૬
'કલીયુગ-માંહિ લંટ-નો લાગ   બલિયો થાય તે લેં બેં ભાગ
બીજા જીવ મેં કીમ મરાય   હત્યા આપ કાયા-ની થાય' ૭૭
કાઢી કટારિ કાલજા ધરી   કોઉં બુધિ મરવા-ની કરી
છેદવા માડું આપેં શીશ   'હા હાં' કહીનેં બોલ્યા ઈશ ૭૮
'વણ-મોતેં શા માટેં મરેં   આત્મ-હત્યા તું સીદ કરેં'
કર જોડીનેં ભીમ તેં ભણેં   'હુ આવ્યો છુ શરણુ તુઝ-તણેં ૭૯
વરસ એક તો વહી ગયુ   સ્વપન-માહે દરસણ નવી થયુ
આવ્યો પાપી માછી-જંન   તરત આપ્યા કિમ પાચ જ તંન ૮૦
તે-થી મુઝ નેં ભુંડો કીધ   એકે પુત્ર મુઝ નેં નવિ દીધ'
સીવ કહે 'દેહરા-પાછલ જાયો   નીરખો નેહ-થી સુખીયા થાયો' ૮૧
ગયો ભીમ પાછલ જેટલેં   ગોબર ગાર દીઠી તેટલેં
દીઠા કીડા તિહા દશ લાખ   બોલ્યો ભીમ શીવ-પરતેં શાખ્ય ૮૨
'કોટી કીડક મેં તો નીરખીયા   તેહ નો પાર તો નવી પ્રીછીયા'
શીવ કહેં 'તુઝ-સ્યુ બોલુ સાચ   જીવ એહ-માથી આપ્યા પાચ ૮૩
પાપ કરતે નરકેં પડ્યા   પાપી-તણેં પેટેં જઈ અડ્યા
તુ નેં આપવા-જોગ્ય જ તંન   નથી મલતો કો માહારે મંન ૮૪
કુલ, નાત્ય ને તારે ગામ   નવખંડ રહેં નિરમલ નામ
તાહરો ભાર મારે સિર ઘણો   જપ તપ-પુજા-પુન્ય જ તણો ૮૫
પુરુષોતમ ભરુઆડા-પેટ   વચને આપ્યા અવતરિયા નેટ
તિમ કરવુ પડ્યું માહરેં   અવતાર રુદ્ર નો કુલ તાહરે ૮૬

ભક્ત-વછલ માહરું નાંમ તે કિમ ખરદ જસેં આ ઠાંમ
પુરણ એક કલા-થી પેંર પ્રગટ પુત્ર થશેં તુઝ ઘેંર ૮૭
નર અવતાર ધરાઇ નેટ પુત્ર પ્રતિવૃતા-નેં પેટ
વલી ઈછા હોઇ મન-તણી આપું અલખત લક્ષ્મી ઘણી' ૮૮
ભણેં ભીમ શીવ-પ્રતેં ભાખ 'લછ ઘણી કરોડાં લાખ' ૮૯

દુહા

કહેં સીવ 'પુત્ર આવશેં ખરચ કરે બહુ પેર
ના કહેં તારેં નિસરેં ઘડિ એક રહેં નહી ઘેંર' ૯૦

વરદાંન પાંમી તે વલેં શીવ દાતા સમરથ
આણંદ પામ્યો અતિ ઘણો ઘણો ખરચાણો ગરથ ૯૧
જોગ ગરભ જઠરેં ઠર્યો કાંમીનિ-કેરેં કાંમ
પુત્ર પ્રતાપિ પ્રગટચો વૈતાલ ધરાવ્યુ નામ ૯૨
ઈંદુ નીકલે અભ્ર-થી પંકજ જલ-થી જિમ
સોભા શકલ-સીરોમણિ પુરુષ પુરુશોતંમ ૯૩
આકાર રુદ્ર એકાદશેં સાહસીક કો સિધ
હેત હરખ મા-બાપ-નેં કામ જાતક-ના કીધ ૯૪
શુકલ-પક્ષ પડવે-થકી વાધિં છેં જિમ ચંદ્ર
વાધિં રુપ વૈતાલ નુ અભિનવો કોઈ ઈંદ્ર ૯૫
તેજ-પુંજ કો દેવતા વપુ સિરોમણ વંશ
અવતારિ કો અંશ-પતિ આપ ઈશ્વિર-નો અંશ ૯૬
સાત વરસ મહેંજે થયા અનેં મુકયો નિશાલ
વંણુ-શીખવી વિદ્યા ભણે વીસ વીશા વઈતાલ ૯૭
પીગલ પાઠ પુરાણ પુર ભગણ-સગણ ભર ભેદ
ભાષા-મા ભુપત જસો વાણિ વખાણેં વેદ ૯૮
બત્રીશ-લક્ષણ બહુ-ગુંણી ચૌદ વીદ્યાઈ ચિત
રાગ છત્રીશેં રીઝ-મા ખરી વાત-ની અંત ૯૯

માહાદેવ-આગલ જલ મુંકિયુ મનમા-સિધ્ય-થી માન
'જુઠું ન બોલુ છભ-થી દેવુ જાચીક-ને દાન' ૧૦૦
મેરંજ પાસા નોગઠા નાજ રામ-ની રીત્ય
જાઇ જુવટે જોખ-થી પરિભ્રંમ-ઉપર પ્રીત્ય ૧૦૧
પુન્ય કરે પગ્માન્થી વરે વીપ્ર અનેક
શીવ-પુજંન સેવે સદા વિવધ પ્રકાર વિવેક ૧૦૨
હોમે બોરી ન્યે હેમ-ની જુવટુ રમવા જાય
જો જીતે તો જોખ-મા પુન્ય કરે પલ-માહ ૧૦૩
ભીમ કહે 'ભંડારી સુણુ ભર્યા મોય ભંડાર
દામ ખરચતા દેવ ને ન કરીશ તુ નકાર ૧૦૪
ખાતે શોવન માકલા કડા વાકડા કોડ
જીત્યો તાહા તો જશ કરે હાર-જીત-ની હોડ ૧૦૫
જશ વાધ્યો બહુ જગત-મા કરે ઘણા-ના કાપ્ય
અહર્નિશા કામ એહવું કરે આપ્ય આપ્ય ને આપ્ય ૧૦૬
સુરા વાહાલા સ્વામિ-ને કુટલા નર નરિયા
દાતા વાહાલા જાચિકા માતા ડાકિણીયા ૧૦૭
દેહ ગડા ડહાપણ ઘણું સ આમે સિરદાર
જાચિક ન વખાણે તેહ-ને જો દિલ નહિ દાતાર ૧૦૮
કાલો કરૂપ કાયા ઘણી મોટિમ નોહે માન
જાચિક જશ તેહ-ના કરે જો દેતો હોઇ દાન ૧૦૯
મેરુ તે મોટો નહિ સાયરા નહિ તે સાર
પંડિત તે પોઢો નહિ દેહ વડો દાતાર ૧૧૦
વેતાલે ધન વાવર્યુ વપુઇ નાહને વેશ
કિર્ત ચાલી કોટિધા દેશ વિદેશ દહો દેશ ૧૧૧
વિદ્યા નારિ તસ્કાર ધંન પરમેશ્વર અતિ ઉર
પાંચે એ છે પાગરા માણે તેહ-ની મોટ ૧૧૨

કન્યા કુંયાંરિ કો કહે઼ં દે઼ં તેહુ-ને઼ં બહુ દાંમ
ભુખ્યાનું મોહુ નવિ જઇ કરે઼ં નિત્ય એહુવાં કાંમ ૧૧૩
ભરતખંડ-માં ભીમ-સુત લહે઼ં લોક ચીત ચાલ
અવતર્યો અધિપત્ય અંસ કો વખાંણે઼ં વટો વૈતાલ ૧૧૪
દેશ પરદેશ ને ગાંમ-માં વખાણ કરે઼ં કૈં કોડ
ઉપમા કોહુ-ની આપીઇ પણ જવલો નહી કોય જોડ ૧૧૫

એક દિવસ ભંડારિઇ કરી ભીમ-ને઼ં અરજ
'દાંમ સઘલો દેહેંવટ ગયો કહો તો કાઢું કરજ' ૧૧૬
ભંડાર ભીમે઼ં જોયો જઈ મુખ મુંકયો નિશ્વાસ
હેમ દાંમ ખરી મોહોર-ના પરવાર્યા કોડ પંચાસ ૧૧૭
ભીમ-રાયે઼ં બેંસાસ્યિા ઘણા હેત-થી ઘેંર
પાસેં બેંસારિ પુત્ર-ને઼ં પ્રીતે઼ં પુછી પેંર ૧૧૮
'દુભાસ્યો માં દિલ-થકી કહું તમારે઼ં કાજ
ભાટ જાત્ય ભિક્ષુક-તણી જોઈ રીધ્ય ઘણી ગજ્ય ૧૧૯
કમાતા કે દિન ગયા કપોલ વખાણી કોડ
ઉડાડા એક પલક-મા હાર-જીત-ની હોડ ૧૨૦
ધારણ માહારા હઇડા-તણી તે તમ્યો હયું હીર'
કહી વાત ને઼ં કલકલ્યો નયણે ભરીયાં નીર ૧૨૧
'દાંમ જોડવા તે દોહિલા વાવરનાર-ને઼ં વાણિ
જાલવતાં તો જુગ ગયો ખુટાડી તે ખાંણ ૧૨૨
દુહો દગડ ને઼ં દાંમ એ ત્રણે઼ં જાડ્યાનો (?) ટેક
વંઝા ન જાંણે઼ં વેદના વાહ્યા-તણી વિવેક ૧૨૩
શ્વેત બાંધ્યા જેહુ-ને઼ં ઘેરે઼ં સવા સેર-ની કેક
હોડે઼ં તે હારે઼ં નહી સોયે વાત-ને મેક ૧૨૪
સહસ્ર નગદ સોભેં જિહાં હસ્ત બલ એક હાથ
લાખ લછ વશે઼ં જિહા જિતે઼ં કુંણ તે સાથ ૧૨૫

ધન જોવન વસંત-નુ   કાંમની જોવન કંથ
મરદ-નુ જોવન માલ-ધન   ચતુર વિચ્યારો ચિંત્ય ૧૨૬
તે હીર માહરું હર્યું   જોબન રુપ નેં જોર
જાયું હવેં હું કિંહા જઇ   અકલ-હીણુ અંકોર ૧૨૭
જાચિક જાય હાથી-ચઢ્યો.   તિહાં-થી પાંમ્યો લાંહાંણુ
ઘોડા-ચઢ ઘોડેં ચઢેં   વપુ-તણાં વખાંણુ ૧૨૮
જાચિક જાય ગરીબ-થી   મહીપત્ય જાચણુ મંન
સભા સનમાંન પાંમેં નહી   અતિ દુખેં લેં અંન ૧૨૯
મંગણુ મેંલેં લુગડે   એંસી વરશે વૃધ
વણુ-વીધાઇ વિપ્ર તે   સોભિત નહિ એ સ્મૃધ' ૧૩૦

સોલ વરસે સલક્ષણો   તાત-સ્યું બોલ્યો વ્રત
'વાસ વસું નહીં તાહરેં'   એ વાંણી બોલ્યો વૃત ૧૩૧
'દામ ખરચ્યા-થી દશ ગણો   આપું તમ-નેં આપ
મોહોલેં આવું મલપતો   પોહોડા શીવ-પ્રતાપ' ૧૩૨
ઉઠ્યો તે આલસ તજી   ઝલમલાનંદ જગપત્ય
પ્રીતેં તિહાં પુજા કરી   પુજી આદ્ય શગત્ય ૧૩૩
'બહુ દ્રવ્ય ખરચ્યો બાપ-નો   આપી ઉશંકલ થાયુ
માહામાયા મતિ-દેયણી   જશ દ્યો તે દિશ જાઉં' ૧૩૪
સીસ નમાવી સંચર્યો   સમરણુ શીવ-નુ સાથ
સુતાર પડ્યો મારગ વીખેં   હેતેં લીધો હાથ ૧૩૫
અબદ ઉઠ્યો એક સહજ-મા   'મારગુ એહ મ મ લેશ
મું-ને ઉપાડી તે સકેં   જે જાય ઉજ્યેણી દેશ' ૧૩૬
લાખા લક્ષણુ-આગલી   તે જીતેં સહુ-તેજ
અંશ અપછરા અવતરી   સહેંજ સમર્પે સેજ ૧૩૭
કુતકો એ છેં કારિમો   સીવજી માથ સોહાય
મુકેં સેજ લાખાં-તણી   તે ઇહાં-થી લેઈ જાય' ૧૩૮

ઇંદ્ર-તણી તે અવછરા શ્રાપે ગુંણીકા હોય
દેવ પડ્યો છેં આપ થઈ જોડો બેં-નો જોય ૧૩૯

ચોપઈ

લીધો સુતાર સુરજાદા ધણી ચાલ્યો આપ અવંતી-ભણી
આપ વેષ કર્યો અબધુત ધરી અંગ ભાલે ભભુત ૧૪૦
તેજ-પુંજ કલેં નહી કોય જાણે કો સીવ-ના ગુંણ હોય
ભાવેં મંત્ર મુખ શીવ-નો ભણેં તરણ-વત તે જગત-નેં ગણેં ૧૪૧
માયા લાજ આસાંની દેહ ત્રણ લોક-નેં જીતેં તેહ
માડી જુઠી નહી જે-મુખ સંતોષ આનંદ રહે તે સુખ ૧૪૨
એક કરેં ઇશ્વિર-ની આશ માગેં શ્રી-પરમેશ્વર પાશ
'બાપ-તણી વૃતી-મા જાયું તે વાતેં તો હલુયો થાયું' ૧૪૩
આવ્યો નગર ઉજ્યેણી-ગાંમ દીઠો ઘડ લંકાન્વત ઠાંમ
ગુણવંત ક્ષીપ્રા દિઠી ગંગ અવગાહન-થી નીરમલ અંગ ૧૪૪
સાચી સાક્ષ શક્તી હરસિધ્ય નિત્યેં વાસ રહેં નવ નિધ્ય
જાય પુરુષ ગાંમ-માં જાહરેં દીઠા મહેંલ મોટા તાહરેં ૧૪૫
ઠાંમ ઠાંમ ઉચા આવાશ તેજ-પુંજ પુરણ-પ્રકાશ
રાજ ચોર ભય નહિ તે ગાંમ તેહેં શોભા ઠાંમેં ઠાંમ ૧૪૬
રાજમહેંલ કો રુપા-તણા કોટેં કલશ શુનાં-નાં ઘંણાં
જાણેં મહેંલ ઝવેંરેં જડ્યા વાદેં જાંણે વિશ્વકર્માઈ ઘડ્યા ૧૪૭
નવ-ટુંકા નવલ મણિ લહેંક બરાસ-કસ્તુરી બાવન બહેંક
મોતી-તોરણ બાંધ્યાં ચિહું પાસ ઘણાક બાહિર દાસી નેં દાસ ૧૪૮
જિમ કો મંદિર મહીપતિ-તણું ઝલઝલાટ ઘાયડ ઇમ ઘણું
નવલ મણિ નવ ગ્રહ જુકતેં જડ્યા આદિત આદેં જાંણે સહુ અડ્યા ૧૪૯
માંણિક હીરા મોતી ચંદ્ર મંગલ પ્રવાલડાં છેં મેંદ્ર
બુધ પાંનું ગુરુ પુખરાગ ભૃગુ હીરો લીલુડી મણિ માગ ૧૫૦
લુહાર લસણીયો ગોમેદ કેત જડીત્ર ગ્રહ નીલ પીત શ્વેત
રાત્ય-દિવસ-નું ન રહેં ગનાંન એહવો ઉજેશ અતિ અનુમાંન ૧૫૧

વાસો જઈ ઘર લખમી વસી   કોડ સમરથ વખાણું કસી
શુધુ શોભા જોવા-કારણેં   બુધ-સાગર આવ્યો બારણેં ૧૫૨
સોનેરી આસા ગ્રહી મહેલ   જાણે કો મહીપતિ-નો મહેલ

પુર-પ્રવેશ કરો જ્યાહરે   પ્રતીહાર પ્રતે બોલો ત્યાહરે ૧૫૩
'ઉભો રહે અદ-ક્ષણ એક તિહાં   વણ-પુછે તે જાસ્યું કિહા
દિસંતા છો ભારે ભુપ   સકલ કલા ગુંણ સીધ સ્વરુપ ૧૫૪
સ્યું એ મહેંલ તમારે કાંમ   બીજા વાસ ભલેગ ગાંમ'
વૈતાલ કહે 'એ કોહ-નો વાસ'   પ્રતિહાર પ્રીત-થી બોલ્યો પાસ ૧૫૫

દુહા

'ગુણવંતી ગુંણીકા રહે   લાખા કહે લખ લોક
ભોગી આવે ભાવ-થી   જોગી જવું તે ફોક ૧૫૬
સાત સદાવૃત સામટા   મન-ગમતા મહામુલ્ય
કામ હોય તો કહો મુને   સાંભલવા સમતુલ્ય ૧૫૭
મંગણ આવે જે માગવા   પ્રીત ધરી એહ પાસ
ભંડારિ પ્રીતે ભરે   જે ઇછા હોય આસ ૧૫૮
સતર હજાર નેં સાત મેં   પંચાસ ઉપર પેર
સદાવૃત સોભી રહે   ઉજ્યેણ-મા એટલે ઘેર' ૧૫૯
પંથી કહે 'પુછ્યા-તણું   માહરે છે એક કામ
લાયક લખણવંતી-તણુ   લાખા તે કિમ નામ' ૧૬૦
'આ દેખ દદામો બારણે   પોઢો નાખ્યો પ્રીત
ડંકો વાહે દેખતા   રહે ઉલટે રીત્ય ૧૬૧
એક ડંકે-થી આગન્યા   બીજે જઈ મહેંલ
ત્રીજે ચઢે અટારિઍ   ચોથે સિજ્યા સહેલ ૧૬૨
પાચમે આલીધન અતિ   છઠે વાણી વાત
ભોગી-પુરુષ જે ભોગવે   તેહ સુણાવે સાત ૧૬૩

એક લક્ષ એક નાદ-થી ડંકે ડંકે દાંમ
લખ્ય માતે મોબત લહે' માટે લાખાં નાંમ ૧૬૪
મોહોલ-માહામું માંણિ જુઇ ઘણો લાવે જે ગરથ
પ્રીછી તે પાછો વલે સરે નહી એકે અરથ ૧૬૫

વૈતાલ જઈ વલગો તિહાં દેઈ દહાંમે દોટ
સુતાર-સાર મોહોકમ કરે ચીત ધરીને ચોટ ૧૬૬
સો ઘાયો દીધા માંમટા પ્રહાર કર્યા મહા પૂર
દાદાંમું દેહેંવટ કર્યું ચિત-થકી તે ચૂર ૧૬૭
અધિક આદ અટારિઇ સુંણ્યા સાંભળ્યા સરવ
ગુંણિકા તે ઘેહલી થઇ મેહલી મન-નો ગરવ ૧૬૮
'કોઈક સિધ અબધુત છે એ વીમ-કરોડી વૃત
કે કોઈક ઘેહેલો આવીયો ટેક તજવા વ્રત ૧૬૯
જો બોલ ગીસ્ત માહુચો જશે કષ્ટ થયુ એ કામ
કિહાં-થી આપે કોટિધા દેશપતિ-થી દામ' ૧૭૦
પાઠવ્યો એક પ્રતિહાર તિહાં 'સાહો ગયો કે ગીધ
દીયા દહાંમે ઘાયો બહુ રોક મી ગાડે રિધ્ય' ૧૭૧
લાખાં-ને લખ્યણ કહે 'લે મન-ગમતો માલ
આદર-થી તેડ્ય અટારિઇ ચોદ આવ્યો વૈતાલ' ૧૭૨
કીરત તો કાને હતી જે અવતરીયો અંશ
માંન-થી તેઓ મોહલ-મા વૈતાલ વડેરો વંશ ૧૭૩
અલખત જોઈ અટારિઇ માનનિયે દીધા માન
વપુ જોઇ શાંમા રહી પ્રીત-થી સુંપ્યા પાન ૧૭૪
અમુલ્ય મેવા અતોલ-ના અમૃત-જેહવા અહાર
ભેટ કરે તે ભાટ-ને સોવૃણ-પાત્રે સાર ૧૭૫
માન-થકી મુખ-માં ધરે હઇડે આણી હેજ
સમરણ કર્યું સુલપાંણિ-નુ સહેજે સુતા . સેજ ૧૭૬

પાઞ્જિતક-પુટપે રચી બહેંક ઘણા બગસ
કસ્તુરી-કાદવ ઘણા લીલા-લહેર વીલાસ ૧૭૭
મર્માણુ-તણી જિમ મૃતિકા એ ચિન્ત્યા એકાંત
એહ સમોવડ આપ-થી ભેદ-ભાવ નહી ભ્રાંત ૧૭૮
વૈતાલ-તણે તો મહેલ સખ માયા કે મસાણ
નર નારિ કે નરપતિ સઘલા જીવ સમાણ ૧૭૯
લાખા આવી લોભ-થી લક્ષણ કરતી લાખ
ભાટ પડ્યો ભંગી થઈ ભાખે નહી મુખ ભાખ ૧૮૦
ચરણ તલાશે ચિત્ત-ની આલિંઘન દે અત્ય
ચુકે વીર કીમ ચીતથી મોટમ જેહ-ની મત્ય ૧૮૧
દીસંતો એ દેવતા જોબન બાલે વેશ
લાખા લક્ષ પ્રકાર-થી લાજ ન આણે લેશ ૧૮૨

પોહોર રાત્ય રહી પાછલી ડાહી આવી દામ
વેતાલ-પાસ શંભા રહી પ્રીતેં આવી પામ ૧૮૩
'ક્ષણું ન નેઉર ખલખલે' કંકણ ન સુણાઈ કાંન
પલંગ તો જણાઈ નહી એ લખ્યણ અનુમાંન ૧૮૪
ઘાયો દીધા એણેં ઘણા ઝલમલી આવ્યો જોડ
ડાહાપણ તેં ન દાખવ્યું ખોજંતો એ ખોડ ૧૮૫
તીલક અભંગો તપતપેં અધર વધ્યો તંબોલ
માંગ ભર્યો સુગન્ધ-થી રેલાયા નહી ચોલ ૧૮૬
કસ્તુરી કાજલ કુમકુમેં દર્યા અંગેં મન દાંમ
એ બેંમા અવગુણ કર્યો જુઠો જાર કે કામ ૧૮૭
નીમેર નાદ બન્યો નહી પાંજર્યું પકડ્યાં પ્રીત
ચાતુર ચતુર બે મલ્યાં તો રેલાઈ નહી રીત ૧૮૮
બાંધ્યા કિમ કાંમિની કચા બાંધે કંચુકીબંધ
ટાલું આમન ખસ્યાં નહી પિંગ કે પલીંઠ પંથ ૧૮૯

વપુ પ્રસ્વેદ વહ્યો નહી ડંક ન લાગો દેહ
નૌતમ બેં નરનારિ-માં નેહ ઠર્યો નહી તેહ ૧૯૦
પુષ્પ રહ્યાં પુર પાથર્યા કરમાયું નહી કોય
સાચું બોલ સલક્ષણી હેત અસંબો હોય ૧૯૧
ગરથ ખરચ્યો જેણેં ઘણો માનની માંણ્યા-માટ
બુધ્ય જોતાં તો એહ-માં કેહ-ની ઉઠી વાટ ' ૧૯૨

લાખાં લાજ તજી કહેં અક્ષર સાચો આંક
' કાંમીનિ પુંછું કિમ કહું વેદ વિધાતા વાંક ૧૯૩
રઢીયાલા રુપેં ઘણા મંન મનોહર મોર
કાંમ-હીણ તે સ્યું ' કરેં ચિંતની-આગલ ચોર ૧૯૪
આંબો ઉકરડા-તણો હુંસી જેહવો હોય
દિલ-રંજન તે દેખતાં પણ ફલ ન પાંમેં કોય ૧૯૫
અતિ રુડાં ઇદ્રવારણાં લહેં લક્ષણ સઘલાં લોક
રજ ચાખેં કોયેં નહી ફલ ફલ્યાં તે ફોક ૧૯૬
જિમ મોતી ઝાકલ-તણાં વારુ દિસંતાં વાંન
નાકેં ન પહેંરેં નારિયાં કુંડલ ન થાયેં કાંન ૧૯૭
કાચ-તણા જે કારિમા હીરા ફોકટ કુલ્ય
દિસંતાં-માં દિલ હરેં મેલ ન આવેં મુલ્ય ૧૯૮
કનક કહેં ધંતુર-નેં નીરમલ મોહું નાંમ
આભુષણ ઓપેં નહી કોય દિઇ નહી દાંમ ૧૯૯
ચીતારા બહુ ચીતરેં ઘણ-મુલી ઘોડા ગજ
બાંધેં નહી કો બારણેં કેં અસવારી અજ ૨૦૦
તાતી બાંધેં તરુયારડી સોભેં સામદ સુર
રણ દેખી રીઝેં આવેં નહી નાસેં ખોહી નુર ૨૦૧
જિમ લાડુ સમણા-તણા નૌતમ મીઠા નેટ
સ્વાદ ઘણો પણ સ્વપ્ન-નો પલક ભરેં નહી પેટ ૨૦૨

ગાજે ગગને ઘન ઘણો   ભ્રમાડ ભજાવે ભાત્ય
તે-થી કણ પાકે નહી   જો વરસે નહી વરસાત ૨૦૩
નિવાણ ખોદાવે નિર્મલા   દ્રઢતા મોટે ધીર
તે-થી તરસ છીપે નહી   જો ન હોય મીઠા નીર ૨૦૪
દેહરું કરાવે દીપતું   ખરચ દ્રવ્ય-થી ખેવ
તેહ-નેં કો પુજે નહી   જો મુરત નહિ માહાદેવ ૨૦૫
કોડીયુ કરાવીઇ કારિમું   મેહલી દીવટ મેલ
તેહ-થી અજુયાલુ નહી   જો માહે ન પુરે તેલ ૨૦૬
વારૂ વીપ્ર વપુઇ ભલો   ભાવ ઘણેરા ભેદ
સનમાંન સભા-મા નવી જડે   જો નોહે વીદ્યા વેદ ૨૦૭
મનોરથ માનવ કરે   આદર અધિકા અરથ
તે-થી ન તોલે વાણિયો   જો ગાંઠે ન હોઈ ગરથ ૨૦૮
નામ મોટા પણ દામ નહી   કરવા-કારણ કોડ
જગ્ગીના જીતે નહી   હાર-જીત-ની હોડ ૨૦૯
બંહેરો રાગ-ને સ્યુ કરે   ગુંગો કરે સ્યુ ગીત
પાપી પુન્ય-નેં સ્યુ કરે   રોતા-થી સી રીત ૨૧૦
સુબ કીરત-નેં સ્યું કરે   લોભી સ્યુ કરે લાજ
ગુંણ નેં અવગુંણ સ્યુ કરે   કરે સ્યુ આલસ કાજ ૨૧૧
કાયર સસ્ત્ર-ને સ્યું કરે   સ્યું કરે જર-નેં જોગ
નપુસક નાર્ય-ને સ્યું કરે   ભાવે નહી મન ભોગ ૨૧૨
વરતીયો વીપ્ર-ને સ્યું કરે   નગન-નેં સ્યું કરે ચોર
વણ-રોગે વૈદ સ્યું કરે   ઘણું અંધારું ઘોર ૨૧૩
પંડિત નેં મુરખ સ્યુ કરે   ગુંણ-હીણો જિમ ગગ
હેત કસ્યું મન નહી જડે   રમાન્સાથે મો રંગ ૨૧૪
કાગ કપુર નેં સ્યું કરે   ગરધભ બહેંક બરાસ
નર રીઝે તે નારિ-થી   જો પુરપારથ હોય પાસ ૨૧૫

ભગત જગત-નેં સ્યું કરેં પંડિત તિમ પાખંડ
ઘેલો ધાયડ સ્યું કરેં ભીખક સી હેં ભંડ ૨૧૬
આકલ-કેરાં આંગુચાં આગીયાં-કેરાં તેજ
કામનવિના કાંમની કસી હઇડેં સ્યાન્નુ હેજ ૨૧૭
મર્કટ-કોટેં મોતીયાં હનુમંત-કોટેં હાર
બાવરી-મસ્તક બેઢલુ નપુંસક તિમ નાર ૨૧૮
ધડ લેવો લંકા-તણો તરવો સાગર પૂર
દાવાદલ-માં દેહ ધરેં તે જીતેં નારી-નુ તુર ૨૧૯
બાધે સાહ-સું બાકરેં(રી) શલા ભાગેં જે શીસ
હજમ હલાહલ જે કરેં તે જુવતી જીતેં દીસ ૨૨૦
અહિ-મુખ જે ચુંબન કરેં વ્યાઘ્ર-મુંછ લેં વાલ
આભ ભરેં જે બાથ-માં તે લહિં ચતુરા-નો ચાલ ૨૨૧
મામ વડેરેં માંનની જુવતી-માંમ અજીત
જયવરલો જન જીતસેં શડ લહેં સી રીત ૨૨૨
હાથી વેચાવેં હોસ-સ્યુ કાંમ કર્યું કુભાર
મુલ કસ્યુ તે માંણુસેં જે ભરેં ગરધલેં ભાર ૨૨૩
બોડી માથેં કાસકો સાપ તણેં ઘેંર સાપ
રાંડ-તણેં ઘેંર રાંડુયો સ્યું દેખાડેં આપ ૨૨૪
નૌતમ નાગર-વેલડી પરઠેં જેહના પાન
ઉટ બચ્ચારો સ્યું કરેં જે ચરેં થોરીયા રાન ૨૨૫
ખાખર-ની ખીલોલડી તેહ-નેં સ્યો સાકર-નો સ્વાદ
મુરખ માનેં કીમ માનનિ વેદ કરે સ્યો વાદ' ૨૨૬

ચોપઈ

કહ્યાં કાંમિનીઇ એહવાં કહેંણુ વેતાલેં સુણ્યાં વનિતા-ના વેંણ
મેંહેંણાં દીધા બહુ માંનની 'તોલ તજાવુ એ તાન-ની ૨૨૭
ઝંઝેર્યો વસીહર તેણીઇ ઝાઝા જન જીત્યા એણીઇ
કાંમીનિ સ્યું બોલી એ કુડ મન ન જાંણે મુન-થી મુઢ ૨૨૮

સાહ-પુરુષ સદ-ગુરુ-ની સેવ   દિલ-થી વહાલા જેહ-નેં દેવ
દેખી વનિતા જે કિમ જડેં   સોનેં થાંમ કિમ આવી અડેં ૨૨૯

વજર-કછોટો બાંધ્યો જેણ   તરીયા કુણ છોડાવણ તેણ
જિમ લક્ષમણ અજોધાપતિ   તિમ હનુમાંન જોગી જતિ ૨૩૦

તેહ-તણા ગુંણ માણેં વૈતાલ   અવર કુંણ છોડાવણ આલ'
વૈતાલ કહે 'રેં વનિતા સુંણો   ભેદ ગમે તેહવા મુખ ભણો ૨૩૧

કુંણ જાંણેં કીઇ કારણેં   બેઠો આવી તાહરે બારણેં
ઝેર હલાહલ જીરવણ કરું   અતોલ નીર અરણુવ-નાં તરું ૨૩૨

વાઘ સિંહ નેં સરપ જ ઘણા   એ તો આભુસણ અમ-તણા
જીતવું સ્યું જુવતી-નું જેહ   ભાગું મન તાહરો સંદેહ ૨૩૩

સઘલા તાહરી સાથેં જોગ   ભરપુર ભર્યા ભાવંતા ભોગ
કાંમ-બાંણ છેં તાહરાં કોડ   મારેં છેં હાથી તું હોડ ૨૩૪

એહ-માંથી અમર થઈ જાય   તે પુરુસેં જુવતી જીતાય
બાલી નહી ભોગી ભાંમિની   કોડ-થકી કેહ-ની નહી કાંમિની' ૨૩૫

તે દ્દષ્ટાંત દેખાડ્યા સરવ   ગુંણ ગુણિકા-તણેં જે ગરવ
'એટલાં વાંનાં જે નર કરેં   તે પલંગ-થકી પ્રેમદા પરહરેં ૨૩૬

તુછ-વત તરુણી-નેં ગણે   પડેં પાસ નહી તુઝ તણેં
તાહરા મેંહેંણા ન ધરેં મંન   તે નર જીતેં જુવતી-જંન ૨૩૭

જેહ-ના ગુંણ ભર્યા છેં ગાત્ર   માંનની તેહ-નેં કુંણ માત્ર
જે નર સાકર-સીરા જમેં   તેહ-નેં રાબ કેઈ પેરેં ગમેં ૨૩૮

અમૃત જેહ હરી-રસ પીઇ   તેહ-નુ મન ન ઠરેં કીઇ
જે કસ્તુરી બહેંક બરાસ   લસણ પ્રીત રહેં કિમ પાસ ૨૩૯

કલ્પવૃક્ષ-તણાં ફલ ખાય   બાવલીઇ કિમ બુધ જ જાય
પરિભ્રમ-ઉપર જેહ-નેં પ્રીત્ય   ગમેં કિમ ગુંણીકા ની રીત્ય ૨૪૦

છપ્પય

અતિ લાલચ બહુ લોભ, થોભ જુગતેં જુઠા-નો
આલશ નીદ્રા અંગ, રંગ રીઝી રુડા-નો
નરદેં નગણુ નનેહ, દેહ મલીન મન દંન
સમુર-પખ-પર ખાર, આહાર ઘણેરો તનુ તંન
નીરલજપણુ નહી નમ્રતા, નીચ સ્વભાવેં જાંણુવી
આપ-મત્ય ડાહી ઘણી, અધિક હિત કિમ આંણુવી' ૨૪૧

'સ્રી રતનાકર-ખાંણ્ય, જાણો એ રંભા રુડી
ધરેં સોલ શૃંગાર, હાર કંકણુ કર ચુડી
સોભે ઝલહલ ગેહ, દેહ સકોમલ સાજી
સોભા-કેરુ સદન, મદન નર-સ્યું રહેં રાજી
વીક્રમ કરણુ ભડ ભુપ, અતી હરીચંદ્ર અતી હાર-ના
પંડીત ચતુર-પુર-પાટવી, નરપત્ય નેટ પણુ નાર્ય-ના' ૨૪૨

'મુખ-ઉપર નહી મુંછ, કુછ દીસેં નહી દાઢી
કરેં નીચ-નો સંગ, અંગ હીડેં ઉઘાડી
નીર નિવાંણેં જાય, ધાઈ પર-મંદિર પેંસેં
પર-પુરુષ-સ્યુ લગન, નગન થઈ નાહવા બેંસેં
મુખ-પગ આંમ નેં નક નથન, કથન કુડ તાનેં જડેં
ચતુર પુરુષ ચેતેં ચીનેં, માનની-સ્યુ મન કિમ અડેં' ૨૪૩

'જો ઘર-મા નહી નાર, તો કુણુ દામ ઉધારેં દેશેં
જો ઘર-માં ઘર-નાર, તો પિંડ પીત્રુ લેશે.
જો ઘર-માં ઘર-નાર, તો મેંહેંણું સરવે ટલસેં
જો ઘર-માં ઘર-નાર, તો માંન સહોદર મલસેં
નારી જુગત જે નર હુએેં, સોભત વનસિંહ-જશો
નારિ-વણુ નર નીબલ, દીપક વિના ઘર તિસ્યો' ૨૪૪

'શેહસ્ર ભગ પામ્યો ઇંદ્ર, ચંદ્ર ચીત ખાંપણ લાગો
રાવણે ખોહો રાજ્ય, સીસ દશ વૈભવ ભાગો
કૌરવ હણીયા કાંમ, સોઇ ભડ સમીયા સાથે
કેચક કીધા ચુર, તેહ ગુંણુ તરણી તાથે.
આદ્ય અંત અધ જુવો, પરદારા પ્રાક્રમ કર્યુ
બુડા જન બહુ વાર, તો કાંમ નીમ અટકે કર્યું' ૨૪

'નારિ-વીના નર રંક, અંક રહેં નહી કોઈ
નારિ-વીનાં નર ચોર, જોર જશ બેસેં ખોઈ
નાર વીનાં નર નીરબલ, સબલ નારી-નેં સંગેં
નાર-વીના નર હીન, લીન સુખ નહી અતી અંગેં
ચતુરા-વીણુ ચાલેં નહી, જુગ-મા રહ્યો નર જાહરેં
સામલ કહેં શામા કશી, સંસાર મુંકી દે તાહરે.' ૨૪૬

'નારી નીચ સ્વભાવ, અજીત ન જાઇ હારિ
પર-સ્યું કરેં પર-પ્રીત્ય, પુરુષ-નેં નાખેં મારી
વીવલ ચીત મંન મદન, રુદન કરેં વણ-વાકેં
સાચી કોય ન દીઠ, જુઠ અતી આડેં આકેં
કરેં સીખામણ સાભલી, તેહ તો ન માનીઇ
છત છોછી ઓછી અકલ, પ્રેમદા બુધિ તે પાનીઇ' ૨૪૭

'જોવન-મા દે રંગ, સુખ અતી અતી(?) તન-ની
પામે માન નીજ જાત્ય, વાત કરે મત મન-ની
અરધાગ પુન્ય-વિભાગ, રાગ-સ્વરુપે ગુંણુ ગાતી
ચતુર ચીત હરનાર, સાર ઉર મદ માતી
વરધપણેં સેવા કરે, દેંએ-થી સબ દુખ ટલેં
અંત કાલ અલગી નહી, સ્રી-વીણુ બીજો કો બલે' ૨૪૮

'રણુ-માંહે ભમીયા રાંમ, કાંમ બાલ્યો કરુણાનિધી
નલ મુંકાવ્યો ઠાંમ, રાજ તજાવ્યું રીધ વિધી
વગુયાંણો બહુ વ્યાસ, મન મછગંધા માંણી
ગૌતમ ગમાયો આપ, શ્રાપ દિધો જગ જાંણી
પર-દારા-થી દિલ દહે', દુખ પાંમ્યા દિલ દેહ-થી
સાંમલ કહે' સોભા કિમ લહું, તે પરનારિ-ના નેહ-થી' ૨૪૯

'સ્રી-ચરિત્ર બહુ લાખ, નીચ બુધ જુગતેં જોડે'
લાખ દિવસ-ની પ્રીત્ય, રીત્ય રતિક-માંહે' ત્રોડે'
હસે' વણુ-પ્રસ્તાવ, ભાવ-વણુ ભોજન છ'ડે'
કઠણુ રુદેં કમત, મમત પોતા-નો મ'ડે
ગરજ પડે' ગીરુવી ઘણી, સ્વામી-સાથ સમરથ સદા
સહજ મારગ દે' શ્રાપ, આપ કલ'ક ન કહે' કદા ૨૫૦

ચરે'ટ*

માનીઇ તો તો મીર, ચીત ચાકર-કુ ચપોટીઇ
પે'હે'રીઇ તો તો હીર-ચીર, ધાબલી-કુ ધપોટીઇ
ખાઇઇ તો તો ખાંડ-ખીર, રાબ-કું રઓટીઇ
... ...
નેહ કરીઇ નારાયણે', નારી-સાથે' નેહ કસ્યો
કવી સાંમલ કહે' કાંમિની, વૈતાલ-મન એસો વસ્યો ૨૫૧

ધરીયે મન ધરમ ધીર, પાપ-કું પલોટીઇ
વસીઇ તરવે'ણી-તીર, ખાબડ-કુ' ખલોટીઇ
સેવીઇ શાંમ-શરિર, ભુત-કુ' ભલોટીઇ
યાદ કરીઇ તો વીર, રાંડાં-કુ રલોટીઇ
કવી સાંમલ કહે' કલ્પવૃક્ષ, જોનાં-માંહે' ફલ જડે'
વૈતાલ કહે' વનીતા કસી, અબલા-સ'ગે' અનરથ અડે' ૨૫૨

દુહા

પર-નારી પાલી-પરે' - કાપે' નિત્ય નિત કાય
રુડયા જેહુ-ને' રામજી તે પર-નારી-પે' જાય ૨૫૩
પર-નારી-ના પરાભવ્યા બુડા બોહોતર લાખ
કહે' તો તે કથા - કહું શાસ્ત્ર વેદનું સાખ્ય: ૨૫૪

ચોપઇ

દીપાસા-કેરી દીકરી ગોખે' બે'ઠી છે' ગરવે' ભરી
ભરપુર જોવન છે' તે-તણુ મેંહે' વાધ્યો ઘરણી-માં ઘણું ૨૫૫
નાત્ય શ્રાવકી સઘલી સુઝ અ'ન વોહોરવા આવે' પુન્ય
માંનની-ને' એક વૃતીક મલ્યો ચીં'તની-કેસ ચીતમાં ચડ્યો ૨૫૬
સમ ખાઈ ખાંત્યે' બેઠીયો અતી આદરે' ઉપર તેડીયો
તેણે' વૃત કર્યાં છે' ઘણા અપવાસ કર્યા છે' મહીના-તણા ૨૫૭
બીજા વૃત સ્યુ કહુ વવેક .પોસા સામટા વરસ જ એક
અધર્મ'-તણી તો નહી કુમતી મોઢે' બાંધી છે' મુમતી ૨૫૮
કુનારિ-તણે' તે સંગે' પડયો કોયક પાપે' તેહ-ને' ચીત ચઢયો
ભારે વૃત તે ભુલી ગયો રયણી એક શાંમા-ઘેં'ર રહ્યો ૨૫૯
સવાર થઈ પછે' આવ્યો સેઠ પડયો ધ્રાસકો બે'-ને' પેટ
તારતખાંનું હુંતું જિહાં ઘાલ્યો વૃતિક-ને' તે તિહાં ૨૬૦
વલગ્યો અ'તરિખ ઉભો રહ્યો સેઠ તે વેલા તેહ-માં ગયો
આવ'તો જા'ણ્યો વાંણિયો પૂન્ય-તણો મલ્યો પ્રાણિયો ૨૬૧
હાથ વાછુટયો ખાંત્યે' ખડયો નિરમલ હતો પણ નરકે' પડયો
કુ'ભીપાક-થી વીરુવી વાત રહ્યો દિવસ સ'પૂરણ સાત ૨૬૨
દારણ દુખ પાંમ્યો'તો દેહ એહવે' વુઠો અસાઢો મેહ
ઘર-તણી પુખાધન(?) પડી નીકલ્યો તિહાં-થી કઠે' ચઢી ૨૬૩
ધારણ ગખી ઘોયું ત'ન થયું માંનની મલવા-નું મ'ન
કરી ખુખાગં પૂરણ પે'ગ આવ્યો તે વનીતા-ને' ઘેર ૨૬૪

માંનનીયે દીધાં બહુ માંન　　પ્રીત્યેં આપ્યાં ફોફલ-પાંન
કાંમિની-સંગ કરે જેટલે　　તતક્ષણ સેઠ આવ્યો તેટલે ૨૬૫
ઘાલ્યો પેટીઇં સાંચ્યો સીધ　　વણ સાંકલીઇં તાલુ દીધ
લથબથ કરતેં ભુલી ગઈ　　સુરત સેઠ સાંણા-ની થઈ ૨૬૬
"ખોટું કાંમ કાંમિનીઇં કર્યું　　ઉઘાડું મેહલ્યું જે ધન ભર્યું"
એમ કહીને વલગો તિહાં　　મુંડક ઘાલ્યો દિઠો જિહાં ૨૬૭
કહે સાહ "આંમાં છે કુણ　　આ તો અચિરજ દીઠું ઉણ
તું-ને જાંણુતો સાચી સતી　　માનની તાહરી મોટમ મતી" ૨૬૮
કાંમીનીઇં કાંને દીધા હાથ　　"સાચું બોલું હું સ્વાંમી-સાથ
વોહોરવા આવ્યો તો વરતીક અંન　　સફલ થયો તે માહરો દિન" ૨૬૯
સાંભલતાં ચઢી છે રીસ　　"ત્રોડું મોજડે તેહ-નું સીસ"
તાહરે તે વૃતિક બોલીયો　　પરદો મંન-તણો ખોલીયો ૨૭૦
"તેડો'તો તાહરી નારીઇં　　બેઠી'તી આંણી બારીઇં
સાહમુ જોયુ સેઠાંણી સાથ"　　કામીનિઇં કાંને દીધા હાથ ૨૭૧
"વરતીક કહે છે જુઠો વાંક"　　નિશ્ચેં કરીને છેદે નાક
વાઢે કાંન બે તેણે ઠાર　　બુચો કરીને કાઢ્યો બાહાર. ૨૭૨
'સ્વાંમી મઝ, મેહલુ શીશ　　નારી-ગુંણ જાંણે જુગદીશ'
કહે તો કહું હું લાખ કરોડ　　ભુંડું નહી કો જુવતી-ની જોડ ૨૭૩
પોતે તેડયો 'તો પરઠી પ્રીત્ય　　રમાડયો 'તો તે એહવી રીત્ય
પોતે પોતા-નો રાખ્યો ભાર　　પૂજ્ય-ને તો પડયો મોહકમ માર' ૨૭૪

વિવધ પ્રકારે વીતી રાત્ય　　ઉઠયો પ્રીત ધરી પ્રભાત
આલસ મોડી તે ઊઠીયો　　જિમ ગયંદ મદગલ છુટીયો ૨૭૫
રુદે ધ્યાંન ઇશ્વર-નું ધર્યું　　પંથ જાવા-નું મનડું કર્યું
લાખાં આવી વલગી હાથ　　બોલી સનેહ કરી તે-સાથ ૨૭૬
'વૃત ભંગ કરી મુઝ-તણી　　મુઝ-ને તો આસ્યા છે ઘણી
સત ઘાયો દીધા છે તમ્યો　　તેહ-માં કાંઈ ન પાંમ્યાં અમ્યો' ૨૭૭

છપય

'બે બારાં બત્રીસ, ત્રણુ તેરાં તેત્રીસાં
પનર પાંચ પચવીસ, છક શોલાં છત્રીસાં
સતર સતાવીસ સાત, આઠ અઢાર અઠાસી
એક અગીયાર એકવીસ, ચોક ચૌદાં ચોરાસી
બાવન બોહોતર એકોત્તરાં, છપન બાસઠ ચોસઠ ચીતે
ઉગણુપચ અઠોતરી, વૈતાલ વીક્રમ રખ્યા રીત્યેં ૨૯૩

દુહા

પરન્નઘા પરભાત નીત પટ-મદિરે પેંસો તમો
પર-નારી વાહો હથડા એ આસીસ કહું અમ્યો ૨૯૪

છપય

'કટો કરે કલ્યાણુ, જાર તુજ જય કરંતો
જોગી જગ્ન દેયંત, ભોગી ભંડાર ભરંતો
મુરખ નામ નીરદય, ગતી પંગાની પુરણુ
ભુખાલ ભાગ ભાવટ, નીચા ચીંતા કર ચુરણુ
રોગી રોગ હરે ઘણો, તે તો તુઝ રખ્યા કરો
કવિ સાંમલ કહે વૈતાલ, આસીસ વીક્રમ મન ધરો ૨૯૫
બેય-તણું તન તેજ, ચ્યાર વસા તુઝ મુખે
ત્રણ-તણી સુભ સેવ, સતર વસો ઘેંર સુખે
સોલ-તણી નીત્ય વૃધ, ચૌદ ચંચલ હો ચીતે
વીસ વપુઇ વવેક, નવ પરસન રાય રીત્યે
દશ દિલ-માહે દાદી રહો, અગીયાર-તણો આદર અતી
આઠ-નવ અહરનિશ ઘેંર, કહે શાંમલ સુણુ પુરપતિ ૨૯૬

બત્રીસ-કેરી બુધ, છત્રીસ છતેં રહેં તાહરી
ચોવીસેં-નું તોલ, સતાવીસ સોભા સારી
ચોસઠ હરેં ચીંતાય, બોહોતર બહુ ગુંણ દેયણી
છય-તણી છત છાંહ, બારે બલીહારી લેયણી
પાંચ પ્રાક્રમ પનર પતી, અઢાર-તણી ઓસડ ફલો
એકવીસ-માંહેં એકોતેરેં, સાંમલ એક અધિપત્ય મલો ૨૯૭

દયાયેં દાસીપુત્ર, કરુણા નીત્ય કરેં કુયારી
ઢીમર-તનયા-નો તન, બુધ તેહના વત તાહરી
કંસારિ-નો ભ્રાત, જાત-માં જોર જ તેહ-નું
બ્રમ-હત્યારી-નો પુત્ર, નાંમ નીરમલ છેં જેહ-નુ
ચાર-પાંચ-ખટ-સહસ્ર-મુખ, જીવ સહસ્ર બેં મન ધરો
કવી શાંમલ કહેં, નિત્ય કલ્યાંણ કરુણા કરો ૨૯૮

ચાર સહસ્ર પર સાત, આંખ્ય અણીયાલી જેહ-નેં
આઠ ચરણ અતી રમણ, પુછ તે બેં બેં તેહ-નેં
પુરુષ ત્રણ પવીત્ર, નારિ નીરમલ બેં જાંણ
શીંગ ત્રણ તરતીબ, વપુ વીધવીધ વખાંણું
જોગી-માંહિં જાગતો, ભોગી-માંહે ભરપુર રહેં
વૈતાલ કહેં સુંણ વીક્રમા, આસીસ કવી શાંમલ કહેં ૨૯૯

નવ મુખ નીરમલ હોય, હાથ હીતેં ચ્યાર ભણીજેં
અવલ નેત્ર અઢાર, સાર ખટ ચરણ ગણીજેં
અહર-નિશ આહું જાંમ, કાંમ કાસદ કહીજેં
આદ્ય નવેં-માં એહ, દેહ અતિ ઉજ્વલ લહીજેં
જલ-થલ જંગમ-થાવરેં, સાખીભુત જુયેં જવ
કવિ સાંમલ વૈતાલ કહેં, રખ્યા કરો એ દેવ તવ ૩૦૦

વાયુ-તણો જે મિત્ર, પુત્ર-નો બંધુ કહાવેં
તા-વાહન-નો શત્રુ, તાસ ભુષણ જે ભાવેં
તા-સિર રહેં જે વાસ, તાસ તન-કેરો વેરી
તા-ભગની-ભરતાર, પ્રીત સખા ઓહોતેરી
એહ દેવ રખ્યા કરો, કવિ શાંમલ ઇમ ઉચરેં
' ભાટ વૈતાલ ભાવેં ભણેં, વીક્રમસેંન મન-માં ધરેં ' ૩૦૧

ચોપઈ

રીઝ્યો રાજા મન-મા ઘણુ પ્રીત પ્રેમ વચન તે-તણુ
સુખ મનમાન દેવતાઈ દીધ કોડ પસાય કરુણાકર કીધ ૩૦૨
વલી પુછી એક વાત બેં-ચ્યાર સાસ્ત્ર સકલ-માંહેં જે સાર
' કહો કેટલા છેં જી દેવ શું ણુ કેટલા સદગુરુ-સેવ ૩૦૩
જાત કેટલી જીવ કેટલા સરજીત જંતુ જીવ જેટલા
કેટલા ઘર કેટલા વાજિત્ર કેટલા કરસણ પુન્ય-પવીત્ર ૩૦૪
કેટલા કાલ કેટલા છેં વેસ કેટલા શાસ્ત્ર કેટલા છેં દેશ '
કેટલા પંડીત કેટલા જોસ કેટલા સાથી કેટલા દોસ ૩૦૫
કેટલા સાક કેટલાએક સ્વાદ કેટલા શોક કેટલા ઉલાદ
જર કેટલા કેટલા વસ્ત્ર વાત કેટલી ડાહાપણ દસ્ત્ર ૩૦૬
ભગણ કેટલા કેટલા ભોગ કેટલી ભીખ્યા કેટલો જોગ
કેટલા ભેદ કેટલાએક રામ કેટલા અગની કેટલા કાંમ ૩૦૭
પુછ્યા બ્રમા-ની સ્રુષ્ટ-માં વૃધા-તણી બાંધી વૃષ્ટ-મા
ઉત્તર એહ-તણો દીજીઇ પછેં શીઘ્ર કારજ કીજીઇ ' ૩૦૮
કહેં વૈતાલ ' સાંભલ રે કરણ તમ્યો પુછા તે સઘવેં ત્રણ
તેહ તણો પ્રતીઉત્તર દેઉં લાભ જસ લાખીણો લેઉં ૩૦૯

વિક્રમના પ્રશ્નોના વેતાલે દીધેલા ઉત્તર

દુહા

પ્રથમ તમ્યે જે પૂછીયું કહો કેટલા દેવ
બ્રંમા વીષ્ણુ રુદ્ર એ ત્રણે સુર સુભ-સેવ ૩૧૦
રાજસ સત્વ તામસી ત્રણે ગુણ કહેવાય
ખત્રી વૈશ નેં સુદ્ર એ ત્રહે જાત્ય એ રાય ૩૧૧
હીડે હાલે અવનીઇ ઉડે પંખ આકાશ
જીવ ત્રણ એ જાંણજ્યે પ્રીત ધરીને પાસ ૩૧૨
માઠી લાઠી ને ગઠી એ ત્રણે ઘર-માહ
ધાયે વાઓ નેં ઘસરકો ત્રણે વાજા ત્યાહ ૩૧૩
સીંગ સાઠો નેં પોપટો એ ત્રણે રુડા ધાંન
વેલો વૃક્ષ ને કંદ એ ફલ ફુલ નેં પાન ૩૧૪
દયા દરશંણ ને દાન એ ત્રણે પોહોઢા પુન
પ્રાતુસ્કાલ મધ્યાન સાયંકાલ એ શુન્ય ૩૧૫
બાલ યુવા ને વૃધ એ તો ત્રણે વેસ
ઉરધ અધ આકાશ એ ત્રણે દૈવત દેશ ૩૧૬
અણી ધાર નેં ધબડકો સાચા ત્રણે સસ્ત્ર
વુણ સણ ને હીર એ વારુ રુડા વસ્ત્ર ૩૧૭
આગમ નીગમ ને અધગમ એ જાણીતો જોસ
મનસા વાચા કરમણા ડાહાપણ ત્રણે દોસ ૩૧૮,
વાટ્યુ ખાડ્યુ નેં દલુ પોઢા એ પકવાન
ખારુ તીખું ને ખાટડું સુદર સાક અનુમાન ૩૧૯
ગલ્યુ મોલુ ને ગરકલુ સોભીત ત્રણે સ્વાદ
જનમ પરણુ નેં જર જડણુ એ ત્રણે ઉલાદ ૩૨૦
ઉપમાન જાંન મરણુ એ ત્રણે સાચા શોક
પાખાણ ધાત ને કાષ્ટ એ જર ત્રણ જાણો લોક ૩૨૧
હા હુંકારો જી કહે એ ત્રણે વારુ વાંત
પુછવુ પ્રીછવુ પારખું ડાહાપણ ત્રણે ખરી ખ્યાત ૩૨૨

વીવેક વિદ્યા ને' વીનય ભારે વીદ્યા ભોગ
નીમ નીરમલ ને' નરમતા જાણો ત્રણે' જોગ ૩૨૩
સેવા વીદ્યા ને સાણુપણુ એ ત્રણે ભીખ્યા-ભાવ
અગન જઠર વડવાનલે પાવક-બુધિ બનાવ ૩૨૪
હલધર ધનુર્ધર કુરસગામ એ ત્રણે' રુડા રામ
વૃત પુન્ય ને જગન એ કહ્યા તે રુડા કામ ૩૨૫
ગાય તુલસી ને પીપળો પુજ'ણુ એહ પવિત્ર
સપુત સદગુરુ સ્ત્રી સતી મોટા ત્રણે' મિત્ર ૩૨૬
દાન-પાત્ર પુજ પાત્ર ત્રીજો કીરત-પાત્ર
પ્રથવી પાણી પ્રતિમા જોયણુ રુડી જાન ૩૨૭
દેવ-રણુ પીત્રી-રણુ મનુષ્ય-રણુ જુગ જાણીતા જોય
બ્રંહ્મા વીષ્ણુ-શીવ થકી અન્ય વડો નહી કોય ૩૨૮
વીદ્યા તો આપે વડી લખમી ત્રીજુ ભાગ્ય
એહથી કો અધિક નહી જડે' નહી કો જાગ્ય ૩૨૯
ચોથું રતન મલે નહી ચોથી ન મલે કાજ્ય
એક રામ એક મેહુલો ત્રીજો વીક્રમરાજ ૩૩૦
નદા કોહની નવી કરે ગીરુયાપણુનુ ગાત્ર
સંતોષ શીલપણું ધરે તેહ પ્રમાણુ પાત્ર ૩૩૧
અવગુણુ અંતર નવી લહે માણુ ગુણુ મન માત્ર
નાત્ય તજે જે તન-થકી તેહ પવીત્ર જ પાત્ર ૩૩૨
અસત્યપણું નવી આચરે દિલ બુધિ રહે' દાન
સમદ્રષ્ટિ સઘળે રહે' તેહ સત્ર સુભ પાત્ર ૩૩૩
પાલે બરદ પોતા-તણું ચીત-વૃત્ય રાખે ચાત્ર
નીચ બુધિ કરે' નહી તેહ પરમાણો પાત્ર' ૩૩૪
'કીહા થી આવ્યા કુણુ છો કહો નીરમલ શુભ નામ
કુણુ ઇષ્ટ-ઉપાસના કહો સેવક-સખિયુ કાંમ' ૩૩૫

છપય

'નાંમ એક કીરતાર, નાંમ દાતાર કહાવેં
નાંમ તો સકલ-વસ જાંણુ, નાંમ ભગતાં મન ભાવેં
નામ ગીરુયા ગંભીર, નાંમ પંડીત જે પૂરા
નાંમ ઉદ્ધાવણુ-હથ, નાંમ સામદ જે સૂરા
નામ એક શ્રી-રાંમ-નુ, નાંમ તો દુખ-ભંજન-તણું
વૈતાલ કહે વસુધા-વિષેં, કવી શામલ કહેં છેં ઘણુ ૩૩૬

આવ્યા-નુ કહું કાજ, લાજ આવેં છેં કહેંતાં
નવી જાંણું આકાશ, સ્વર્ગ પાતાલેં રહેંતા
નવી જાંણું નીર નીવાંણુ, જડ ચેતન કેં આડેં
માંનવ પસુ કેં પંખ, પાંણુ ચાર-ની ખાડેં
અવની-માંહેં-થી આવીયો, અવની-માહેં જાવું સહી
લખ લખ કરતાં લખવરાં, શાંમલ અન-નીરેં આંણ્યો અહી ૩૩૭

તરુવર નીલુ જાંહ, છાંહ સહુ તેહ-ની બેંસેં
ભર્યું નીર નીવાંણુ, પ્રાંણી પીવા તિહાં પેંસેં
ફલ્યો દિશેં વનરાય, જાય ક્ષુધાતુર ખાવા
ગંગા જિહાં ગંભીર, નીર રહેં સહુ નાહવા
દાતાર દરિઆયો જાંણો તિહાં, જાચિક જન આવે ઘણા
વૈતાલ વીક્રમ નર નિરખીયા, શાંમલ કહેં સી મોટિમ-મણા ૩૩૮

પુજેં જે કો દેવ, દેહ દેવાંસી થાઇ
અમર થાઇ તે આપ, જેહ અમર-ફલ ખાઇ
ભલેં ગંગા-માં નીર, તેહ પણુ થાઇ ગંગા
અડેં ચંદન-નો વાય, કાષ્ટ ચંદન અતી અંગા
સધરે સદસંગ-થી, તુંબા-સંગ જિમ તન તરેં
કવિ શાંમલ કહેં વૈતાલ ભણેં, આપ-સરિખા સહુ કરેં' ૩૩૯

દુહા

વીક્રમ કહેં 'વેતાલ સુંણ્ય વીદ્યા ભણ્યો શી વેદ
જાહિર કરો તો જાંણિઈ શ્રણુ્ય ન રાખો ખેદ' ૩૪
'વીરંચી વીદ્યા ભણ્યો ભણી ભારતી ભાલ
વેદ બ્રાંમણુ ભોજન-થકી જડી જુઠ વૈતાલ ૩૪

ભણ્યો વિદ્યા એક કરણુ, સુવર્ણ સવા ભાર દિધો
ભણ્યો વિદ્યા હરીચંદ્ર, ઇંદ્ર આસન લીધો
ભણ્યો વિદ્યા એક ધરમ, પરમ-પદ જીવત પાંમ્યો
ભણ્યો વિદ્યા પ્રહલાદ, જનમ લેખમ-થી વાંચ્યો
દ્રુ અમરીખ આદેં હુયા, કીરત કોટી સુભ સુણી,
કવી સાંમલ વૈતાલ કહેં, વીદ્યા તો વીક્રમ તે મે ભણી' ૩૪

ચોપઇ

કહેં વૈતાલ 'સુંણુ ભારે ભુપ રાજ-તેજ રાજસ ગુંણુ રૂપ
તાહ્‌રા દિલ દરસણુ-કારણેં ખુધિ-નિદાંન આવ્યો બારણેં ૩૪૩
કીરત સાંભલી કાંને ઘણી પ્રગટ ભુખ ભાગી તે-તણી
લક્ષણુ મોટું આંખેં લહ્યુ કાંન નું નવી માને તે કહ્યુ ૩૪૪
આંખ્ય કાંન પડી'તી હોડ સ દેહે ભાગો, પોતાં કોડ'
ગજા કહેં 'મુઝ દ્વારેં રહો સેવક-સરિખું, કારજ કહો' ૩૪૫

છપય

'ઝાઝી જે ઘર પુત્રી, કોયક કુલ તેહ-નુ બોલે'
ઝાઝા જિહાં વ્યાપાર, કોયક દિન રખ્યા ચોલેં
ઝાઝા પટલ-પરધાંન, કરેં ઉધ્વસ તે ગામેં
ઝાઝા જાચીક જાંહ, મમત' મુંકાવેં માનેં
ઝાઝી મીત જિહાં પરવરેં, કહ્યુકક માંન માઝા મટેં
મહિપત્ય-પાસ મંગણુ વસેં, તો શાંમલ કવી કહે ગુંણુ ઘટે' ૩૪૬

ચોપઇ

કરે વાત એહવી જેટલે સેવકે પાસ આવ્યો તેટલે
આપી ચીઠી નરપતિ નેટ સીંઘલ-દેશ-તણી જે ભેટ ૩૪૭
સત ધેંધેંવર ગાજંતા ઘણા ભારે જોતે ભદ્ર-જાતી-તણા
સોના-સાંકલાં મોતી મુલ ફટક-મણી-જેહવાં સમતુલ્ય ૩૪૮
અંકુશ અંબાડી અતી સાર માલ-ખજાંનો અપરંપાર
બે શત ઘણ-મુલી ઘોડલા જેવા ગંગા-જલ જોડલા ૩૪૯
અગલખ અરાકીય અનુપ રાજહંસ રૂઢીયાલા રુપ
મોરડે મોતી ચોકડે ચીત્ર પલાંણ પંચરંગાં પવીત્ર ૩૫૦
પવન-વેગી મન-વેગી તુરી ઝુલ્યો રતન-અમુલક-ભરી
સવામણ મોતી શોભીતાં આંમલા પ્રમાંણ અતી ઓપીતાં ૩૫૧
માંમરી પનર સેંહે પંચાસ જરદોજી જરકસબી તાસ
પાંચ સેંહે પટોલી પુર નક્ષત્ર-જેહવા જેહે-નાં નુર ૩૫૨
પાંચ કોટી સોના-ની મોહોર આવી ભેટ તે વેલાં ઠોર
પાંચ વરસ-તણી ભર ભેટ નજર કરી નરપતિ-ને નેટ ૩૫૩
સાંમગરી સકલ સાથ-માં સુંપી વીક્રમ-ના હાથ-માં
વાંચી જોતાં વીક્રમ હસ્યો કરમ વૈતાલ-તણે મન વસ્યો ૩૫૪
'મેં તો ધાર્યો'તો મોટો ધરમ એહ-નુ જોરાવર એટલું કરમ'
હસ્તી પોતા-ના આસંનં-તણો મેહેરાવણ ગજ, મહિમા ઘણો ૩૫૫
અંધારે અજુઆલું થાય જડ્યાં નંગ અંબાડી-માંહિ
સકલ માલ હસ્તી-નો સાથ વીક્રમ સુપે વેતાલ-ને હાથ ૩૫૬
કંચન-મેહ રાજા વુઠીયો માહા-પસાય કરી ઊઠીયો
ભરી પેઠીઈ મોહોરો દ્રવ્ય મોકલ્યું લાખાં મંદિર સર્વ ૩૫૭
હસ્તી ઘોડા મોતી માલ વીનય કરી સુપ્યું સર્વ આલ
ભાગ્યુ દરીદ્ર તે લાખાં-તણું પાંમી દ્રવ્ય અનરગલ ઘણું ૩૫૮

લીધો સુતાર જે સુધ સુજાંણ   ગયો વીર જિહા મોટુ મશાણ
અમલ-પાણી તીહા લીધો લોટ   ગયો મસાણ-મા મોટમમોટ ૩૫૯
ચેકે રોટા બહુ ગુંણ ગણે   મંત્ર મહારુદ્ર-તણો ભણે

પ્રાતુસ્કાલ થયો જાહરે   લાખા સુતી ઉઠી તાહરે ૩૬૦
ગજ મહેંગવણ-ને પાખર્યો   વાહન કોડ રુપેં-થી કર્યો
નીકલી નારિ ઉગમતે દીશ   દાસી ચમર કરે છે સીસ ૩૬૧
બેઠો છે મહીપતિ માહારાજ   આવી નારી કલાવંત કાજ
સલામ-કાજ હેઠી ઉતરી   નરખે નરપતી દ્રષ્ટે ભરી ૩૬૨
'કુણ દાતા એહવો તાહરો   માણે ગજ મહેંગમણ માહરો'
લાખા કહે 'સુણ્યો મુઝ માલ   વટેમારગુ નર વૈતાલ ૩૬૩
પાસે મંદિર માહરે વસ્યો   લંગોટ બંધ નહી કુડો કસ્યો
"ભુપતી એ પમાયો ભણે   સુખ્ય કર શામા તુઝ-તણે" ૩૬૪
વચન બંધાણો, તે મુઝ દીધ   પંથ સફલ પોતા નો કીધ'

જુવતી-વચન જાણ્યુ જાહરે   તે વેલા નૃપ ઉઠે તાહરે ૩૬૫
સેના સજ કરાવી સાર   થયો અશ્વ આપે અસવાર
સોમચંદ સાહા સેઠ સુજાણ   પ્રધાનવટે પુન્ય પ્રમાણ ૩૬૬
વૈતાલ-ને જોવા ને કારણે   દશ દીસાયો બાધી બાણે
વીસ જોજન ખોલાવા વાટ   જાવા ન થામે ભારે ભાટ ૩૬૭
રાજા ને મન રોશ જ થયો   'આપ્યો એહવો નીરમુખ ગયો'
કુંકું કુતકુ ભોગી ભંગ   બેઠો મસાણ કરે છે રંગ ૩૬૮
સેવકે દીઠો તે સીધ   વીક્રમસેન-આગલ કહી વીધ
'કાવ્ય પસાય કર્યો' તો તમ્યો   આજ મશાણે દિઠા અમ્યો' ૩૬૯
છડી અસવારી રાજા રીધ   આવ્યા તીહા જિહા સાચો સિધ
કરી પ્રણામ રાજા તે રહ્યો   ભારે આશીશ તે ભાટે કહ્યો ૩૭૦

ભેટ વિશે વિક્રમ ને વૈતાલ વચ્ચે વાતચીત

છપય

'સાઠ નારિઈં નાર, નારિ આઠે નર જાંણું
આઠ નરે નર એક, પ્રીછે' એક પુરુષ પ્રમાણું
બાર પુરુષે બલવંત, એક નરપતિ-જેહવો
એહવા નર દસ સહસ્ર, ભોગ તસ્તીખેં તેહવો
સ્વાંમી સતાવીસ નોક, છતપત્ય-નેં જુગ ભોગવે'
સુભ આશિશ વૈતાલ ભણેં, ભુપતિ સુખ નીત ભોગવે' ૩૭૧

ચોપઇ

આસીસ કહી અંતર-થી અસી ક્રોધ રીસ રહી નહી કસી
પ્રીત કરી પકડીયો બાંહ 'કહો અલખત આપી તે કાંહ' ૩૭૨
કહેં વૈતાલ 'પરઠણુ જે' પેંર ગઈ અલખત ગુંણીકા-નેં ઘેંર'
રાય કહેં 'તેહ-નેં દાંમ જ દીયો ગજ મહેંરાવણુ પાછો લ્યો ૩૭૩
મેં જાણ્યું જાચીક બેંસી જશેં તો નિરમલ નામ નવ-ખંડે થશયેં
તે રંડા બેંસીને' રટે' એ ગજ ગુંણીકા-ને નવી ઘટે' ૩૭૪
દાંમ સવાયો તિહાં દિજીઇ લાખાં-ઘેંર-થી ગજ લીજીઇ'
રુદેં સાથેં ચઢી બહુ રીસ ભાટેં ભમર ચઢાવ્યાં શીશ ૩૭૫
કહેં વૈતાલ 'સાંભલ રાજંન વપુ જતેં નહી જાય વચંન
મલ-મૂત્ર-ભરી દેહ ઠાંમ તેહ-માં વચન એક આવે કામ ૩૭૬

છપય

વચન એક-નેં કાજ, લંક ભભીખણુ થાપી
વચન એક-નેં, દુરજોધને પ્રથવી તસુ ન આપી
વચન એક-નેં કાજ, પોહોતો બલ પાતાલેં
વચન એક-નેં કાજ, પાંડવ વન વન જાલેં
વચન એક-નેં કારણેં, કવચ કરણુ અતી અંગ-નું
વચન-કાજ ખોહી ગયો, રાવણુ રાજ્ય ઘડ લંક-નું ૩૭૭

વચન-કાજ હરીચંદ, નીચ ઘેર પરઠું પાણી
વચન એક-નેં કાજ, કૃષ્ણેં કુબજ્યા ઘેંર આણી
વચન એક-નેં કાજ, હરેં હલાહલ પીધો
વચન એક-નેં કાજ, દેવ વર દૈત્યા દીધો
ધરમ કરમ ને સરમ સરવ, વચન જાતેં તે વહી ગયુ
કવી સામલ સુજાંણ સુંણ, વચન જાતેં પઠેં સ્યુ રહુ ૩૭૮

બહુ કરેં જે બાપ, વચન એં 'વ રાં બોલે
બહુ કરેં જે બાપ, પ્રીન પટંતર ખોલેં
બહુ કરેં જે બાપ, ફોગટ-થી ફૂલ વખાણેં
બહુ કરેં જે બાપ, આપ આપ્યુ ઘેંર આણેં
ભલી જીભ કર કાટવી, ભલો મોત માહા મોલ-નો
સામલ કહેં સરવ-થી બુરો, ગીસ્ત વચન ગયો મોહ-મેં બોલ-નો' ૩૭૯

ચોપઇ

ઘાયડેં વાત સુંણી તે-તણી ચઢી રીસ રાજા-નેં ઘણી
'જાચીક-જન-નો ટેક જ તોર એવડુ સ્યું જાચીક-નું જોર ૩૮૦
પ્રથીપત્ય-થી વચન નવી પલેં તો મંગણ મેલ એવડા કીમ મલેં
કાઢવી હડી નેં આગલ દડ સાથી થોડા નેં લેવો ઘડ ૩૮૧
ખાતર દેવુ બુખારા ખાત્ય રમવી ભવાઈ રહેંવું એકાત્ય
ભીખ માગતે ભુડું બોલવુ ઘાલવુ ઉધારેં અધીકું તોલવુ ૩૮૨
ઉસડ ખવુ ને કરવો સ્વાદ ઉસીયાસેં રે હેંવું કરવો વાદ
પટલાઈ કરવી નેં રાખવી પ્રીત્ય દ્રવ્ય-વીના રાખવી ઘરરીત્ય ૩૮૩
સસરો વૈદ કહામેં રોગ ભામીનિ ભોગવવી જાલવવો જોગ
વીદ્યા વીના સભા-સનમાન લુટવા વીપ્ર ને દેવું દાન ૩૮૪
વઢ્યા-વીના કહેંવરાવવુ સુર સુકી વેલુએ પરાઠી પુર
ભુત સાધન નેં માગવો મોખ ગામ બાલવું નેં ગણવો દોખ ૩૮૫

બ્રમ-નંદા કરવી વધારવો વંશ વૈષ્ણવ થવું નેં કરવો ધ્વંસ
વ્રત કરવું નેં ખાવું અંન બ્રમચર્ય પાલવું ને પરણા-નું મંન ૩૮૬
શ્રીપાત થવું નેં સ્ત્રી-નો સંગ કર જોડાવણ 'માડે' જંગ
કીર્ત કરવી નેં ન ખરચેં ગરથ એહવા તે સરેં, કીમ અરથ' ૩૮૭
એહવા વચન કહ્યાં અનેક રાયેં મન ધરી વીવેક
કહેં વૈતાલ 'સાંભલ માહારાજ લાજ-થકી તો વણસેં કાજ ૩૮૮

દુહા

માન ન મુંકેં મન-થકી 'મંગણ કહાવ્યા માટ
જાચું જોરાવર-કનેં ભુપત-વત હું ભાટ ૩૮૯
ચાડી ચોરી ચીત નહી ખોલુ નહી પર ખાટ
અશ-પરી નવી આચરું તો ભુપત્ય-વત હું ભાટ ૩૯૦
સદાય મન-માં સાહવી અંતર નહી ઉચાટ
અમ-નેં આનંદ અહ્નિંશા ભુપત-વત તે ભાટ ૩૯૧
બોલ હુકારો નવી ખમું વોલામણ નહી વાટ
મીઠા-બોલો મોહો-થકી ભુપત-વત તે ભાટ ૩૯૨
મન-થકી માણું ઘણું ઠીક સંધાથેં ઠાઠ
પર-નારી-ને પરહરેં તે ભુપત-વત ભાટ ૩૯૩
દાતા-નેં ડુંગર કરું દોષી વાલું દાટ
સુંબ-સાથેં સનેહ નહી તે ભુપત-વત ભાટ ૩૯૪
કરપી દેખી તે કહેં હરામ-થકી હડહાડ
પુન્યવંત-તણા પરીયા કહેં ભુપત-વત તે ભાટ ૩૯૫
બ્રાહ્મણનાં લેં બ્રાનણાં ગુંણ ગુરુ-ના ઘડેં ઘાટ
ચ્યાર ખુંટ-માં ચતુર-નર ચારણ - ભુપત ભાટ ૩૯૬
કબુયક તુરંગમ ચઢેં કબુયક વાજેં નીશાંણ
કબુયક પોઢેં પલંગ-ઉપર કબુયક મડા-મસાણ ૩૯૭

કણુયક ખટ-રસ ખાંત્ય-થી કણુયક રાણ રસાલ
કણુયક ભંગા ભુંજીઇ કબહું બજાવેં ગાલ ૩૯૮
કણુયક સીવ-સેવા કરેં કણુયક ગાયે ગીત
કણુયક સીન્ત્યા પા(સા?)થરેં એ રાયો ભાટ-ની રીત્ય ૩૯૯
વીષમ વાટ-માં પરવરે ભય મન નાંણે ભીત
તું કહેંતાં-માં તંન તજે તે રાયો ભાટ-ની રીત ૪૦૦
કબુલ કોડી માંન-ની ,ઉપમાંન-તણી રધવાટ
ઓસીયાલો ઊભો નવી રહે તે તો ભારે ભાટ ૪૦૧
કરેં જમાંની જોખ-સ્યુ કેઇ દસુંદી ખાય
નવી જાયેં કો નીચ-નેં તે દાત્ત કહેંવાય ૪૦૨
કરેં કટારી કોડ-સ્યુ આંણી ઉપરેં આથ
ગાલ ન સાંખેં સકુજ-ની હાંમ ઘણેરી હાથ ૪૦૩
બોલ્યુ પાલેં પલાંવવેં સાહુકારાં વટ સાટ
પ્રાણ તજેં પર-કારણેં તે ભુપત-વત , ભાટ ૪૦૪
રાખેં લાજ લોહી-તણી જીવ-તણો મંન જોર
દેહ-સ્યુ નેહ ધરેં નહી એ ઇધાંણેં અંકોર ૪૦૫
વાત કરેં વીનોદ-ની સભા સોહતી સાર
રાજ-સભાઇ રીઝવેં તે ભુપત્ય-વત ભાટ ૪૦૬

છપય

કરેં જમાની કોય, કોયક દસુંદી દાવેં
કો વોલાવેં વાટ, કોય કીરત-જસ ગાવેં
કોય પીંગળી પાઠ, કોય મિઠ્યાસ મોહ-ની
કોય પસાયતાં ખાય, કરેં નહી સેવા કોહુ-ની
સનમાંન પાંમેં તિહાં સાહુબી, ઉપમાંન આપ દેખી ડરેં
ક્વી શાંમલ કોડેં કહેં, ભાટાં ભાવેં સો કરેં’’ ૪૦૭

ચોપઇ

પ્રથવીપત્ય પરઠી બહુ પ્રીત   સુંણી રાજભાટાંની રીત
સુભ સનમાંનેં પુરણ પેંર   ઘણા હેત-થી તેડ્યો ઘેંર ૪૦૮
આપવા અધિકો માંડ્યો માલ   વીક્રમ-સ્યુ બોલ્યો વૈતાલ
'હવે' લેઉ તો લોભી થાઉ   લોભ-તણી વાટેં નવી જાયુ ૪૦૯
લોભેં કાર ઘણેરો ઘટેં   લોભેં માંન-મુરજાદા મટેં
લોભેં ન રહેં કુલ-ની રીત્ય   લોભેં ન રહેં પોઢી પ્રીત્ય ૪૧૦
લોભ-થકી રહેં નહી ભાર   લોભેં પલે નહી વેહેવાર
લોભેં સઘલાં લખ્યણ જાય   લેભેં ભારે હલુયો થાય ૪૧૧
લોભેં વિદ્યા નવી પોસાય   લોભેં પુન્ય સમૂલુ જાય
લોભેં લખણ તિહાં સઘલા સુલ   લોભેં સઘલાં તે પાપ નુ મૂલ ૪૧૨
ઇહુ લોક પર-લોક બુડાડેં થોભ   મોહ દ્રવ્ય તે જાંણો લોભ
લોભ-સાથેં વધેં સરવ દોસ   સુખ-નુ મૂલ તે તો સંતોષ ૪૧૩
સંતોષી-ને ઝાઝાં માન   સંતોષી સોભેં વપુ-વાંન
સંતોષી-નેં સા ની તુન્ય   સંતોષ-થકી બીજું શું પુન્ય ૪૧૪
સંતોષી-નેં મહીપતિ મંન   સંતોષી-નેં ઝાઝા ધંન
સંતોષ રાખ્યા-નો એ અરથ   ફરી લેવો ઘટેં નહી ગરથ' ૪૧૫

સોમચંદ-સાહા સેઠ સુર્જાણ   વડો વજીર પુર-નો પ્રધાન
તે કેહે 'મીત્ર આવ્યો તાહરા   કબુલ કરો રોટા માહરા' ૪૧૬
ઘણા માંન-થી તેડ્યો ગામ   ઉત્તમ આપ્યા ઉતારા-ઠામ
પંચ દિવસ રાખેં પ્રધાંન   પસાય કરેં બીડું એક પાન ૪૧૭
પાચ સહસ્ર પટોટી સાર   જરદોજી જરકસી-ના તાર
પાચ સહસ્ર પુરી પામરી   લક્ષ મોહોર સોના-ની ભરી ૪૧૮
ઘણ-મૂલી મોતી અમુલ   અધિક રત્ન બીજાં અતુલ
દસ ઘોડા દશ ઘેંમર ઘણા   અવતારી દેવાસી-તણા ૪૧૯

સણગાર પુન્ય તણા જેટલા — સોમચંદે સુંપ્યા તેટલા
'કરો કબુલ અધિપત્ય આપ — એ સરવે રાજા નો પ્રતાપ' ૪૨૦
માહા પસાયો કર્યો તે દીશ — ભાટ ભણે અધીકિ આસીશ
"કોડ દીવાલી તપજ્યો તમ્યો — આસીસ નીત-નીત કહુ છુ અમ્યો ૪૨૧
વરણ અઢાર તણી વિવેક — અકલ વણીક-તણી તો એક
વણીક-સમાન કો ડાહ્યો નથી — કોડ લોક બીજા છે કથી ૪૨૨
વણીક-સમાને નહી દાતાર — 'કરુણાવંત કર્યો કીરતાર
બહિ-ડોડાવણ માર્જન નામ — વણીક-વીના વસે નહી ગામ ૪૨૩
ગયુ લંક રાવણ-નુ રાજ્ય — વણીક પ્રધાન કર્યો' તો તાજ્ય
વણીક-વિના નહી વ્યાપાર — વણીક-વીના નવી પામે કાર ૪૨૪
વણીક-વીના વસવુ તે ફોક — વણિક-થકી સુખ પામે લોક
વણિક જીવદયા-પ્રતીપાલ — બીજા સરવે આલ પંપાલ ૪૨૫

છપય

જીવદયા-પ્રતિપાલ, આલ એકે નવી બોલે
ન્યાવટ સાહુવટ-સુજાંણ, ધર્મ-ની ધારણ તોલે
સદાવૃત-ની સાખ્ય, લાખ કરોડે લહિઈ
પુન્ય વાત-માહે પુર, ગુરુ સુધ કુલે કહીઇ
માને મોટા મહિપતિ, દેસ-વીદેસે કોડી કરે
સામલ કહે સાહ સુલતાંન મે, દાઘ્ર નર ચીત મા ધરે" ૪૨૬

ચોપઈ

માન દેઈ મ્યુક્યો તે માત — કબુલ કર્યો વાળ્યો વૈતાલ
વીક્રમસેન વડહુદ વીવેક — વોલવી તન મુકે ટેક ૪૨૭
હેત પ્રીત-સનમાને ઘણે — તેડયો ભાટ ઘેર પોતા-તણે
પહેલો પશાય કરણા થી કીધ — બમણો દામ દીઆ-મા દીધ ૪૨૮
બમણો લાભ હજુરી હુયો — સોમચંદ-સાહા-નો બીજો જુયો
હાથી ઘોડા મોતી મોહોર — તોલ બમણા કીધા તે ઠોર ૪૨૯

તેહ-ની સંખ્યા કરીઇ ભાવ . તો સુંણ-શરીરે આવે તાવ
ફીરપી કલ ખાઇને પડે નીરગુંણ-જન કવી-ને જડે ૪૩૦
જુઠો જુઠી પાડે વાત કરે અદાતા તેહ-ની તાત
સાંણા હો તો સમજો સરવ ખમણો માલ-ખજાનોં દ્રવ્ય ૪૩૧
નીશાંન-નોબત ઘણુ ગાજંત પંચ શબદ વાજાં વાજંત
હેતે માલ સમરપ્યો હાથ સત ડગલાં વોલાવા સાથ ૪૩૨
વૈતાલ આશીસ દેઇને વલ્યો પંથ પોતા-ને મારગ પલ્યો
વીક્રમ રાજસભા-માં રહ્યો તીહાં વાટે એક કૌતિક થયો ૪૩૩

દુહા

જોજન એક આપે (ઘેં?) જઈ ડેરા આપે દીધ
સરોવર-પાલ કોડામણી કોડે મુકાંમ કીધ ૪૩૪
હસ્તી બાંધ્યા હણુહણે તેજવંત તોખાર
ઘોર વાજાં તિહાં ગડગડે અનમી સહુ અસવાર ૪૩૫
સીતલ સર સોહામણું ખીલ્યાં કમલ અંકોર
પંખી બોલે પ્રાંત-સ્યુ મીનાં હંસ ચકોર ૪૩૬
તમાસગીરિ તે ગાંમ-ની ભાલે બેઠો ભાટ
વીપ્ર વીદેસી વેદીયો વલો આવે તે વાટ ૪૩૭
કર જોડી અટકયો તિહાં પુછે રાય-નુ નાંમ
'કુંણુ દેશ-નો અધિપતિ ઉતર્યો આણે ઠાંમ' ૪૩૮
ચીત-ચકી કહ્યુ ચાકરે 'ફરી સ્યુ પુછે ફોક
અકલ હોઈ તો ઉલખો એ તો રાજા-લોક' ૪૩૯
વીપ્ર જાત્ય ને. વેદિયો આવ્યો વીહાંણી વાટ
ચીત-માં તે નવી ચેતીયો રાજા તે તો ભાટ ૪૪૦
લખ્યણ-થી તેણે લહ્યુ દ્વીજ મન રાખી ધીર
'રાજ-લોક એ તો કહે વારું વીક્રમ વીર' ૪૪૧

વીપ્ર સરવ વીદ્યા ભણ્યો મોટીમ-કેરી મોટ
સહસા કામ કરી પડે ક્ષણ એક હાહાપણ ખોટ ૪૪૨
પુઠે પુસ્તક બાંધીયુ તુંબી-પાત્ર કર લીધ
'પર-દુખ-ભંજન સુખ-કરણ' એહવી આશીસ દીધ ૪૪૩
'ગૌ-બ્રામણ-પ્રતીપાલ ધંન પર-નારિ-સહોદર પુર
દેવ-રૂપ દાતા વડો ન્યાયવટ-કેરા નુર ૪૪૪
પ્રતાપ તો પ્રથવીપતી સકલ-શાસ્ત્ર-સુજાંણ
કલા બોહત્તરી બહુ-ગુંણી પૂરણ જશ પ્રમાણ ૪૪૫
જોગ શક જોતીક લખ્યો નવે ખંડમા નામ
અહુરણી અવની કરી એહવા કોટીક કામ ૪૪૬
કલ્યાણ કરે કરુણાનિધી વીષ્ણુ-વનીતા તુઝ વાસ
અષ્ટ સીધ્ય નવ નિધ્ય રીધ પ્રીતે રહો તમ-પાસ ૪૪૭
શિવ-પૂજંન-બુધિ સદા પુન્ય-ઉપર બહુ પ્રીત
મંગણ નીત્ય મહીમા કહે રુડી રાજસ રીત્ય ૪૪૮
દુખ ભાગો દુનીયા તણું જીવો વરસા કરોડ
સુરજ-ચદ્ર તપે તિહા હુશે જીતો હોડ ૪૪૯
રણ-દુતે જય તાહરે ગાજી ન શકે કોય
ભાવ-થકી બ્રામણ ભણે જસ સવાયો હોય' ૪૫૦
વીપ્રે વીક્રમ જાંણીયો દીધી એ આસીસ
વીમાસે વૈતાલ મન પોહોર પાછલે દીસ ૪૫૧
'અણસમઝયો આદર કરે પ્રીતે આવ્યો પાશ
મોહ મચકોડુ માહરું તો નિશ્ચે થાય નીરાશ ૪૫૨
જાચીક જિહા નીરમુખ વલ્યો હાણ ખમેરી હાથ'
વૈતાલ તીહા તેહુ સમે વીચ્યાર્યુ રુદયા સાથ ૪૫૩
પાચ પ્રદક્ષણા કરી પ્રીતે લાગો પાગ
ચરણામૃત મુખ મા ધરે અધ-આસન યુગ જાગ ૪૫૪

'કહો મહારાજ જાસ્યોં કીહાં　　આવ્યા કીહાં-થી આજ
ચીત--વીપેં સ્યુ ચીતવો　　કોહ-સાથેં છેં કાજ' ૪૫૫

બ્રાંમણ કહેં 'સુંણ પુરપતી　　વીક્રમસેન વડ-હથ
દાંન-માં ડાહ્યા ઘણું　　સુભ વાતેં સમરથ ૪૫૬
કહું હકીગત માહરી　　કરવા આવ્યો કાંમ
વાસ વસું છું વેગલો　　આવ્યો સાંભલી નાંમ ૪૫૭
દુખેં ડાલેં ડુંગરા　　સોખેં સાયર-નીર
ધરતી બાધી દુમધ્રમેં　　દ્રડતા ન ધરેં ધીર ૪૫૮
દુખ દાવાદલ જેટલુ　　મોહું મેર-સમાંન
તે દુખ ભાગી સુખ કરેં　　તે તુમે સુંણીયો કાંન ૪૫૯
આવંતાં ઉજેણી-માં　　ડેરો દીઠો વાટ
આસીરવાદ-તણે મસે　　આવ્યો દુખ કહેંવા-માટ' ૪૬૦
વૈતાલેં વ્યપ્ર ખોલી નહી　　'નીરાસ થસ્યેં જો નેટ
જીવ ગઇ જોખમ થસ્યેં　　જો પાલી મારેં પેટ' ૪૬૧

ચોપઈ

'કહો મહારાજ તમારું કાજ　　ઈશ્વર સહુ-ની રાખેં લાજ
દેવ-રૂપ છો મોટા દેવ　　સકલ લોક કરેં તુમ સેવ' ૪૬૨

વીપ્ર કહેં: સાંભલ્ય મહીપતી　　માહરું ગાંમ તો ચંદનાવતી
અપુત્રવંત હતો મુઝ દેહ　　નારાયણ-ઉપર બહુ નેહ ૪૬૩
મેં ઉપાશા શ્રી-માહાદેવ　　સકલ લોક કરેં તુંમ સેવ
સીવ-પુજન-નેં ઉગ્યા સુત્ર　　પ્રસવ થયો પ્રતાપીક પુત્ર ૪૬૪
બત્રીસ-લક્ષણ ચતુર-સુજાંણ　　પવીત્ર તેજેં પુન્ય પ્રમાંણ
જાત કરમ કુલ રીતેં કીધ　　ઉપવીત દાંન દયા-થી દિધ ૪૬૫
વરસ બાર થયાં જાહરેં　　તન બોલ્યો મુઝ-સ્યુ તાહરેં
'ભોજન તો તુમ ઘેર નહી ખાઉં　　તપ-કારણ વન-માં હું જાઉં ૪૬૬

સંસાર માં તે સારજ નથી   કોટી પુરાંણ કહું છું કથી
અલપ આવરદા થીર નહી કાય   જે જનમ્યો તે નીચ્ચે જાય ૪૬૭
નાંમ જેટલું તેટલો નાશ   કાચી કાયા-નો ચ્યો વીશ્વાશ
અમર દેહ અમારો કરું   ગરભ-વાસ શાં-ને અવતરું' ૪૬૮
તાહરે મેં તો જોડ્યા હાથ   બોલ્યો માંણા સુત-ને સાથ
'મેં તપ કીધુ તુઝ કારણે   કાઢી મુંકું ચ્યુ બારણે ૪૬૯
વરતી ગરાસ ઘર માં છે ઘણો   એ વૈભવ સરવે તમ-તણો
રુડા અસ્ત-તણી, દીકરી   તુઝ-નેં પરણાવું પ્રીત જ ધરી ૪૭૦
આપ રુપ છે ઈશ્વર-અંશ   વાધે વેલો આપણો વંશ
અમ-ને દુખી જાયે તમ્યો   નીચ્ચે હત્યા આપુ અમ્યો' ૪૭૧
કુંયર કહે 'કહ્યુ નહી કરું   વનીતા તો વપુઈ નહી વરું
પરણવે તો વાધે પરીવાર   બુડતા બુંબ-ને નહી વાર ૪૭૨
ત્રણે લોક-માં તારણહાર   સોધી ન મલે નીરમલ નાર
માંણપણે સીરોમણ સતી   સુખ પામે પોતા-નો પતી ૪૭૩
મન-માની મલે જાહરે   પ્રીતે પરણુ તરણી તાહરે
માહરું મન કબુલ જ કરે   વનીતા વરતે મનડુ ધરે' ૪૭૪
કુંયર-હાથે દિધો મેં કોલ   બુધિ વીચારી બોલ્યો બોલ
'કબુલ કરે જુવતી જેહ-ને   હું પરણાવું તરુણી તેહ-ને' ૪૭૫
અધિક સમ ખાધા મેં આપ   પરડ્યા ઝાઝા પોટા પાપ
'ગૌહત્યાદિક પાતીક કમ્મ   કોટી-કોટી હત્યાદિક સમ ૪૭૬
તું કહે તે પરણાવું તું-ને   નહીતર પાપ અડો એ મુ-ને'
બીજી પ્રતીજ્ઞા કીધી ઘણી   થયો જમાન ધરમ-વાતે ઘણી ૪૭૭

તે વાતે થયા વરસ પાંચ   ઓહોણ થઈ એક તેહ-ની આચ
એક ગામ-મા બ્રામણ એક   વારુ અન્તાવટ વિવેક ૪૭૮
તેહ-ને પેટ પણ ન-હતો તન   માહાદેવ પુજવા કીધુ મન
ચ્યાર લાખ ચીંતામણ કર્યા   ઈશ્વર આપ રુદે-મા ધર્યા ૪૭૯

પરમેસર પ્રસંન થયા પેર   પુત્રી એક આવી તે-ઘેર
વરસ થયાં વનીતા-નેં સાત   વર ખોલેં પિતા નેં માત ૪૮૦
તાહરેં તે પુત્રીઇ કહ્યૂં   'બ્રમ-ગ્નાંન મુઝ-નેં તો થયું
પાંમી પદ્દમની-નો અવતાર   ભાવેં નહી મુઝ-નેં ભરથાર ૪૮૧
બાધો જનમ કુંઆરી રહું   કૃષ્ણ કૃષ્ણ કોડ-થી કહું'
પરણવા-ની કરો જો વાત   તો કરવી પડેં દેહ-ની ઘાત' ૪૮૨
મા-બાપેં ન ખાધું અંન   પુત્રી પરણાવ્યા-નું મંન
લંઘન સાત થઈ જાહરેં   તાત-નેં તનયા કહેં તાહરેં ૪૮૩
'સુખેં તમે બેં ભોજન કરો   શાં-નેં નયણેં આંસુ ભરો
માહરું કહ્યૂં નર કરસ્યેં જેહ   તેહ-નેં પરણું આંણી નેહ' ૪૮૪
સંતોખ્યાં પિતા નેં માત   માહરેં પુત્રેં જાંણી વાત
મન-માં પરણ્યાં-કેરી આશ   ગયો પુત્ર તે કન્યા-પાસ ૪૮૫
'તું કહેં કન્યા તે હું કરું   વિશ્વ દેખતાં તુઝ-નેં વરું'
તે વાત-નો દીધો કોલ   બોલી વલતી કન્યા બોલ ૪૮૬
'હું કહૂં તે પરલું લાવ્ય   ઉતાવલો પરણવા-નેં આવ્ય'
તે વાતેં લખ્યા બેં કર્યાં   સહુ સજન તે હઇયડેં ઠર્યાં ૪૮૭

દુહા

કોડેં તે કન્યા કહેં   'માહાલક્ષ્મી મુઝ નાંમ
વરનું નાંમ કલ્યાંણ છેં   તે જાંણે બાધું ગાંમ ૪૮૮
મહીમા રહેં તે નાંમ-નો   પુરણ કરું તે પેર
પછેં પરણવા પ્રીત-થી   આવો માહરેં ઘેર ૪૮૯
ચ્યાર સત ઘર નાતિ-નાં   કહું તે લાંહાંણાં લાહો
પછેં આવજ્યો પરણવા   જો તાહરેં ચીત ચાહો ૪૯૦
એક હાથી એક ઘોડલો   એક પાંમરી એક ચીર
સહસ મોહોર સોના-તણી   તો રહેં નાંમ-નું નીર ૪૯૧

એક-એક ઘેર એટલુ લાહાણુ જો લહવાય
તો વચન તાહરુ પલે નહીતર બોલ બાપ નો જાય' ૪૯૨
ફરમાયુ મો કુંવર-નું વીપ્ર તેં આ૦યો વાસ
માડી વાત સુત-નેં કહી પ્રીતે બેંસી પાસ ૪૯૩
'આપણુ ભીક્ષુક બ્રામણા સોધ મલે નહી સરવ
સમણા-માહેં નથી સાભલ્યો હસ્તી ઘોડો ને દ્રવ્ય ૪૯૪
માન ઉતારવા માનની રચીયો એહુ પરપચ
વચન વીહાણુ આપણુ તેહ-નો તે રચ્યો સંચ ૪૯૫
'કાયા પાડુ'' કુંવર કહે 'મુખ ન કહુ નાકાર
"મુંઢી ગયા'તા સાસરે'' હસશેં સહુ સંસાર' ૪૯૬
પિતા કહે 'કા પંડ તજે' અકલવંત તું આપ
મોહો-માગ્યું જે આપવુ (?) તે તો મુઝ-નેં પાપ ૪૯૭
તાહરા મન-માની તુઝ-નેં પરણાવું કન્યાય
મોહ-માગ્યું આપુ નહી તે માહરો અન્યાય' ૪૯૮
વાયદો કીધો વરસ નો ચતુર સતોખ્યા ચંત
મંન વીચારી માહરે પછેં પલાયો ૧ પંથ ૪૯૯
'પ્રયાગ-મંધ્યે પરવરુ વેણી-માધવ જાંહ
દેહ સમરપુ દેવ-ને' તોલ કર્યુ મેં તાહ ૫૦૦
એમ વીચારી આવીયો માલવ-દેશ મેહલાણુ
કીરત કાને સાભલી વિક્રમસેન્ય વખાણ ૫૦૧
દુખ-ભજન દાતા વડો પુરણ મંન પ્રસંન
પુરણ પુન્યે પામીઇ વિક્રમ-નું દરસન ૫૦૨
દાતા-મા દૈવત ઘણું નીમેષ મલે નહી તુન્ય
નીરખે સુખ દાતા-તણુ પુરણ જગત-નુ પુન્ય ૫૦૩
માણો સુખ નીત મહીપતી હ્યો લક્ષ-લક્ષ આશીશ
આપ્યો તો પધે પરવરુ કાન્ય ઉગમતે દીશ ૫૦૪

૨

દાન અંગે વેતાલ અને બ્રાહ્મણ વચ્ચે તાણુમેંચ

ચોપઇ

વૈતાલેં વીચાર્યું મંન 'એહ મું-નેં નવી જાંણેં અન્ય
એણેં જાંણ્યો વીક્રમરાજ કીમ સરેં દુરબલ-નુ કાજ ૫૦૫
જુઠી વાત-તણુ નહી કાંમ સાચી વાતેં રાચેં રામ'
કહેં હાથ જોડીનેં બોલ રાખી ભાર પોતા-નો તોલ ૫૦૬
'વીક્રમ તો દેશાધીપતી તેહ-ની કરમ જોરાવર રતી
ફરેં આંણુ દેશાવર વાટ તે ભુપતિ-તણો હુ ભાટ ૫૦૭
ગયો જાચવા આણિ અરથ પામ્યો હાથી ઘોડા ગરથ
એહવેં તમ્યો દીઠા આ ઠાર માહરા ભાગ્ય-તણો નહી પાર ૫૦૮
તાહરી વાત-મા મનડું ધર્યું કૃષ્ણારપણ મેં તાહાર-નુ કર્યું
હેત-પ્રીત-થકી લીજીઇ કુંયર-તણો વીહવા કીજીઇ ૫૦૯
એહ-માથી તે એક બદામ તે નહી આવેં માહરેં કાંમ
ક્રમારપણ કર્યું જે અમ્યો એહ માલના ભુગતારિ તમ્યો' ૫૧૦
તે બ્રાંમણ તો બ્રાત્યેં પડેં એ તો સંદેહ મન-માં અડેં
'સાબાસ ભાઈ તાહરી જાત્ય-નેં સાબાસ તાહરા માત-તાત-નેં ૫૧૧
મોટુ કરી તુ બેંઠો મંન થઈ બેંઠો કોય ગીરુયો ધંન
લક્ષ આસીસ નીત તુઝ-નેં દેયુ કોડિ એક એહ-મા-થી નવી લેયુ ૫૧૨
માગા-માં જે માગી લેં નીરસુખ પીત્રી તેહ-ના રહેં
દીઠી વસ્ત નેં માગેં મૂઢ તેહ-નેં પાપ બેંસેં બહુ પ્રૌઢ ૫૧૩
ગમેં એહવા પણ જાચીક-જંન આપ્યા-પુઠેં દાઝેં તંન
હુ જાઉ વીક્રમ-નેં વાસ માગું તિહા પ્રથવીપતિ-પાસ ૫૧૪
કબુલ ન કરું તાહરો માલ' તારેં વચન બોલ્યો વૈતાલ
'રાજા-લોક કેહેંવાઉં અમ્યો સુખેં વીપ્ર માંલ લ્યો તમ્યો ૫૧૫
વલી જાચું ધરતી-નો ધણી લાવું લછ અલેખેં ઘણી'
'વીપ્ર કહેં 'ન ચઢેં જો રીસ કહું વાત એક આણેં દિસ ૫૧૬
તું તો રાજરાજેસર વામ બીજાં છેં બહુ ખોટા નામ
પાણી રાખ્યુ તેં નામ-જ-તણુ સ્યુ વખાણુ કરુ હુ ઘણું ૫૧૭

રાજા-લોક તે સાચો સુર   રાખ્યું નાંમ-તણું તેં નુર
નાંમ-મહિમા તે રાખે કોય   એહવો પુરસ તે વરલો જોય ૫૧૮
નાંમ તો પાડે હેતેં હરી.   બાલપણા-માં જાઇ મરી
નાંમ ધરાવે છે રણછોડ   ભરે વ્યાજ મોટી એ ખોડ ૫૧૯
નાંમ તો હોઇ જોગીદાસ   વનીતા ઘેર રાખે બે પાસ
નાંમ હોઇ છે સુરજ-જસ્યું   તે આંખ્ય ન દેખે કારણ કસ્યુ ૫૨૦
નાંમ સાકર મીઠો પેંર   બોલ બોલે તે કડુયા ઝેંર
નાંમ હીરા ઝવેંર મોતીદાસ   ન મલે દ્રામ એક ખોટો પાસ ૫૨૧
નાંમ મંગલ સુખમલ કલ્યાણ   દુખ-દાવાદલ-પુઠ પરાંણ
નાંમ વાઘ નેં હાથી મેર   ભારૂ ન ઉપડે તેહ-થી સેર ૫૨૨
માહાદેવ કૃષ્ણ નેં નાંમે રાંમ   કુણ જાંણે કરે શાં કાંમ
નાંમ પનોતો નોહે પુત્ર   નાંમ હીગ નેં સેવે સૂત્ર ૫૨૩
નાંમ ધનપાલ ધંધો કરે   ધરણીધર મજુરીયે ફરે
ગીરીધર નાંમ ઘણાં-નાં સાર   દેવભાઈ ઉપાડે ભાર ૫૨૪
ડાહ્યો બોલે ઘેલા બોલ   માગો તોલે ઉછું તોલ
ભુલો નાંમ વોલાવા જાય   સંતોષી તે ઝાઝું ખાય ૫૨૫
રાજારાંમ કે માગે ભીખ   બેહેરો દે છે સહુ-નેં સીખ
નાંહનો નાંમ તે ઘરડો હોય   પ્રતાપ નાંમ ન પ્રીછે કોય ૫૨૬
ચતુર નાંમ તે ચાડી કરે   નાગ નાંમ મેંડક-થી ડરે
ઈશ્વર-ની જેહ-નેં કરુણા હોય   નીર નાંમ-નુ રાખે કોય ૫૨૭

છપય

અખઈ અમર મરંત, નાંહાંના જન દીઠા ઘરડે
        નાગો પેંહરે વસ્ત્ર, વાઘ-સિંહ કુતર ડરે
પરવત ડુંગર પરદેશ, મંગલ કેક દુખીયા
        સંતોષી અધિકું ખાય, કાયદું કરે છે સુખીયા
દયાલ-માંહે દયા નહી, ખુસાલ કે રોતા ફરે
        સાંમલ કહે નાંમ પનોતીયો, કેઈ લાખ કુયારા મરે ૫૨૮

કુબેર નાંમ કહેંવાય, દીઠા ઘણું ગાંઠેં ખાલી
કરમ ધરમ બહુ પાપ, નાહાલ ઘણાં ઘર ઘાલી
વાહલો રાખેં વેંર, બોલેં કડુઉ મીઠો
જોગી કરેં વ્યાપાર, ભોગી ભીખ્યા-માં દીઠો
ઘેંહેલો જાઇ છેતરી, બલીયોજી તો હારી જસ્યેં
રુડા કે ભુંડા હુયા, સાંમલ કહેં નામેં સ્યુ થસ્યેં ૫૨૯

હાથી નાંમ કહેંવાય, બીહેં ઉંદર-થી આદેં
કપુર કાલો હોય, સાંમલ સુવેષી વાદેં
રુપો હોય કરૂપ, ભુષણ-માં દુષણ ઝાઝાં
કીપાલ રાખેં કુડ, ભુપત કે વાઇ વાજાં .
આશા ઇછા ઉલગ કરેં, કલંક નીરમલ સીર ચઢ્યું
ફોગટ ફરેં કે જોઇતા, શાંમલ કહેં નાંમ-નેં સ્યુ અડ્યુ ૫૩૦

દુહા

પાંણી ગખેં નામ-નુ ઘડ્યો મેં મન-થી ઘાટ
મન એ માન્યુ માહરું જે રાજા ભુપત ભાટ' ૫૩૧
સાખ્ય સોએક સાભલી તે બોલ્યો વૈતાલ
'કૃષ્ણાર્પણ સરવે કર્યો અરથ ન આવેં માલ ૫૩૨
સમર્પ્યો મેં સરવ-થી એહ માલ અતોલ
વચણ વધા સા-પુરુષ-ના ફરી ન પેંશેં બોલ.' ૫૩૩
વીપ્ર કહેં 'ખપેં નહી ભીક્ષુક-જાત્ય-ની ભીખ
માગ્યા-માહેં માગું નહી શાસ્ત્ર-તણી એ શીખ' ૫૩૪
રાત ગઈ એ રાઢ-મા પ્રેમેં ઉગ્યો પ્રભાત
વીક્રમસેન્ય-આગલ કહી હીત હલકારેં વાત ૫૩૫
'વૈતાલ વીદાય જ થયો લેઇ ઘણેરા ગરથ
ઉતર્યો એક જોજંન જઈ વાટ હુયાં છેં વરથ ૫૩૬

વાંટે એક વીપ્ર જ મલ્યો ભોલો બ્રંમા ભુપ
તેણેં ભાટ ન ઉલખ્યો, જાંણ્યો રાજસ-રુપ ૫૩૭
દુખ કહ્યું દાવો તજી અધિક મોટો જે અરથ
વૈતાલેં તે ઉલખ્યો ગણી આણ્યો છેં ગરથ ૫૩૮
અંક આકારેં ઉલખ્યો માંન-ભંગ તે બ્રમ
સરમાયો સહુ દેખતાં ધારણ રાખી ધરમ ૫૩૯
ભાટ આપેં છેં ભાવ-થી વાડવ કહેં છેં નાય
અરસપરસ એ બેં જણા રાઢ કરેં છેં રાય ૫૪૦
વીપ્ર તો જાશેં વેણીઇ તીરથ-રાજ જ્યાંહાં પ્રયાગ'
હલકારેં એહવું કહ્યું લક્ષણ વીક્રમ લાગ ૫૪૧

ચોપઈ

છડી અસવારી વીક્રમ વીર આવ્યો રાય સરોવર-તીર
હેત પ્રીત નેં ઉલટ ઘણેં ઉતર્યા ડેરેં વૈતાલ-જન્તણેં ૫૪૨
સનમાન સોભીતાં કોડેં કીધ પુછી પાર બેહુ-નો લીધ
પ્રથમ પુછી જોયો બ્રંમ કહ્યો માંડીનેં તેણેં કરમ ૫૪૩
'આવતો'તો ઉજેણી-માંહ વાટેં વૈતાલ દીઠો મેં આંહ
જાંણ્યો મેં વીક્રમ-માહારાજ જાચંતા નવી લાગેં લાજ ૫૪૪
દુખ સાંભલી વીરમેં એહ એહ ભાટ દેવાંસી-દેહ
એહ-નો કુલ-મા ઘટેં જેહવું રાખ્યુ પાણી ઘટેં તેહવું ૫૪૫
આપવા માંડ્યો છેં સરવે ગરથ રાખ્યો નહી પોતા-નો અરથ
મેં વીચ્યારું માહરેં મંન ભલો ભાટ પણ ભીક્ષુક-જંન ૫૪૬
મેં મન-સાથેં કીધો નેમ માગ્યાં-માં કીમ લેઉં પ્રેમ
પ્રતીગ્ના સુંણી કિમ દેઉ કોડી-એક એહ-ની કીમ લેઉં" ૫૪૭
એમ કહીને છાનો રહ્યો વૈતાલે બોલ વીક્રમ-નેં કહ્યો
'વાડવ આવ્યો માહરેં પાસ વીક્રમસેન જાચ્યા-ની આશ ૫૪૮

બ્રાહ્મણે અને વેતાલે વિક્રમને પોતપોતાનો પક્ષ કહ્યો

અલખત જોઈ એ નવી લહ્યો — દુખ-ભંજણ દુખ-ભંજણ થયો
તે વેલાં જો કહું હુ નાય — તો પાંણિ રાય વીક્રમ-નુ જાય ૫૪૯
લખ્યાં ચીત્રાંમણ હોયેં દેહ — પર-દુખ દેખી ન સકે તેહ
શ્રમણા-માંહેં જો દરસન થાય — તો દુખીયા-નું દુખ ભાગી જાય ૫૫૦
જિમ ભરુંસો જાંણ્યો મું-નેં — કિમ ખાંપણ લગાડું તુ-નેં
કહેં તે વીપ્ર "મલ્યો' તો વાટ — જાચ્યો' તો ભુપત્ય-નો ભાટ ૫૫૧
કોટિક ધન તેણેં આપીયુ — સંકટ દુખીયા-નું કાપીયુ"
કે કાલંતર વાતો થાય — પાનેં પુસ્તકેં લેખ લખાય ૫૫૨
એણેં વાત કહી જેટલેં — મે કૃષ્ણાર્પણ કર્યું તેટલેં
એ ભ્રમસ્ત થયુ સરવ-થી — સમરીધ-સાંમું જોવું નથી ૫૫૩
ભ્રમસ્ત જેહ-ના મુખ-માં જાય — દશ સહસ્ર વરસ દરીદ્રી થાય
ભ્રમસ્ત જેહ-નેં અંગેં અડેં — ચ્યાર જુગ-સુધિ નરકેં પડેં ૫૫૪
ભ્રમસ્ત ભાગ-તણો ભોગીયો — જનમ-જનમ હોઈ રોગીયો
ભ્રમસ્ત-માહેં જે કો લેં લાંચ — અપુત્રવંત રહેં ભવ પાંચ ૫૫૫
ભ્રમારપણ કર્યું મન-સાથ — તે માલ કીમ ઝાલું હાથ
માહરેં મન પ્રતીજ્ઞા એહ — મન-માં નવી આણો સંદેહ' ૫૫૬

દુહા

એક કહેં 'રાખું નહી' — બીજો કહેં 'નહી લેઉ'
રામ વીસ્મેં થઈ રહ્યો — 'પ્રતિઉત્તર સ્યો દેઉ ૫૫૭
સાબાસ ધન એ ભાટ-નેં — અલખત કીમ અપાય
સાબાસ ધન્ય એ વીપ્ર-નેં — જે ના કહી નાશી જાય' ૫૫૮

માન દીધાં ઘણાં મહિપત્યેં — તેડી લાવ્યો ઘેંર
એકાંત્ય તેડી પ્રીછવ્યો — વીપ્ર-નેં રુડી પેર ૫૫૯
'દાંન-પાત્ર છે દેવ તું — મોટીમ મુંધેં મુલ
કીરત-પાત્ર એ ભાટ છે — સુભ સોભા સમતુલ્ય ૫૬૦

એ શ્રધાયે આપે તું-ને જાણે છે સહુ લોક
તમ્યો નીકળ્યા છો માગવા કુલે તે તો ફોક ૫૬૧
ભુંડો પ્રતીગ્રહ ગજ-નો જુવો વીચ્યારી વાટ
પવીત્ર પ્રતીગ્રહ એહ-નો જે ભાવીક ભીક્ષુક ભાટ ૫૬૨
જુઠું જે જલપે નહી નહી ચોરી ચાડી ખુંન
કીરત કરીને ધન લે તે દીધે દીધે પુન્ય ૫૬૩
નીરદોષ દાંમ તે એહ-નો જે આપ જાચવા જાય
કૃષ્ણાર્પણ તેહ-માં કરે તે લખ-સવાયુ થાય' ૫૬૪
રાય વચન-થી રીઝીયો જેહે ભલેરો બ્રંમ
'એ દાતા હું દાંન-પાત્ર સાં-ની લેતાં સરંમ ૫૬૫
સાહાસ્ત્ર-સાખ્ય સંકલ્પ કર્યો જલ તુલસી ગ્રહી સાથ્ય
કૃષ્ણાર્પણ કરી સુંદીયો વૈતાલે વીપ્ર જ હાથ ૫૬૬
આસીસ દીધી અતી ઘણી વેદ-મંત્રે તે ઠાંમ
'સાખ્ય સાહાસ્ત્ર ને ચંદ્ર-રવી નવે ખંડ-માં નાંમ' ૫૬૭
વચન કહે વૈતાલ-ને 'વચન એક થીર થાપ્ય
જિમ આપ્યું એ વીપ્ર-ને વચન એમ મુઝ આપ્ય ૫૬૮
અમ્યો અવનિપત્ય અધિપતી ઉહું તો-પે હાથ
કોલ આપે પરિયાન્તણો તો બોલું તુઝ સંધાથ' ૫૬૯
વૈતાલ કહે 'વેચાંણુ હું તંન મંન ધંન દેહ પ્રાણ
મંગણ-પે માગો મહીપતિ એહ હસારથ હાંણ' ૫૭૦
પરઠયો કોલ પરીયાન્તણો નીરમલ મંન-થી નેહ
'ગરથ એહ-થી ચોગણો લન્યા સુંદી લેહ' ૫૭૧
બાધી લીધો બોલ-થી ના કહીને કીહાં જાય
તે વેલાંઇ ચોગણો રીઝી દીધો રાય ૫૭૨
હસ્તી ઘોડા ને પામરી મોતી પટોલી મોહોર
ભાટ કર્યો ભુપત્યસમો લક્ષ્મી લીલા લહેર ૫૭૩

કલીયુગ એ છેં કારિમો સાહાસ્ર પુરેં છેં સાખ્ય
આપેં જે અંતર-થકી લાભ ઘણેરો લાખ ૫૭૪

સોમચંદ-સાહા સેઠ-નેં ત્રીહો ગણો આપ્યો વ્રત
'સાબાસ રે તું સાહપત્ય રાખ્યું માહરું વૃત ૫૭૫

સાબાસ' એં વૈતાલ-નેં કર્યું ઘણેરું કાંમ
પાંણી રાખ્યુ માહરું નરપત્ય કહેંતાં નાંમ' ૫૭૬

કથા કેહેવાસ્યેં કલીન્નુગેં સભા મલસ્યેં જન કોડ
કેટલા મોહ મચકોડસ્યેં કેટલા દેસ્યેં ખોડ ૫૭૭

દાંમ તેણેં દીઠો નથી રાય દીઠો છેં રાક
કરમ માઠેં જે અવતર્યા તેહ તણો સ્યો વાંક ૫૭૮

સાંચ્યેં લક્ષમી રહેં નહી આપેં તોહેં હાંણ
કનક કરણ દેતો સવા કેઈ ભરી'તી ખાંણ ૫૭૯

સુંબ કહેંસ્યેં એ સમઝીયા કિરીપી કહેંસ્યેં કુડ
દાતા-પુરુષ જે પુન્યવંત તેહ-નેં મન નંહી પ્રૌઢ ૫૮૦

કરી હાર્ય હસ્તી-તણી પાખરીયા તોખાર
ભર્યા ખજ્યાંના ગાડિઈ અલખત અપરંપાર ૫૮૧

પંડિત વોલ્યાબ્યો પુર-વીચેં ભ્રમ-દશાયેં ભાટ
સીમાડા-સુધી સહુ વીક્રમ વોલાવા વાટ ૫૮૨

એહવા જે ગીરુયા હસ્યેં નહી પુન્યવંત ન્નો પાક
જુધિષ્ટિર-ની જોડ-માં શાસ્ર લખાણા શાક ૫૮૩

વીપ્ર ગયો ચંદનાવતી પરઠી પોઢી પેંર
એક હાથી એક ઘોડલો લાંહાંણાં ઘેંરેં ઘેંર ૫૮૪

એક પટોદી પાંમરી હેમ લક્ષ હજાર
તે નાત્ય નંદુયાણા-તણી અલખત અપરંપાર ૫૮૫

પોતેં માહાલક્ષ્મી પરવરી   નંદુયાણાની નાથ
જલ મુકયુ જાચ્યા-તણુ   ભ્રમ ભલેગી ભાથ ૫૮૬
વણુજ માળ્યા તે વીપરે   ભાલેં નહી તે ભીખ
લક્ષ્મી-લહેંર ખુટેં નહી   સોભા રુડી સીખ ૫૮૭
કન્યા પરણાવી કોડ-થી   વાધ્યો તેહ નો વંશ
લક્ષ્મી કન્યા કલ્યાણ વર   આજ-સુધી છે અંશ ૫૮૮

વૈતાલ આવ્યો તે વાસ-મા   તે વેલાઈ જાંણ્યુ તાત
મોતી-ની થાલી ભરી   મલવા આવી માત ૫૮૯
તે આપી અલખત તાત-નેં   હય ગય મોતી માન
જગન કર્યાં તેણેં જુગત્ય-સ્યુ   દેવ-રૂપ-નેં દાન ૫૯૦
સદાવ્રત સહુ સાચવ્યા   પુન્ય પ્રીત્ય-ની પરવ
ખરચ્યો બહુ ધન વાવર્યો   ધરમ-મારગ-થી દ્રવ્ય ૫૯૧
રાજા કહેં સહુ ભાટ-નેં   વાણી-માહેં વરત્ય
વૈતાલ વાધ્યો વીશ્વ-મા   પાણિ રાખ્યુ પત્ય ૫૯૨
વરસ થોડેં વાસેં રહ્યો   કહ્યુ તાત-ને કામ
'દામ ધામ ધન તાહરા   માહરેં તો જપવા રામ' ૫૯૩
પીતા કહેં 'પરણાવીઈ   તો પોચેં મનના કોડ'
વૈતાલ વાંસ વસેં નહી   જુગત કહી કર જોડ ૫૯૪
'વહો હવેં મુઝ વાયદો   ઈહા ઘડી નહી એક
તપ કારણ વન સંચરું   વીનય કરી વીવેક' ૫૯૫
લાખીણિ પૂજા લહી   ડેહરુ પોતેં દીધ
ઝલમલાનંદ સીવ સાનિધે   પૂજા કોટિક કીધ ૫૯૬
વીસ પોહોર ઈમ વહી ગયા   લખ્યધા મલીયા લોક
પ્રીતેં પ્રસાદ ઉઘાડિયો   સમીયો સહુ-નો શોક ૫૯૭
વૈતાલ નહી તે વાસ-મા   સહુ જંન આવ્યા સંગ
દીઠું બીજું તે દેહરેં   પંચ-સૂત્ર શિવલીંગ ૫૯૮

અચિરત પાંમ્યા લોક સહુ   ગુંણુ વાધ્યો બહુ ગાંમ
વૈતાલેશ્વર લિંગ-નું   પરઠ્યું નીરમલ નાંમ ૫૯૯
પ્રીત્યેં સહુ પૂજા કરેં   કબુલ કનોજે દેશ
સરગ વૈતાલ સાધરિયો   વપુઈ જોવન-વેશ ૬૦૦

લખ્યાં પુરાંણુ તે પંડિતેં   જે બેંઠા વીક્રમ-પાસ
તેહ કહ્યુ શ્રી-ભોજ-નેં   પુતલીઇ પરકાસ ૬૦૧
દાતા દિલ એહવું કરેં   આહા મનોહર મંન
પુછી પોતાના પ્રાંણુ-નેં   રાય બેંસો આસંન ૬૦૨
પાઠ કહેં એ પુતલી   સુંણ્ય ભોજ નૃપ વાંણુ
કાલીદાસ-માથેં કર્યા   પ્રાક્રમ કથા-પુરાંણુ ૬૦૩
દુસમન તો ગંજે નહી   નહી પીડા દે રોગ
ધર્મ સખાઇયો જેહનેં   તે પાંમેં અષ્ટ ભોગ ૬૦૪
સહુથી મોટો ધર્મ છેં   કરો વીચ્યારિ આપ
વીક્રમેં જશ દીકવીજેં કર્યો   તે પુણ્ય-તણો પ્રતાપ ૬૦૫
ધર્મ-થકી લક્ષ્મી મલેં   ધર્મ-થકી વશ લોક
જેહ-નેં પુન્ય મન-માં વસ્યુ   એકેં દિન નહી શોક ૬૦૬

એહવા પ્રાક્રમ જે કરેં   તે બેંસેં આસન
કહિ કથા જે પુતલી   સુણીઇ ભોજ-રાજન ૬૦૭
એહ કહીનેં પુતલી   સભારંજક ગઈ આકાશ
એ વીસમી કથા પુરણુ થઇ   કહેં કવી શામલદાસ ૬૦૮
એ સભારંજક પુતલી   કહી કથા સુવીલાશ (°શાલ)
હવેં કપુરગૌરા બોલસ્યેં   આગલ વાત રસાલ ૬૦૯

*

પાંનની વારતા

કવિ શામળભટ કૃત સિંહાસનબત્રીશીની ૨૧ મી વાર્તા

(કહેનાર પૂતળી કપૂંરગૌરા)

અધમ સીવ-સુત પરણમું ગુંણુપત્ય ગુંણુ-નિધી નામ
દુંદાલો દુખ-ભંજણો કરે મન-વંછીત કામ ૧
સિધ-દાયક સુભ સારદા હંસવાહની માત
વીણા-પુસ્તક-ધારણી વાંણી વેદ વિખ્યાત ૨
કૃષ્ણ કૃપાલ કરણાનિધી નંદનંદ નરનાથ
ગિર-ધર મણિ-ધર ચક્ર-ધર મોરલી-ધર હિત હાથ ૩
આદિ સગત તું અંબીકા પાવાઘઢ પરચંડ
સનખલપુરી સાચી સદા નિરમલ શ્રી નવ ખંડ ૪
બટુક ભૈરવ બલ-વીર તું શીવ ગુણ સંત સરુપ
અજિત કહાવેં એકલો બ્રંમ ન જાંણેં ભુપ ૫
ગુરુ ઇષ્ટ ગુરુ દેવતા જુગ જોગણિ કોડિ
કવિ-જન સહુ કરુણા કરો કરગરી કહું કર જોડિ ૬
વાણી રુડી વર્ણુંવું વારુ વિક્રમ-ચરિત્ર
શ્રોતા વિગતેં સાંભલો પુરણ મંન પવિત્ર ૭

ધરણી માલવ ધાર સુભ રુડું ભોજ-નું રાજ
દિલ સાચેં દાતા ઘણો પ્રીતેં કરે પર-કાજ ૮
પુન્ય રુડેં પ્રતાપ-થી સારું સિંહાસંન
ભાવેં જડિયુ ભોજ-નેં મહિમા પુરો મંન ૯
આણ્યુ આપ સભા-વિષેં હિયડા સાથેં હેત
પ્રેમલ-પુષ્પ-પુજા કરી સુભ અક્ષત-સમેત ૧૦
ભોજેં ભોજન ભાવ-સ્યુ જુગતેં કીધો જંગ
નરપતિ મેલ્યા નવ ખંડના રુડો ગાય્યો રંગ ૧૧

શુભ મુહુરત શુભ લગ્ન ઘડી   શુભ વેલા શુભ દીસ
પ્રમાંણુ કરું પુરુ પંડીતે   સહજ ચઢાવ્યું સીસ ૧૨
ધન ભાગ્ય ધન એ ઘડી   ધન વેલા ધન આજ
ધન ગુરુ ધન ઇષ્ટ એ   કરૂ બેસવા કાજ ૧૩
શુભ આગ્ના તે સર્વ-ની   શુભ પ્રદક્ષણા સાત
આસન-આગલ ઉભો રહ્યો   હેતેં જોડી હાથ ૧૪
પગ દક્ષણ જવ પરઠવેં   જાચિક જય જય કહેં
કપુરગૌરાઇ કહ્યું.   ‘હાં હાં વેગલો રહેં ૧૫

ચોપઈ

કપુરગૌરા છેં નીજ નાંમ   કરવા આવી તાહરું કાંમ
કોડિ વાર કહું સ્યું કથી   તું આસન-નેં ઉલખતો નથી ૧૬
કરી ગયો કોયક કીરતાર   ઇંદ્રાસન-થી શુભ કેત સાર
પરતાપ પરમેશ્વરને ઘણેં   આવ્યું હાથ તે ઇંદ્ર-જ-તણેં ૧૭
તેહ-નેં વંશ પ્રગટ્યો એક રાય   મોટો વિક્રમસેન માંહિમાય
પ્રતાપ પ્રથવી-માં પરચંડ   જિત્યો છત્ર પોઢા પંચ ડંડ ૧૮
પર-કાજેં તે તો દેં પ્રાંણ   સાહસીક નર ચતુર સુજાંણ
લાગ્યો ઇંદ્ર અધીપત્ય-નેં તાપ   રખેં ઇંદ્રાસંન લે એ આપ ૧૯
આસન મોકલ્યું પોતા-તણું   સ્વર્ગ-ભોગ-થી સુખ છેં ઘણું
કોટી-લક્ષધા કાંમ જ કર્યાં   દુખ-દાવાનલ સંકટ હર્યાં ૨૦
રાંમ-રાજ્ય-થી રુડું હોય   પરજા દુખ ન પાંમેં કોય
તેહવા થાયો તો પાય જ ધરો   નહિતર એહ-ની પુજા કરો’ ૨૧
આપ સાંભલી વાંણી કર્ણ   તતક્ષણ પાછો લીધો ચર્ણ
‘પવિત્ર પુતલી લાગું પાય   મહિપત્ય-નો વાચો મહિમાય ૨૨
એણેં કેહેંવાં પ્રાક્રમ કર્યાં   સંકટ-દુખ પર-નાં કિમ હર્યાં
પ્રણાંમ કરું કર જોડી તુ-નેં   તે સંક્ષેપે સંભલાવો મું-નેં” ૨૩
કપુરગૌરા કહેં છેં વાંણિઃ   સાભલ રાજા ભોજ સુજાંણ
ધીર વીર છેં વિક્રમ રાય   તેહ-નો હું કહું મહિમાય ૨૪

દુહા

માલવ-મુખ્ય ઉજ્જેણિ-મા　　ક્ષીપ્રા-ત્રટ હેઠાણ
ભુપતિ રાજ્ય કરે ભલો　　વિક્રમસેન સુજાંણ　૨
સિવ માહાકાલેશ્વર તિહાં　　આચી સક્ત હરસીધ્ય
પરમેશ્વર-પ્રતાપ-થી　　નિપજે છે નવનીધ્ય　૨૬
સિધ ચોરાસી તિહાં વસે　　ચોસઠ જોગણી તીર
ભુતાવલી ભૈરવ ઘણા　　બલવંત બાવન વીર　૨૭
મુક્તિ-ક્ષેત્ર મહિમા ઘણો　　તીરથ ભોમ્ય ધર ધામ
કાશી કાંતિ દ્વારિકા　　એહ અવંતી નામ　૨૮
માહા-મશાંણ છે ગાંભ્રવું　　સીધ-વડ રુડો આખ
વૈતાલ આદે વ્યંતર ઘણા　　શીવ-સેન્યા બહુ લાખ　૨૯
અડસઠિ તીરથ તિહાં વસે　　દેવસ્થલ દરબાર
પુન્ય વરતે પુર-મા ઘણુ　　ઓછવ અપરંપાર　૩૦
વરણ અઢાર વસે તિહા　　ભારે ઋષિ છે બ્રંમ
અગ્ની-હોત્ર ને આવસત　　ખરા પાલે ખટ કર્મ　૩૧
વિવિધ વર્ણ વસે સહુ　　વિવેક ધરમ વિચ્યાર
મર્જ્યાદા મુંકે નહી　　વારુ કુલ-વેહેવાર　૩૨
ભાટ-ચારણ ભુપતિ-જશા　　ગાઇ ગુંણ ગાથા ગીત
પીંગલ-પાઠ પુરાંણ છે　　રાજ-સભા-ની રીત　૩૩
જુઠું કો જલપે નહી　　ચોરી નહી કે ચાડિ
રાજી સહુ રહિયત રહે　　પાલે પ્રજાના લાડ　૩૪

ચોપઈ

પ્રથવી-નો પત્ય ભારે ભુપ　　ધર્મ-ધોરંધર ધર્મ-સ્વરૂપ
બેઠો સભા ભરીને તેહ　　દેવ-રૂપ દેવાસી દેહ　૩૫
તિહા એક તંબોલી આવીયો　　બીડા છાબ ભરી લાવીયો
મેહેલ્યો કાથો ચુંનો કરી　　કેસર કૃષ્ણાગર ભારે ભરી　૩૬

તંબોળીએ વિક્રમને પોતાની ઓળખ આપી

લવંગ એલચી બહેંક બરાસ	વિવધ-માંહેં મુંક્યો મુખવાસ
બીડાં લીધાં રાયેં હાથ-માં	વેંચી આપ્યાં સહુ સાથ-માં ૩૭
પંડિત જોશી નેં પરધાંન	આપ્યાં પાંન દેઈનેં માંન
વેંચી છાબ જે ભરી વસેક	રચ્યૂં હાથ-માં બીડું એક ૩૮
પોતેં મુખ મુકેં જેટલેં	ગેંબી સબ્દ ઉઠયો તેટલેં
'માં ગાં મુખ-થી ના રે નાયો	રખે રાય એ બીડું ખાયો' ૩૯
સહુ સાંભલતેં વાંણી ભણી	અચિરજ પાંમ્યો ઉજેણી-ધણી
'કહો રે ભાઈ બોલ્યું તે સુણું	એહવું વચન તે કોણે ભણ્યું' ૪૦
કોય ન બોલ્યું રાજા-સાથ	બીડાં રહી રહ્યા સહુ હાથ
પુછી પંડિત લીધો પાર	નવિ સુઝેં કોહુ-નેં એહ વીચ્યાર ૪૧
વલી બીડું ખાઇ જેટલેં	ગેંબી સબ્દ થયો તેટલેં
કોયક કહેં 'એહ-માં ભરીયું ઝેર	દોષી દુસમન-કેરી પેંર' ૪૨
પુછ્યુ પછેં તંબોલી-નેં ત્યાહિં	ભરી સભા બેંઠી તે-માંહેં
'કિહાં-થી તું બીડાં લાવીયો	કેહુ-નો મોકલ્યો ઇહાં આવીયો' ૪૩

વચને કહેં તંબોલી સાર	'ઇહાં-થકી છેં જોજન બાર
માહારી વાડી સફલેં ફલી	ભાર અઢાર રહ્યાં છેં લફી ૪૪
નાગરવેલ-નો ઉગ્યો છોડ	તે જોતાં પોહોચેં મન કોડ
વગર-વાવ્યો ઉગ્યો છેં તેહ	વણ-પાંણી વણ-વરસ્યેં મેહ ૪૫
ઉજ્વલ પાંન તે-નેં લાગીયાં	માહારાં તો દલીદ્ર ભાગીયાં
પ્રથમ-નાં વેડી આણ્યાં આજ	લાવ્યો ભેટ મહિપત્ય માહારાજ ૪૬
પ્રથમ જઈ રાજા-ને દેયું	સહેજ-માં લાંહાણુ લાખીણો લેયું
નથી જાંણતો અમૃત કેં ઝેર	નથી કોય-સ્યું માહારેં વેંર ૪૭
એ તો સાચું બોલ્યા અમ્યો	કુલ ખુઝેં તે કરજ્યો તમ્યો
ન્યાય-વચન તે તમ-નેં કહ્યૂં	તેહ-નો મર્મ અમ્યો નવિ લહું ૪૮
જો ગમેં તો ભક્ષ જ કરો	નહી તો પાછી છાબ જ ભરો
દોસ ન દેસ્યો માહારેં સીસ	રખે કરો રાજાજી રીસ' ૪૯

માહોમાહે઼ં મામુ જોય મુખ બીડાં નવિ ઘાલે઼ં કોય
સમસ્યા-મા વાતો કરે઼ં 'ચાવે઼ં પાન તે નીશ્ચે મરે઼ં'
બીડા પાછાં નાખ્યાં ફરી પાછી છાબ હતી તિમ ભરી
આપ્યા હાથ તંબોલી-તણે઼ં લાવ્યો તો જે કાટે઼ં ઘણે઼ં
વટ્યો પાછો મુંકી નિશ્વાસ 'અરે દૈવ ન પોહોતી આસ'
કરમાણુ સ્યું દિઠુ મુખ તંબોલી-ને઼ં લાગ્યું દુખ ૫
નીશ્વાશ થઈ વટ્યો જેટલે઼ં પાછો ગયે઼ં તેડ્યો તેટલે઼ં
'કા રે ભાઈ દુખ પામ્યો તું સત્ય વાત પુછુ છુ હુ' ૫
તવ બોલ્યો તંબોલી વાણિ 'જો ગમે઼ં તો લેજ્યો પ્રાણ
અમારો જીવન પાગ જ ગયો નિરામ તમ મટ્યે઼ં-થી થયો ૫૪
ખરી વાત તમ-ગ્યું બોલેસ ધરમ-તણી ધારણ તોલેસ
ઉગ્યો વાડી-માહે઼ં છોડ મેં જાંણ્યું જે પોહાતા કોડ ૫૫
જાંણ્યુ જે ભેટ રાજા-ને઼ં કરું પછે઼ં વેચી ભંડારે઼ં ભરું
કબુલ કરે઼ં રાજા-ની દેહ અમુલક કરીને઼ં વેચું એહ ૫૬
તે તો ન સર્યો એકે઼ં અર્થ ન આવ્યો હાથ માંહાન માં ગર્થ
નંઘા બીડા માહરા અહીં હવે઼ં બીજો કો ખાસે નહીં ૫૭
અકાજ થયુ એ માહરું વંન તે-માટે઼ં ઝુરું છુ મંન
સીદ હુ સભા-વિષે઼ં આવીયો ઇહા બીડા આ-ને લાવીયો ૫૮
માહારા છોકરા મ-ર્યે઼ં ભુખ તેહ તું મુઝ-ને઼ં અધિકું દુખ
પ્રથમ બીડા લાવ્યો આપ તે તો માહારા પૂરણ પાપ ૫૯
મોહોટા જાંણી કીધો મંજોગ્ય માહારા કરમં-તણા તે ભોગ
હવે઼ં કરું હુ સી પેંર સ્યુ લેઇ જાયુ માહરે઼ં ઘેંર' ૬૦

દુહા

- વિક્રમ-રાઇ છાબ-થી પ્રીતે઼ં લીધા પાન
આસન એ આર્યો તેહ-ને઼ં દેઇને઼ં ઝાઝા માન ૬૧
'લાવ્ય ભાઇ હું ભક્ષ કરું જો પોહોચે તુઝ આશ
વિષ કે઼ં અમૃત જે હસ્યે઼ં માહારે઼ં એ મુખવાસ' ૬૨

તંબોલી કહે 'રાય સુંણુ ન મલે એ તો મેલ
કદાચિ દુખ પાંમો તમ્યો તો કાહાઢે માહારું તેલ' ૬૩
રાજા કહે 'રીસું નહી દયા કરું તુઝ દેહ
સાક્ષાતકાર એ ઝેંહ છે પણ માહારે અમૃત એહ' ૬૪

ચોપઈ

'રખે સરમ-થી સુરા થાયો' બીજી કહે 'રખે એ ખાયો'
કોહોનું વાર્યું તે નવિ કર્યું બીડું મહીપતિં મુખ-માં ધર્યું ૬૫
એક બેં ત્રણ્ય નેં ચ્યાર ભક્ષ કર્યાં બીડાં દસ-બાર
તંબોલી લાવ્યો જેટલાં આવ્યાં પાંન બીડાં તેટલાં ૬૬
કંચન સરખી કાયા થઈ દેવ-સરિખો તે સોભે સહી
અખંડ રંગ રહ્યો તિહાં મુખ વ્યાપે નહી દેહ-માંહે દુખ ૬૭
સવા ગજ-ના થયા સિર કેસ જોવનવંત થયો તે વેસ
સુર્ય-કાંતિ-સ્યું વાધ્યું રુપ નીરખી હરખ્યો ભારે ભુપ ૬૮
ત્રીલોક-મોહન રુપ જ થયું અગ્નાંન લેસ-માત્ર નવિ રહ્યૂં
થયો આપ દેવતાઈ અંસ જુઈ સભા સહું માનવ-વંશ ૬૯

દુહા

સભા સહૂ જોઈ રહી 'જોજ્યો કીધું કાંમ
અમૃત બીડાં આરોગીઆં લીધું ઝેર-નું નાંમ ૭૦
આગલ-થી આપ્યાં હાથ-માં તે પછે પાછાં લીધ
જોજ્યો કાંમ એ સત્ય-નું એહ અઘટતું કીધ ૭૧
સહુએ મલીનેં સત્ય કરું વાત નાય-ની નેટ
સર્વ-થી વાહાલું જાંણુજ્યો પ્રીત્યેં પોતા-નું પેટ' ૭૨
એમ હાંસી કરે સહું 'રુડું કર્યું એ રાય
હેતેં આપ્યાં હાથ-માં તે પાછાં કિમ લેવાય' ૭૩
સરખા સહૂ હેતેં હસેં તાલી દેઈ તે ઠાંમ
'આજ-સુધી તો જાંણુતા જે છો પર-દુખ-ભંજન નાંમ ૭૪

વેહેરો વંચો હતો નહી નહોતું સવારથ-સુખ
આજ અચિરજ એ થયો દિલ-મા પામ્યા દુખ ૭૫
દ્રઢ વિશ્વાસ જ એ થયો જે પેટ જ વાહાલુ હોય
પુત્ર મીત્ર અધકા સહુ પણ ઉદર-સમુ નહી કોય' ૭૬
હસારત ચાલી હેત-ની પણ શુચિ-જન-ને મન ગાલ .
મહિપતિં મન વિચારિયુ 'એ જુઠુ સીર આલ' ૭૭

ચોપઇ

સભા-મધ્ય સહુ હામી કરે મહીપતિ પોતે મન-મા ધરે
'નાખી દીધા બીડા તમ્યો તે તો ભક્ષ કર્યા છે અમ્યો ૭૮
કદાચિત એહ-મા હોત ઝેર તો સી થાત અમારી પેર
વલી મગાવું બીડા આજ કરું આપ સહુ-નુ કાજ' ૭૯
તંબોલી મોકલીયો તિહા નાગરવેલ-નુ વન છે જિહા
'એહ વેલ્ય-ના બીડા લાવ્ય સીઘ્ર સભા-મા વેગે આવ્ય ૮૦
આ વેલા આ આસન છાડ' ઘડીયા-જોજન આપી સાઢ
વોલાવ્યો દેઈ સનમાન 'હવડા લાવસ્યે' બીડા પાન ૮૧
પસાયે તું તંબોલી કરું સહુ-ના મુખ તબોલે ભરુ'
પ્રીતે એ પ્રતીગ્ના કરી સાભલે સહુ સભા ભાવે ભરી ૮૨

ઉઠી સભા કરી એ વાત પ્રીતે-સ્યુ તો થયો પ્રભાત
સભા સામત આવ્યા સહુ બુધ-સાગર બલવતા બહુ ૮૩
'જેહ-નુ હસ્યે જોરાવર ભાગ્ય તે બીડા પામે આ જાગ્ય'
એહવી વાત કરે જેટલે સાઢ્ય પાછી આવી તેટલે ૮૪
રાજાઇ દીધા બહુ માન 'લાવ્ય ભાઈ જે બીડા પાન'
વીર કહે 'મુઝ-ને છે વાહાલ સરપાવ સુભ આપુ સુખપાલ' ૮૫

દુહા

કહે તબોલી 'રાય સુણુ હુ ગયો'તો વાડી માહિ
તે વેલો સુકી ગયો કાષ્ટ-વત દીઠો ત્યાહે ૮૬

નાગરવેલ સુકાઈ ગઈ : સભાજનોનું આશ્વાસન

ખરાં પાંન ખરી પડ્યાં   સુકયો છે તે છોડ
વેલો વીંટાઈ રહ્યો   કર્મ ન પોહોતા કોડ ૮૭
કોટી ઉપાય કર્યા અમ્યો   પણ એક ન આવ્યું હાથ'
'કોલ વચન તે કિમ પલે'   બોલ્યો સભા-ને સાથ ૮૮
સામંત સહુ-કો બોલીયા   'અમ્યો નિરખ્યું ભારે ભુપ
પાંન ખાંધાં અમ્યો પ્રીત-સ્યુ   જો રુડું વાધ્યું તુમ રુપ ૮૯
તીરથ-રુપી રાય તું   કરસ્યુ નિત દરસંન
તુઝ રુપ દિઠે-થકી   વિકસેં અમારું મન ૯૦
સુરજ દીઠે જલ-થકી   ફુલે કમલ રીધ્ય રંગ
ત્યમ રાજા તુમ દીઠડે   અધિકુ ફુલે અંગ ૯૧
સભા-વિચેં અમ્યે આવીઇં   દ્યો છો જિહારે માંન
મુખ સોભેં છે. અમ-તણું   જિમ ચાવ્યાં હોઇ પાંન ૯૨
વીપ્ર સોભે' વિદ્યા-વડે   કરસણ સોભેં ખેત્ર
તુમ હેતેં અમ્યો સોભીઇં   નિરખો છો જવ નેત્ર ૯૩
દિવસ સોભેં છે દિનકરે   ચંદ્ર સોભેં રાત્ય
તુમ ક્રીપા-થી સોભીઇં   પુછો છો જવ વાત ૯૪
મંદિર-સોભા દીપકે   ધરમેં સોભેં દેહ
રામ-ક્રીપા-થી રીઝીઇ   ન્યાહાલી જોતેં નેહ ૯૫
નિવાંણુ સોભેં જિમ નીર-થી   દેવસ્થલ-માં દેવ
તુમ દયા-થી દીસીઇં   સાંમંત રુડી સેવ ૯૬
રીધ રાવલેં છે ધણી   પાલો છો નિત લાડ
ઉછેરનાર છો અધિપતિ   તો પાંન-તણો સ્યો પાડ ૯૭
બાંહેં વલગ્યા બોલીયેં   મોહેં ચઢાવ્યા માંન
રામ દુહાઇ રાજી સહુ   પ્રીતેં ખાધાં પાંન ૯૮
તે વાતેં સ્યો ઉરતો   તું કરુણા કીરતાર
પાચેં પખ્ય પીતા તમ્યો   અંન-તણા દાતાર' ૯૯

૧૨

ચોપઇ

વિક્રમ કહે ‘ સાભલ રે વીર   જાઈ નામ માહારાનુ નીર
શીત્ર-ને ગમસ્યે તેહવુ થસ્યે   વચન સાથે તો જીવ જ જસ્યે ૧૦૦
બાલ્ય વચન જે જન નું ગયું   બલતું તેજ તેહ-મા સ્યુ રહ્યુ
હાડ-ચામડ કે લોહી-માસ   દુરગધ ગધ નહે કો પાસ ૧૦૧
પંચ માભુત-તણું તે તંન   તેહ-મા અમૃત એક વચન
તેહ પળે તો સર્વે પળ્યુ   બાકી સર્વે જીવત બળ્યુ ’ ૧૦૨
ગયો મોહોલ-મા મહિપતિ ઘેર   પોતે મન વિચ્યારિ પેર
‘ ભરી સભા-માહે જસ લેઉ   દયા કરી બીડા એ દેઉ ’ ૧૦૩

પ્રધાન ને સુખ્યુ પાટ   અરધ રાત્યે ચાલ્યો એ વાટ
વેષ પાલટ્યો રજિત રુપ   ઉલખે નહી જે એ છે ભુપ ૧૦૪
જુઈ દ્રષ્ટ આપે આડીઇ   જોવા મન વેલો વાદિઈ
ઉગ્યુ કાલ અગની ની ઝાલ   વાટે આવ્યુ વન વિકરાલ ૧૦૫
તે દેખીને ધ્રુજે હાડ   પશુ પખી નહી તરુવર ઝાડ
મારગ આપ જાઈ જેટલે   પથી એક મલ્યો તેટલે ૧૦૬
ધ્રુજે થરથર તેહ-ની દેહ   ઘણીક અગ ભરાણી ખેહ
મુખ માહે નથી માતો સાસ   આવ્યો ધ્રુજતો મહીપતિ-પાસ ૧૦૭
હેતે ઝાલ્યો તેહ નો હાથ   વાત કરવા લાગ્યો તે સાથ
‘ ભલા માણુસ દીસો તમ્યો   તે-માટે વારુ છુ અમ્યો ૧૦૮
દીસો છો તમો બાલે વેસ   રખે જાયો આ ગમે દેસ
જો ગયા નું મનડુ થાય   તો તમ નેં કોપ્યો વૈકુઠ ગય ૧૦૯
એ વાટે જાવા મનડુ થયુ   તો આયુસ તમારુ આવી રહ્યુ
જેહ-ને દૈવ રૂઠો હસ્યે   તે નર એહે મારગ જસ્યે ’ ૧૧૦
તાહરે બોલ્યો વિક્રમ વીર   ‘ રહો ઉભા રાખીને ધીર
વાઘ સીંઘ કે સર્પં જ ઘોર   કે વાટે મને છે ચોર ૧૧૧
ગઠિ છોડા કે લપટ લડ   કે કો રાજા દે છે દંડ
ફાસી દેઈ કો ગર્થ જ હરે   વાટે પીડા તે કોણ જ કરે ’ ૧૧૨

તાહરેં બોલ્યો પંથી તાંમ 'આડેં પાસેં જોજન એક ગાંમ
ધરમવંત વિક્રમ-ની આંણ સિમાડે એક રાય અજાંણ ૧૧૩
રુપવંત એક રાજા સાર તેહ-નેં ઘેંર કન્યા છેં ચ્યાર
તેહ-ની સોભા અધિકી ઘણી જેહવી અપછરા ઇંદ્ર-જ-તણી ૧૧૪
સણગાર સરવ સજેં છેં સોલ મુખ ભર્યાં રહે છેં તંબોલ
લક્ષણ વીસ નેં તેહ-માં બાર ગુણ નેં રૂપ છેં અપરંપાર ૧૧૫
જાંણેં ચોરાસી આસંન-ભેદ ડાહાપણ-માં ક્ષણું નહી ખેદ
સીંહ-લંકી તે સોભેં સુજાણ અમૃત-સરખી બોલેં વાણિ ૧૧૬
દીસેં છેં પદમણીથી વડી રત્ન અમુલક જેહવી દીવડી
સોલ કલા શુભ સરખી સખી ગજ-ગાંમની ને ચંદ્ર-જ-મુખી ૧૧૭
આભુષણ ઓપેં છેં અંગ ચંપક-વરણોં રુડો રંગ
પ્રેમલ પારિજાતક-થી ઘણો મદ અહંકાર ક્યુ કહુ તે-તણો ૧૧૮
વિદ્યા ચોદેં ભાવેં-થી ભણી કલાવંત બોહોતરી-માં ગુણ-ઘણી
નાગ-ફણા અંબોડા સીસ સ્વય હાથેં ઘડી જગદીસ ૧૧૯
એહવી છેં ચ્યારેં કન્યાય નહિ ભાંમનિ કો ભુતલ-માહિં
ચોકી બેસેં છેં તેહ-તણી તેહ-નેં તે હુંસ હઇયડા-માં ઘણી ૧૨૦
જે-કો પંથી વાટેં જાય ચોકીવાલા તેહ-નેં સાહિં
આગલ-થી તો દેં છેં માંન હાજર કરેં છેં ફોફલ-પાંન ૧૨૧
"મરદ છો કેં નામ્રદ તમ્યો આગલ-થી ચેતાવું અમ્યો"
નાંમૃદ કહી જે ઉભો રહેં તેહ-નેં સુખેં જાવા દેં ૧૨૨
જે-કોઈ મન મૃદાં-નો થાય માંનની-નેં મોહોલેં તેડી જાય
તે-આગલ જઈ ઉભો કરેં તન મન ધન જોતાં-માં હરેં ૧૨૩
વલતી પુછેં ચ્યારેં જ વાત તેહ-ની કોય ન જાંણેં ખ્યાત
કોણેં નથી કેંહેંવાતો અર્થ કારાગ્રહેં રાખે છેં તરત ૧૨૪
એક-નેં એ પ્રતીજ્ઞા દીસ જે વણ-પાંણી મુંડાવેં સીસ
બીજી સ્યાંમ વદન જ કરેં ખર-વાહન કરી ફેરવેં ૧૨૫

ત્રીજી છંદે નાસીકા જાંણુ ચોથી વાતે લેંત પ્રાણ
પુછે તેહ-નો ઉત્તર કહે તેહ-ને ઘેર દાસી થઈ રહે ૧૨૬
ચેનાવે છે આડે આંક ખરૂં કહે તેહ-નો સ્યો વાંક
રખે મારગ એણે જાયો વિના-સ્વાર્થ કાં દુખીયા થાયો ૧૨૭
નામર્દ થઈ નાઠો છુ હુ રખે મારગ ભાઈ જાતો તું'

રાજા કહે 'ભલે તેં કહ્યુ લક્ષણ જોતે લેખે લહ્યુ ૧૨૮
માહરે પણ તેટલુ છે કામ રહુ વાગ્યો જઈ તેણે ગામ
કોડે જોયુ તે કામની ભારે છે કેહવી ભામની ૧૨૯
તું નાઠો તે તાહરા ભોગ જોયુ જુવતી-કેરો જોગ
માહારી સાથે પાછા વળો મન હોઇ તો માંનનીને મળો ૧૩૦
મોહોટી હુસ મનમા માહરે ત્યારે પાય લગાડું તાહરે .
તાહરૂં મર્દ ધરાવુ નાંમ માહરી સાથે આવો તે ઠામ' ૧૩૧

દુહા

વચન સુંણી વલતો વદે 'વીત્યું છે મુઝ આપ
જે જાઈ એ મારગે તેહના પુરણ પાપ ૧૩૨
ચહુ વાકા દીસે ઘણા કે કોપ્યા જગદીસ
જો તું એ મારગ ગયો તો કાલ ભમે છે સીસ ૧૩૩
આપો ભીંતિ આથડે તાહરે માટે વાત
મુરખ થાયું બીજી વરાં તો હું આવુ તુંમ-સાથ ૧૩૪
ઇશ્વરે ઉગારીયો મુઝ ને એક જ વાર
બીજી વાર જે પગ ધરે તેહનુ નાંમ ગુંમાર ૧૩૫
પાય લાગું છું તાહરે કહુ છુ વાર દસ-વીસ
માહરૂં વાયું નહી કરો તો નીચે ખોયો સીસ' ૧૩૬

ચોપઈ

વિશ્વપતિ કહે 'સાભલ વીર ધારજુ રાખ્ય મ્હેં-માં ધીર
આપું વચંન હું તાહરે હાથ સુખે આવ્ય તું માહરે સાથ ૧૩૭

સાખી સત્ય વચન-ની સાંચ   નાવેં તુઝ-નેં ઉની આંચ
કન્યા સાંભળી કાંનેં તમ્યો   રુડી રીત્ય દેખાડું અમ્યો' ૧૩૮
પંથી કહેં 'કહ્યું નહી કરું   વણ-મોહોતેં સા-માટેં મરું
તાહરેં હુંસ હોઇ તો જા   હુંસ્યેં લાડુયો મોહોટો ખા ૧૩૯
તું-નેં હુંસ હઇયડા-માં ઘણી   ખાજ્યો ઘુઘરી મોતી-તણી'
હેતેં ઝાલ્યો તેહુ-નો હાથ   સુભ વચન બોલ્યો તે-સાથ ૧૪૦
પ્રતિજ્ઞા કીધી છેં ઘણી   નીસ્યાં કરે તે પંથી-તણી
સમ સગરાં-નેં દીધો કોલ   બાપ-નો અમૃત વચને બોલ ૧૪૧
તેહુ-નેં પણ સાથેં તેડીયો   ખરેં હિલેં મારગ ખેડીયો
પેલે જે કહ્યું હતું નાંમ   જઈ પોહોતા બેં તેણેં ઠાંમ ૧૪૨

બીજાના તો મુજેં ચરણ   જાણેં માંથેં આવ્યું મરણ
ગલેંલી બેઠો વાટ-માં   'ઇહાં-થી નહી આવું ઘાટ-માં ૧૪૩
તું તો જા ભાઇ એણેં ગાંમ   હું બેંસી રહું આણેં ઠાંમ
તેહુ-ની વાત-થી સહુ હારસ્યેં   તે નિશ્ચેં તુઝ-નેં મારસ્યેં ૧૪૪
તુઝ-નેં માર્યો અમે જાણસ્યું   આસ્યા મેહલીને મંદિર જસ્યું'
ચરણ ન ચાલ્યા પંથી-તણા   દીધા સંમ રાજાઇ ઘણા ૧૪૫
'ઈહાં-થી તું જો જાઇ આપ   તો તુઝ-ને મુઝ માર્યા-નું પાપ'
સમ દેઇ રાખ્યો ઠાંમ-મા   ગયો રાય આપેં ગાંમ-માં ૧૪૬
દુર-થકી 'દ્રષ્ટેં' ઘાલીયો   આવીનેં બાંહેં ઝાલીયો
'દીસો છો કો મોહોટા ભૂપ   રાજ-તેજ રઢીયાલે રુપ ૧૪૭
માટેં અમ્યો પાગે લાગીઇં   માંન દેઈ મેંહનત માગીઈં
ગાંમ અમારેં છેં નરેસ   ચ્યાર પુત્રી છેં જોબન-વેશ ૧૪૮
રાજપુત્રી રુપેં છે ઘણી   સહિયરો ત્રણ બીજી તે-તણી
બીજી પ્રધાન-તણી દીકરી   છેં કુંઆરી નથી તે વરી ૧૪૯
ત્રીજી રાય-સાલક-ની બાલ   ચોથી સેઠ-તણી રુપાલ
નિત્યેં એકઠાં ચારેં રમેં   ભોજન માંહેં બેસીનેં જમેં ૧૫૦

તેમણે એક કરું છે વ્રત . મોહોનું બોલ્યું પાલે વ્રત
મરદ નાંમ ધરે જેહુ-ને ત્યારે વાત પુછે તેહ ને ૧૫૧
કરી અર્થ નેં આપે જે પાર તેહુ-નેં વરે કરે ભરથાર
અર્થ ન કહે નેં થાઇ અજાણ નિશ્ચે ખુયે પોતાના પ્રાંણ ૧૫૨
નામરદ થાયો તો નાસી જાયો છલ હોઈ તો છતા તિહાં થાયો
કૌતિક કાંઈક જુદું કાઢશે જિમ-તિમ તમને જુદા પાડશે ૧૫૩
જીવવું ચાહો તો પાછા વલો મોહોત માગો તો તેહુને મલો'
એહવું કહીને સેવક ગયા રાઈ તે-પ્રતે બોલ જ કહ્યાં ૧૫૪

દુહા

પંથી કહે 'આવ્યો ઇહાં તેહુ-નેં જોવા-કાજ્ય
ફંદ રચી બેઠી ઘણા તેહ કરાવું તાજ્ય ૧૫૫
તેહ-સમીપે સીધ્ર જાયો ભાગો મન-ની ભ્રાંત
એક વચન કહાવું અમ્યો તે કહોને એકાંત ૧૫૬
ત્યારે સહીશે આવજ્યો કર ઝાલી વરમાલ
લખ્ય-ગણો તુંમ-થી ભટયો ઉતારે એ આલ' ૧૫૭
એહવુ કહાવ્યુ રાયજી મન આંણીને પ્રીત
સેવકે પરદે જઈ કહ્યુ નારીને એ રીત્ય ૧૫૮

ચોપઇ

'સાંભલ રે રાંણી તું માત કેહેવાને આવ્યો છું વાત
પંથી ભુયો આવ્યો એક ગુંણ લક્ષણ નેં રૂપ વિવેક ૧૫૯
દ્રઢ ધીરજ્ય તેહુ-નો પ્રાંણિયો અહંકાર અધિક તેણે આંણિયો
કહ્યું "પૂછવા વહેલી આવ્ય નૌતમ વાત ગમે તે લાવ્ય ૧૬૦
સોયે વસા સંદેહ ભાજશ્યુ ગાજા માઝ ઘણુ ગાજશ્યુ"
માટે જે જાંણો તે કરો ઇહાં તેડો કે તિહાં પરવરો' ૧૬૧
સેવક વચન જીહારે સાંભલ્યું ત્યારે નારિનું મનડું ચલ્યું
થઈ એકલી આપે ત્યાર એકાંત્ય બેસી કર્યો વિચાર ૧૬૨

સાંહાંમાં મોકલ્યાં ફોફલ-પાંન તેડ્યો મોહોલેં દેઇનેં માંન
હેત પ્રીત નેં હુંસ જ ઘણેં ગયો મોહોલ તે રાંણી-તણેં ૧૬૩
મોહોલ એકડડો આકાસ સોભા ઇંદ્ર-પુરી તે વાસ
ચ્યાર સખી આસન-પર ઠરેં ઉપર દાસી ચંમર જ કરેં ૧૬૪
એક દાસી તલાસેં પાય બીજી વનીતા ઢાલેં વાય
બેઠી સુભ રુપેં તે સખી તેહ-માં રાજપુત્રી તે મુખી ૧૬૫
કરેં એકઠાં આપ કલ્લોલ મુખ ચાવેં બેઠાં તંબોલ
વાજાં છત્રીસ વાજેં ઘણાં કરાવેં નૃત્ય નારિયો-તણાં ૧૬૬
એહવી સોભા દીસેં જિહાં મહિપતિ મોહોલેં પધાર્યા તિહાં
જુવતી-સમીપ આવ્યાં જેટલેં નારિ નૃપત દીઠો તેટલેં ૧૬૭
ગલી ગઈ જોતાં-માં નારિ જાંણેં કાંમ-તણો અવતાર
જાંણેં અભીનવો કો ઇંદ્ર જાંણેં તારા-ગ્રહ-માં ચંદ્ર ૧૬૮
જેહવી નારિ સુંદર-રુપ તેહ-થી સહસ્ર-ગણેરો ભુપ
દિર્ઘ બાહુ-નેં ઉર વીશાલ ભ્રૃગુટી ધનુશ ચક્ષુ અણીયાલ ૧૬૯
ચતુર સોલ કલાઇ સુજાંણ માંનુની-નેં વાગ્યા મોહ-નાં બાંણ
'અરે અંબીકા માહરી માય અમ-નેં દેજ્યો એ વર-રાય ૧૭૦
એહ-નેં વાત નું ગ્નાંન જ હજ્યો અમ ચ્યારેં-નો એ વર થજ્યો'
જોતાં આંખ ચ્યારેં-ની ઠરી ચુક્યાં જે પ્રતિજ્ઞા કરી ૧૭૧
'નોહિં પંથી કો કારણ રુપ ચક્રવર્ત્તિ કોય ભારે ભુપ'
સોના-નાં આસન સનમાંન મેહલ્યાં મુખ-આગલ તે પાંન ૧૭૨
'તુમ દિઠેં હરખ્યાં છું ઘણું પવિત્ર કીધું પુર અમ-તણું
દીસંતા છો જાંણેં કો દેવ શુભ પ્રકારે કરિયે સેવ ૧૭૩
રમો જમો નેં પાંન જ ખાયો જે કાંમેં આવ્યા તિહાં જાયો
અમ્યો પ્રતિજ્ઞા મોહોટી કરી ચારેં વાત રુદે-માં ધરી ૧૭૪
તેહ-નો જે કોઇ આપેં પાર ચ્યારે સખી-નો તેહ ભરતાર
વાત-તણો છેહ નવિ લીજીઇ તો ચ્યારેં દંડ જુજુયા દિજીઇ ૧૭૬

આગલ-થી ચેતાવું અમ્યે ડાહ્યા છો વિચ્યારો તમ્યે
વચન નં ચુકું આડે આંક પછે ન કાઢસ્યો માહરો વાંક ૧૭૭
દીસો છો કોય દેવ-આકાર દિજે ડંડ તે નહી વીવહાર
તે-માટે બુધ વિચ્યારી લહો હાના-નો પ્રતિઉતર કહો' ૧૭૮

સિંહાસન બેઠો રાજંન હર્ષ ધરી પોતા-ને મંન
'પુછો વાત જે મન-માં હોય સંદેહ મન નવિ રાખો કોય ૧૭૯
સંદેહ તુમારા મન-નો ભાગસ્યુ , પછે અમ્યો અમારે મંદિર જસ્યુ
કુંણ બોલે છે માહરે સાથ આવો સનમુખ પૂછો વાત' ૧૮૦

દુહા

વેંહવારિયા-ની બેટડી નંદવતી નીજ નાંમ
સનમુખ આવી તે હવે બોલી તેણે ઠાંમ ૧૮૧
'પ્રથમ વાત પુછું અમ્યો તેહ-નો પાંમું પાર
વરમાલ આરોપું કંઠ-માં હું ભાંમનિ તું ભરથાર ૧૮૨
આ વેલાં આંણી ઘડી નારી તાહરી થાયું
મુલ-ખરીદી દાસ જિમ વણ-મૂલે વેચાયુ ૧૮૩
માહરું પુછ્યું નવિ કહે(હો) જો તમો આંણે દીશ
વણ-પંણી મુંડણ કરું ચુંનો ચોપડુ શીશ' ૧૮૪
રાજા કહે 'સમઝ્યા અમ્યો પ્રીછ્યા તાહરી પેંર
વિચ્યાર તાહરા મન-તણો તે રહેસે તાહરે ઘેંર ૧૮૫
પુછ્ય જે કાંઈ હોયે પુછવું મન આવે તે આજ
તું નવરિ તિમ હું નથી માહરે કોટિધા કાજ ૧૮૬
પુરવે (?) તેહ-ને પરણજે જેહ-ને હોઇ ગરજ
હવડાં પુછો તો કહું અરથ-તણી જે અરજ' ૧૮૭

ચોપઇ

વણીક-પુત્રીઇં વાયક કહ્યૂ તે નરપત્યે લેખે લહ્યૂં
'તુમ-આગલિ કહું રચ્યુ કથી ડાહાપણ મુઝ-માં ઝાઝું નથી ૧૮૮

ભારે વાત તો પુછસ્યેં ત્રણ્ય   હું સંખેપેં સંભલાવું કણ્યં
કનક-તણો અકોટો ઝાલ્ય   કિંમ બેસેં છેં સ્રી-નેં ગાલ્ય ૧૮૯
મુક્તાફલ-તણો જે હાર   તે સ્રી-નેં ઉર રહેં છેં સાર
ચુડો ગજ-દંત-નો જાંણિ   સોભેં છેં તે સ્રી-નેં પાણિ ૧૯૦
નેઉર છેં જે ધાતુ-તણાં   તે રહેં ચતુરા નેં ચરણે ઘણાં
ચાર જાગ્ય જે લજ્જા-તણી   તિહાં કિંમ થઈ બેંસેં એ ધણી ૧૯૧
મહાસતિ જે સત્ય આચરેં   તે પણ એહ-નેં અંગેં ધરેં
લખમી-સીતા-જેહવી નારિ   તેહ પણ વસ્ત ધરેં એ ચ્યારિ ૧૯૨
એ ચ્યારેં બેંઠાં ચરચા જુઈ   પાંણુ ખરું નારી-નું ખુઈ
પોતા-નો જે હોઇ ભરથાર   તેહ-નેં પણ લાગેં એ સાર ૧૯૩
લક્ષવંત સ્રી હોઇ ધણી   ન ગણેં ભ્રાંત એ ચ્યારેં-તણી
કો નવિ જોવા પાંમે સુખ   તેહ-નેં પણ ચ્યારેં-નું સુખ ૧૯૪
'સતિ નારિ-નું સત્ય જ રહ્યું -   કહો એ ચ્યારેં-થી વેહેંતું ગયુ
એ સાહુકાર કેં ચ્યારેં ચોર.   એહ વાત-નો કહો અંકોર ૧૯૫
પર-નારી-સ્યું ક્રીડા કરેં   પુણ્યેં કેં પાપેં અવતરેં
કોણેં છોછ એહ-ની નવિ કરી   એ ચ્યારેં નવિ મેહલ્યાં પરહરી ૧૯૬
અનમી અહંકારી જે કંથ   તેહ-નેં એ ચ્યોરેં-સ્યુ ચિંત
પુરુષ પડાં કેમ એહ-નાં નાંમ   કિંમ ઝાલી બેંઠા એ ઠામ ૧૯૭
સંદેહ માહારા મન-માં ઘણો   ઉતર આપોજી તેહ-તણો
ડાહાઈ વાત જો દિલ-માં ધરું   પ્રીત ધરીનેં તમ-નેં વરું' ૧૯૮

દુહા

ભુપત્ય કહેં 'સુંણિ ભામ્યની   ચતુર વાણિકની તંન
પ્રશ્ન રુડું પુછ્યું તમે   માન્યુ માહરું મંન ૧૯૯
મેહેં મન જાણ્યું માહરેં   કેંહેંસ્યો કૌતિક વાત
પ્રેમદા જે પુછ્યું તમે   તે સાસ્રેં વચન વિખ્યાત' ૨૦૦

નૃપતિ કહે : સુંણિ નારી વાત   ખરી આવે તાહરે દિલ ખ્યાત
કોયેક જુગ થયા કેઈ કાલ   ચ્યાર પુત્ર રુષીના બાલ ૨૦૧
એક જીવ નેં જુજુઈ દેહ   પ્રીત ઘણી જિમ દાદુર મેહ
જોગ્ય વસ્તુ જડેં તે જમેં   વેદ ભણેં નેં વન-મા ભમેં ૨૦૨
રૂડા બ્રાહ્મણ-કેરી રીત્ય   પુરણ પરિભ્રંમ-ઉપરિ પ્રીતિ
એક સમેં ગંગા-ની તીર   નાહાવા ગયા તે નિરમલ નીર ૨૦૩
ચ્યારેં જલ પેંઠા જેટલેં   કૌતક એક થયુ તેટલેં
અંતરિક્ષ-થી અજુઆલું થયું   વિમાંન હેઠું આવી રહ્યુ ૨૦૪
તેહ-માં ઈંદ્ર-તણી અપછરા   માંનની મોહ-ભરી મછરા
કંદ્રપ-રુપ જેહવી કાંમ્યની   નહી ભુતલ એહવી ભામ્યની ૨૦૫
કોટિ જીભાઈ નવિ કહેંવાય   વર્ણવ રુપ-તણુ નવિ થાય
શુભ સ્નાંન તે નારેં કર્યું   ધ્યાંન ધરણીધર-નું ધર્યું ૨૦૬
ચ્યારેં જોઇ રહ્યા તે જાત્ર   તે-આગલ બીજી કુંણ માત્ર
ચિત્ર લખ્યા ચ્યારેં હોઈ જિમ   થંભ થઇ રહ્યા તે તિમ ૨૦૭
મોહ પાંમ્યા મન વીભલ થયા   એક દ્રષ્ટેં જોઈ નેં રહ્યા
મહુર્ત એક ઈમ કરતાં થયું   વિમાંન આપ આકામેં ગયું ૨૦૮
વિદ્યુત ચમકી જાઈ જિમ   અદ્રષ્ટ થયું જોતા-માં તિમ
નારી-સ્યું નેહ તે લાગો ઘણો   પ્રેમ રહ્યો મન-માંહિ તે-તણો ૨૦૯
'અફલ ગયો આપેં અવતાર   સુપન-માહિ નાવિ કો નારિ
ઉગ્ર તપ આપણ કીજીઈ   સ્ત્રી-સાથેં લાહો લીજીઇ' ૨૧૦

આસન વાલી બેંઠા ત્યાંહ   દારુણ તપ માંડ્યું વન-માહિં
ધરણીધર-સ્યું રાખી ધીર   તજ્યુ અંન નીદ્રા નેં નીર ૨૧૧
દુખ વેઠે આપેં નિશા નેં દીસ   ઓંકાર મંત્ર જપેં મુખ ઈશ
ઘણા દિવસ તપ કરતાં ગયા   દીલ મહાદેવ-નેં આવી દયા ૨૧૨
'માગો માગો હો ચ્યારેં મીત્ર   બુધ્ય તમારી પરમ પવિત્ર
દુખ વેઠીનેં જે તપ કીધ   તેણેં મુઝ-ને વેચાથી લીધ ૨૧૩

ભગતિ તમારી મન-માં વસી   માગતાં ભ્રાંત ન ગણો કસી'
ડંડવૃત કરી જોડ્યા હાથ   બોલ્યા રૂષી શ્રી-શીવ-ને સાથે' ૨૧૪
એક કહે' 'મે' દીઠું મુખ   તે દેખી હું પાંમ્યો સુખ
તે પાંમવા-ની ઇછા કરું'   તેણે' ધ્યાંન તમારું ધરું' ૨૧૫
બીજો કહે' 'સરમાયું મહારાજ   કહેતાં વાત આવે' છે' લાજ
સ્ત્રી-પયોધર-ઉરવર-તણું   મોહ-બાણ વાગ્યું છે' ઘણું ૨૧૬
તેહ મું-ને' માંણ્યા-ની આસ્ય   ધરું' ધ્યાંન તમારે' પાસ'
ત્રીજો કહે' 'સાચી કહું વાંણ્ય   સ્ત્રી-ના નીરખ્યા મે' પાંણ્ય ૨૧૭
તે સાહાવા-ની ઇછા થઈ   એટલે' દ્રષ્ટ-આગલ-થી ગઈ
તેહે-ના મેહે'-થી પ્રગટ્યો છે' તાપ   આરાધ્યા ઉમયાપત્ય આપ' ૨૧૮
ચોથો કહે' મે' નિહાલ્યું' અંગ   રામા નગન-સ્યું લાગો રંગ
નારી-ઉપરિ પ્રગટ્યો નેહ   નિરખું' નીત્ય બેઠો એ દેહ ૨૧૯
આપો તો લાહો લીજીઇ   નહીતર તો હત્યા દીજીઇ
તું માહારાજ છે' મોહોટો નાથ   બીજા કો-આગલિં ઓડું હાથ ૨૨૦
તુમ-વીના નહી કો દાતાર   મે'હે' જોયો બાધો સંસાર
તે-માટે' મોહોટો મહાદેવ   મન-વાછિત આપ્યાની ટેવ ૨૨૧
સ્તુતિ કીધી છે' સીવ-ની ઘણી   પ્રસંન થયા ત્રિલોક-નો ધણી ૨૨૨

દુહા

શિવજી કહે' 'સહુ સાભલો   વીપ્રન્તણા છો તંન
અખિલ વરદાન એ આપીઈ   જેહ-નુ તમ-ને' મંન ૨૨૩
સંસાર મધ્ય જે સુદરી   રુપ સ્વરુપે' નાર
નિરખો તેહ-ને' નેહ-સ્યુ'   આણી પ્રીત અપાર ૨૨૪
આદ્ય-થકી અંતે' લગી   સૃષ્ટિ-નુ નીરવાણ
નિરખો નારી તિહા લગી   પ્રીત્ય ઘણે' પરમાણ ૨૨૫
પતિવ્રતા ને પદ્મની   રષી-પત્ની ને' રંક
ઉરવંસી ને' મોહની   માણો નીત્ય નીશંક' ૨૨૬

તાહરેં બાલક બોલીયા ‘સ્યુ બોલ્યા મહારાજ
નારિ સઘલી નિરખતાં કુલ-નેં બોહોત લાજ ૨૨૭
લંપટ કહેંસ્યેં લોક સહું ફોગટ બેંસેં પાપ
ઘેંર-ઘેંર કિમ પરવરું એ કાંમેં નિત્યેં આપ ૨૨૮
એક નારિ-સ્યું જે રમેં તેહ-નેં મોહોટી ખોડ
સઘલી નારી નિરખતાં કિમ પોહોચેં મન કોડ’ ૨૨૯

. ચોપઈ

સીવજી કહેં ‘વચન મુઝ જાય ત્રણ લોક તો પ્રલય થાય
પાપી નહી કેંહેંવાયો તમ્યો એહ વર્દ્દાંન આપીસ્યુ અમ્યો ૨૩૦
તુમ-સ્યુ ખેદ કોય નહી કરેં હેતેં-થી સહુ અંગેં ધરેં
જડ-રૂપ થઈ પ્રથવી-માં પડો આભણું-માહેં જઇનેં અડો ૨૩૧
વસો ઘરેણું જઈનેં વાસ સદૈવ રહેંસ્યો સ્રી-નેં પાસ
શાંમા નીરખતાં સમસ્યે શોક લંપટ નહી કહેં કો લોક ૨૩૨
સહુ ભામિની-ના જે ભરતાર દેશેં માંન તે અપરંપાર
અહર-નીસ રહો રામા-સંગ નીત્ય ઉઘાડાં નીરખો અંગ ૨૩૩
જેહ-નેં જેહની ઈછા ઘણી તે થઈ બેસો તેહ-નો ધણી
એહ વચનેં માણો નીજ આપ તેહ-થી લોપેં નહી તંમ પાપ’ ૨૩૪
એહવું કહીનેં શીવજી ગયા અતિ ઉમેદે આભુષણ થયા
જેહ-નેં મુખ જોઈ મોહ થયો વેસર થઈ મુખ ઉપર રહ્યો ૨૩૫
જેહ-નેં ઉર વાહાલુ અપાર તે થયો મોતિ-નો હાર
અહુર-નીશ ઉર ઉપર રહેં લંપટ તેહ-નેં કોય નવિ કહેં ૨૩૬
જેહ-નેં વાહાલા હુતા પાંણુ કંકણ-રુપ થયો નીરવાણ
જેહ-નેં જેહ-સ્યુંપ્રીત છેં ઘણી છતેં કંથ બીજો એ ધણી ૨૩૭
જેહ-નેં ચરણ-સ્યું હુતો પ્રેમ દેણું વાસ કર્યો જઇ હેમ
વારુ વીંછુયા નેપુર-સંગ બેંઠો નીરખેં બાધું અંગ ૨૩૮

આભુષણ-માં કીધો વાસ કરવા માંડ્યો વારુ વિલાસ
આધાં આભુષણ છેં ઘણાં આપ્યા સ્થાંનક રહેંવા-તણાં ૨૩૯
વરદાંન-થકી પામ્યા એ વાસ આદ્ય આભુષણ બારેં માસ.

પંથી કહેં 'સાંભલ્ય સુંદરી વનિતા વાત કહી વિસ્તરી' ૨૪૦
એહુવી પુછી વાત એકાંત્ય ભાગી તેહ-ના મનની ભ્રાંત્ય
'શિવ-વરદાંન-થકી એ વસા એહ વાત-મા અચરત કશા ૨૪૧
ઈશ્વર આણ્ય ન બોલુ વૃથા પદ્મપુરાંણ-મા પેંહેંલી છેં કથા
પુરાણ અઢાર સાભલ્યાં છેંજેહ તેહે-ને મંન તો નહી સંદેહ' ૨૪૨
તે નારી તો પાગે નમી સાચી વાત મન-માહિ ગમી
'ખુધિવંત દીસો છો તમ્યો જીત્યા આપ નેં હાર્યાં અમ્યો ૨૪૩
કરો મુલ-ખરીદી દાસ રણ મુંકો કેં રાખો પાસ'
વલતા તો બોલ્યો રાજંન સાંભલ રે ક્ષત્રી-ની તંન ૨૪૪
'તાહરેં હઇયડેં હોઇ હામ પુછ વાત તે આણેં ઠામ
વણીક-પ્રીયા ની વાત જ ઘણી ભાગુ ભ્રાત તાહરા મન-તણી' ૨૪૫
તાહરેં બોલી બીજી નાર 'તુઝ-નેં વાતો પુછુ ચ્યાર
માહારા મન-મા સંદેહ ઘણો પ્રતિઉતર આપો તેહ-તણો ૨૪૬
માહારી સહીયર સુંદર નામ રહેં છેં ઇહાં-થી બીજેં ગામ
તેહ-સ્યુ મેં પાડી છેં હોડ તે તો છેં મુઝ સરખી જોડ ૨૪૭
વાતો કરતા વાદેં થઈ મેં તેહ-નેં સમસ્યા કહી
તેણિઇ ભાગ્યો તેહ-નો ભેદ પણ મન-મા રાખ્યો છેં ખેદ ૨૪૮
હેતેં આવી માહારેં ઘેંર તેણીઇ એક વીચ્યારિ પેંર
કૌતક ચ્યારેક ઉભા કર્યાં તે માહારા મુખ-આગલ ધર્યાં ૨૪૯
તેહ-નો પાર જો આપો મુંનેં તો ચતુર-સીરોમણી જાણું તુ-નેં
સહીયર-માહે સપરાણી થાયુ બિડા પાન મુખ તાહરેં ખાયુ'' ૨૫૦
પંથી કહેં પોચાડુ આસ સીઘ્ર લાવી મુકો મુઝ પાસ'
એહવા વચન વીક્રમેં કહ્યા તે નારિઇ મન-મા લહ્યા ૨૫૧

દુહા

સુણતેં હરખી સુંદરી ફૂલી આપે અંગ
વેલણ મુખ આગલ ધર્યું જેહનો રુડો રંગ ૨૫૨
પંચ રંગે રંગ્યું ઘણું બે પાસા સમતુલ્ય
મેહલ્યે પંથી-આગલે મંન કરી માહાતુલ્ય ૨૫૩
'ટોચ કેઈ નેં થડ કિયું સુણું કાષ્ટ છેં એક
ઉપનિ-નું કેહું કહ્યું તે કિમ ભાગે સંદેહ ૨૫૪

ચોપઈ

ઝાડ-થકી કાપ્યું જેહે દીન ઘણું હરખ ધરીને મંન
દીધો રંગ મોકલીયું આહા વીચ્યાર કરી જુયો મન-માહા ૨૫૫
ધર્યું અરખું સુતારેં સાથ ચકર-ઉતાર્યૂં હેતે હાથ
એન્લો મ હરે મન સંદેહ થડ કે ડાલ દેખાડો તેહ' ૨૫૬
પંથી કહે 'સાભલ્ય રે સતિ એહમા ઝાઝું અચિરજ નથી
સલિના નદીયે વહે છીછા નીર વેહતું મુકો તેહ-ની તીર ૨૫૭
તણાતા-મા આગલ થયેં તેણે તાહરો સંદેહ જાયેં
પાછલ રહે તે તો થડ જાણ્ય આગલ તે તો ટોચ પ્રમાણ ૨૫૮
પ્રગટ પાખુ તેહ-મા ટોઈ એહમા બ્રાત ન રાખો કોઈ'
તાહરે હરખી તે કામની ભાગો ભેદ ભાવે ભામ્યની ૨૫૯
'હવે સંદેહ બીજા છેં ત્રણ તે સભલાવો માહરે કણ'
બાર બાર વરસની બાલક બેહ તે વેલા તેડાવી તેહ ૨૬૦
પહેરાવ્યા આભુષણ ઘણા રુપ બેન્ના છે નામાતણા
'તેહ-મા છેં એક નર ને નાર ઓલખો અકલ-થકી આકાર' ૨૬૧
બેંન્ના સરખા દીસે રુપ વિસમેં પામ્યો ભારે ભૂપ
'એહ વાત-તણું કા ચુ છેં સહેલ હવડા બ્રાત ભાગુ તુ મેહેલ્ય ૨૬૨
ઉભર ઉલધી ઘરમા આવ્ય એ બે જણને સાથે લાવ્ય
ડાબો પગ ઉપાડે જેહ જુવતી જાત્ય જાણો ને તેહ ૨૬૩

જમણો પગ પરઠે પરમાંણ   પુરુષ પારખું જુગતે જાંણ્ય'
તેહ-નું વચન તો મુસ્તક ધરૂં   જેહવું સાંભળ્યું તેહવું કરૂં ૨૬૪
મન-તણો ભાગો તે ભેદ   'પંથી વચન તમારું વેદ
માંનવ્ય નહિ કો દીસો દેવ   કરું સર્વથા તમારી સેવ ૨૬૫

એ વાત રહી માહરા મન-તણી   ભાગો ભ્રાંત્ય જે ધાયડ ધણી
'સરખા-સરખી બેં ઘોડલી   રંગ રુપ એ છે બેં જોડલી ૨૬૬
ચોકડાં મોહરડા સહીત પલાંણ   ઓલખે નહી તેહ-ને કોય અજાંણ
એક મા ને એક પુત્રી હોઇ   તેહ-નો પાર ન જાંણે કોઇ ૨૬૭
કેઇ - માત ને કેઇ તંન   ઉલખાવો તેહ વિચ્યારિ મંન'
પંથી કહે 'વિચ્યાર જ કર્યો   એહ બોલ તો રુદ્રયામાં-વર્યો' ૨૬૮
પંથી કહે 'સરોવર લેઈ જાયો   વ્યણ-અસવારી પાંણી પાયો
બેં-ને છુટાં મુંકો ત્યાંહ   આવવા દ્યો પાછાં પુર-માંહ ૨૬૯
આગલ્ય ચાલી આવે ઘેંર   તે જનુની જાંણો પુર પેર
કુદે નાચે હરખે ઘણું   એહ વખાણ વછેરી-તણું ૨૭૦
પાછલ રહી આગલ્ય જે જાય   તેહ પુત્રી તેહ-ની કેંહવાય'
હર્ષ ઉપનો નારી-ને ઘણો   સંદેહ ભાગો મનડા-તણો ૨૭૧
'એક વિચ્યાર કેંહેંજ્યો મું-ને   તો ચતુર-સીરોમણ જાણું તુ-ને''
સરખા સરખી બેં સાહેલ   પાસે આવી વલગી બેલ ૨૭૨
કોટિ કલા રાજસ ગુંણ રૂપ   દીઠે-થી મોહ પાંમે ભૂપ
ષોડસ વરષ-તણી બેં બાલ   'કુંકુમ-તીલક કર્યાં છે ભાલ ૨૭૩
અંગ શણગાર સજ્યા છે સોલ   મુખ-મંડણ બોહોલાં તંબોલ
પંથી-આગલ ઉભી કરી   સોલ વરસ-ની બેં સુંદરી ૨૭૪
'એક લગ્ન પરણી છે બેહ   નાહ-સાથે બેં-ને છે નેહ
એક-નો પતિ ગયો પરદેશ   ઘેંર જુવતી છે જોબન-વેશ ૨૭૫
પરણીને પંથે પરવર્યો   સંગ નથી તે સ્રી-નો કર્યો
આ બીજી જોડે સુંદરી   પરણી કંથ-ને કોડે કરી ૨૭૬

એક રાતિ માંગી ઘેંર રહ્યો　　પ્રભાતિં ઉઠી પરદેસે ગયો
એક-નેં એક રાત્ય-નું સુખ　　બીજીઇ તો નથી દીઠું સુખ ૨૭૭
વનીતા બેં જુઇ છેં વાટ　　પતિ પરદેસ ગયો તે-માટ
બેંઠી બેં તમારેં પાસ　　પ્રાક્રમ હોઇ તો કરો પ્રકાસ ૨૭૮

દુહા

કેહી નારી નર-ભોગવી　　કેહી રહી નિરમુખ
ઉલખાવો એહ-માં-થકી　　તો ભાગે માહારી ભુખ ૨૭૯
દાસી થાયુ તાહરી　　જો ભાગો સંદેહ
સંદેહ ભાગેં માહરો　　ટો હુર્ષે વુઠા મેહ' ૨૮૦

ચોપઈ

મહીપત-કેરું હરખ્યુ મંન　　'વારૂ પુછ્યુ એહ વચંન
પ્રથમ વાત માંભલ માહરી　　પછેં ભ્રાંતિ ભાગુ તાહરી ૨૮૧
તમ-નેં વાત કહું એક અમ્યો　　સમઝી ઉતર આપો તમ્યો'
સોલ વરસ-ની સરખી જાત્ય　　વિક્રમ કહેં તે-આગલ વાતઃ ૨૮૨
એક વીપ્ર-તણો છેં બાલ　　ખરી વાત-નો તેહ-નેં ખ્યાલ
માત-પીતાઇ વીવા કયો　　વિપ્ર રુડી નારી-નેં વર્યો ૨૮૩
ચતુરા-માં ચતુરાઈ ઘણી　　ત્રીયા વરસ ત્રયોદસ-તણી
પતિઇ પરણી કીધી તાજ્ય　　ગયો વિદેસ વિદ્યા-નેં કાજ ૨૮૪
વિદ્યા-કામેં ગયો વિદેસ　　જુવતી મેહલી જોબન-વેસ
પરણી નારિ-ની સી થઈ પેંર　　રહી પીહર પોતા-નેં ઘેંર ૨૮૫
પીતા પ્રધાનવટું તો કરેં　　રાજા હેત રુદેં-મા ધરેં
રાજદ્વાર-નું કારણ ઘણું　　વજીર કાંમ ચલાવેં તેહ-તણું ૨૮૬
તેહ-નેં પેટ નહી કો તન　　પુત્રી એક તન મન નેં ધંન
કેટલાક દાહા વીત્યા વૃત　　તે વજીર પાંમ્યો છેં મૃત ૨૮૭
રાજા. આવ્યો. જોવા-જાતનો　　વિપ્ર. પ્રધાન-તણે બારણે
રાજા-આગલ સ્તુતિ બહુ કરી　　બોલેં બેંસારી દિકરી ૨૮૮

'તમ-સારુ માહારું ઘરસુત્ર   પેટ નથી કે પોઢે પુત્ર
પુત્રી છેં બોલેં તમ-તણેં''   રાજા ચીતવેં હેતેં ઘણેં ૨૮૯
'એ નારી છેં ચતુર-સુજાંણ   બત્રીસ-લક્ષણી ગુંણ-પરિમાંણ'
રાઈ વચન તેહ-નું થાપીયુ   પ્રધાંનવટું પુત્રી-નેં આપીયુ ૨૯૦
'રાજા હું નેં પ્રધાંન જ તમ્યો   રાજ-કાજ સુંપુ છું અમ્યો
કજા કજીયા નગર-ના જેહ   ચતુરાઈ યેં ચુકવજ્યો તેહ' ૨૯૧

ઈમ કરતાં થયાં વરસ બાર   વિદ્યા સર્વ ભણ્યો ભરતાર
પોઢી પાંચ પુસ્તકના ભર્યા   વિદ્યારથી બહુ આગલ કર્યા ૨૯૨
હેત પ્રીત્ય નેં ઉલટ ભેંર   જાવા માંડ્યુ પોતા-નેં ઘેંર
વાટેં આવ્યો રુડો ઠામ   પોતાના સસરા-નેં ગાંમ ૨૯૩
ઇધાંણેં ઉલખ્યુ છે તેહ   મન-માંહિં ઉપનો સંદેહ
એટલેં આવ્યો બ્રાંમણ એક   તેહ-નેં પુછી વાત વીવેક ૨૯૪
'કહેં ભાઈ આ તે કુણ ગાંમ   રાય-પ્રધાન તણું સ્યુ નાંમ
ઈહાં આંણુ તે કોહ-ની ફરે   પ્રધાનવટું તે કોણ જ કરે'' ૨૯૫
વલતો વિપ્ર બોલ્યો તે વાંણ   રાજાસિંગ નરપત્ય નિરવાણ
શિવસંકર પંડિત પ્રધાન   રાય-તણાં જેહ-નેં બહુ-માંન ૨૯૬
તે તો મૃત્ય પામ્યો દિન ઘણેં .   પુત્રી એક પ્રધાન-જ-તણેં
બત્રીસ-લક્ષણી છે તે નાંમ   પ્રધાંનવટા-નુ ચલાવેં કામ ૨૯૭
ચુકવેં ન્યાય-અન્યાય જે ચોખ   એ ચેલી બેંઠી છે ગોખ'
ઈમ કહીનેં વીપ્ર જ વલ્યો   બ્રામણ તો ચિંતા-માં ભલ્યો ૨૯૮
'એ નારી તે સ્ત્રી મુઝ-તણી   અપકીરત હરયેં તે ઘણી
રાજ-ચેંહિંન જે અંગેં વહેં   અખંડ તન તે કિમ સ્થિર રહેં' ૨૯૯
તેહ-નુ પારખું પ્રીતેં જોયુ   માહારા મન-નો સંદેહ ખોયુ'
એમ વિચ્યાર કરેં તે મંન   તે કોઈ વાત ન જાંણે અન્ય ૩૦૦
વિદ્યારથી રસોઇયેં થયો   પોતેં રાજ-દ્વારેં ગયો
પટંતરે-થી નરખી નાર   અલખત રુપ છેં અપરંપાર ૩૦૧

રુપ-તણી નથી કાંઇ મણા   સેવક આગલ ઉભા ઘણા
બેંઠી ફેરવેં આપેં નયણ   વિચિત્ર પ્રકારેં બોલેં વયણ ૩૦૨
મહા મનોહર દીઠું મુખ   દેખી દિલ-માં પ્રગટું દુખ
'વજીરપણું વિનીતા નહીં રીત   હસેં કો પુરુષ-સ્યું પ્રીત ૩૦૩
છતેં થયેં સંદેહ નવિ ટલેં   સ્ત્રી-ચરિત્ર કોયેં નવિ કલેં
કોટિ થાય પણ કુડી નવિ થાય   એહ-નેં મુખ કિમ પુછાય ૩૦૪
પ્રીત્યેં પૂછેં માંનેં કીમ્ય   ખાઇ સહુજ-માં સોએક સંમ
જોરાવરી પુછું આ દીસ   તો નિશ્ચે છેદાવેં માહરું સીસ ૩૦૫
પાર લેવો રાખિનેં પ્રીત'   કરેં વિચ્યાર તે રૂડી રીત
બે વાંનાં રહે જ્યમ દુંણિ ને દૂધ   કરું સર્વથા તેહવી બુધ' ૩૦૬

એહવી વિચ્યારી પોઢિ મન પેંર   ગયો નગર-માં ગુંણિકા-નેં ઘેંર
'આજ-ની રજની રહેંસ્યું અમ્યો   મોહેં-થી મુલ માગી લ્યો તમ્યો ૩૦૭
ચ્યાર પોહર-માં સઘલું સુખ   રોક આપીઇ જે માગો મુખ'
તાહરેં ગુંણિકા હેંતેં હસી   'એહ વાત-માં ભ્રાંત્ય છેં કસી ૩૦૮
સત રુપીયા આપો રોક   સુખ ભોગવો સમાવો સોક
સ્વર્ગ-થકી સુખ અધીક દેખાડું   રુડી રીતેં રયણ રમાડું' ૩૦૯
એહવું પરઠીનેં પંડીત રહ્યો   પ્રીત્યેં તે પ્રભાત જ થયો
સ્યાંમા કહે 'ખોટી કાં થાયો   પરઠ્યું આપી પંથેં જાયો' ૩૧૦
પંડિત આવ્યો પ્રેમદા-પાસ   આપ્યા રુપૈયા અર્ધ પંચાસ
નારિઇ તો નવિ ઝાલ્યા હાથ   નઠ માંડિ તે સન્મુખ સાથ ૩૧૧
'સરત્ય પરઠી રાખ્યો છેં રાત્ય   જુઠું બોલેં છેં પ્રભાત'
માંહોં-માંહેં-માં રાઢેં થયાં   રાવલેં રાજદ્વારેં ગયાં ૩૧૨
બેંઠી પુત્રી પ્રધાંન-જ-તણી   ચતુરાઈ તેહ-માં અતિ ઘણી
આગલ બેં જણ ઉભા કર્યાં   ન્યાય કરવા ઠેકાંણેં ઠર્યાં' ૩૧૩

જુવતી ગુંણીકાયેં જોડ્યા હાથ   'બાઈ પ્રથમ સાંભલો માહારી વાત
સાચી વાત પરઠણ-ની પેર   એ આપેં-થી આવ્યો માહરે ઘેંર ૩૧૪

સત રુપીયા સાટું કરી રહ્યો રાત્ય મન હેત જ ધરી
માહારા કુલનું તો એ કાજ એહ-માં સાં-ની મુઝ-નેં લાજ ૩૧૫
તેહ-માં તો અર્ધ આપી જાય છેં રુડેં રાજ્ય અન્યા થાય છેં'
વિનિતા કહેં 'માહરો નહી વાંક એહ-નેં પુછો આખર આંક ૩૧૬
બોલ્યું જે અબોલ્યું કરેં તે મુક્તી-સાનિધ્ય સંચરેં'
આઘો તેડીનેં પુછું બ્રંમ કિંમ ચાલ્યો તું કુડું કરંમ ૩૧૭
વિપ્ર-નો તો એ નહી ઘાટ વિદ્યા ભણ્યા તે ઉંડી વાટિ
કદાચિત કર્યું એ કુડું કાંમ પરડ્યા પ્રમાંણેં આપો દાંમ ૩૧૮
રાજદ્વાર આવ્યા મહારાજ નથી આવતી મન-માં લાજ
પરડણુ આપી પંથેં પરવરો ખરી વાત-માં સ્યો ખરખરો ૩૧૯
બ્રાંમણુ માટેં જાવા દેઉં નહિંતર સર્વસ્વ ખુંચી લેઉં
દીસો છો વિદ્યા-નું રુપ ડાહાપણુ સર્વ પડું છેં કુપ' ૩૨૦

દુહાં

બ્રાંમણુ કહેં 'સુંણુ બ્રાંમણી કાં ઘેંહેંલા ગુંણુ ગાયો
બેંઠા ઇશ્વર-નેં બેંસણેં તો સાચો ચુકવો ન્યાયો ૩૨૧
સુખ કહેંતાં અમ્યો લાજીઇં તમ્યો છો મોહોટાં જંન
અવિચ્યાર આપેં કરો મેલ વીચ્યારી મંન ૩૨૨
સાચું બોલું સર્વ-થી ફાલ ન કાડું ફોક
ચ્યાર પોહોર-ના પરઠિયા સત રુપઇયા રોક ૩૨૩
અરધ સુખ મેં ભોગવ્યું આપ્યા અર્ધ પંચાસ
અર્ધ સુખ એહ-નેં થયું તે રાખ્યા મેં પાસ ૩૨૪
વિચાર કરો મનડા-વીષેં સત રુપૈયા મુલ
અર્ધ અર્ધ બેં ભાગ-નું સુખ બેં-નેં સમતુલ્ય ૩૨૫
માંણિ જુયો મનડા-વીષેં વધતો કોહો-નેં કાંમ
એક ઠરાવો એહ-નો તો પુરો આપુ દાંમ ૩૨૬

ચોપઇ

નારી-નુ નવિ ઉપર કરો સાચો નાય રુદે-માં ધરો
ત્રહે નર-નેં કે નારી-નેં ઘણો વિચ્યાર કરી જુયો તેહુ-તણો ૩૨૭
મેં માહારો અર્ધ આપ્યો ભાગ એહ-ના અર્ધ-નો આપેં લાગ
વાંક-વીના મુઝ સાથેં વઢેં ગલેં ગરીબ જાંણીનેં પડેં ૩૨૮
સાચો અક્ષર ન કહો આપ તો લક્ષ વીપ્ર હણ્યાં-નુ પાપ '

કહેં બ્રાંમણી ' સાંભલ રે બ્રંમ મેં નવિ જાંણ્યો એહ-નો મર્મ ૩૨૯
નર-નારી-ના ત્રેહ-ની વાત સમણે નવિ જાંણુ સાક્ષાત
એ કરમ જે-કો આચરેં કબુલ ન્યાય તમારો કરેં ૩૩૦
બીજી ચાતુરી મુંજ-માં ઘણી અજા બુિ બુધ્ય એ વિદ્યા-તણી '

વિક્રમ કહેં 'સાંભલ એં નારિ હુ ઉભો હતો તે ઠાર ૩૩૧
એહુ બે-મા કુંણ જુઠું હસ્યેં એહ-નો ન્યાય તે કો-થી થસ્યેં
પૂછી જોઉ છું ઠારોઠાર નથી પ્રીછતો એહ-નો પાર ૩૩૨
તમ્યો બેં દીસો ડાહ્યાં ઘણું વચન કહો મુઝ સ દેહ-તણું
મન જાંણો નેં ન કહો મુ-નેં તો ગૌહત્યાદિક પાતિક તું-ને ' ૩૩૩

દુહા

પ્રેમદા કહેં ' પંથી સુંણો સંમ ખાધા તે ફોક
એહ-માં નવિ જાણુ અમ્યો પુછો જઇ કો લોક ' ૩૩૪
વલતી વનીતા બીજી કહેં ' સાચું કહુ આ ઠાય
સાચો બ્રાંમણ બાપડો ધુતારી તે નાય ' ૩૩૫
સુખ સમતુલ્યેં ભોગવ્યુ આપ્યા પ્રીત્યેં પંચાસ
લોભ-તણુ કારણ કસ્યું સો-તણી સી આસ્ય ૩૩૬
રસોઇ લાવ્યો એક જણુ જમવા એકલો 'લાગ
બીજો આવી તેહ-માં ભલેં તો આપેં તેહ-નો ભાગ ૩૩૭
ન્યાય તે સાં-નો ચુકવ્યો એહ-માં સી વઢવાઢ
દીસેં વાંક તે નારિ-નો રાંડ કરેં છેં રાઢ ૩૩૮

આહાર તો બમણો નારીને   લજા ચોગુણી હોઇ
આઠ-ગણો તો કાંમ છે   આપ વિચ્યારી જોઇ   ૩૩૯
નીસરી જાઇ નારિયો   વિનીતા કરે વિલાપ
કાંમ ઘણેરા કાંમિની   વેદ-પુરાંણે છાપ'   ૩૪૦

ચોપઇ

ઇમ કહી તે નારી રહી   પંથી-ની તો ચિંતા ગઇ
'સ્યાબાસ' કહીને તે તો રહ્યો   પ્રતીઉત્તર વલતો તે કહ્યો ૩૪૧
'આંણીઇ તો નથી દીઠું સુખ   આ સમજે છે સઘલું સુખ'
તે વાત સહુ-કો-ને ગમી   પ્રદક્ષણા દેઈ પાગે નમી ૩૪૨
'તમે બોલ્યા તે વાંણી વેદ   મલી ચાતુરી ભાગો ભેદ
હું તો દાસી થઈ તમે-તણી   તુંમ-માંહે ચતુરાઈ ઘણી' ૩૪૩

પ્રધાંન-પુત્રી ચતુર-સુજાંણ   'જે પુછું તે વખાંણો વાંણ
તેહ-નો પ્રતિઉત્તર દીજીઇ   છત્યા-કેરો જસ લીજીઇ' ૩૪૪
નૃપતી કહે 'સુભ નારી સુંણો   ભારે વાત ગમે તે ભણો
અમ્યો પંથી મારગડે જાઉ   ઘણું કાંમ છે ખોટી થાઉ' ૩૪૫
પ્રધાંત-પુત્રી પાગે નમી   ગુંણની વાત રુદે-માં ગમી
'પુછું વાત સંખેપે આજ   કહેંતા તો આવે છે લાજ ૩૪૬
પુછું વાત તમ-ને એક કથી   મન-નો સંદેહ ભાગતો નથી
સહુ-થકી મોહોટા માહાદેવ   કરે દેવ સનકાદિક સેવ ૩૪૭
નારાયણ-સરખા નર નમે   બ્રંમાદિક તો ભુલાં ભમે
આઘ નિરંજન પુરુષ પુરાંણ   વેદ ભણે મુખ ચ્યારે વાંણ્ય ૩૪૮
સરજીક પાલક સંઘારક જેહ   ત્રીગુણ રૂપ નાંમે છે એહ
પારવતી-પતિ ભોલોનાથ   અષ્ટ સીધ્ય નવ નિધ્ય છે હાથ ૩૪૯
તે કિંમ પુજાવે છે લીંગ   રૂડા પુરુષ-તણો સ્યો રંગ
સર્વ દેવ પુજાવે શીશ   લીંગ પુજાવે આપે ઇશ ૩૫૦

સ્વર્ગ મૃત્યુ પાતાલેં ઠાંમ ડાહ્યા પુરુષ-તણાં એ કાંમ
લિંગ ઠાંમ લગ્ન-નુ ઘણું કરે પુજન સહુ-કો તેહ-તણું ૩૫૧
પ્રથમ પુછું છું .એટલું જ્ઞાંન તમ-માંહિં કેટલુ
સંદેહ એક સંભલાવો કર્ણ વલતા પ્રશ્ન પુછીસ્યુ ત્રણ ' ૩૫૨

દુહા

વિક્રમ કહેઃ શાંમા સુંણો એક ભલો મહીમાય
એક વાત વખાંણતે પાપી પાવન થાય ૩૫૩
ઘણુંક રે'હે ગોદાવરી સિંહ-ગુરુ-માં નાહાય
તે શીવ-મહિમા સાંભલે પલ-માં પાવન થાય ૩૫૪
શીવ-મહીમા જે સાંભલે પવિત્ર થઈ પરસંન
સ્નાંન ભાગીરથી-ગંગ-નુ રેવા-નું દરસંન ૩૫૫
બ્યપુ પાડે જઈ વેણીઈ કરવત કરે કેદાર
તે ફલ પાંમે સહજ-માં એ શીવ અપરંપાર ૩૫૬
ગુંણે કાવડ ગંગોતરી સમપે સીવ-ને શીશ
તે ફલ પામે સહજ-માં જો આરાધે ઈશ ૩૫૭
પ્રથવી-પ્રદક્ષણા જે કરે હિમે ગાલે હાડ
તે ફલ પાંમે સહજ-માં શીવ પ્રીછે તે પાડ ૩૫૮

શીવપુરાંણ-માંહે કથા સાંભલી રૂડી રીત
કાંમની તુઝ-ને તે કહું પ્રેંમ ઘણેરી પ્રીત ૩૫૯
સ્તુતિ-ન થા છે શીવ-તણી ગુજય ઘણેરી હોય
મહીમા મુરખ-આગલે કે'હે'સ્યો માં જન કોય ૩૬૦
વંદે તે વેકુંઠ પાંમસ્યે નીશ્ચે કરો નીરવાંણ
નંદે તે નરકે જસ્યે પડસ્યે રૌરવ-ખાણ ૩૬૧
એક અજોનિ ઈશ છે આદ્ય-થકી છે આદ્ય
બ્રહ્મા-થકી જે બ્રહ્મ છે નિર્ગુંણ સગુણ-ની હદ્ય ૩૬૨

લિંગપૂજાની ઉત્પત્તિ

ચોપઇ

પંથી કહે : સુણ સ્યામા વાંણિ	મીઠો પ્રશ્ન જોડીનેં બેં પાંણિ
વિચ્યાર કર્યો વિષ્ણુંઇ એક દિન	માયા-રુપ-માં પડિયું મંન ૩૬૩
'નિત્ય કરે' છેં જેહ-ની સેવ	તે મોહોટો કહેંવાય માહાદેવ
મીહું આજ હું એહ-નો પાર	જોયું સોધ્ય શીવ-તણો સાર' ૩૬૪
અતલ નીતલ વીતલ છેં જિહાં	સુતલ પાતાલ તલાતલ તિહાં
ગમ્ય-સુધી ગયા તે શરણ	ચતુરભુજેં દીઠાં તિહાં ચર્ણ ૩૬૫
પાર ન પાંમ્યાં હેતેં હરી	પ્રીતેં ચરણ-ની પૂજા કરી
પાતાલ-લોકેં પુજાઇ ચર્ણ	જિહાં વસેં દેવતાઇ વર્ણ ૩૬૬
મૃત્યુ-લોક તિહાં-થી આવિયા	શીવ-ભક્તિ લેખેં લાવીયા
નાવ્યો પાર શીવ-કેરો સંગ	અરધ અંગેં નિરખ્યુ છેં લંગ ૩૬૭
પાગ્ય લાગીનેં પૂજા કરી	લેંગ-ભક્તિ મન-માંહે ધરી
સાક્ષાતંકાર વીષ્ણુ-કેરો સંગ	માંનવ સહુ પૂજેં એ લેંગ ૩૬૮
જોઉ ઉંચા છેં શીવ આકાસ	પાર લેવા ચાલ્યા તે પાસ
ભુર ભુવર મહર-લોક-માંહે	સ્વર જન તપ સત્ય-લોક છે તાંહે
સ્વર્ગ-થકી ગત્ય ઉંચી ઘણી	જોઈ ચરચા શંભુજી-તણી ૩૬૯
તોહે પાર ન આપે ઈશ	સ્વર્ગ-લોક પુજાઇ સીસ
વિષ્ણું પૂછ પાછા વલ્યા	મહીમા ઈશ-તણા નવિ કલ્યા ૩૭૦
પાતાલ પગ મૃત્ય-લોકેં લિંગ	સ્વર્ગ-લોક શીવ-મુસ્તક સંગ
પ્રથવી કેરૂં જેહ-નેં પીઠ	સાત સમુદ્ર તો કુખેં દીઠ ૩૭૧
રોમાવલી તો ભાર અઢાર	એહ અગોનિ અપરંપાર
એ તો જે દિન સૃષ્ટી થઈ	વાત તે દાહડાની કહી ૩૭૨
સ્વર્ગ મૃત્યુ પાતાલેં સંગ	ચૌદ લોક પુજેં સહુ લંગ
દેવી લખમી નેં સરસ્વતી	બ્રંમાદિક નેં કમલાપતિ ૩૭૩
વેદ વિપ્ર સોભા-ના સંગ	સકલ લોક પૂજેં છેં લંગ
પુરાંણ-થકી મીહું છું અમ્યો	કહ્યુ તે ચીત ધરી લ્યો તમ્યો ૩૭૪

એક સમે એ અકલ-સ્વરુપ બેંઠા કૈલાસેં ભોલો ભુપ
બેંઠા છે આપેં એકાંત ઉપની મન-માં ભારે ભ્રાંત ૩૭૫
નંદી ભૃંગી છેં તે-પાશ સોભી રહ્યો છેં ગિરિ કૈલાસ
સહસ્ત્ર અઠયાસી ધરેં છેં ધ્યાંન ત્રિદશ દેવ સહુ દેં છેં માંન ૩૭૬
ચોસઠ જોગણી જોડેં હાથ સ્તુતિ કરેં બેંઠી શીવ-સાથ
આરતીયો વાલેં છેં ઇંદ્ર નીલવટ ઝલકેં છેં ચંદ્ર ૩૭૭
કોટિ રવિ પૂર્ણ પ્રકાશ સોભેં એહવો ગિરિ કૈલાશ
પંચવદન ઝલકેં છે જિહાં ત્રિણ નેત્ર શોભે છેં તિહાં ૩૭૮
વાધાંબર અતિ અંગેં ધર્યું તિલક ભાલ વિભુતિ કર્યું
કર્પુરાકૃત ઉજલ શુભ વાંન ઓંકારસ્તણું અહોરાત્ર વિશાંણ ૩૭૯
અધનાશા છેં એહનુ નાંમ કોટિ-કોટિ લાજેં છેં કાંમ
બેંઠા સીવ રાજસની રીત્ય પારવતી-સંગેં બહુ પ્રીત્ય ૩૮૦

વાત કરંતેં વાદ જ થયો અહંકાર બોલ કાંમનીઇ કહ્યો
શીવ કહેં 'નર-વશ્ય નારી હોઇ એહ-માં ભ્રાંત્ય ન રાખો કોઈ' ૩૮૧
કહેં પારવતી નાંમી સીસ 'મોહોટા છો અજ્યોની ઇશિ
નારિ-નેં વશ્ય નર તો જાંણ પરગટ બાધે સર્વ પુરાંણ' ૩૮૨
સિવ કહેં 'માહરેં જાવુ વંન તપ આરાધું જાંણે મંન
ગિરિ કૈલાસ કરું હું તાજ્ય ધરું ધ્યાંન તપ કેરેં કાજ ૩૮૩
સંસાર-સાર-માં મોહોટું ધર્મ તેહ-થી અધિકું તપનું કર્મ
તપ-થી અધિકું સાર જ નથી ફરી ફરી શ્યુ કહીઇ કથી ૩૮૪
સુખેં તમ્યો રહેંજ્યો બારણેં અમ્યો તો જાસ્યું તપ-કારણેં"
જગત-પાવનીએ જોડ્યા હાથ બોલ્યાં સ્યાંમા શીવ-સાથ ૩૮૫
'તપ-જોગ નથી તિહાં કોય ગ્નાંનદ્રષ્ટી વીચ્યારી જોય
પાંચ ઇંદ્રી-માં જે પરધાંન કાંમદેવ સહુ-થી બલવાન ૩૮૬
જાણ્યે કહાવેં આપ અનંગ કરેં તપ-કેરો જઇ ભંગ
કાંમ-જીત જે નર કહેંવાય નથી સરજ્યો સૃષ્ટી-માહિં ૩૮૭

વારંતામાં વન-માં જસ્યો   ખોયો ભાર કાંમાતુર થસ્યો '
કહ્યું એમ ઉમા શાંણિઇ   ' તપ જાસ્યેં વહેંતેં પાંણિઇ ૩૮૮
તાહરેં વલતા કોપ્યા ઈશ   પગ-ની ઝાલ લાગી સીસ
' મું-નેં કાંમ પાપી સ્યું કરેં   પંચ ઇંદ્રી તો દેખી ડરેં ૩૮૯
માયા નવિ લોપેં મુઝ અંગ   રાચું નહી રંમા-નેં રંગ '
પારવતી કહેં ' કહું સ્યું કથી   મોહોટું કો માયા-થી નથી ' ૩૯૦

ઈશ્વર ગયા તપ કરવા કોડ   પાડી પ્રીતિં પારવતી-હોડિ
પ્રઢ થઈને માંડયું તપ ધ્યાંન   આંણી આપ અહંકેરુ ગ્નાંન ૩૯૧
માસ ચ્યાર ગયા જેટલેં   વસંત રુત આવી તેટલેં
પાંચ-ગણો પુરુષ નેં કાંમ   સ્રીનેં સોલ-ગણો તે ઠાંમ ૩૯૨
ફૂલી વનસ્પતિ બહુ વંન   માહા-માયાઈ વિચ્યારું મંન
' આજ ઉપાસું એહ અનંગ   ભોલા-નો કરું તપ-ભંગ ' ૩૯૩
એહવું જાંણી આંણ્યું હેજ   તેડયો કાંમ ઉપાસી તેજ
પ્રદક્ષણા દેઈ પાગે નમ્યો   સઘલો શોક શીવા-નો સમ્યો ૩૯૪
' સ્યે કામેં હું તેડ્યો આજ   કાંયક દ્યો સેવક-નેં કાજ '
પારવતી કહેં ' વેગેં જાયો   શીવ-સરીર-માં પરગટ થાયો ૩૯૫
છલ પાડો પરિભ્રમ-ને પેંર   વિણુ-તેડ્યા સિવ આવેં ઘેંર
લજા પાંમેં ભોલોનાથ   તો સ્નેહ કરેં અમારેં સાથ ' ૩૯૬
કહેં કાંમ ' સાંભલ રે માત   જગત-પતી જગત-નો તાત
કદાચિત જો રીસ જ ચઢેં   તો નિશ્ચેં ઘાટ અમારો ઘડેં ૩૯૭
તાહરેં હું કો-પાસેં જાયુ   દે શ્રાપ તો દુખીયો થાયુ '
કહેં પારવતી ' સાંભલ કાંમ   તાહરું નહિ લેવા, દેઉ નાંમ ૩૯૮
માહરી માયા-ની નાંખું જાલ   જેહ-નેં લોપી ન સકેં કાલ
દેહ માયા વ્યાપેં જેટલેં   પ્રવેશ કાંમ કરો તેટલે ' ૩૯૯

એહવું કહેંતાં આંણી ધીર   ગયો કાંમ ગંગા-ની તીર
શીવ બેઠા છેં આસન કરી   ધ્યાંન એક-ચીતેં-થી ધરી ૪૦૦

વસંત-રુતુ-નો વાયુ વાય　　કાંમ-વસ નર-નારી થાય
નીરમલ પુરુષ ઉઘાડે નેંન　　વસંત રત્ય-નાં વ્યાપાં ચેંન ૪૦૧

એક વાત ઈહાં-થી રહી　　કૌતુક વાત એક બીજી થઈ ૪૦૨

દુહા

ગંગા-ત્રટ પાવન ઘણી　　ગુહારણ કેંહેંવાય
સહસ્ર અઠયાસી રૂષિ મલી　　તપ કરે છે ત્યાંય ૪૦૩
આપ આપણા આશ્રમ-વીષેં　　ધ્યાન ધરેં નિજ ધર્મ
ઈષ્ટદેવ-ઉપાસના　　સાચવે નીત્ય ખટ-કર્મ ૪૦૪
રુષી-પત્ની તેત્રતેત્રડી　　સતિ-સીરોમણ સાર
વર્ત હુંતું એકાદસી　　સહુ મલ્યાં તે ઠાર ૪૦૫
આભ-થકી જિમ આભલાં　　વૃષા-રુતુ-માં થાય
રુષી પત્ની ઘેંર-ઘેંર-થી　　ગંગા નાહવા જાય ૪૦૬
નારી નાહવા નીસર્યાં　　આવ્યા ગંગા-તીર
પરમેશ્વર-નેં પરણમ્યા　　નાહાયાં નિરમલ નીર ૪૦૭
દંડવત્ત રવિ નેં કર્યાં　　વનફુલ પેંહેંર્યાં અંગ
મન-ઉછાહ મલવા-તણો　　મલ્યાં માંનની રંગ ૪૦૮
વસંત રાગ આલાપીયો　　પરિબ્રંમ-ઉપરિ પ્રીત
વર્ણવ કરેં વિશ્વનાથ-નુ　　ગાઈ ગુંણ-રસુ ગીત ૪૦૯
સ્વરઈ સ્વર આલાપ-માં　　વિવધ પ્રકારેં ફાગ
સાસ્ત્ર-વિષે જેહવો ઘટેં　　તેહવો કીધો રાગ ૪૧૦
ફરેં ફુદેં સહુ ફુદડી　　હંબોરા લે હાથ
કલોલ લોલ લખ્યણ કરેં　　સખી સહુ-મા સાથ ૪૧૧

ચોપાઈ

અંતસ્કરણ-માં પુરણ પ્રીત　　રુષી-પત્નીઈ ગાયા ગીત
સ્વર સાંભલ્યો સદાસિવેં કાંન　　ધ્યાંન ધરે બેઠા લિંહા રાંન ૪૧૨

અમૃત-થી મીઠું લાગીયું કાંમ-બાંણ હરદે વાગીયું
આંખ્ય ઉઘાડી નીહાલી જોય નારી નામ ન દીઠું કોય ૪૧૩
મોહ પાંમ્યા સાભલતે રાગ કાંમદેવે જોયો છે લાગ
નેત્રે થઇને પેઠો તેહ અજીત-નાંમ કહેવાઈ જેહ ૪૧૪
અંગોઅંગે વ્યાપ્યો કાંમ ઉઠયા સીવ તજી તે ઠાંમ
ગ્યાંન ધ્યાંન પોતે પરિહર્યું વન વિજયા-નું ભક્ષ જ કર્યું ૪૧૫
મન ગયું તે નાર્યો-ભણી ન રહી સુધ્ય તે વસ્ત્ર-જ-તણી
જટાધારી ને અંગ ભભુત ચાલ્યા જિહાં જુવતિ-નું જુથ ૪૧૬
રુષી-પત્ની ગાઇ છે ગીત પ્રભુ પધાર્યા આંણી પ્રીત
આદ્ય નીરંજન પુરુષ પુરાંણ જેહ-નું વેદ કરે વખાંણ ૪૧૭
તે સરિખો ભોલવાયો ભુપ માહા-માયા એ અકલ સ્વરુપ
ગ્નાંન આપ રુદે આંણજ્યો માહા-માયા મોહોટી જાંણજ્યો ૪૧૮
પારવતી-ની માયા જેહ વશી રુષી-પત્ની-ની દેહ
તેણે તેહ-નો વાધ્યો વેશ કાંમે કીધો તિહાં પરવેશ ૪૧૯
ઉમયા આપ અંતર-માં વશી ન રહી બ્રાંત્ય નારિ-ને કસી
તે-મધ્યે આવ્યા મહારાજ નીરગમી આપ રુદે-થી લાજ ૪૨૦
તાલી પાડે કુંડે ફરે તાંડવ-નૃત્ય નિરવાંણી કરે
અંગ-માંહે પ્રગટયો અનંગ બીજું આપ ઉઘાડું અંગ ૪૨૧
સ્ત્રી-સમીપે ઉમયા વસ્યાં શીવ-સાંમું જોઈને હસ્યાં
કોટિ અરુણ-જેહવું છે તેજ સહુ જુવતિ-ને વાધ્યું હેજ ૪૨૨
વચ-માં નાચે ભોલેનાથ તાલી દેઈ લે સ્ત્રી સીવ-સાથ
કો કહે 'એ મોહોટાં મહાદેવ તેણે કરીઇ એહ-ની સેવ' ૪૨૩
કો કહે 'મેહલો આલિયે' નગ્ન-રુપ તે કિમ નાહાલિયે'
કો કહે 'આનંદી એહ નીરમલ જાંણી આંણો નેહ' ૪૨૪
જેમ કૃષ્ણ-ને વસ્ય કાંમની તિમ ભોલવાઈ સહુ ભાંમની
પારવતીઇ નાખ્યો પાસ નવિ ઉલખ્યો કોણે અવીનાશ ૪૨૫

કાંમ-રૂપ દીઠા તે કાંમ વીભલ થઈ સહુ તેણેં ઠાંમ
શીવ ક્રીડા કરેં છેં વંન નારદજીઇં વિચાર્યું મંન ૪૨૬
સહુ રુષી-નેં પાસેં રહ્યા મરમ-બોલ કૌતકના કહ્યા
'રુષી-પત્ની નાહેં છેં ગંગ તિહાં તો થઈ રહ્યો છેં રંગ ૪૨૭
જોગી-સાથેં રામા રમેં તેહ-ના સુંણુ તમ-નેં કિંમ ગમે''
આગલ-થી જે નંદ્યા કરી તે ફરી રુષીઇ પૂજા કરી ૪૨૮
સ્તુતિ-વચન જે દેવેં કહ્યાં તે શીવપુરાંણ-માં લેખેં લહ્યાં
તે કહેતાં તો કલપ જ થાય સખેંપેં સમજો મહીમાય ૪૨૯
રુષી ચાલ્યાં સહુ રુડી પેંર તેડવા ઘરુણી-નેં ઘેંર
આલીગાલી બ્રાંમણ-ની જાત્ય સુણતાં ધાઈ બાધી નાત્ય ૪૩૦
જ્ઞાંન આપ રુદેં-માં નવિ ધરેં 'મારો મારો' સહુ-કો કરેં
આવ્યા સહુ ગંગા-ની પાસ જિહાં શીવજી કરેં છેં હાસ્ય ૪૩૧
નગ્ન સરીર દીઠું તેં-તણું લાગું દુખ રુષી-નેં ઘણું
રુષી-પત્ની-ને ખબર જ નથી આંનંદ-રુપ કહું સ્યું કથી ૪૩૨
પારવતી-ની માયા ઘણી ભુરકી નાંખી છેં મોહ-તણી
કાંમ-વસ્ય કરુણાનિધી હોય તેહેં દ્રષ્ટ ન દીઠા કોય ૪૩૩
'મારો મારો' કરેં સહુ રુષી તિમ તિમ શીવજી થાઈં સુખી
કો છાંટેં ગંગા-નું વાર કોયે રેણું ઉડાડેં છાર ૪૩૪
વલી જ્ઞાંન રુદેં-માંહેં એ થાય 'જાહો જે ઘેંહેલો નાશી જાય'. -
રુષિ કરેં જિમ અધિકો પ્રહાર શીવ-ના મન-માં નાવેં ખાર ૪૩૫
રુષી-નેં મન કોપ જ ઘણો શીવ-નેં થાઇ ઉલટ તેહ-તણો

તાંમસ એક રુષી-નો બાલ તેહ-નેં આવી પ્રગટ્યો કાલ ૪૩૬
કર્યો ક્રોધ મન તેણેં આપ દીધો શ્રી ઈશ્વર-નેં શ્રાપ
'નાગો થઈ નારી-માં રમેં દેવાંગ્રી રુષી-નેં દમેં ૪૩૭
દેખેં માતા મ્હારી બેંહેંન કિમ દેખી સકું તે ચેંહેંન
સત્ય વચન માંને મ્હારુ ત્રુટી લિંગ પડો તાહરું' ૪૩૮

એહુવો બોલ સ્યુંહુયો છે કર્યું ત્રુટી લિંગ પડયું તે ધર્ણું
મન-થી પારવતીઈ કહ્યું તિહાં-થી જાંહુય સહુ-કો-નેં થયું ૪૩૯
પંચવદન દીઠા જે ભુપ ઓલખ્યા આપેં અકલ-સ્વરુપ
થયું રુષી-પત્નીનેં જાંણુ 'એ માહારાજા પુરુષ પુરાંણુ' ૪૪૦
સ્તુતિ કરી જોડ્યા સહુ હાથ દિન વચન બોલ્યા સીવ-સાથ
'અમ-માં મોટું મુરખપણું રુપ ન જાંણ્યુ ઈશ્વર-તણું' ૪૪૧
એહ વાત તો ઈહાં-થી રહી શીવ-અંગેં બહુ વ્યાધિ થઈ
વેદના જેહવી લખ્ય વીંછી-તણી તેહ-થી વૃથા ઈશ્વર-નેં ઘણી ૪૪૨
એહ લેંગ જે થાંનક જાય પ્રથવી-સહીત સહુ પ્રલેં થાય
એકેં સ્થાંનક તે નવિ ઠરેં જિહાં જાઈ તિહાં પ્રલે કરેં ૪૪૩
પ્રથવી જવા માંડી પાતાલ ડોલી પડેં દસેં દિગપાલ
ત્રુટાં નીર સહુ નદિયો-તણાં વિઘન થયાં પ્રથ્વી-માં ઘણાં ૪૪૪
સલસલ્યા સેષ નેં પૃષ્ઠ ધરા ગ્રહુ-ગણ તારા નેં ખેચરા
બ્રમાંડ જાંણે ત્રુટી પડયું સંકટ સહુ-નેં આવી અડયું ૪૪૫

મલ્યા એકઠા બ્રમા નેં ઈંદ્ર વરુણ વાયુ રવિ નેં ચંદ્ર
બીજા તેત્રીસ સર્વે દેવ વિષ્ણુ-સહીત કીધી સેવ ૪૪૬
જલ-થલ સઘલે લાગી આગ નહી કોહો-નેં રહા-ની જાગ
'ક્ષમા કરોજી ભોલાનાથ બુડતાં સહુ-નો ઝાલો હાથ ૪૪૬ ક
સહુ જન-નેં સંકટ થાય છેં સૃષ્ટી તો દેંહેંવટ જાય છેં
કરતા કરતા હો જી તમ્યો તેહ-માં સ્યું વખાણું અમ્યો' ૪૪૭
શીવજી કહેં 'સ્યું કહીઈ કથી એહ-માં વાંક રુષી-નો નથી
અનંગ-વશ્ય થયો જે આપ તે-માંટે પાંમ્યો છું શ્રાપ ૪૪૮
કટકા લેંગ-ના થયા છે બાર નથી રહેંતા ઠરીનેં ઠાર
પ્રલેં કરેં છેં આડેં આંક સ્યો એહ-માં અમારો વાંક ૪૪૯
ધ્યાંન સહુ-કો સક્તિ-નું ધરો આવાહન અંબા-નું કરો'
ધરણીધરેં ધર્યું છેં ધ્યાંન દેવતાઈ દીધાં બહુ માંન ૪૫૦

સ્તુતિ અલેખેં અધકી કરી　　ત્રુઠાં છેં ત્રિપુરાસુંદરી
દેખી દેવ સહુ પાગે નમ્યાં　　સોક-સંતાપ સહુના શમ્યા ૪૫૧
કરુણાનિધી પાંમ્યા જે કષ્ટ　　તે ઉમયાઇ દીઠું દ્રષ્ટ
દ્વાદશ રુપ પોતાનાં કરી　　દ્વાદશ ઠાંમ પોતે પરવરી ૪૫૨
શક્તિરુપીયુ આમન કર્યું　　શીવ-લિંગ યોનિ-માં ધર્યું
શીવ-શક્તી બેં એક સ્વરુપ　　સુખ પાંમ્યા તે ભોલો ભુપ ૪૫૩
અગ્ની સમ્યો તે શીવજી-તણો　　ઉલટ થયો ઉમયા-નેં ઘણો
કોપ કરી રુષીઇ કાપીયુ　　વેદ-મંત્રે સ્થિર થાપીયું ૪૫૪
જયોતિ-લિંગ છેં બારેં નાંમ　　સ્થિર થાવર રહ્યાં તે ઠાંમ
શીવજી કહેં ‘કારજ કીજીઇ　　કાયક દંડ કાંમ-નેં દીજીઇ’ ૪૫૫
કહેં પારવતી નીરમલ નેહ　　‘માહરો મોકલ્યો આવ્યો એહ
કોય લેઈ સકેં નહી નાંમ　　અજીત કરો તેં ‘દાઢેં કાંમ’ ૪૫૬
શીવ-નેં પાસેં આવ્યા રુષી　　ગદગદ-કંઠ થયા તે દુખી
અમ્યો ઇશ-નેં દીધી ગાલ　　કીધો પ્રહાર ચઢ્યો બહુ કાલ ૪૫૭
એહ વાતેં નરક-નો ઠાંમ　　પાપ-છુટકો કોહોનેં કાંમ’
શીવ શક્તિ બોલ્યા છેં બેંહ　　‘દેવરુપ છો બ્રામણ-દેહ ૪૫૮
આપુ વરદાંન હુમેં-થી હોડ　　ક્રિપા કરી પોહોચાડું કોડ
પૂજો સહુ રુડેરી પેંર　　શીવ-લિંગ થાપો ઘેરેં ઘેર’’ ૪૫૯

લેંગ પુજી નવિ જાંણિયો　　ભટક્યો ભવ-માં તે પ્રાંણિયો
સ્વર્ગ મૃત્યુ પાતાલેં સંગ　　પુજેં સહુ શીવ-નું લેંગ ૪૬૦
લિગ તે છેં પરમ જ ઇષ્ટ　　લિંગ-થકી થઇ બાધી સૃષ્ટ
લિંગ ઈશ્વર નેં લિંગ જ દેવ　　લિગ-વિના બીજી સી સેવ ૪૬૧
જટાધારી તે જયોની રુપ　　લિંગાકાર તે ભોલો ભુપ
પ્રથવી-પીઠ તે યોની પાસ　　ઉપર લેંગ તે તો આકાસ ૪૬૨
અણુ-માત્ર ઠાલો નહી ઠાંમ　　લિંગ-ભગાકારી બેં નાંમ
રોમ-રોમ શીવ વ્યાપી રહ્યા　　ભગ-લેંગ-સ્વરુપેં થયા ૪૬૩

નંઘા એહે લેંગ-ની કરે — કોટિ કલપ નરકેં અવતરે
પુજી લેંગ ને લાગે પાય — સ્વદેહે શીવ-લોકેં જાય ૪૬૪
જે નર-થી લેંગ-પુજન થયું — તેહ-નેં બાકી સ્યુ રહ્યું
લિંગ-પૂજન કરે નર-નારિ — સફલ કર્યો તેણે અવતાર ૪૬૫
લિંગ પુજીયું કોડે કલ્યું — પુજન ત્રિદશ-કેરૂં વલ્યું
લિંગાકાર જગત-નો તાત — ભગાકાર માહા-માયા માત ૪૬૬
એહ-થી પ્રગટ્યાં એહ-માં લીન — એહ-થી ડાહાપણ એ-થી દીન
લેંગ જેની વિના નર હોય — એહવો એક દેખાડો કોય ૪૬૭
કહેવા-માત્ર કથાંતર ઘણું — વધતુ પુન્ય લેંગ-પુજન-તણું
આદ્ય સ્રષ્ટી-તણું મંડાંણ — જ્યોની-લેંગ પરઠાં પરમાંણ ૪૬૮
એહ-માં સાં-નો સંદેહ રીઝ — લિંગ સકલ સૃષ્ટીનું બીજ
સીવપુરાંણ-અનુસારેં લહી — તે મેં એહ વાંણિ કહી ૪૬૯

દુહા

એ પ્રતિઉત્તર અમ-તણો — કાંમની સાંભલ્ય કર્ણ
અમ્યો તો પંથેં પરવરું — તો પ્રશ્ન તું પુછેં ત્રણ ૪૭૦
પાગ લાગી તે પદ્મની — 'પુછું તમ-નેં મર્મ'
પાખંડ-ઉપર પ્રીતિ નહી — મુઝ-નેં વાહલો ધર્મ ૪૭૧
સાક્ષાતકાર જે વિષ્ણુ છેં — ભ્રમાં-સરિખો ભુપ
તેહ-નેં સહુ પુજેં ગોલો કરી — રુડું જેહનું રુપ ૪૭૨
નહી આકાર નહી પ્રતીમા — નહી મોહ માથું મેલ
સખો કરી પુજે સહુ — શાલીગ્રામ-સ્યું ખેલ ૪૭૩
નહી લાંબો નહી ટુંકડો — નહી નીચો નહી ઉર્ધ
નહી સુક્ષ્મ દીરઘ નહી — નહી લઘુ નહી વર્ધ ૪૭૪
ગોલમોલ ગોલો કરી — કરે પુજા-નાં કાંમ
આકાર તો એકેં નહી — વિષ્ણુ મોહોટું નામ' ૪૭૫

ચોપઈ

સ્યાબાશ રે સુંદર સુંદરી એહ પુછયેં-થી આંખ જ ઠરી
કોટિ જનમ-પાતિક કહેંવાય પ્રીછંતાં-માં પ્રલેં થાય ૪૭૬
ગજરાજેશ્વર પુરશ પુરાંણ કરતા હરતા વિવીધ વખાંણ
શીવ બ્રમાં તેહનેં નિત્ય રટેં નાંમેં બ્રમ-હત્યા અઘ મટેં ૪૭૭
જગત-કરતા જગત નું બીજ રુડી વાત-તણી જે રીઝ
જોગ્ય-પુરષ જલહલ જે જયોત તેજ-પુન્જ ઉદેં ઉદ્યોત ૪૭૮
તેહ-નેં સહુ-કો કહેં છેં ધાંમ જેહ-નો નાશ નહી નાંમ
નહી સ્ત્રી નહી પુરુષ-નું રુપ ત્રીગુંણ બ્રંમ ન જાંણે ભુપ ૪૭૯
સઘલેં ખરો નેં કહિંઇં નહી રમી રહ્યો સહુ-માં તે અહીં
બાવન-થી બાહિર પચવીસ થી પરો કહિંઇં નહી નેં સઘલેં ખરો ૪૮૦
નીરાકાર નેં શુભ સાકાર અખીલ મંડલ-માં જે આકાર
વરણુવ ન્યાય કરેં વિવેક આદ્ય નીરંજન વિષ્ણું એક ૪૮૧
સૃષ્ટી કર્યાનું છેં તે મંન પંચ મહાભુત નહી તે દીન
નહી પવન પાંણી આકાશ પ્રથવી તેજ નહી તિહાં પાશ ૪૮૨
તેહ-નેં ઇછા થઈ જ્યાહરેં ત્રીગુંણ-રુપ થયા તાહરેં
થઈ થકતી રાજસ-ગુંણ રીઝ થયા વક્ષ બાધા-નાં બીજ ૪૮૩
થયુ એક અધીકારી ઇંડ ભારેં થયુ ભારે બ્રંમાંડ
એક-થકી તો થયા અનેક વિવિધ પ્રકારેં વિવધ વિવેક ૪૮૪
અણુ-માત્ર ઠાલો નહી ઠામ રમિ રહ્યો સઘલા-માં ગંમ ૪૮૫

દુહા

ઇછા-થકી તો ઉપનુ સકલ લોક નેં દેવ
વિચ્યાર કર્યો ત્રણે ગુંણે 'શી કરવુ છ્યે મેવ ૪૮૬
નાંમ-રુપ નિરખ્યુ નહી એ કો અકલ-સ્વરુપ
કોણ પ્રકારેં પુજશું' કહેં હરિ-હર બ્રંહ્મા ભૂપ ૪૮૭

'કો ચતુર્ભુજ પૂજસ્યેં   કોયક પુજસ્યેં ઈશ
કોયક શક્તિ પુજસ્યેં   કો પૂજે' જુગદીસ   ૪૮૮
કો અગ્ની આરાધસ્યેં   કો તારા રવિ ચંદ્ર
એમ ઇષ્ટ-ઉપાસના   કો આરાધેં ઈંદ્ર   ૪૮૯
આપણુ ઈશ્વર જગત-ના   સહુ પુજેં સાકાર
આપણુ કોહો-નેં પુજસ્યું   નિરંજન નિરાકાર'   ૪૯૦

ચોપઈ

બ્રમા વિષ્ણુ રુદ્ર જ જંન   એ ત્રણ્યે વિચાર્યું મંન
'આપણે તો એક દીઠું ધાંમ   નથી જાંણુતા તેહનું નાંમ ૪૯૧
નવિ જાંણિઇ તેહનુ રુપ   નવિ જાંણિઇ બ્રાંમણ કેં ભૂપ
આપણો તો ઈશ્વર એહ   દીઠી નહી આપણે દેહ ૪૯૨
ધાંમ તેજ નેં જયોત્ય કહેંવાય   એહ-ની તે પુજા કિમ થાય
બ્રહ્માંડ બાધું ખોલી જોય   એ-વિણુ ઠાંમ એકેં નહી કોય ૪૯૩
જલ થલ પવન પાંણી આકાસ   વ્યાપિક વીશ્વ બાધેં પરકાસ
ધાતુ ધાન વનસ્પતિ-માય   ઠાલો ઠાંમ મલે નહી કાય ૪૯૪
કોણુ રુપ એ ઈશ્વર હસ્યેં   એહ-ની પુજા તે કિમ થસ્યેં
નીરાકાર નીરંજાંણી નેટ   ઠરી રહ્યા સાકારેં ઠેઠ' ૪૯૫

કલ્પના કલપ-સુધી તિહાં કરી   પણ બુધિ એકે ઠાંમેં નવિ ઠરિ
ત્રણ્યેં દેવ મલીનેં કહ્યું   'બ્રમાંડ ગોલાકારેં થયું ૪૯૬
બ્રમાંડ-રુપ એ ભારે ભુપ   કરી કલ્પના ત્રિગુંણુ-સ્વરુપ
ગોલાકાર એ તો આકાર   નાંમ નહિ એ તો નિરાકાર' ૪૯૭
સઘલેં રમી રહ્યો એ ઠાંમ   સહુ-કોયે ઠરાવ્યાં સાલિગ્રાંમ
'સાક્ષાતકાર એ તો છેં બ્રંમ'   મોટે પુરુષ વીચ્યારું મર્મ ૪૯૮
સાલીગ્રાંમ નાંમ જેહ-નું   ત્રીગુંણ પુજન કરેં તેહનુ
સાલિગ્રાંમ-ની ભગતેં ભલેં   સાક્ષાત ઇશ્વરની પુજા વલેં ૪૯૯

શાલીગ્રાંમ વિશ્નુ નેં ઈશ સાલીગ્રાંમ સ્વયેં જુગદીસ
શાલીગ્રાંમ તે સ્વયેં શક્ત શાલીગ્રાંમ તે વ્યાપિક વ્યક્ત ૫૦૦
શાલિગ્રાંમ તે તો સાકાર નીશ્ચેં એહ છેં નિરાકાર
એકે રુપ-માં એ તો નહી સકલ સ્વરુપેં વ્યાપિક સહી ૫૦૧
આદ્ય-નું આદ્ય જ્યોતિ-ની જ્યોતિ તેજ-નું તેજ અધીક ઉદ્યોત
રામ-નો રામ ઇશ-નો ઈશ શાલીગ્રાંમ તે શ્રી જુગદીશ ૫૦૨
મોહોટા પુરુષ-નેં ન જણ્યોમર્મ ત્રીગુણ આદ્ય પુજેં એ બ્રમ
કોટિ-કોટિ બ્રમાંડ જ કહ્યાં સાલીગ્રાંમ-રુપેં સહુ થયાં ૫૦૩
સમારથ સહુ પુજન જોય શાલીગ્રાંમ-સમો નહી કોય
સાલીગ્રાંમ-નેં જે નર નડેં કોટિ કલપ તે નરકેં પડેં ૫૦૪
સાલિગ્રામ-ની પૂજા કરેં સત્ય-લોકેં સ્વર્ગેં સંચરેં
શાલિગ્રાંમ-નુ લેસ્યેં નાંમ પામેં પંચ પદારથ ઠાંમ ૫૦૫
શાલીગ્રામ-સમો નહી દેવ શાલીગ્રાંમ-સમી નહી સેવ
કોટિ સાસ્ત્ર કહેં સ્યું કથી એ-સમાંન કો દૈવત નથી ૫૦૬
શાલીગ્રાંમ-મહીમા નવિ લહો અવતાર અફલ વાયુ-વત વહો
શાલીગ્રાંમ-ની પુજા-માટ ચ્યાર વેદ ભણ્યા લે વાટ ૫૦૭
શાલિગ્રાંમ ન સેવ્યો નેટ તે ગર્ભ ગળ્યો જનુનિ-પેટ
શાલિગ્રાંમ ન પૂજ્યો જ્યથા તે જનુની-ગર્ભ નહી સર્વથા ૫૦૮
તુલસી સમર્પિ નહી જે શીશ તેહ-નેં રુઠા શ્રી જુગદીસ
સાલિગ્રાંમ-નામેં નવિ નમ્યો તેણેં દેહ પોતા-નો દમ્યો ૫૦૯
સાલીગ્રાંમ-સ્યુ ન ધરી પ્રીત તે ડાહ્યો વાહ્યો રૂડી રીત
સાલિગ્રાંમ-સ્યું ન ધર્યો નેહ આંખ્ય છતેં આંધો નર તેહ ૫૧૦
શાલીગ્રાંમ ન જાંણ્યું સાર ઉઠી વાટચ તેહ-નો અવતાર
બ્રમાંડ બ્રંમ-તણો છેં ઘાટ શાલિગ્રાંમ પુજેં તે માટ ૫૧૧

પ્રધાનપુત્રીનો ત્રીજો પ્રશ્ન

દુહા

કાંમ્યની કહે 'કરુણા કરી   કોડે સાભલ્યુ કણું
મુરત્ય નહી બ્રમાન્તણી   પુછું પ્રશ્ન ત્રણુ ૫૧૨
ચતુર્ભુજ તો વીષ્ણુ-ના છે   શીવ-નુ લિંગ પુજાય
નહી બ્રહ્મા-ની પ્રતિમા   એ અચરત કહેંવાય ૫૧૩
ધાતા કરતા સૃષ્ટિ-નો   આદ્ય દેવ છે એહ
તેહ-નેં કો પુજે નહી   મોહોટો એ સંદેહ' ૫૧૪
'પ્રશ્ન પવિત્ર તેં પુછીયું   તેહ-થી પાવન થાઉં
અડસઠ તીરથ-થી અધીક   ઘર-માં ગંગા નાહાઉં ૫૧૫
કહ્યું છે બ્રંમપુરાંણ-માં   સાંભ્ય સ.સ દે સર્વ
સંખેપેં તે હું કહું   મેહેલો મન-નો ગર્વ ૫૧૬

ચોપઈ

હરી હર બ્રહ્મા જે, ભુપ   એ ત્રણ્યેંનુ એક સ્વરુપ
અધિક નુન્ય એહ-માં નહી કોય   વેદપુરાંણ સાશ્ર-માં જોય ૫૧૭
બ્રહ્મા-ની પુત્રી સરસ્વતી   નિરમલ-નાંમ મનોહર-મતિ
દેવાંગના-થી દીસેં વડી   ઘણે હેત કીરતારેં ઘડી ૫૧૮
દૈવત-સાર તે પૃથવી-તણું   તે-થી તેજ તે-માંહે ઘણું
અણું-માત્ર કલા-નો ભેદ   તેહ-ના ચ્યાર થયા છે વેદ ૫૧૯
આદ્ય-અનાદ્ય-થકી એ ગાત્ર   બ્રહ્મા-પુત્રી તે કેંહેંવા-માત્ર
તેણે મંન વિચ્યારું ખરું   'વર રુડો હોય તો વરું ૫૨૦
જો પરણાવેં માહરો તાત   તો તે વિશ્વ વખાંણેં વાત
કિમ લજાઈ મેં કહેંવાય   તે કિમ જાંણ્ય પીતા-નેં થાય ૫૨૧
બાલિક-માંહે ગણે છે એહ   નથી થતો પરણાવા નેહ
માટે દાખવું માહરું તંન   જો પીતા સમજે પોતા-નેં મંન' ૫૨૨
બેંઠા એક સમેં એકાંતિ   ભાંમનીયેં વીચ્યાંરી બ્રાંત્ય
પ્રકાસ કર્યું પોતાનું રૂપ   આવી બ્રમ-તનયા જિહાં બ્રમા-ભુપ ૫૨૩

બેંઠા સંધ્યા-વંદન કાજ   એકાંત્ય તાલી લાગી આજ
જિમ ઘંન-માહેં હોઇ વીજલી   પીતા-પુઠેં નારી નીકલી ૫૨૪
અકસ્માત અજુયાલુ થયું   ચૈત્યન જ્ઞાંન ર્હદેં-થી ગયુ
સંધ્યા-વંદન જોગેં જ્યાંમનિ   કટાક્ષ-દ્રષ્ટેં જોઈ કાંમની ૫૨૫
દેવાંગના દીઠી દેહ-નેં   વીર્ય-દ્રાવ થયો તેહ-નેં
ન રહ્યુ ધ્યાંન નેં બીજુ ધીર   અનંગ-વસ તે થયું સરીર ૫૨૬
પામ્યો મોહ અકલાંમણ ઘણી   પુત્રી દીઠી તે પેટ-જ-તણી
લજ્યા પાંમ્યા રાજ-સ્વરૂપ   બોલવાયો જે ભારે ભુપ ૫૨૭
'જપ તપ તેજ ને ગુંણ તો ગયુ'   સાંન વીચારી દુખડું થયુ
'ધીક અવતાર માહરુ જે નાંમ   ધીક ધીક પાપી છું એ કાંમ ૫૨૮
ધિક ધિક પુત્રી જે માહરી   ધીક ધીક બુધ્ય તરણી તાહરી
અચાનક આવી બારણેં   કોડેં પરણા-તણે કારણેં ૫૨૯
શ્રાપ અંતઃકરણ દેઉં અમ્યો   જનમ-જનમ કુંયારા તમ્યો
પરણવા-ની ન પોહોચો આસ   રહેં કુમારિ બારો માસ' ૫૩૦
એ શ્રાપ કલ્પાતે કહ્યો   લાક્ષણવંતીયેં મન-માં લહ્યો
મુખ-થકી મુંક્યો નિશ્વાસ   'નિશ્ચેં કીધી મુઝ નેં નિરાસ ૫૩૧
બુદ્ધિ-હીણ થયો તું બાપ   તો સાંભલજે માહરો શ્રાપ
હરિ હર બ્રંમા સરખા હોય   તેહ-માં તમ-નેં નવિ પુજેં કોય ૫૩૨
હરિ-હર-ની માંનતા હોજ્યો ઘણી   પુજાસ્યે માં પ્રતિમા તમ-તણી
જો તેં નિરમુખ મુકી મુ-નેં   રખે પુજતો કોઇ તું-નેં ૫૩૩
બાવના ચંદન બહેંક બરાસ   હરિ-હર પુજાસ્યે તે પાસ
ત્રિદશ દેવ સહુ જગ-માય   પ્રતિમા-રુપ થઇ પુજાય ૫૩૪
માહરા વચન-થી શ્રાપ જ હોય   બ્રહ્મા-નેં પુજો માં કોય'

માહોમાહેં દીધા શ્રાપ   પછાં વીમાંસણ બેટી-નેં બાપ ૫૩૫
કહે તેં સ્યુ કહેંવાઈ ગયુ   દુખ ઘણું બેં જણ-નેં થયુ
દેવ-તણાં વચન કિમ જાય   ત્રણેં લોક તો પ્રલેં થાય ૫૩૬

બ્રહ્મા ને સરસ્વતીએ પરસ્પર આપેલા વરદાન

દુહા

બ્રમા કહે 'ભુંડું કર્યું મેં દીધો તુ-નેં શ્રાપ
ક્ષમા કરો તે તો તમ્યો આપું વરદાંન જ આપ ૫૩૭
કુયારિ કુંયરી તમ્યો માહરૂં તુઝ-નેં માંન
પ્રસન થાઉ પરમેશ્વરી વારુ દેઉં વરદાંન ૫૩૮
મા તુ જેહનેં મુખ વસી મોહોટો જંન તો તેહ
વિદ્યા-થી જે વેગલો પશુ-કાષ્ટ-વત દેહ ૫૩૯
વિદ્યા મુલ એ મોક્ષ-નું તત્વ-તણું એ તત્ત
ધર્મ-મુલ વિદ્યા ખરી સાસ્ત્ર સકલ-નુ સત્ત ૫૪૦
વેદ-મુલ તે સરસ્વતિ કર્મ-મુલ તું માત
તુઝ-વિણુ આંધો આતમા તુઝ-વિણુ સુંની જાત્ય ૫૪૧
સાર શુભ સંસાર-માં વિશ્વ બાધા-માં વાસ
સદવિદ્યા શોભેં જિહા તેહ-ની લખમી દાસ ૫૪૨
વિદ્યા-વસ્ય સહુ દેવતા વીદ્યા-વસ્ય કુલ કર્મ
વીદ્યા-વસ્ય તે ઇષ્ટ છેં વીદ્યા-વસ્ય ધન-ધર્મ ૫૪૩
બ્રમા વીષ્ણુ રુદ્ર જે અનગી મન અહંકાર
તે સહુ વસ વિદ્યા-તણેં આધપત્ય અપરંપાર' ૫૪૪

ચોપઈ

વરદાન પાંમી શ્રી સરસ્વતી જેહ-ની મનોહર નિરમલ મતી
'પીતા શ્રાપ-અનુગ્રહ કરું અવિચલ વાંણી આગલ ધરું ૫૪૫
તેત્રીસ કોડ બીજા સહુ દેવ કરેં સહુ પ્રતિમા-ની સેવ
કો પાષાંણુ કો કાષ્ટ પુજાય કો સપ્ત-ધાતુ પીતલ-નુ થાય ૫૪૬
કો સોનેં રુપેં મુહુરતિ હોઇ પ્રત્યક્ષ પુજાઇ નહી કોઇ
મૃતુલોક-માં જે માનવી સ્વર્ગ-પાતાલેં દેવ-દાંનવી ૫૪૭
તે સંહુ પ્રેમ ઘણેરો ધરેં પ્રત્યક્ષ માહારિ પૂજા કરેં
બ્રામણુ લે તમારું રૂપ તેહ-ને પુજસ્યેં ભારે ભુપ ૫૪૮

એ પ્રત્તક્ષ પૂજા તમ-તણી   જગત બાધા-માં વ્યાપે ઘણી
બ્રાંમણ બ્રમા બ્રાંમણ ઈશ   બ્રામણ તે હોઈ જગદીસ ૫૪૯
બ્રાંમણ સુરજ બ્રાંમણ દેવ   બ્રાંમણ અગ્નિ સદગુરુ સેવ
બ્રામણ તીરથ બ્રાંમણ નીર   બ્રામણ ધર્મ કર્મ ધીર ૫૫૦
બ્રાંમણ-નેં જે માણુસ ગણે   સુકૃત સત જન્મ-નુ હણે
દેવ-ના દેવ બ્રાંમણ-જાત્ય   બ્રામણ ઈશ્વર સ્વી પરભાત્ય ૫૫૧
બીજાં તીરથ થાવર કાંમ   બ્રાંમણ તીરથ જંગમ નાંમ
પ્રથમ તો બ્રાંમણ પુજાય   જગન આરંભણ વલતો થાય ૫૫૨
વિષ્ણુ-પુજન બ્રાંમણ-થી વલેં   શીવ-પૂજન બ્રામણ-થી ફલેં
વરત-ફલ તો તાહરેં ઠરેં   જાહરેં બ્રામણ ભોજન કરે ૫૫૩
પીત્રી પિંડ તો લેં તાહરેં   ત્રપ્ત બ્રાંમણ થાઈ જાહરેં
હવન-હોમ દેવતા-નેં ગમેં   તેહ વલેં જો બ્રાંમણ જમેં ૫૫૪
પ્રથવી-માં જે પ્રત્યક્ષ દેવ   સાક્ષાત બ્રામણ-કેરી સેવ
અડસઠ તીરથ મહીમા ધર્મેં   તે વીપ્ર-તણે અંગુઠેં વસેં ૫૫૫
ભુદેવ તે બ્રામણા-નુ નાંમ   સકલ જગન નાં એહ-થી કાંમ
જેણેં ઓળખ્યા બ્રામણ ભુપ   તેણેં ઉલખ્યા અકલ-સ્વરૂપ ૫૫૬
નહીં બ્રાંમણ-ને દે જે ગાલ   તેહ-નુ પુન્ય ગયુ પાતાલ
મંત્ર જંત્ર ઉપાસન અન્ય   વિપ્ર-સમાન બીજું નહી પુન્ય ૫૫૭
બ્રામણ-ઇશ્વર-મા અંતર જેહ   નૈરત્ન નર્ક ભોગવશેં તેહ
વીષ્ણુ વીપ્ર-ચ-ર્ણોદક ધરેં   શીવ-આરાધન વીપ્ર-ની કરેં ૫૫૮
ભવાની તે બ્રામણ હોય   એહ-મા ભ્રાંત્ય ન જાંણો કોય
સર્વ તજી જે પુજે બ્રમ   છેં સાસ્ત્ર-માં મોહોટો ધર્મ ૫૫૯
અનેક સાસ્ત્રે મત છેં ઘણા   સઘલેં મહીમા બ્રામણ તણા
વિપ્ર-વીના કરેં શુભ કામ   તેહવો દેખાડો કો ઠાંમ ૫૬૦
વિપ્ર-દ્રોહ બીજું જે હોય   તેહવું સ્રષ્ટી-માં નહી કોય
વેદ બોલેં હાકી નીશ દીસ   બ્રામણ તે વિષ્ણુ ને ઈશ ૫૬૧

પ્રધાનપુત્રીનો ચોથો પ્રશ્ન

સાસ્ત્ર-સકલના એહ સુજાંણુ પોકારીનેં કહેં પુરાંણુ
કોઇ મત બીજા જે કથી દૈવત વીપ્ર-સમાંનેં નથી ૫૬૨
બ્રાંમણુ તે બ્રંમાનું રૂપ ભાગ્યસાલી તે બ્રાંમણુ ભુપ
બ્રાંમણુ તીરથ બ્રાંમણુ વૃત જિહાં બ્રાંમણુ તિહા ઇશ્વર વ્રત ૫૬૩
મુલ-થકી બ્રામણુ-નેં માન વલી વશેપ પાંમ્યા વરદાંન
સૃષ્ટ મંડાંણુ કરતા જે કાંમ તે તો નીરમલ બ્રાંમણુ નાંમ' ૫૬૪

દુહા

પાગ્ય લાગી તે પદ્મની પુછું પ્રશ્ન જ એક
ચીત-થી ચ્યાર પુરાં કરો વાંણી સુંણુ વિવેક ૫૬૫
મોટા વિપ્ર તમ્યો કહ્યા જેહવા શ્રી-જુગદીશ
પ્રથ્વી પૂજેં તેહ-નેં સંમ્યક પ્રકારેં શીશ ૫૬૬
ધેનુ જાત્ય પશુ-તણી ગુરુ-સમાંનેં ગાય
મન-માં સંદેહ માહરે જે પુછેં કીમ પુજાય ૫૬૭
એ તો અચિરીજ અતિ ઘણુ કિયા સાસ્ત્ર-ની રીત્ય
બાહું અંગ અકજ કર્યું પુછ ઉપર સી પ્રોત્ય' ૫૬૮

ચોપઇ

રાજા કહેં: 'સુંણ્ય રાંમા વાત શુભ વાત પુછી ' સાક્ષાત
ગંગા ગોદાવરી કેદાર એહ-થી સાંભલ્યેં પુન્ય અપાર ૫૬૯
જેહવું નર્મદા-નું દરસંન પુછે પ્રશ્ન-થી પુન્ય પરસંન
' એક વાર શ્રી 'રુડો રાંમ ગયા વંન કો કારણુ કાંમ ૫૭૦
જગત-પાવની નાંમ જેહ-નું ધરેં ધ્યાંન બ્રંમા તેહ-નુ
પુરણુબ્રંમ પુરણ્યાનંદ જેહ નિરમલ નાંમ સુખદાયક તેહ ૫૭૧
શીતા લેઈ લંકા-થી વલ્યા સકલ શોક મન-માંથી ટલ્યા
રોલ્યો રાવણુ રાક્ષસ સુત્ર પુવેં તે બ્રાંમણુ-નો પુત્ર ૫૭૨
રહ્યો ખરખરો મન અહુરનીશ બ્રામણુ-હત્યા બેંઠી તે શીશ
ગયા નર્મદા-કેરી તીર મુંક્યાં વસ્ત્ર નાહાવા નીર ૫૭૩

તે જલ-મા પગ બોલે જાહરે નીકટ નહી નર્મદા તાહરે
જિમ-જીમ રામજી આઘા જાય તિમ-તિમ રેવા દુર પલાય ૫૭૪
નવ ધનુષ નર્મદા ગયા જ્ઞાન રામ-હૃદે-મા થયાં
કર જોડીને ઉભા રહ્યા બોલ નર્મદા પ્રતે તે કહ્યા ૫૭૫
'હુ આવ્યો નાહાવા-કારણે તમે દુર જાયો ખારણે
તેહ-નુ કારણ કહોને તમ્યો પવિત્ર થવા આવ્યા છુ અમ્યો' ૫૭૬

દૂહા

કહે રેવા 'શ્રીરામ સુણ્ય અસત્ય કહુ નહી આપ
બ્રંમ-રાક્ષસ રણ રોલીઓ તેહ-નુ પરતક્ષ પાપ ૫૭૭
નીસાપપ તે તપ-થી થસ્યો તેહ પાપ તુમ ત્રણ્ય'
લક્ષ્મણ રામ સીતા સહીત કથન સાભલ્યાં કર્ણ ૫૭૮
રામઘાટ રામે રચ્યો તપ કરવા દૃઢ ધીર
નીત્યે નરખે નર્મદા નેહે પીયે નીર ૫૭૯
વાડી સીતાયે વાડ કરી વાવ્યા કેલી-ના વંન
મન દૃઢ કીધુ માનની નીરમલ કરવા તંન ૫૮૦
લીંગ થાપ્યુ તિહા લક્ષ્મણે બેંદા આસન વાલ્ય
મંત્ર જપે મુખ શીવ-તણો કર ઝાલી શુભ માલ ૫૮૧
વૈશાખ માસ ઇમ વહી ગયો થયો સંવત્સર સાર
નિસપાપ થયા નર નારિ સહુ પુન્ય તે અપરંપાર ૫૮૨
રુદ્રદેહા રંજીત થયા પ્રીત ધરી પરમંન
'કરો અવગાહન ગંગ-મા વિશ્વનાથ-દરસન' ૫૮૩
પ્રણામ કરીને પરવર્યા અજયોધ્યાપતિ જે અંગ
પુન્ય-પ્રતાપે પામીયા જે ગુણવંતી ગંગ ૫૮૪
મુક્તિ-ક્ષેત્ર મહીમા ઘણો અધિપત્ય મન અતિ આમ
શ્રીકુટા-ત્રટ બાંધી રહ્યા પ્રીત ધરીને પાસ ૫૮૫

વારૂ વાડિ વન કર્યું કેતકી - કેરાં વૃક્ષ
અગ્નીહોત્ર સેવે સુખે સકલ ધરમ-ની સાક્ષ ૫૮૬
ધેનું પુજે ધર્મ-કારણે સેવા શ્રાધ શુભ કાંમ
કાસી-વાસ વશી રહ્યા રાજીવ-લોચન રાંમ ૫૮૭

પ્રીતે આવ્યો પીત્રી-દિન આનંદ મન ઉલ્લાદ
દિવસ શ્રાધ દશરથ-તણો સંવછરાદીક શ્રાધ ૫૮૮
તાત-દિને તરપણ કરે પ્રીત્યે દે પીંડ-દાંન
આનંદ ઇકોત્તર તરે મોટિમ પાંમે માંન ૫૮૯
રાંમ કહે 'શીતા સુણો કરો સામગ્રી સર્વ
ઉપસકરણ જે શ્રાધ-નાં તે લાવું હું દ્રવ્ય' ૫૯૦
શ્રી રામચંદ્ર વન-માં ગયા રહ્યા સુંદરી ઘેર્ય
વેલા શ્રાધ-તણી થઈ તિહાં સી પરઠી પેર ૫૯૧
'સમે જસ્યે જો શ્રાદ્ધ-નો તો પીત્રી નિરમુખ જાય
પુન્ય હોયે પંનર ભવ-તણું તે પલ-મા પ્રલે થાય' ૫૯૨
આકુલ-વ્યાકુલ અતિ ઘણું શીતાજી મંન સાથ
પ્રીતે પંડ્ય પોતે કર્યો દીધાં દશરથ-હાથ ૫૯૩
પ્રતક્ષ હાથ તે પરઠીયો સહુજ સમાવ્યો શોક
તે વેલાં ત્રપત થયા પીંડ-થી પીત્રી-લોક ૫૯૪
આગ્ના માગી સીત-ની પીત્રી સ્વર્ગે જાય
કર જોડી ઉભાં રહ્યાં શીતા લાગાં પાય ૫૯૫
'શ્રી-રામચંદ્ર કિમ માંનસ્યે ત્રીપત થયા એ દેવ
તે-કારણ મુઝ-ને કહો જે કરુ સર્વથા સેવ' ૫૯૬
'અગ્ની સાક્ષ જ પુરસ્યે સાચું કહેસ્યે ગંગ
ધેનુ જોડે કેતકી કૂડા રહેસ્યે રંગ ૫૯૭
ત્યારે સાખી તાહરાં પુરે સાક્ષ સુજાણ
રાંમ-તાણું મન રીઝસ્યે પ્રીછસ્યે પ્રીત્ય પરમાંણ' ૫૯૮

ચોપઈ

પીત્રી દેવ તો સ્વર્ગે ગયા સીતા-ના • મનોરથ થયા
મુહુરત એક થયુ જેટલે શ્રી રામચંદ્ર આવ્યા તેટલે ૫૯૯
'અરે સીતા અન્યાય થાય છે શ્રાધ-તણી વેલા જાય છે
પીત્રી નીરમુખ પાછા જસ્યે સકલ ધર્મ-તણો ક્ષય થસ્યે' ૬૦૦
ધસમસ કરે ઉતાવલ ઘણી કર જોડી વાંણી શીતાઇ ભણી
'રાજરાજેશ્વર ભોજન કરો એ વાતે નવિ આણો ખરખરો ૬૦૧
સાચું બોલુ હું તુમ-સાથ્ય પિંડ આપ્યા મે પીત્રી-નેં હાથ
સંતુષ્ટ થઈ નેં સહુ-કો વલ્યા પીત્રી-લોક-માહેં તે પત્યા' ૬૦૨
રાજીવ-લોચન બોલ્યા રાંમ 'શીતા નહી તમારું કાંમ
જુઠા જે બોલો છો બોલ એ તો નહી તમારો તોલ ૬૦૩
જુઠું વચન સેંહેંજે સારીઇ સુક્રીત જનમ-તણું હારીઇ
ભાગ્યની લાગી દીસે ભુખ માટે મુ-ને ઉપજાવો સુખ ૬૦૪
કોટી-વરાં તરુણી કહો તમ્યો એક વચન કિમ માનુ અમ્યો
જુઠી વાત તો રહેવા દ્યો ઉઠીને દાભ-સંથારો ટ્યો' ૬૦૫
સીતા કહે 'તુમારી આંણ્ય જો મુખ જુઠી બોલુ વાંણ્ય
દશરથ પિંડ લેઇનેં ગયા તેહ-ના ચ્યાર આ સાક્ષી થયા ૬૦૬
ગંગા કેતકી અગની નેં ગાય તે ચારે સાક્ષી તેહેના થાય
પરઠેં સાખ્ય તો સત્ય માંનજ્યો નહીતર તો જુઠી જાંણજ્યો'
ચ્યારે મેં પુછે શ્રી-રાંમ કોય ન બોલ્યુ તેણે ઠામ ૬૦૭
નવિ બોલ્યા કો તેણી ઘડી સતિ-સીરોમણિ ઝાંખી પડી
ફરી શ્રાધ માડયુ શ્રી-રામ પીત્રી બોલ્યા તેણે ઠાંમ ૬૦૮
'બીજી વાર કાં તેડ્યા તમ્યો તેણે કષ્ટ પાંમ્યા છું અમ્યો
સીતાઇ શ્રાધ ભાવેં-થી કર્યું જ્યેષ્ટ પેટ અમારું ભર્યું' ૬૦૯
ગયા પીત્રી ફરી તે દીશ ચઢી માત સીતા-નેં રીસ
'પાડી જુઠી મુજ નેં આપ તમ ચ્યારે-નેં દેઉં શ્રાપ' ૬૧૦

ગંગા નેં કહે ' સુકી જાયો ' અગ્ની-નેં કહેં ' સર્વે ખાયો '
ધેનુ-નેં કહેં ' ઉખર કરોં ભુતલ-માં જઈ નેં પેટ ભરો ' ૬૧૧
' કેતકી તું નવિ બોલી દીસ રખે ચઢેં તું સીવ-નેં સીસ '
સીતાઇ તો દિધો શ્રાપ ચ્યારેં-નેં તો લાગું પાપ ૬૧૨

દુહા

પાંમ્યા શ્રાપ તે ચ્યારેં જણાં કુડું કીધું કાંમ
કર જોડી ઉભાં રહ્યાં જિહાં બેંઠા શ્રી-રાંમ ૬૧૩
સમ્યક્ પ્રકારેં સ્તુતિ કરી ધર્યું હેત-થી ધ્યાંન
કરુણા-સાગર કીપા-નીધી મંન-થી દીધાં માંન ૬૧૪
' સ્યા-માટે બોલ્યા ' નહી સાચી ન દીધી સાખ્ય
તેહવું પામ્યાં છો તમ્યો વાંક તમારો લાખ ' ૬૧૫

ચોપઈ

ગંગા કહેં ' મેં જાણ્યુ એહ રાંમ પખાલેં મુઝ-માં દેહ
શ્રાધ કરેં તો પાવન થાઉં રાંમ-રુપી જલ-માં નાહું ૬૧૬
એમ જાંણીનેં નવિ બોલ્યાં અમ્યો જિમ જાંણો તિમ કરજયો તમ્યો '
અગ્ની કહે ' મેં જાંણ્યું એમ પરિભ્રંમ-ઉપરિ મુઝ-નેં પ્રેમ ૬૧૭
અગ્નીહોત્ર હોમેં જો એહ તો પવિત્ર થાયેં માહરી દેહ '
કહેં કેતકી ' મહીમા મલેં રાંમ આવી બેંસેં મુઝ-તલેં ૬૧૮
સ્પર્શેં રાંમ-નેં પાવન થાઉં સ્વર્ગલોક-માં સહેંજેં જાઉં '
કહેં ધેનુ ' નહી માહરો વાંક મેં. વિચ્યાર્યું આખર આંક ૬૧૯
ચ્યાર પિંડ આપેં શ્રી-રામ પોહોચેં કોડ થાઇ મુઝ કાંમ '
એહવું ચ્યારે વચન જ કહ્યુ ' સવલુ કરતાં અવલું થયુ ૬૨૦
પુન્ય-કાલ છેં શ્રાધ-જ-તણો થયો શ્રાપ શીતાજી-તણો
હવેં શ્રાપ તે તો નવિ મટેં કરો પાવન અમ-નેં ઘટેં ' ૬૨૧

દુહા

શ્રી-રામ કહેં ' સીતા સુણો   પ્રસંન થઈને આજ
વરદાન આપો એહ-નેં   તેહ અમારેં કાજ ૬૨૨
ગંગા પાવન જગત-ની   ધેનુ જગત-ની માત
કેતકી-વલ્લભ આપણેં   અગ્નિ સુભ સાક્ષાત' ૬૨૩
'વચન જાઇ સીતા-તણું   કિમ બોલાઇ ફોક
પ્રવેં થાઇ પલક-મા   ચ્યાર ખંડ ચૌદ લોક ૬૨૪
શ્રાપ થયો તે તો થયો   મુલ વધારું માન
પીત્રી-દીવસ સંતોખીઇ   દિલ-માં જાંણી દાંન ૬૨૫
ગુપ્ત વહો ગંગા તમ્યો   પ્રગટ વહો નહી પુર
સહસ્ત્ર-વર્ણો મહીમા તુ-નેં   કુલ-જુગ-માં નિરમલ નુર ૬૨૬
સકલ-ભક્ષ હુતાશની   પવીત્ર સઘલે કાંમ
અપવીત્ર અગ્ની સીતા-તણો   અધિકારી એ ઠાંમ ૬૨૭
કેતકી-નેં કરુણા કરી   અંગ ચઢે નહી ઈશ
વીષ્ણુ આદ ત્રીદશ-તણુ   સોહાવેં તુ સીસ ૬૨૮
અપવીત્ર મુખ ધેનુ-તણું   કહ્યૂ શીત સ્વરૂપ
પુછ પવીત્ર બહુ પરઠીયુ   પુજેં બ્રહ્માદીક ભૂપ ૬૨૯
હરી હર બ્રમ નેં શકતી બહુ   ત્રિદશ બીજા દેવ
તે પુજેં મહુ ધેનુ-નેં   મકલ પ્રકારેં સેવ ૬૩૦
કહેં પશુ જે ધેનુ-નેં   તે જન રૌરવ જાય
પ્રીત કરી પુજે નહી   તે તો પતીત કહેંવાય' ૬૩૧

ચોપઇ

સાક્ષાતકાર ગૌરી-ની દેહ   નીરમલ નારાયણ-સું નેહ
ભ્રુગુટી-મા તો બ્રંમા વસેં   માહેશ્વ્ર તો લલાટેં અભ્યાસેં ૬૩૨
વિષ્ણુ તણો તો ત્રિપુટ વાસ   અડસઠ તીરથ પુછ-નેં પાસ
બ્રમાંડ-નો ઉર ઉપર ભેદ   ચ્યારેં સ્તનેં વસેં છેં વેદ ૬૩૩

સાત સમુદ્ર ઉદર-માં હોય ધેનુ-મહીમા કલેં નહી કોય
ગાય-નું મુત્ર તે જાંણો ગંગ અઘ-નીવારણ બાધું અંગ ૬૩૪
અઠુ-ગણુ તારા નેં રવી-ચંદ્ર ચ્યાર ખરીઇં વસેં છેં ઇંદ્ર
એકાદશ રુદ્ર વશેં છેં પીઠ દેવ-ની દેવ ધેનુ-નેં દીઠ ૬૩૫
મુત્રે સ્પર્શ નેં મુત્રેં નાહાય અડસઠ તીરથ અવગાહન થાય
પ્રાસન છાંણુ-તણું જે કરેં પાંચ ભવ-નું પાતિક હરેં ૬૩૬
પય દધી પ્રાસ્યેં ફલ હોય શીવ પુજેં કલે નહી કોય
માંખણ-ઘૃત-નો મહીમા ઘણો પંચગવ્ય થાઇં તેહ-તણો ૬૩૭
ધેનુ-પાછલ પ્રદક્ષણા કરેં પૃથ્વી-ની પ્રદક્ષણા સરેં
કોટિ વાર કહિઇં સ્યું કથી ગંગા ગૌરી-માં અંતર નથી ૬૩૮
અંતર આણેં સંદેહ થસ્યેં કોટિ કલપ તે નરકેં જસ્યેં
દેવસ્થલ તીરથ-નેં જાત્ર પુજવા-જોગ્ય તે ધેનુ પાત્ર ૬૩૯
ધેનુ ઈશ્વર-પારવતી-નાંમ ધેનુ લક્ષ્મી-નારાયણ-ઠાંમ
સોવર્ણ મેરુ આપેં માંન તે-સમોવડ ધેનુ-નૂં દાંન ૬૪૦
કોટિ વર્ત્ત કોડ-થી કરેં ધેનુ-આગલ અસન જ ધરેં
નિત્ય ગવાંનક કાઢી જમેં જમ-દુત તેહ-નેં નવી દમેં ૬૪૧
ધેનુ-દાંન કરેં જન જેહ વૈતરણી ઉતરસેં તેહ
કનકેં કાયા તોલેં ઘણી તિમ પુજા એ ધેનુ-તણી ૬૪૨
કલીયુગ કલ્પ-થી છુટેં કર્મ તે એક મોટો ધેનુ ધર્મ
એહ-માં દલ-મેં રાખો સંદેહ નરક-તણો અધિકારી એહ ૬૪૩
પુજ્યુ પુછ જે ધેનુ-તણું જગ જીત્યો, પુન્ય કીધુ ઘણું
ધેનુ સકલ પદારથ સોય ધેનુ-સમું તીર્થ નહી કોય ૬૪૪

દુહા

કર જોડી કેહે કાંમની 'દેઈ પ્રદક્ષણા પ્રીત
દાસી દીન હું તાહરી રાજસ રૂડી રીત્ય' ૬૪૫
પંથી કહેં 'સુંણ્ય પ્રેમદા રાજપુત્રી તુઝ નાંમ
પુછચ તાહારે જે પુછવું કરવું હોઇ જે કાંમ' ૬૪૬

ચોપઈ

રાજપુત્રી કહે રૂડી રીત્ય 'પંથી તંમ-ઉપર બહુ પ્રીત્ય
કહેવા-જોગ્ય સમરથ છો તગ્યો તે-માટેં પુછું છું અગ્યો ૬૪૭

દુહા

કોણ વડો સાયર-થકી કોણ અમૃત-પેં મીઠ
કોણ ગલ્યુ સાકર-થકી નિરમલ ચંદ્ર-થી દીઠ ૬૪૮
મેઘ-પેં ગીરુઉ કવણ કવણ તરણુ-થી તુછ
કવણ લોહ-થકી કઠણ પવન-પેહેલો કો પુછ ૬૪૯
કવણ કડુયું ઝેહેર-થી કવણ રવી થી તેજ
કવણ મોઘું માણક્ય-થકી કવણ અગન્ય-થી એજ ૬૫૦
કવણ સંજીવન-થી અધીક કવણ શ્રીવંત-થી સુખ
કવણ સૂત-થી છેં સગો કવણ દેવા-થી દુખ ૬૫૧
પ્રીછું પાર એ ચ્યાર-નો સમ્યક્ પ્રકારેં સોલ
તો જીત્યા તમો હાર્યા અગ્યો માંણું તમારે મોહોલ' ૬૫૨

હરખ્યો ઘણું હઈયડા-વીપેં 'પુછયું પ્રશ્ન અપાર
ડાહાપણ-થી એ દાખવું સાસ્ત્ર સકલ-નું સાર' ૬૫૩
ઉતર આપેં અધિપતિ 'સાંભલ સાંમા કંન
કહ્યુ કાલીઇ ભોજ-નેં તે પત્ર લખાંણાં પાંન ૬૫૪
સત્ય વડુ સાયર-થકી ગરજ અમૃત-પેં મીઠ
પ્રીત ગલી સાકર થકી તપ ચંદ્ર-પેં દીઠ ૬૫૫
દાતા ગીરુઉ મેઘ થી મંગણ તરણ-થી તુછ
સુંમ લોહ-થકી કઠણ પવન-પેહેલું મન પુછ ૬૫૬
દુષ્ટ કહ્યો હલાહલ-થકી નેત્ર રવી-થી તેજ
માંન્ય મોઘાં માંણક-થકી ક્રોધ અગન્ય-થી એજ ૬૫૭
અંન સંજીવન-થી અધિક સંતોષ શ્રીવંત-થી સુખ
સવારથ સુત-થી સગો કુનાયં દેવા-થી દુખ' ૬૫૮

ચોપઇ

પાંચ પ્રદક્ષણા પુઠેં ફરી — લાગી પાય સાચી સુંદરી
કર્યું પીતા-નેં જુગતેં જાણ્ય — 'એ પંથી છે અમારો પ્રાણ ૬૫૯
એહ-નેં વસ્ય દિલ માહરું થયું — પુછયા-નો પ્રતિઉત્તર કહ્યું'
પૃથક્ પૃથક્ ત્યારેં ઘેર ગઈ — હકીગત્ય પોતા-ની કહી ૬૬૦
પંથી કહે 'વરું નહી અમ્યે — હાથ પારકેં આપ્યાં તમ્યે
બેંસાર્યો દુખીયો બારણેં — હું આવ્યો છું તે-કારણે' ૬૬૧
તાહરેં પ્રેમદા પુછે સોય — 'સકે રાય વિક્રમ નર હોય
ઉલખ્યો આવ્યો તાહરેં એન — કમલ-પત્ર-ત્યાં નીરમલ નયન ૬૬૨
અમૃત-સરખી વારુ વાંણ્ય — હીંચણ-થી હેઠા બે પાંણ્ય
નિરમલ મુખ મનોહર મતી — સાચો વિક્રમ પૃથ્વીપતિ ૬૬૩
વચનેં બાંધી લીધાં અમ્યે — જે જાણ્યો તે કરજ્યો તમ્યે'

વીક્રમ કહે 'કરો એક કામ — પ્રકાસ કરો માં માહરું નામ ૬૬૪
દીવસ એક-બે રાઝી રહો — પછે કહેવું ઘટે તે કહો'
કોલ સાત પરિયા-નો દીધ — પંથી પથ કર્યો છે સીધ ૬૬૫
બેંસાર્યો બાહિરતે તેડ્યો સાથ — જેહ-નેં વચન આપ્યું હતું હાથ
ના આંણિ બીક ફરી મન-માંહ — ગયો વાડીયે વેહેલો તાંહાં ૬૬૬
નીસ-ચરચા જોવા તાંહાં રહ્યો — દીઠો છોડ જે સુકી ગયો
રાય પેંપં વિચારેં ઘણું — પામ્યો દુખ મન-માંહિ તે-તણું ૬૬૬અ
ધરી દુખ સુતો જેટલેં — સ્વપ્ન એક લાધું તેટલેં
'ઉઠ ઉઠ રે નિદ્રા તજી — કરો કર્મ ભલાંની ભજી ૬૬૭
બલ હોય તો બતાવું બુધ્ય — લાવ્ય વીર વાઘણી-નું દુધ
નવ-પલવ એ વેલો હતો — આવ્યો વાઘ વાડી અણછતો ૬૬૮
ચગલ્યો વેલો ચાવ્યાં પાંન — ચહડ્યું ઝેર સુકું એ રાંન
પય વાઘણ-કેરું સીંચાય — નાગરવેલ નવ-પલ્લવ થાય ૬૬૯

પાંન લેઈને પાછા વલો   મુખ બોલ્યા છો તીહાં જૈ મલો
તુમ વચન પલશેં જેટલેં   સુકરશેં એ વેલો તેટલેં ૬૭૦
પછેં આસ્ય જે પાંન-ની કરેં   વણ-પુટેં નીશ્ચેં મરેં'
ઇષ્ટ-દેવ પોતા-નો આપ   સ્વપ્ન-માહે પહાવી છાપ ૬૭૧

જગકી જાગ્યો નીદ્રા ગઈ   પ્રાત-સમય-ની વેલા થઈ
'ધન-ધન રે માહરી તું માત   તુઝ વીણ કોણ કરેં એ વાત' ૬૭૨
સાથ લીધો'તો જે-કો જંન   તેહ-નેં મુંક્યો વાડી વંન
ખડગ ચોધારું કર-માં ધર્યું   સ્મરણ ઇશ્વરી-તણું તો કર્યું ૬૭૩
ગયો એક પરવત નેં પાડ   જે દેખંતા ધ્રુજેં હાડ
ગયો ગુફા જિહાં વાઘ-ની હોય   મનુષ્ય નાંમ ન દિઠુ કોય ૬૭૪
એક વાઘણ નેં બીજો વાઘ   પોહોંઢ્યાં એક સ્થાનક-માં લાગ
ગુફા-આગલ જઈ ઉભો રહો   છંછેડો વાઘ હુંકારો કહો ૬૭૫
તે આલસ મોડી ઉઠીયો   જિમ ગજ મદગલ છુટીયો
ઉઠી તે આવ્યો જેટલેં   વિક્રમસેન્ય બોલો તેટલેં ૬૭૬

'ઇશ્વરી-ની ભગતી-માં ભલો   પોતા-ની. માતા-નેં મલો
સુખ-દુખ પ્રીતેં તે-પાસ   મુંકો આપ જીવ્યા-ની આશ' ૬૭૭
એહવાં વચન કહ્યાં જાહરેં   હશી સેર બોલ્યો તાહરેં
પગ ખેંચીનેં ઉભો રહ્યો   વલતો બોલ રાજા-નેં કહ્યો ૬૭૮
'માનવ-રુપ ઇહાં કિમ આવીયો   આવડી હાંમ તું કિમ લાવીયો
નિકટ મોંત આવ્યુ છેં આજ   સાચું બોલતાં સાં-ની લાજ ૬૭૯
તાહરું નાંમ કહે નહી મું-નેં   તો બ્રંમ-હત્યાદિક પાતિક તું નેં' ૬૮૦

દુહા

રાજા કહેં 'તેં સમ કયો   એ સ્યુ કીધું કાંમ
પ્રકાસ કરવું પરસે મું ને   માહરું તુઝ-નેં નાંમ ૬૮૧
ઉજેણી-નો અધિપતી   દેવ સહુ-નો દાસ
વિક્રમ નાંમ તો વિશ્વ કહેં   પ્રીતે આવ્યો પાસ' ૬૮૨

વાઘ કહે 'વિક્રમ નહી તું કો બીજો અન્ય
દુખ-ભંજણ દેહ તેહ-તણો મારવાનું રચું મંન ૬૮૩
કે જક્ષ કે કો દેવતા કે કો પ્રતાપ-નો પુર
બીજો કોણ આવી ચડે મારવા મુઝ હજુર ૬૮૪
સાબાસ હીમત તાહરી અતુલી-બલ તું આપ.
સત્ય નાંમ કહે નહી તો બ્રહ્મ-હત્યાદિક પાપ' ૬૮૫
ઈશ્વર-આંણ્ય સાચું કહું કરું, અવંતિ-નું રાજ્ય
જોઈઇ દુધ વાઘણ-તણું તે પર-દુખ-ભંજણ-કાજ' ૬૮૬

વાઘ હસીને બોલીયો 'ઇહાં-થી પય લેઇ જાય
નથી સરજ્યો કો સ્રષ્ટી-માં સુંઠ ન ખાધી માય ૬૮૭
દુધ વાઘણ-નાં દોહીલાં હુંસે મોહોટી હોડ
જા મુકો પાછો વલી એકે ન પહોચે કોડ ૬૮૮
દુખ-ભંજણ તું દેસ-નો ભાગે સહુ-ની ભુખ
તુઝ-ને મારી નાંખતાં લાગે મુઝ-ને દુખ ૬૮૯
કોટિ એક બ્રામણ હણે કોટિ હણે કો ગાય
તેહવાં પ્રછીત ભોગવું જો તે પય લેવાય ૬૯૦
એક હાથ-નો તું નથી જિમ ખાવું ખીચડી ઘૃત
મારું તલપ એક ઝુંડ-ની તો માકડે હાથે મૃત ૬૯૧
પાર લેવા દેઉ છું અમ્યો પ્રીત કરીને પેંર
હજી હેત છે મુઝ-ને જો પાછા જાઉ ઘેંર' ૬૯૨
વિક્રમ કહે 'સુંણ વનપતિ નેટ વાત નીરધાર
માંકણ મસલી નાંખતાં તે તુઝ મારંતાં વાર ૬૯૩
મેં કોટિ બાલક-હણે સાત. કોટિ સ્ત્રી દીસ
પય લીધા-વીણ પાછો ફરું તો તે પાતિક મુઝ સીસ ૬૯૪
કે રાક્ષસ રણ રોલીયા કે હણીયા ઝેંરી સાપ
કેઇ વાઘ વિડારીયા અતુલી-બલ હું આપ ૬૯૫

વાદ જે રુઝસ્યુ કરો ખડગ મેહલતેં જાંણુ
જીવ લીધા-વીણુ નવિ વલે • જેહવું રાંમ-નુ બાંણુ ૬૯૬
કાં બેઠો બાલક થઈ દેખાડો દેહેં જોર
પઠે જુયો પટંતરો શીદ કરો શોહેર' ૬૯૭

પુંછ ઝાટકી ઉઠીયો કરવા વીક્રમ-ઘાત
'હાં હાં' કહી વીચ-માં ગઈ વાઘણી વાઘ-ની માત ૬૯૮
''તું મારીશ જો એહ-નેં તો પૃથવી રંડાય
એહ મારેં જો તુઝ-નેં તો મુઝ જીવ્યુ મીથ્યાય' ૬૯૯
'રહેં રે મા તું વેગલી વાંણી બોલેં વ્યર્થ
સંમ-જાઇ કિમ માહરા એહ સરેં કિમ અર્થ'' ૭૦૦
રાજા કહેં 'તું રીસ તજ્ય તું નવિ બોલેં ફેર
વચન માહરું જાયેં નહી હુ સવાયો સેર' ૭૦૧

ચોપઈ

વીચ-મા આવી વાઘણી રહી 'પુત્ર પુત્ર' તે બેં પ્રતેં કહી
'રાઢ્ય ન કરસ્યો ક્રોધેં કોઈ તાહરું પય ને એહ-નું લોહી ૭૦૨
માહરા તો તમ્યો બેહુ પુત્ર ઇશ્વર-આણુ માચ્યું એ સુત્ર
તાહરેં પય જોઇઇ જેટલુ રુધીર પાંચ ગણું તેટલુ ૭૦૩
દુધ સવા સેર આપુ આજ પાયો રુધીર એહ-નેં સેર પાંચ
એટલેં બેંન્ના વાયક ફલેં પય લેઈ પ્રથવીપતિ પલેં'' ૭૦૪
કહી વાત જે નારેં નમી ગુંણ-સાગર બેં જણ-નેં ગમી
નસા-જાલ સાધેં કાપીયુ રદે થકી રુધીર આપીયુ ૭૦૫
સંતોષ્યો બલવંતો બુધ્ય લીધું વીરે વાઘણ-નુ દુધ
કરી પ્રણાંમ તે પાછો વલ્યો મીત્ર વાઘીઇ તેહ-નેં મલ્યો ૭૦૬
સીંચ્યો વેલો રાતેં વાન બેઠાં તેહ પ્રભાતેં પાંન
વિસ્યાં પાંન વેલ-થી ઘણાં ભાગ્યાં દલીદ્ર માલી-તણાં ૭૦૭

સાત પેઢી - સુધી તે ખાય　　અન્ય ઇછા તેહ-નેં સી થાય
પ્રીતેં પાંન લીધાં શુભ પેં'ર　　આવ્યો પેલી રાંણી-નેં ઘેં'ર ૭૦૮

નગર-માંહિં જાંણ્યુ સહુ આજ　　'એ તો વિક્રમસેન્ય મહારાજ
દેવ-રુપ દીસંતા પુતલું　　અધિક ભાગ્ય-થી આવી મલ્યું' ૭૦૯
ઠાંમ-ઠામ-થી નર-નેં નાર્ય　　દરસન કરવા હુંસે હાર
'ધન્ય ભાગ્ય ધરતી-નું ઘણું　　પ્રયાંણુ થયું પ્રથવીપત્યન્તણું' ૭૧૦
બાધ્યાં તરીયા તોરણ બારણેં　　ચ્યારેંના વીવા નેં કારણેં
રાજા કહેં તિહાં રુડી રીત્ય　　'પરણો આ પંથી-ને પ્રીત્ય' ૭૧૧
વચનેં બંધાણી તેણે હા કહ્યું　　કમલ મુખ કરમાઇ ગયુ
બેંસાર્યાં ચોરી-માં જાહરેં　　પુછેં નૃપતિ નારી-નેં તાહરેં ૭૧૨
'સ્યા-માટેં કરમાયુ મુખ　　ઈશ્વર ભાગસ્યેં તાહરું દુખ
દુખ હોઇ તે કહેંજ્યો તમ્યો　　ઇશ્વર કરેં તે ભાગું અમ્યો' ૭૧૩

દુહા

કર જોડી કહેં કાંમ્યની　　'ગરથ ઘણો છેં દેશ
પરણાવ્યો પંથી તમ્યો　　વૃધ એક-નો છેં વેસ ૭૧૪
છેં કાલો નેં કુબડો　　રોતો દીસેં રાંક
આપ્યો તે ઈશ્વર હું　　પણ મન-માં મોહોટો વાંક ૭૧૫
'રોસ છંડો' રાજા કહેં　　પ્રીતેં આપુ પાંન
થયો પુરસ કો પ્રાક્રમી　　વીક્રમ-જેહવો વાંન ૭૧૬
પુત્ર નહી તે રાય ઘેરેં　　સુંપ્યો તેણેં ઠાંમ
'જામાત્ર રાજ્ય તાહરું કરેં　　કાંમસેન્ય શુભ નાંમ ૭૧૭
પ્રલણું જે આપો મું-નેં　　તેહ કર્યું મેં માફ
ખાઉ પીઉ ખુબી કરો　　તે ઈશ્વર-પ્રતાપ'. ૭૧૮

ચોપઈ

આગના માગે છે જેટલે   લાગી પાય ત્યારે તેટલે
'અંમ ત્યારેં-નાં પોહોતા કોડિ   હેત પ્રીત-સ્યું પુરી હોડ ૭૧૯
મન-ગમતો પરણાવ્યો પતિ   રાજા તાહરી રુડી રતી
એક એક પુછીઈ ત્યારેં વાત   પછે પંથ જાઉ પરભાત' ૭૨૦
રાજા કહે 'જે હોઈ કામ   તે તમ્યો કહો આણેં ઠાંમ
પ્રીતેં સ્યુ જે પુછો તમ્યો   તે તુમ-પ્રતેં કહીસ્યુ અમ્યો' ૭૨૧

દુહા

વીદ્યા-થી વધતું કમ્યુ   લખ્યમી-થી સી લહેંર
ચીરંજીવી-થી જીવ્યૂ કસ્યુ   પ્રીત્રુ તેહુ-ની પેંર ૭૨૨
કાજલ-થી કાલુ કસ્યુ   કાયા-થી વાહલુ કોણ
દુધ-થકી સ્યુ ઉજલુ   બોલો વખાણી વાણ ૭૨૩
નીર-થકી નીરમલ કમ્યુ   તિમર-થકી સ્યુ ઘોર
આભુષણ સ્યુ હેમ થી   કહો એ વાત અંકોર ૭૨૪
દાન-થકી રુડું કસ્યુ   પુન્ય-થકી સ્યુ પવીત્ર
ભલી જાત બ્રામણ-થકી   મન-થી કહો એ મીત્ર' ૭૨૫
વિક્રમ કહેં 'વનીતા સુંણો   મુલ વિચારો મમં
સંદેહ મન સા-નેં ધરો   ધારી જુયોને ધમં ૭૨૬
વિવેક વડો વિદ્યા-થકી   લખમી-થી કીરાત લહેંર
જસજીવિ ચીરંજીવ-થી   મીઠો રુડી પેંર ૭૨૭
કાલો કપુત કાજલ-થકી   કાયા-થી વાહાલી લાજ
દાન દુધ-થી ઉજલુ   કુલ-અજુઆલણુ કાજ ૭૨૮
નીરદોષ નીરમલ નીર થી   અગ્નાન તિમર-થી ઘોર
શું ણ આભુષણ-થી ઘણા   ત્ર વિકો એહુ અંકોર ૭૨૯
દાન થકી રુડી દયા   પુન્ય-થી પરોપકાર પવીત્ર
બ્રંમ ભલો બ્રામણ-થકી   મનસા વાચા મીત્ર' ૭૩૦

પાગે લાગી પદ્માની વારુ સાંભટી વાંણુ
સીખ માગીનેં સંચર્યો વડ-કુથ ' વીર સુજાંણુ ૭૩૧

આવ્યો નગર ઉજેણી-માં ગડગડિયા ઘોર નીસાંણુ
જસ બોલેં બહુ જાચિકા હયેં લાખીણાં લાંહાંણુ ૭૩૨
ભરી સભા ભુપતિ ઠર્યો દીધાં મેહની માંન
જે બોલ્યા તે પાલીયુ પ્રીતેં આપ્યાં પાંન ૭૩૩
સુખ મનાવ્યુ સર્વ-નેં સોભી સર્વ સભાય
એક થયો અવની-વિષેં રુડો વીક્રમરાય ૭૩૪

કહેં પુતલી 'ભોજ સુંણ્ય કર્યાં કોટધા કાંમ
તાહરેં દુખ-ભંજણ પડ્યું નવે ખંડ-માંહેં નાંમ' ૭૩૫

પુરાંણુ લખાંણું લખ્યધા કીધાં કાલીદાસ
સંસક્ર્ત-માંથી સોધીયુ વિવિધ વીવેક વિલાસ ૭૩૬
ગુંણુ-સાગર ગુજર-ધરા સેંહુજ-ગાંમ સુંજાંણુ
કાકેજી-કુલ કણુબી વડો મનજી-સુત મહેંરાંણુ ૭૩૭
રખીદાસ રાજસ ગુણેં પુન્ય-તણો જે પુર
લેઉઆ-માં લાયક લહો ન્યાયેપણા-નુ નુર ૭૩૮
પરમારથ પ્રાક્રમ કર્યાં નીર-નેં સુભ નીવાંણુ
પરવાર પનોતો પુત્ર શુભ સકલ ધર્મ સુજાંણુ ૭૩૯
પાટીદાર પરતાપવંત સુભ સભાઇ સર્વ
બેંઠા બુધ-સાગર બહુ નહી મન ધાયડ ગર્વ ૭૪૦
ડાહ્યા દસુંદ્રી તેડુ-ના ગુંણુ ગાડે ગમાંન
કિરત રુડી કુલ-તણી ગુણુ-રુપ સુભ ગાંમ ૭૪૧
ભલુ વચન ભાટેં ભણ્યુ 'સુણુ રૂડા રખીદાસ
કવી એક કાદી-સમો વેગનપુર-મા વાસ ૭૪૨
કિરતી કાંનેં સુણી અયો અકલ અમીરી આજ
તેડુ-નેં તેડું મોકલો મનજી-સુત મહારાજ' ૭૪૩

પુત્ર પ્રતાપીક વડો વડ-હથ વેંણીદાસ
આવ્યો અમદાવાદ-મા પંડિત-કેરે પાસ ૭૪૪
કવિ-નેં તેડ્યો કોડ-થી અલખત આપી અગ્ર
પુરણ અંન પમાયતા ઘણો ઘણેરો ગર્થ ૭૪૫
કર જોડી કવિ-નેં કહ્યું 'જે સાસ્ત્ર સકલ સુજાંણ
નવો ગ્રંથ થાએ તે કરો પરમારથ-પુરાણ ૭૪૬
પ્રીત ઉપજે પુન્ય-પર ધમ્મ-ઉપર્જિ રહે ધીર
બુદ્ધ-થી બત્રીસી કરો વર્ણવો વીક્રમ વીર' ૭૪૭
સુંપો ગ્રંથ પુરણ કરી અખુટ પુન્ય જેં આથ
દીધો તેહ દિસોદિ-ને હેત ધરીનેં હાથ ૭૪૮
કિરત ચાઢી કવી-તણી નીરમલ એહ-નુ નામ
રખીદાસ-પરતાપ થી કર્યું પુરણ એ કામ ૭૪૯

પ્રીત ધરીનેં સાંભલે મન પુરણ પરસન
ફલ ચંદ્રાયણ વ્રત-નુ રેવાનુ દરસંન ૭૫૦
રામ-ચરીત્ર રસ સાભલે પુરણ મંન પવિત્ર
તેહ સમોવડ જાંણજ્યો વારુ વિક્રમ-ચરીત્ર ૭૫૧
એકે અક્ષર-અક્ષરેં ગુંણ-ગુંણ મા ગૌદાન
ઈંદોત્તર સત ઉધરે કથા સુણે જે કાન ૭૫૨

કહે કવી જાંણું નહી સૌમ્ય અક્ષર-ની સુધ્ય
અંત-મા દો આંપતિ બહુ પ્રમારે બુધ્ય ૭૫૩

કહે પુતલી 'ભોજ સુણ્ય તેહવો થયો તે રાય
એહવા પ્રાક્રમ જો કરો તો ધરો સીંહાસન પાય' ૭૫૪
એમ કહીને પુતલી આપે ગઈ આકાસ
એક કથા પુરણ થઇ કહે કવી સાંમલદાસ ૭૫૫

કામધેનુની વારતા.

કવિ શામળ ભટ કૃત સિંહાસનબત્રીશીની ૨૨મી વાર્તા

કહેનાર પૂતળી સુભગા

છપય

શ્રી શીવ-સરીખો તાત, માત ઉમયા છે જેહ-ની
લખ્ય-લાભ શુભ પુત્ર, રીધ્ય:બુધ તનયા જેહ-ની
ખેમ-કુ[શ]લ જમાત્ર, પાત્ર અષ્ટ સીધ્ય દલ દાસી,
ત્રીદશ આદ્ય દેવ, સેવ નવ નીધ્ય ઘરવાસી
પીતા પંચાનન પ્રભુ, ખટાનન ખાધેં ઘણું,
ગજાનન ગુણ-આગલો, પ્રથમ ધ્યાન ધરું તેહ-તણું ૧

દુહા

ગીરજાનંદન ગુંણુ-નીધિ બુધ્ય-સાગર બલ-વીર
દાતા દિવ્ય, દયા દલેં ધરમ ધ્યાંન દ્રઢ ધીર ૨
શ્રી-બ્રમા-પુત્રી સરસ્વતિ મતિ-દેયણ તું માત
વાસ સકલ વ્યાપી રહી વીણા વેદ-વીખ્યાત ૩
બટુકનાથ બુધી-આગલો વીરભદ્ર ભડ ભુપ
ધમકે ઘમઘમ ઘુઘરા રંજીત રુડે રુપ ૪
આદ્ય સિવ ઉમયા-પતિ જગત-પાવન જુગદિશ
સેવક-સહાયક તું સહી અઘ-નીવારણ ઈશ ૫
કૃષ્ણ કપાલ કરુણાનીધી કલ્યાંણ કોટિ કરંત
કરણ કોટિ બ્રમાંડ છેં કેં અઘ-ના ઓઘ હરંત ૬
બહુચર બાલા સુંદરી હેંગલાજ હરસીધ્ય
સમરતેં સુખ ઉપજેં નીત્ય નીત્ય નવ નવ નીધ્ય ૭
પ્રણાંમ પ્રીતેં-થી કરું પુરણ આયુ પવિત્ર
પુરાંણ-પરમારથ કરું વારુ વીક્રમ-ચરીત્ર ૮

ચોપઈ

શ્રી-ધારા-ધર-નો ધણી   વીવેક ઘણી છેં વિદ્યા-તણી
ભલો ભોજ ભરતખંડેં નાંમ   કરેં કોટિધા રુડાં કાંમ ૯
નવી વાત-ની દેં જે સાખ્ય   લેશ-માત્ર-માહેં દેં લાખ
નીરમુખ જાચીક નવી વલેં   કલપતરુ એ સફલેં ફલેં ૧૦
બમણા આપેં દિલ-થી દાંમ   બમણ-ભોજ પડાવ્યુ નાંમ
નિત્ય નીત્ય કૌતક જુઈ કોડ   એ-સરીખો જવરલો જોડ ૧૧

એક સમેં સોની દ્વીજ-રાજ   ગયા એકઠા રલવા-કાજ
વીપ્રેં મોકલ્યાં રતન જ ચ્યાર   તે નાખુકરી ગયો સોનાર ૧૨
માંહો-માહેં-માં રાડેં થયા   રાજદ્વાર ન્યાય કરવા ગયા
પ્રધાંન ચીત-થી મુંઝી ગયો   વાદવ-નેં દેસવટો દીયો ૧૩
પશુ-ચારવુ ઘડ પાસેં ગોપ   દીઠો કાસ્મો તેણેં કોપ
રાજા થઈ બેઠો તિહાં એક   વડી ચાતુરી વિવીધ વીવેક ૧૪
ન્યાય ચુકવ્યો કરી જતંન   અપાવ્યાં વીપ્ર-નેં ચ્યાર રતંન
તેહ વાત જાંણી ભડ ભોજ   ખરી વાત-ની માંડી ખોજ ૧૫
તેણેં ચાતુરી કીધિ ઘણી   સરવ એ રામત ભુમી-તણી
ખોદાવી ભોમી રાજંન   અભિનવું આવ્યું આસંન ૧૬
રતન-સિંહાસન હીરે જડ્યું   આપ હાથે વીશ્વકર્માઇ ઘડ્યું
ભલેં હેતેં ભુપતિ લાવીયો   સિંહાસન સભા-મધ્યે લાવીયો ૧૭
પંડિત-નેં પુછી મહુરત લીધ   આસન બેંસવા મનડું કીધ
તોરણ બાંધ્યા મોતી-તણાં   કુંકમ-છટણાં દીધા ઘણાં ૧૮
ઘેર મંદેંર દીધા બહુ ધંન   જાચિક-માગણ-નેં મનમાંન
નગર-લોક સભા બહુ જોય   જયજય શબ્દ હેતે-થી હોય ૧૯
પંચ પ્રદક્ષણા પ્રીતિં કરેં   જમણો પગ ધણીપલ્ય ધરેં
જોવા મેદની આવી મલી   એટલેં એક બેલી પુતલી ૨૦

આરંભ

'ભોજ સિંહાસન ન ધરો પાય બેઠેં-થી સુખ નહી થાય'
જગતે ભોજે જોડ્યા હાથ બોલ્યો તે સુભગા-નેં સાથ ૨૧
'કુંણ બેંસસેં એણે ઠાંમ તે નરપતિનું કહેં નાંમ'
કહેં સુભગા : સાંભળો નરનાથ બેંસો હેઠા જોડિનેં હાથ ૨૨

દુહા

પ્રીત ધરી કહેં પુતલી સુભગાસુંદરી નાંમ
વખાણ કહું વિક્રમ-તણું કરી ગયો જે કાંમ ૨૩
ઉજેણી-નગરી-નો અધીપતી દેવાંસી તે દેવ
ચતુર રાજ્ય તે ચુકવેં કરેં સદગુરુ-ની રુડી સેવ ૨૪
પર-દુખ હરેં પરમારથે, પર-કાજેં દેં પ્રાંણ
પર-નારી-સહોદર પ્રાક્રમી તે વીક્રમ વીર સુજાંણ ૨૫
સભા ભરી સિંહાસનેં બેંઠા છેં એક દિસ
એટલેં ગોર પોતા-તણો અતિ દીધી આસીસ ૨૬
'કોટિ કલ્યાંણ તાહરું થજ્યો નિત્ય નિત્ય પુર પ્રતાપ
સદા શીવ સનમુખ હજ્યો આદ્ય શક્તિ-થી આપ' ૨૭

ચોપઇ

વીપ્ર કહેં 'સાંભલ રાજંન માહરું જાતરા-ઉપર મંન
કરો રાજ્ય તમો વાસિઇ અમ્યો વાસ કરસ્યુ કાસીઈ ૨૮
ખાધું, પીધું, અતી આનંદ કર્યુ મન વણારસી-ઉપર ધર્યું'
રાઇ શ્રીફલ આપ્યું હાથ-માં કહું છું સભા સહૂ સાથ-માં ૨૯
આપી ખરચી રતન અમુલ્ય શુભ ચીંતામણ-નેં સમતુલ્ય
'કાંયક આગન્યા બીજી કરો માહરેં વીપ્ર-તણો આસરો' ૩૦

દુહા

'બ્રાંમણ, તુલસી નેં પીપલો ગાય ને બીજી ગંગ
એહ-થી અધિક બીજું નથી સદા કરજે તું સંગ' ૩૧

ચોપઈ

ચૌદ લાખ એ રીતે ચરે　　સકલ લોક તે સેવા કરે

એક દિવસ સીવ-રમણી સાર　　માગશર શુદિ ચોથ સોમવાર　૪૫
સીવ-મહીમાન્નાં વૃત સુવીસેસ　　આચરે સરવ ઉજેણી-દેશ
પરદોસ-સમે જો શીવ પુજાય　　લખ્ય પુજન માને સીવરાય　૪૬
પરદોસ-પુજન-મહિમા ઘણો　　સમરથ નહી કોય કહેવાન્તણો
બાધા વીશ્વ-તણા જે વૃત　　પરદોશ-પુજને વલે તે તરત　૪૭
સોમ-પ્રદોસન્તણું જે ફલ હોય　　કહી ન સકે મહીમા કોય
એહવું જાણી મહિપતિ શ્રી-મંન　　સાંજે કીધું સીવ-પુજંન　૪૮
પરિભ્રમ તોષ્યા શુભ પેર　　જવા માંડ્યું પોતાન્ને ઘેર
સેવક કોય નથી તે-સાથ　　ખડગ-કોહલું છે એક હાથ　૪૯
આવે વાટે વડ-કુથ વીર　　ગાય બરાડે ક્ષીપ્રા-તીર
ભાં ભાં કરી પોકારે ઘણું　　કાંને વચન સુંણ્યું તેહ-તણું　૫૦
ગયો રાય તે-પાસે વલી　　દીઠી ગાય તે કાદવ-માં કલી
બાધું બુડ્યું કાદવ-માં અંગ　　ઉચી કોટ કરી શુભ સંગ　૫૧
દુખ પાંમતી દીઠી રાય　　કાદવ-માંહે કલી છે ગાય
પલક એક-માં પહોતો વાસ　　સેવક પ્રીતે તેડ્યા પાસ　૫૨
આપ હાથે અવંતી-રાય　　કાઢી કાદવ-માંથી ગાય
દીઠિ દાંમણી તેહ-ની દેહ　　નરપત્ય-ને તે-ઉપર નેહ　૫૩
ઉપડાવી સુખપાલે ધરી　　લાવ્યો મંદિર કોડે કરી
સુધ્ય કર્યું તે ધેનુ-સરીર　　ઉપર ઉઢાડ્યું અંબર ચીર　૫૪
આપ વસ્ત્ર થી લોહે અંગ　　શુભ થાનક આસન-ને રંગ
પહેલ પથરાવ્યા સેજ-તણાં　　ખાંન-પાંન ખવરાવ્યાં ઘણાં　૫૫
અમુલ્ય આભુષણ રતને જડ્યાં　　ઘણા મુલ-થી હેતે ઘડ્યાં
બગલા-પંખ-જેહવી છે દેહ　　નરપતિ-ને ઉપર બહુ નેહ　૫૬

નાહાની શીંગડી નાહાના ચરણ   ઉદર અડે ધેનુનુ ધરણ
રુડું અતી રઢીયાલુ રુપ   ભાવ ઘણો ધરે મન ભુપ ૫૭
જીવ-થકી વાહલી તે ગાય   પુજે પ્રીતે લાગે પાય
વાંહાંણું-માં વોલાવા વલે   સાંઝે તેડવા પંથે પલે
જોવા-સરખી થઈ તે જાત્ર   પુજવા-જોગ્ય પવિત્ર જ પાત્ર ૫૮

દુહા

એક દિવસ સંધ્યા-સમે   ઘેર ન આવી ગાય
વાટ જુઈ બહુ વલવલે   આકુલ-વ્યાકુલ થાઇ ૫૯
વારુ કીરત વીક્રમ-તણી   વ્યાપી દેશ-વિદેશ
નવ ખંડે શુભ નાંમના   નિરમલ એહ નરેસ ૬૦
સ્વરગ-માહે સોભા થઈ   ઇંદ્ર અધિપત્ય જ્યાંહ
વખાણ થયાં વીક્રમ-તણાં   સભા ભરી છે ત્યાંહ ૬૧
કો કહે 'અરજુન અવતર્યો'   કો કહે 'રામચંદ્ર'
કોય કહે 'ફરસુરાંમ છે'   કોય કહે 'હરિચંદ્ર. ૬૨
સત્યવાદિ કો એ-સમો   ધૃઢતા મોટો ધીર
સુરપુર સામટ વટો   નામ રાખણ એ નીર ૬૩
ભક્ત કરે બ્રાંમણ-તણી   પુજે ગુંણવંત ગાય
પ્રાંણ આપે પર-કારણે   પાછો ન ધરે પાય' ૬૪
ઇંદ્રે એહવું સાંભળ્યુ   ચઢી ઘણેરી રીસ
પગથી જ્વાલા પ્રગટી   તે જઈ ભેદે સીસ ૬૫
કામધેનુ નેં તેડી કહ્યુ   'જા અંતરિખ તું આપ
છલ પાડો એ રાય-ને   સહજે દોને શ્રાપ ૬૬
પેંર પેંગ જો પારખું   નાંણી જો તું મંન
બાલીનેં પ્રલે કરો   જાચું કહે રાજંન ૬૭
સત ચુકવે કે શ્રાપ દે   કે લેજે એહના પ્રાંણ
ત્યાગી જો નીમેખ-માં   લખ-કોટધા લહાંણ' ૬૮

કામદુર્ગાની કસોટી

કામદુર્ગા કોપેં થઈ જોઈ લાખીણો લાગ
જયોધ નૌતમ નવ હાથ-નો વેષ ધર્યો છેં વાઘ ૬૯
પુછ ઝાટકી ઉઠીયો સુર સવાયો સેર
વન ચરતી'તી ગાવડી તેહ-નેં લીધી ઘેર ૭૦
મુજી તે ધરણી પડી એક ન સુઝેં પેંર
પડિ હાથ પાપી-તણેં તે કીમ જવાઈ ઘેર ૭૧
કાંમધેનુ બહુ કરગરેં 'મેહલ મું-નેં' માહરાજ
ઘડી એક-માં ઘર જઈ હવડાં આવું આજ ૭૨
વછ ઘેર દીવસ દશ-તણો બાલક છેં નીરબુધ્ય
તું કહેં તો તેહ-નેં જઈ પાઇનેં આવું દુધ ૭૩
કાલો કુંયર કોડાંમણો જોસેં માહરી વાટ
તરસેં ભુખેં વલવલેં માગું છું તે-માટ ૭૪
નથી કોહેં-નેં ભાલવ્યો નથી ખાતો તે તરણ
માહારા મેંહ વીજોગથી તે નિંચેં પાંમેં મરણ ૭૫
મન માહરું તેહ-માં રહ્યું પ્રીતેં વલગો પ્રાંણ
એક ઘડી અલગો રહેં તો લખ્ય દિધાં લાંહાંણ ૭૬

ચોપઈ

દેવા-થી બીજું નહી દુખ શ્રી-આગલ બીજું સ્યુ સુખ
ભુખ-આગલ બીજા સ્યા ભોગ સાચા-આગલ સ્યો છેં જોગ ૭૭
જુહાજુઠ થી બીજું સ્યુ જાંન મહિપતિ-થી બીજું સ્યુ માંન
સંતોષ-આગલ નહી કો સુખી રોગી-આગલ નહી કો દુખી ૭૮
ગંગા-આગલ બીજાં સ્યાં નીર ત્રવેણી-આગલ બીજું સુ તીર
તાવ-આગલ બીજો સ્યો તાપ હત્યા-જોડેં બીજું સ્યુ પાપ ૭૯
દયા-જોડેં બીજું સ્યુ દાંન તીલોતમા-આગલ નહી તાંન
રાંમ-સમાંન બીજું સ્યુ નામ પુરૂષ-જોડેં તે તો કુંણ કાંમ ૮૦

બીજ-આગલ બીજો સ્યો દાગ ભાવેં આપેં તીહાં સ્યો ભાગ
હેમ-આગલ બીજી સી ધાત વીપ્ર-જોડેં નહી કો જાત્ય ૮૧
અંન-આગલ તે ઉષધ કસ્યું બરાસ-જોડેં બીજું સ્યું મસમસ્યુ
ગુરુ-આગલ બીજી સી સેવ ઇશ્વર-થી મોટો કુંણ દેવ ૮૨
ગુણ-આગલ બીજું પુરુપ ગુંણ-ની જોડે નવી આવેં રુપ
વેદ-આગલ બીજાં સ્યાં ગીત પુત્ર-આગલ બીજી સી પ્રીત ૮૩
હુઘ કહી મેં પ્રથવી-તણી 'પુત્ર-નેં માતા-સ્યુ પ્રીત જ ઘણી
તે પુત્ર-નેં મેહલ્યો પા-ણેં જાવા દેં તેહ-નેં બારણેં ૮૪
ધવરાવું તેહનેં માહરું થાંન જો દયા કરી તું આપે દાંન' ૮૫

દુહા

'ઘેહેંલી કાં થઈ ગાવડી કરે જો કોટિ ઉપાય
છુટેં નહી તું હાથ-થી મંદીર નહી જવાય ૮૬

ચોપઇ

ભુખ્યા જન નેં ભોજન મલેં તે ભુખ્યો કીમ પાછો વલેં
તરસ્યા-આગલ રહેં કીમ નીર નાગા-આગલ રહેં કીમ ચીર ૮૭
તસ્કર-આગલ રહેં કીમ દાંમ કપુત-થકી રહેં કીમ કુલ-નાંમ
ગંગા નાહ્યા-થી રહેં કીમ પાપ અકલ બુડીઇં રહેં કીમ આપ ૮૮
જુવતી-આગલ રહેં કીમ જોર રવી-આગલ રહેં કીમ ઘોર
કન્યુધી આગલ રહેં કીમ કરમ લોભ-આગલ રહેં નહી ધરમ ૮૯
કીરપી-આગલ કીર્તી નવી રહેં મન-ને પાપ કહ્યેં કીમ દહેં
સાશ્ર-આગલ રહેં કીમ સંદેહ નંદા-પાસેં રહેં કીમ નેહ ૯૦
માયા-આગલ મોહું કસ્યું મેહ-નેં આગલ ઝાકલ જસ્યુ
સિંહ-આગલ કુંજર કીમ જાય વાઘ-હાથેં ન છુટેં ગાય ૯૧
ઘણી પડી છેં તાહરે ગરજ ઉછા-આગલ કરેં છેં અરજ
ભુખી છેં ઘર-માં ભાંમીનિ . તો જાવા કીમ દું જાભીની' ૯૨

'જો ભાઈ મુંકે ચીત ચઢી તો ઘેર જઈ આવું આ ઘડી
તે વાતે પ્રંતીજ્ઞા કરું હું વાચા સત વાચા ધરું ૯૩
ચંદ-સુરજ રાખું બે સાખ્ય સાચા સમ ખાઉ લખં લાખ
જો મન માને તારૂં તો કહ્યું કરજે મારૂં ૯૪
થરથર ધ્રુજે છે પ્રાંણીયો શ્રી-ઇશ્વર વચ-માં આંણીયો
બ્રાંમણ થઇને નાંણે ભ્રાંત કરે અભખ્યાભિખ્ય એકાંત ૯૫
સંધ્યા-સ્નાન-વીના જે જમે મુરખ થઈ ડાહ્યા-ને દમે
ચાચર-ચાવડી જઈ ચાડી ખાય ગુંણ-કેડે જે અવગુંણ ગાય ૯૬
અતી જુઠાં ચઢાવે આલ મારે નાહનાં રમતાં બાલ
સ્રી-વધ ગૌ-વધ જે જન કરે થાંપણ પારકીઇ જે ઘર ભરે ૯૭
મરમ-વચન-ના બોલે બોલ કરે વ્યાઘાત દેઇને કોલ
દુભે જે પીતા ને માત વીસવાસ કરી પછે દે ઘાત ૯૮
જુઠા સમ ખાઈ લે સીસ વેચે વચમાં રાખી ઈશ
કરે વીધવા-કેરો સંગ નાહતાં જુઇ ઉઘાડું અંગ ૯૯
જોરાવરી કરે જે જાર ગરભ ગલાવે દારણ દાર
મલ્યા-સંઘાથે મોટિમ કરે અહંકાર આપ અધીકેરો ધરે ૧૦૦
વીષ દેઇને જે વાલે વેંર કબુધ-દ્રકી જે કરે કહેંર
મદિરા-પાંન જે પ્રીતે પીઇ અનૃત કરતાં જે નવિ બીહે ૧૦૧
આસ-નીરાસ કરે મન-ભંગ કરે પાપ પોઢાં-નો સંગ
તીરથ-હોમે ચોરે તિલ હેમ સાચી વાત બોલ્યા-નો નેમ ૧૦૨
અજ ઉભાં લે જે દાંન મંગણ જાંણિ નવી દે માંન
તીલ કપાસ ચોરે જે ગલી ભંગી-સાથે બેસે મલી ૧૦૩
ભાઠી ગાલે મદિરા-તણી લાખ સેલડી પીલે ઘણી
અંધા-બેહેરા-ની નાંણે લાજ ભારે ખાય અઘટતું ખાજ ૧૦૪
બોલ્યું અબોલ્યું કરે વચંન ખેડે લોભી વરસતે ઘંન
ભરે અધિકો ચોપદ-પર ભાર પારોસી-ઉપર આણે ખાર ૧૦૫

લુટે સુકાસણુ-ના અણગાર　　મરી રહ્યા-નેં મારેં માર
અનેક એહવા બહુ છે પાપ　　કેટલાએક વખાણુ આપ ૧૦૬
એહવા પાતિક લાગેં મુ-નેં　　જો ઘડી એક-મા ન મલુ તું-નેં
જઈ સકારનેં (?) વાલેં વાટ　　ઉદાપેં પટલાઈ પાટ ૧૦૭
લુણ કરામ લેખેં નવી ગણેં　　ભીખ્યુક થઈનેં ભુડું ભણેં
અધિક નીચ-નુ લે જે અંન　　નિત ઉઠી તાકેં પર-ધન ૧૦૮
ઉદર ભરમ-પાખી ભરેં　　પારકુ સુખ દેખી નવી ઠરેં
નંદેં ભેખ નંદેં નાતિ નેં　　નંદેં આપ પીતા-માત નેં ૧૦૯
લોહ બાધીનેં ખાઈ માર　　ધાડ થાઈ વેલાવો વાહાર
કન્યા ઉપર કર જે કરેં　　કન્યા-દ્રવ્યેં પેટ જ ભરેં ૧૧૦
એહવા પાપ લેઉ ચીત ચઢી　　જો પાછી આવુ ના આ ઘડી '
એહવા સમ કરેં તિહા ગાય　　ઘેંર રાજા આકુલ-વ્યાકુલ થાય ૧૧૧

કર-મધ્યે લીધો કટાર　　આપે એકલો આવ્યો બાહાર
પગલા જોતો જગતે જાય　　કોહ-નો ભય ન ગણેં મન-માય ૧૧૨
વાડી ગાતડી અંગે ઘણી　　આવ્યો આપ ઉજેણી-ધણી
દીઠો સારદુલો તિહા નેર　　રહ્યો ગાઈ-નેં તે નર ઘેર ૧૧૩
ધેનુ પામતી દીઠી કષ્ટ　　તે રાજાઈ દિઠું દ્રષ્ટ
'હરામેકૂ-એક ને પાપીષ્ટ'　　એમ કહીને સમર્યો ઇષ્ટ ૧૧૪

દુહા

કઢી કટાર કોપેં થયો　　દીધી આપેં દોટ
નરપાત નીકટ તિહા જઈ રહ્યો　　તેહ-ને કરવા ચોટ ૧૧૫
'રખુ મારે એ નાક-નેં'　　લુડી-જાયા લાજ
બલ હોઈ જો કાંઈ બાહિ-મા　　તો દેખાડો આજ ૧૧૬

ચોપાઈ

રાક સાથેં શી કરવી રાઠ　　પડતર ખેતર-નેં શી વાડ
ઉજડ ગામ-મા તે સાની ધાડ　　રોગ-વીના શી જોવી નાડ ૧૧૭

ઉષ્ણ-કાલ-માહે'-સી ટાઢચ   ઉપર ધરતી-માં સ્યાં ઝાડ
ગરિબ-ઉપર ગજબ સ્યો ઘોર   નાગા પુરુષ-આગલ સ્યો ચોર ૧૧૮
સાંહમો થાય તો જાંણું સુર   નહી તો નામરદા-નુ નુર
વીપ્ર તે જે ભણે' મુખ વેદ   ક્ષત્રી તે જે રાખે' ખેદ ૧૧૯
નારી તે જે નર-સ્યુ બલે'   માંણુસ તે જે કોલે' પલે'
નરપતિ તે જે તોલે' ન્યાય   સુધર્મિ' તે ન કરે' અન્યાય ૧૨૦
દાતા તે દિલ નાંણે' લોભ   ખરા-ખોટા તેહ-ને' નહી ખોભ
સાહા તે જે બોલે' સત્ય   પ'ડિત તે જે ન મેહલે પત્ય ૧૨૧
જોરાવર જે હોય જાત   તે વધે' વકારો કરતાં વાત
રાંણી-જાયો હોઇ રુપ   તો ભડ ઇહાં આવિ ભુપ ૧૨૨
કુતી-જાયો હોઇ દાસ   તો તે રહે' ધેનુ-ને' પાસ
ઇહાં રહ્યા-થી નહી ઉગરો   કાયર થઇ સ્યા-માટે' મરો ૧૨૩
કાયર નારિ ર'ડાપો કરે'   કાયર નર હિમત નવી ધરે'
વાણીક ઓસરે' કરતાં વ્યાપાર   કણબી ઉસરે' લેતાં ભાર ૧૨૪
ચોર ઉસરે' મરતાં-માહે'   વીપ્ર ઉસરે' નીરે' નાહે'
પટલ ઉસરે' લેતાં લાંચ   ચુગલ ઉસરે' દેતાં આચ ૧૨૫
ક્ષત્રી લોહ રણ દેખી બીહે'   સુરો થાય તે અવસર કીઇ
નાઠે' છુટવો હવે' નથી   કાયર સ્યુ કહે'વાઇ કથી ૧૨૬
કુલ-ધરમ તજે' જે-કોય   મા-બાપ-માં જો અ'તર હોય
દુરજોધને નવી ચુકી મામ   સો બ'ધવ મરાવ્યા જો ઠામ ૧૨૭
રાવણે' નવિ તજીયો વક   ખોયુ રાજ્ય સોના-નિ લ'ક
હરિચંદ્રે' નવિ મુકયુ સત્ય   રાખી પરઠણ-કેરી પત્ય ૧૨૮
જોને' સાખ્ય એહવાં-ની ઘણી   પત્ય કાં મુ'કે' પોતા-તણી
કાયર થયા માટે' એ ભણું   સુરો થાય તો હવડાં હણું ૧૨૯
કાયર-ને' માર્યા-નું પાપ   અકલ વીચ્યારી જો તું આપ' ૧૩૦

દુહા

કહે સારદુલ 'સુણ રાય તું   પ્રથવીપચ ભુપાલ
પાટ ધાયો કીમ કીજીઇ   તું પ્રજા-તણો પ્રતિપાલ ૧૩૧
પ્રથમ નાંખ્ય પ્રથવીપતિ   ચીત ધરી તું ચોટ
પછે મહિમા જો માહરો   દાખવું માહારી દોટ ૧૩૨
કુવચન તેં કહ્યાં ઘણાં   ઉલો આણે ઘાટ
તે સરવે હું સમજીયો   ધેનુ મુંકાવા-માટ ૧૩૩
એ ભખ્ય છે માહરું   જિમ તાહરે અંન આપ
તે મારતે મુઝ-નેં   નથી બેંસતું પાપ ૧૩૪
જા પુર-માં પાછો વલી   તજી વટાં-સ્યું વેંર
પલક એક-માં પ્રીછસ્યો   જો વધારો છો વેંર' ૧૩૫

ચોપઇ

રાજા કહે 'જખ મારે તું   પ્રથમ ચોટ કરું નહી હું
ધેનુ સાંમી જો કરસ્યો દષ્ટ   કટાર વાગસ્યે પામસ્યો કષ્ટ' ૧૩૬

ઘડી એક ઇમ રગઝગ થઈ   વાઘે વાત વીક્રમ-નેં કહી
'માહરે ઘેર નારી-નેં નેટ   પંચ માસ પુરો ગરભ પેટ ૧૩૭
બીજો એક કુંઅર ધાવણો   લાડકવાયો અતિ લાવણો
આઠ દિવસ નવિ પાંમ્યાં અહાર   ભુખ-તણો ભરાંણો ભાર ૧૩૮
દેહે સહુ વેઠે છે દુખ   એ સરવ-ને ભુંડી ભુખ
મહેંણાં દીધાં નારે ઘણાં   વાગાં બાણ તે બોલ જ તણાં ૧૩૯
પરણ્યો થઇનેં ન ભરે પેટ   તેહ-ની જીવીત ઉડી વેઠ
વનીતા ના કરે જે-વખાંણ   પુરુષ નહી તે પુરો પાંહાંણ ૧૪૦
સેવક દેખતે સ્વામી મરે   સ્વાંન જોનિ-માં તે અવતરે
પુત્ર છતે દુખ પામે તાત   તેહ-નો જનમ ગયો થઈ ઘાત ૧૪૧
અધિપતિ-ની ન માંને આંણ   જીવીત મરણ થયા તે પ્રાંણ
તન-નેં તાત ન લડાવે લાડ   તે પીતા ઉગ્યો વન ઝાડ ૧૪૨

સીષ્ય-આગલ કરે ગુરુ કાંમ નીચ નિરમાલ્ય પુરુષ તે નાંમ
કહ્યા કબોલ કાંમીનીઇ વરત ભુખ-થકી ભલેરૂ અત ૧૪૩
પાપ-કરે તે પેટ-કારણે દેશ-વિદેશ જાઇ બારણે
કાસદ હેંડે દિન ને રાત્ય મજુર ભાર ઉપાડે ભાત ૧૪૪
મુકે વાંહણુ અરણુવ-ની તીર પેટ-કારણ પડે જે નીર
ચોર ચોરીઇ-થી સુલીઇ ચઢે ભુપતિ ભુમી-માટે ભડે ૧૪૫
ગરાસ ગમાંતરુ વાસે વાટ માઠાં કરમ તે પેટ-જ-માટ
બ્રામણુ નીત્યે માગે ભીખ માંગી થઈને દે છે સીખ ૧૪૬
નીચ ભોજન કરે બારણે પાપી પેટ-તણે કારણે
કેક કાલ નર નરકે પડે જુઠું બોલી ચોરે ચઢે ૧૪૭
જાંણીને દે ગોત્રી-ને ઝેર એ પરપંચ તે પેટ-ની પેર
રાજા-પરજા રહિયત રાંક પેટ ભરવા આડે આક ૧૪૮

છપય

પેટ કરે પરપંચ, સંચ સો એક મન મંડે
પાપ કરે પરજાય, રાય રહિયત-ને ડંડે
ખુહે રણુ-માંહે શીશ, ચોર સુલીઈ જઇ બેસે
મુંકે ઘેર ઘર-નાર, તાર પરદેશે પેશે
ભાર ઉપાડે ભાર-થી, તજે ઠામ મરવ સુખ-નુ
કહે સામલ સંયોગ, ભારે દુખ તે ભુખ-નું ૧૪૯
સામા મેહેલે સરમ, ધરમ પોતા-નો ચુકે
કબુધિ ધરે કુસંગ, પત્ય મહિપત થઇ મુકે
કરે ચાકરી કુડ, પોઢા સીર લે ભર ભારી
તાવડ તડકો ટાઢય, હાડ ભાગે નર-નારી
જુઠું જગતું જોડવું, નંઘા નીધી નરં-નારી-ના
સાંમલ કહે સાચુ કહું, એ પરપંચ સરવ પેટ-ના ૧૫૦

જાય નાચવા નાર, નટ-વિદ્યા નવી તે આણેં
કરેં રાગાગી રાગ, કવીય કપોલ વખાણેં
ભાટ કહેં બહુ ભેદ, વેદ વાડવ થઇ ખોલેં
જાચીક થઇ જસ ગાય, થાય તરણા નેં તોલેં
ઇમ ઉપાય અધિકા કરેં, દિન કાપેં બહુ દુખ-ના
કહેં કવી સામલ વેદ, ભેદ એ ભુંડી ભુખ-ના ૧૫૧
કોય મુંડાવેં મુંડ, ડંડ ઝાલેં કો કર-મા
કોય વેઠેં વનવાસ, પાસ પુરષ રહેં ઘર-માં
કોય ચોલેં તન રાખ, સાત્રક ખાંબર (?) કોઈ
કોઇ જટા સિર સોડ, કોઇ જરાવેં જનોઈ
ભેખ ભેદ બહુ જાત-ના, વપુ-રખણ એ વેઠનાં
કહેં સામલ સ્થાપ, પાપ એ પાપી પેટ-નાં' ૧૫૨

ચોપઈ

વાધેં એહવા કહ્યા વીવેક — 'સાભલ રે કહું અધિપતિ એક
પર-દુખ-ભંજન કહેં છે તું-નેં — તો નિરાસ કીમ મુંકે મું-નેં ૧૫૩
તાહરું નામ કરેં કીમ ફોક — જૂઠો ગુહો કહેંસ્યેં લોક
સહુ લોક-નાં ટાલેં દુખ — તો ભાગ્ય અમારી ભુંડી ભુખ ૧૫૪
મુઢેં કોલીયો આપ્યો માહરેં — કિમ રુડું થાસ્યેં તાહરેં
કીરત સાભલી તાહરી ઘણી — ભાગ્ય ભુખ ઉજેણી-ધણી ૧૫૫
આઠ દાહા-ની લાધણ ભાગ્ય — ઉલવ તું અમારી આગ્ય
એક માસ ખાવા દે મું-નેં — જાચીક થઈ નેં જાચુ તું-નેં ૧૫૬
કેહ-નેં તેં આપ્યા ઘરસુત્ર — કે-ના પરણાવ્યા તેં પુત્ર
કેં-ના દુખ હર્યા તેં તાત્ય — કે ગઢ નેં આપ્યાં તેં રાજ્ય ૧૫૭
સદાવ્રત ચલાવી વાટ — ઘણા કરાવ્યા પાણી-ઘાટ
ઘણા-નાં વસવ્યા વતન — ઘણા-નેં તો આપ્યા રતન ૧૫૮

ઘણાંક-નેં દીધાં જીવત-દાંન કેઈ સાંણા પાંમ્યા સનમાંન
એહવો નર જાંણી માગીઇ ભુપત ભુખ માહરી ભાગીઇ ૧૫૯
નીરાસ કરસ્યો જો આ ઠાંમ તો પર-દુખ-ભંજન ખોસ્યો નાંમ
એહવાં વાઘ-નાં સુણી વચન વીક્રમરાય વિચ્યારે મન ૧૬૦

દુહા

રાજા તો સંકટ-માં પડ્યો 'ના પણ કીમ કહેવાય
ધેનુ મરવા કીમ દીજીઇ પાછો કીમ વલાય ૧૬૧
વાઘ વઢેં તો મારીઇ જો સાહમો થાઇ સુર
જાચીક-નેં કીમ જીતીઇ જાય નાંમ-નું નુર' ૧૬૨
'ઘેર જાવા દેં ગાય-નેં મેહુલ એહુ-નો ખ્યાલ
ભાવેં ભક્ષ મું-નેં કરો માંસ ઘણેરો માલ ૧૬૩
અમૃત દેહ છેં અતી ઘણી ત્રપતી થશેં તુઝ તંન
અજર ન કર એ વાત-માં' મહિપતિ કહે 'મુઝ મંન' ૧૬૪
વાઘ કહે 'વીર સુંણ ધેનુ માહેં બહુ ભાર
તનક પુરુષ તું માંનવી એક-તણો નહી અહાર ૧૬૫
ત્રણેં ભુખેં તડફીઇ એક નારી એક બાલ
તે-માટેં હું આવીયો ઘણી કરી મેં ફાલ ૧૬૬

ચોપઇ

નર-નું માંસ ન ખાઇ નારી એ વાતેં તો નહી વીવહાર
તુઝ-થી ત્રપત ત્રણેં નવી થાયું આપેં ધેનુ તો તે લઇ જાયુ' ૧૬૭
રાજા કહેં 'સાંભલ રે કરણુ તમ્હો ભુખ્યાં તાહરેં ઘેરેં ત્રણુ
હું માહરી રાંણી નેં પુત્ર તુઝ પાસેં આંણુ ઘરસુત્ર ૧૬૮
એ ત્રણ જણ-નેં ત્રણેં ખાયો ભાગો ભુખ તમ્યો સુખીયા થાયો'
વાઘ કહે 'જુઇ છેં મંન ભક્ષ કરવા ના'પેં કોઇ તંન ૧૬૯
રાંણી કીમ મરવા આવસ્યેં ભુપત્ય તુઝ-નેં કિમ ભાવસ્યેં'
રાજા કહેં 'તેહુ-નો લે કોલ બોલું સાત પરિયા-નો બોલ ૧૭૦

ખોટયું અખોટ્યુ જો હુ કરું તો સાત જનમ-નુ સુકીત હરુ"
'ઘડી એક-બે' જોયુ વાટ મહિપત્ય તું સતવાદી માટ ૧૭૧
નિરાસ થઈ પછેં જાયુ આપ દિલ-થી દેઇસ તુઝ ને શ્રાપ
તે વચ-મા આણ્યા ઈશ જા ઘટીકા બે'-મા ન લાવુ શીશ' ૧૭૨

વીક્રમ ધેનુ મુંકાવી વટયો ઘડિ એક-મા મંદિર પટયો
બાધી ધેનુ ઠેકાણેં ઠામ અન્ય ન જાંણે કોઇ કામ ૧૭૩
તેડ્યો પુત્ર આપેં એકાત્ય ભાગી મન-ની સરવ ભાત્ય
વીતક વાત માડીનેં કહી નિશા આપ-કુંયર ની તીહા થઈ ૧૭૪
'ધન્ય ભાગ્ય છેં આપણુ એહ પર-કાજ અરથેં આવેં દેહ
વાર મ લાવો એકે ઘડી' ઉઠ્યો ચીત ચુંપેં તે ચઢી ૧૭૫
'તયો પછવાડેં-થી આવજ્યો મુઝ માતા-નેં તેડી લાવજ્યો'
ઉઠ્યો ઇમ કહીનેં તે તંન મરવા-ઉપર અધીકું છે મન ૧૭૬
'સાબાસ' કહીને રાજા ગયો નારી-પાસે નરપતિ જઇ રહ્યો
વનીતા સાભલ્ય માહરી વાત વેચી છેં આપણી તો જાત ૧૭૭
અજર થશેં ઘડી એક નો આપ શીવ-વચન-મા તે દેશેં શ્રાપ'
હરમર દેઇ નેંહે વનીતા વરણુ ચાલી વનીતા અણુવણુ-ચરણુ ૧૭૮
કેહ-નેં વાત ન કહી કરણુ અન્યોઅન્યે ચાલ્યા ત્રણુ

ડોઢ ઘડી-મા દીઠું વંન ઘોર ઘટા જેહવો હોઇ ઘંન ૧૭૯
ચંદ્ર-વદની જેહવી ચીંતની રામા રુપ રંભા ઇંતની (?)
સુભ અકોમલ સુંદર રુપ ભામીનિ કોમલપણુ-નો ભુપ ૧૮૦
લક્ષણ પદમની-કેરા લેશ જુવતી રંભા જોવન-વેશ
પરમારથ મરવા-કારણેં આવ્યો અરી-તણેં બારણેં ૧૮૧
સપુત સુંદર સકલ સુજાંણ જેહવો આપ ઉગમતો ભાણ
અભિનવો જેહવો હોઇ ઇંદ્ર તારા-મંડલ-ના જિમ ચંદ્ર ૧૮૨
વરણ વાસુ કેં કુલ કુબેર આપો પુન બેઠો જિહા સેર
એક હતો તેહવા છેં ત્રણ કહે વીક્રમ 'સાભલ રેં કણુ' ૧૮૩

કહેં તાહરી વાઘણ-નેં આંજ રાંણી ભખ્ય એ તાહરુ કાજ
કહે તારા કુંયર-નેં સુત્ર પેટ ભરીનેં ખાયો પુત્ર ૧૮૪
તું તે માહરી જુગતી જોડ કરો ભખ્ય પોહાચેં મન કોડ'
અંતરીખ્ય દેવ રહ્યા સહુ જોય 'એહવો સતવાદી નહી કોય ૧૮૫
જોઇઇ કીમ રાખેં છેં ધીર સહુ સમરપેં કીમ સરીર'
કહેં વાઘ 'સાભલ્ય રે ભુપ રુડાં અતિ રઢીયાલા રુપ ૧૮૬
એહ અમે નવી માર્યાં જાય તો આમીષ એહ-નુ કીમ ખવાય
પશુ વધતાં અમ-ને નહી પાપ એહ અઘટતું કઽવું આપ ૧૮૭

દુહા

મહીપત્ય કહુ કર માહરેં આપેં કાપી અંગ
હેતેં આપો હાથ-થી તો ઽહેં રુડા રંગ ૧૮૮
નહીતર તો ખાઇઇ નહી નીરાસ થઇસ્યુ નેટ
ભુખ-નેં દુખેં મરી જસ્યુ પીડ ઘણેરી પેટ' ૧૮૯
કહે રાજા 'ભલી કહી હુ ક્ષત્રી-અવતાર
પર-કામેં પેંડ આપતા મુઝ-નેં સ્યા ની વાર ૧૯૦
આગલ-થી કેહ-નેં કાપીઇ પાલીઇ પોતેં વરત
બોલ હલ્યા બાધુર થઈ' ખેંચ્યુ ખડગ જ તરત ૧૯૧
પદમની કહેં 'પ્રથમ જ વધો સારો અક્ષર સુત્ર'
તાહઽ-પેંહેંલો આગલ થયો પેટ-તણો જે પુત્ર ૧૯૨
સારદુલ કહેં 'સાભલો જો પરઠો દુઃખ પેંઽ
તો તમો તન નવ કાપસ્યો જાયો તમારે ઘેંર' ૧૯૩
રાંણી કહેં 'રે તું સ્યુ લવેં તાહરેં મન છેં રીસ
માહરેં ઘેંર વીહવા-સમો મલસ્યેં શ્રી-જુગદીસ ૧૯૪
કોટિ કલપ રહું એકઠા સ્વામી સુત હુ આપ
સ્વરગ-તણું સુખ ભોગવુ તે આપ અંગ પ્રતાપ' ૧૯૫

તંન કહે 'ત્રીલોકનું સહુજે ભોગવું સુખ
વઈકુંઠ-ઉપર જઈ વસું તો ભાગે તાહરી ભુખ ૧૯૬
મહીપતિ-ને તું ભલે મલ્યો ભલે મલી એ ગાય
ભલે ભુખ લાગી તુ-ને સહુજે અમ-ને સુખ થાય ૧૯૭
અધિક નાંમ અવની-વીષે નાસ તેહ-નો હોય
પ્રાંણ આપે પર-કારણે નાસ કરે નહીં કોય' ૧૯૮

એમ કહીને આપ-થી કરવાલ મેહલે સીસ
'હાં હાં' કહી કર ઝાલીયો શ્રી ઉમયાપત્ય ઈશ ૧૯૯
વાઘ અલોપ થઈ ગયો કામધેનુ શુભ કાંમ
સાક્ષાત્કાર કો સુંદરી આવી તેણે ઠાંમ ૨૦૦
'માગ્ય માગ્ય રે મહીપતિ દેખાડ્યું દરસંન
ત્રીદશ દેવ વસ તાહરે પરમેશ્વર પરસંન' ૨૦૧
પુષ્પ-વૃષ્ટી પુષ્ણ થઈ જયજયકાર જસ હોય
ઈંદ્ર-આદે સહુ દેવતા વીમાંન ચઢીને જોય ૨૦૨
'ધન્ય હીમત્ય મહિપત્ય-તણી ધન તરણી ઘ-સુત્ર
ધન છઈ-ઉપાસના ધન તું પાટવી પુત્ર' ૨૦૩
'સાબાસ સાબાસ' સહુ-કો કરે 'ધનધન તુઝ અવતાર
કલજુગ-માં તું કલપતરુ દેવાંસી દાતાર' ૨૦૪
'મહિપતિ માગ્ય તું મુઝ-કને જે મન-ઈંછા આજ
તે સુખ આપી સંચરુ લેસ ધરો માં લાજ' ૨૦૫

ચોપઇ

નરપત્યે જુગતે જોડ્યા હાથ બોલ્યો કામદુર્ગા-ને સાથ
'સકલ સુખ-ની માહરે મોટ અલખત-માહે દણ નહી ખોટ ૨૦૬
તે સરવે તાહરો પરતાપ અકલવંત મોટા આપ
ચતુર હો તો ચીત-મા ચાહો જે ગમે તે આપનાં જાયો' ૨૦૭

કામધેનું કહેં 'સાંભલ રાજ　　એક વરદાંન આપું છું આજ
કાંમધેનુ તાહરેં ઘેંર ગાય　　એહ-નો કરૂં મોહોટો મહિમાય ૨૦૮
આદ્ય ઇશ્વર તે અંશ-ની　　મોટો ભાગ્ય છે તે મહાવંશ ની
આજ અમારી દ્રષ્ટેં પડી　　તો વરદાંન આપું આ ઘડી ૨૦૯
પુન્ય પદારથ છેં તાહરું　　તેણે વચન થશે માંહરું
એહ ગાય-તણું ઘી ખાય　　રગત-પીત જોતાં-માં જાય ૨૧૦.
પીઇ દુધ મેહલી મન મોડ　　સત વરસ-નો જાઇ કોઢ
સુત્ર-છાંણ-નું મરદન કરે　　વ્યાધિ અષ્ટોતર સત હરે ૨૧૧
માંખણ-નુ જો અંજન કરે　　આંધો સાત જનમ-નો ટલે
મોદ ગાય-તણો મસમસે　　માહાલક્ષ્મીજી. વાસેં વસે ૨૧૨
રહેં સેવા-કેરે કારણે　　વંધ્યા પુત્ર પામેં પારણે'
એહવાં વરદાંન અલૌકિક દીધ　　અંતરિખ માતેં કિધુ સીધ ૨૧૩
'ભીડ પડે સંભારો તમો　　એક પલક-માં આવું અમ્યો'
વાર લાગેં કરંતે વાત　　આવ્યા ઘેર જતેં અપરાતિ ૨૧૪
તે કોય અન્ય ન જાંણે વાત　　માત પુત્ર ત્રીજો તાત
મોટા પુરુષ મોહોડેં કીમ કહેં　　લખ્યણ લોક બીજા-સ્યુ લહેં ૨૧૫
વેદના સઘલી તે વાંમીઇ　　પાંચ પદારથ એ પાંમીઇ
પુન્યેં પુન્ય તો વધતુ જાય　　નિત્ય નિત્ય વાજ સવાયુ થાય ૨૧૬
પ્રજા સહુ પાંમેં છેં સુખ　　ટાલેં મહાદુખીયા-નાં દુખ
રામ-રાજ્ય એ રીતેં કરે　　પ્રજા-નુ સુખ દેખીનેં ઠરે ૨૧૭

દુહા

એક સમેં સભા ભરી　　બેઠો વીર વિવેક
એટલેં વિપ્ર વિદેશ-થી　　આવી પોહોનો એક ૨૧૮
તોલા એક-નું તુંબડું　　કાલાં મલીન અતિ અંગ
પ્રોઢી કર-માં લાકડી　　સામદ નહી કો સંગ ૨૧૯

ધાતો ધસમસી આવીયો સભા-મધ્યેં સમીસ
કર પસારીને કહે અધીપતિ-નેં આસીસ ૨૨૦

'જાવત ગંગ-તરંગ-જલ જાવત નરણદ-નીર
જાવત ઇંદુ દીનકર અવિચલ વીક્રમ વીર ૨૨૧

જાવત ધરા ધરણી-પતિ જાવત અધો આકાસ
જાવત રામ રમા-રમણુ પ્રથવી-પત તુઝ પાસ ૨૨૨

અધિકાર અદેખા-તણો મુરખ-સાથેં મેલ
કીરત કુલ-હીણા-તણી ખોટા-સાથેં ખેલ ૨૨૩

ભોગી-ઉપર ભાવ હો જોગી-ઉપર જોર
વાંણુ હો વટ વાઢિયો ચીત વસ્યો તુઝ ચોર' ૨૨૪

આસીસ અધિક એહવી કહી કથન સાંભલ્યાં કરણ
અધિપતિ સાંહાંમો ઉઠીયો ચીત ધરી વાંદ્યા ચરણ ૨૨૫

'વાસ કિહાં વીપ્ર વસો કુંણ રાય-નેં દેશ
કિહાં-થી આવ્યા કુંણ છો કિહાં કરવો પ્રવેશ ૨૨૬

સુખીયા છો કે દુખીયા કે છો જાચિક જંન
કાજ કહો સેવક-સમું શું માગ્યા-નું મંન ૨૨૭

રખે રાખો મન ઉગ્ગો કહો જે મનનું કાજ
લેશ-માત્ર લોકાં-તણી મન મ ધરસ્યો લાજ' ૨૨૮

વિપ્ર કહે 'વિક્રમ સુંણો નથી વાત વિવેક
કરવત સિર મેહલ્યા-તણી કર તું ચીઠી એક ૨૨૯

કોડેં ગયો હું કાસીઇ કરવત લેવા-કાજ
પાછો તુઝ પાસેં પાઠવ્યો રઝલ્યો બહુ હું રાજ ૨૩૦

ચિઠી માગેં રાવલી છાપ નીસાંની પત્ર
લખ વીસા આપો લખી તો કરું કાંમ હું ત્રત' ૨૩૧

ચોપઇ

વિપ્ર જમાડી રાખ્યો રાત એકાંતેં તેડચો પરભાત
સાલિગરાંમ-ની સેવા ઘણી પોથી ચંડીકપાઠ-જ-તણી ૨૩૨
પુજી અરચી મેહલ્યા વાસ વલતી વિપ્ર-નેં તેડચો પાસ
'કહો કરવત મેહલો સ્યાં કાંમ છઓ સાસ્ત્ર ને સાલીગરાંમ ૨૩૩
તેહ-માં જે જુઠા ગુંણુ ગાય તેહ-નું કરવત એલેં જાય'
બાંધ્યો વિપ્ર વિવેકેં કરી આદ્ય વાત સાચિ ઉચરી: ૨૩૪

દોસ નાં દેસ્યો એહ-માં મું-ને ઈશ્વર આંણુ સાંચી કહું તુ-નેં
કનકકુબ્જ અમારું ગાંમ ચંદ્રસેન રાજા-નું નાંમ ૨૩૫
દાતા કરણુ સમાંનેં તેહ પ્રજા-ઉપર અધિકો નેહ
દાંન પુણ્ય કરેં છેં ઘણાં લાડ લડાવેં રહીયત-તણાં ૨૩૬
રાંમ-સરીખું તેહ-નું રાજ્ય અસત્ય અન્યાય તેહ-ના-થી તાજ્ય
કંન્યા એક ઘેંર રુપ-નીધાંન વિવિધ પ્રકારેં કરું વખાંણુ ૨૩૭
મૃગ-નયણી નેં કરી-લંકની વિશ્વ વખાણેં તે વંકની
દિસેં છેં પદમની-થી વડી સ્વયં વિધાતા-હાથેં ઘડી ૨૩૮
ચંદ્રવદના નાંમ જ તેહ-નું સ્યું વખાંણુ કરું એ દેહ-નુ
બેંઠી માંનની તે માલીઈ ગોખ જડીત્ર રુડેં જાલીઈ ૨૩૯
જિમ આકાસ-માંહેં વીજલી જાંણે કેલ વાડી-માં ફલી
ભર-જોબન મછર માતરા જુવતી જોવા-ની જાતરા ૨૪૦

દુહા

તે રાજા રીઝયો ઘણું કન્યા જોઈને કોડ
'કિહાં-થી વર એહવો મલેં જુવતી-કેરી જોડ ૨૪૧
દેશ-વિદેશ બોલાવીઇ રાજ-પુત્ર કો રુપ'
ચીત-માં તે ચિંતા કરેં ભ્રાંતે પડિયો ભુપ ૨૪૨

ચોપઇ

એ અલખત રાજા-નેં ઘેંર   હવેં પ્રીછ તું માહરી પેંર
આદ્ય-ધકી અકરમી અમો   પુછો છો તો સુણજ્યો તમો ૨૪૩
ઇસી વરસ-નો જીવેં બાપ   અંધો બેં આખેં છેં આપ
રગત-પીત ગલેં છેં અંગ   અહુરનીસ પોઢી રહેં પલંગ ૨૪૪
મોટી વરમ અઠોતર-ની માત   ખઇરોગ જુવતી-ની જાત
બાધેં અંગેં વાપ્યો કોઢ   ઉધકરમ જયવરલો જોડ ૨૪૫
ન મલેં વસ્ત ઝાલેં તે હાથ   એક દિવસ અંન-ની નહી આથ
સેના-ગામ-મા ખોહુ દિન   તો કીહારે રલી લાવુ અંન ૨૪૬
વીધવા બેંહન એક લુલી લંક   તે રામા ઘણું છેં રંક
ભરમ બોલ કુટંબીઇ કરો   'કરમ હીણુ કુયારો રલો ૨૪૭
ડાડ ફરાક ફરંતો ફરે'   સેવા કુણુ જનક-ની કરે
જાતેં નાગર છૂ વેદીયો   ભણ્યા-મા તો નથી ભેદીયો ૨૪૮
ભરે સોને ઘણી ગાગરી   તાહરેં નાર આવેં નાગરી
તેહ-મા ન મલે ખોટો દાંમ   કિમ થાય પરણ્યા-નુ કામ ૨૪૯

છપય

ભુંડી સહુ-થી ભૂખ, દુખ ભુંડુ દેહ રોગે
ભુંડુ કુલ કપુત, દલદ્ર ભુંડુ વોગેં
ભુંડો લેવો ભાર, ભુંડુ કાસદું કરવુ
ભુંડુ પરવશ કાંમ, ભુંડુ જે પર-મન હરવુ
ભુંડુ નિત્યેં ભીખવુ, ભુંડુ અહુરનીસ જાગવું
સામલ કહેં એ સરવેં ભનેં, ભુંડુ માન-વિણુ માગવુ ૨૫૦
દિસેં રુડા રુપ, ભૂપ-સરીખા તે ભારી
ભણ્યા-ગણ્યા ગુણ-નીધ્ય, વીધ્ય વીવેકે સારી

આભરણ પેંહરેં અંગ, સંગ સંગતનાં રુડા
આકાર સુધ આચાર, કિર (?) પર-કાંમેં રુડા
નાત્યવટ નાત્યેં કરેં, ભંડાર લખ રુડી ભરેં
નાગર-માં નરતું એટલું, કોડ કુયારા દેહી મરેં ૨૫૧

ચોપઇ

ઉછી જાત તે ઇતર ઘણા — સ્યા અવગુંણ કહું નાગર-તણા
નાગર ન્યાત-ને દે દીકરી — જોઇઇ ગાગર ગરથેં ભરી ૨૫૨
મેં વિચ્યારું માંહરેં મંન — 'રુડો ગાંમ-તણો રાજંન
આગેં પણ સતવાદી થયા — તેહ-નેં દિલ વસિ છેં દયા ૨૫૩
એહ-નેં જઇનેં જાચું આજ — જો ઇશ્વર કરેં સુઝ કાજ'
વિચ્યાર કરતેં વરસ જ ગયું — એક દિન મન માગ્યા-નુ થયુ ૨૫૪
બેઠો રીઝ-માં જાહરેં રાજ્ય — મેં મન-માંથી મુંકી લાજ
મેં તેહ-નેં દીધી આસીસ — 'જીવેં રાજા કોડ વરીસ ૨૫૫

દુહા

દો ચ્યાર આઠ-થી ચોગણા — દસ-થી દુંણા દાખ્ય
અરધ જેહ અઢાર-ના — સાહા સંબુધિં સાખ્ય' ૨૫૬
પ્રીત-થકી પુજા કરી — આપ્યું અરધ આસંન
'કારજ કાંઇ રવી કહો — માગ્યા-નું હોઇ મંન' ૨૫૭

છપય

'ઘટેં કાર વિવહાર, લાજ ઘટેં લાખીણી
ઘટેં માન સનમાંન, દેહ મટેં દાખીણી
ઘટેં સરમ કુલ-ધરમ, મરમ મટેં માયા-નો
ઘટેં ચાતુરી ચીત, ઘટેં કંદ્રપ કાયા-નો
હાવ ભાવ આદર ઘટેં, વીના અગની દેહ દાગીઇં
સાંમલ કહેં ભુંડું મોત-થી, મુંકી માંન જેં માગીઇ' ૨૫૮

ચોપઇ

કહે રાજા 'સીધો છો સીખ	બ્રામણ કરમ લખી છે ભીખ
આપીઈ અમો તેહવું માગજ્યો	બ્રાંત ઘણી ભાવે ભાગજ્યો' ૨૫૯
એ ઉતર રાઈ આલીયો	ચતુર વિપ્ર તીહાં-થી ચાલીયો
'વચન ગીસ્ત અમારું જાય	તારે તુંમ-નેં રયુ જાયુ રાય' ૨૬૦
ફરી બેંસાર્યો ઝાલી બાંહે	ભરી સભા બેંઠી છેં જાંહ
'નિશ્ચે આપુ તે લ્યો કોલ	જે ગમે તે બોલો બોલ' ૨૬૧
તાહરે હું બોલ્યો અંન્યાય,	'પરણાવ્ય મું-નેં તાહરી કંન્યાય'
સભા સાંભલી કૌતીક થયું	'ફટ ફટ' સહુ લોકે કહ્યુ ૨૬૨
રાજાઇ જાંણ્યું દેસ્યે આપ	રાય પ્રધાંન વિચ્યારે આપ
આસના-વાસના મુઝ-નેં કરી	ફરી ગયે વાંણી ઉચરી ૨૬૩
'માહારાજ એ કન્યા લીઉંઈ	પરહું તે પતું દિઉંઈ
માંગું તેહ-માં નુન્ય જ હોય	તો તે નહી પરણાવે કોય ૨૬૪

દુહા

હાર ઇંદ્રાંણી કોટી-નો	શેષનાગ-સી-ની ગ્રાસ્ય
મુસ્તક બત્રીસ-લક્ષણા-તણું	અરથ હોઈ તો આસ્ય ૨૬૫
અન્ય ન રાખીસ ઉરતો	જે કન્યા નવિ દીધ
પતું હોય તો પરણજ્યો	સો પરકારે સીધ' ૨૬૬
ના કહી હું નવિ સક્યો	લોક હસારત પેંર
વરસ એક-નો વાયદો	કરીનેં આવ્યો ઘેંર ૨૬૭
વાટે જાતાં વટેમારગું	હસી દેખાડે હાથ
'આ વર રુડો પરણુમેં	ચંદ્ર-મુખી શુભ-સાથ' ૨૬૮
રહી ન સક્યો તે દેસ-માં	દેહે દુખીયો થાયું
કાસદ થઈ નેં કાસ્મીર	કરવત-કાજેં જાઉં ૨૬૯
ભમતો ભમતો ભીખતો	ગયો કાસિ-દીસ
તિહાં નાહી તેહ-નેં કહ્યૂં	કરવત મુંકો સીસ ૨૭૦
